# અર્હં મંત્રોપાસના

## યાને

# સકલ-મનોરથ-સિદ્ધિ




શતાવધાની પંડિત શ્રી ધીરજલાલ શાહ

# અર્હં મંત્રોપાસના

યાને

## સકલ-મનોરથ-સિદ્ધિ

લેખક :

અધ્યાત્મવિશારદ વિદ્યાભૂષણ, મંત્રમનીષી
શતાવધાની પંડિત

**શ્રી ધીરજલાલ ટોકરશી શાહ**

સંશોધક

પરમ પૂજ્ય સાહિત્ય-કલા-રત્ન

**આ. શ્રી વિજયયશોદેવસૂરિજી. મહારાજ**

પ્રસ્તાવના

**ડૉ. રુદ્રદેવ ત્રિપાઠી,**

એમ એ, પીએચ. ડી., ડી. લિટ્.

પ્રકાશક :

**નરેન્દ્રકુમાર ડી. શાહ**

વ્યવસ્થાપક : પ્રજ્ઞા પ્રકાશન મંદિર

લધાભાઈ ગણપત બીલ્ડીંગ, બીજે માળે

૧૧૩-૧૫ કેશવજી નાયક રોડ, (ચીંચ બંદર)

મુંબઇ-૪૦૦૦૦૯

આવૃત્તિ પહેલી

વિ. સં. ૨૦૩૬ સને ૧૯૮૦

**મૂલ્ય રૂા. ૧૨-૫૦**

મુદ્રક :

જયંતિલાલ મણીલાલ શાહ

નવપ્રભાત પ્રિન્ટિંગ પ્રેસ

નોવેલ્ટી સિનેમા પાસે,

ઘીકાંટા રોડ, **અમદાવાદ-૧**

# પ્રકાશકીય

શતાવધાની પંડિત **શ્રી ધીરજલાલ ટોકરશી શાહની** ચિંતન–મનન–અનુભવપૂર્ણ પ્રાસાદિક કલમથી લખાયેલ, '**લોગસ્સ મહાસૂત્ર યાને જૈન ધર્મનો ભક્તિવાદ**' નામનો ગ્રંથ અમે ગયા વર્ષે બહાર પાડયો હતો. તેની બધી જ નકલો માત્ર બાર મહિનાના ગાળામાં વેચાઈ ગઇ, તે એની ઉપયોગિતા તથા લોક–પ્રિયતા સૂચવે છે. પૂજ્ય આચાર્ય ભગવંતો, પૂજ્ય મુનિરાજો તથા સુશિક્ષિત વર્ગે આ ગ્રંથની ખૂબ જ પ્રશંસા કરી છે અને લોગસ્સ-સૂત્ર વિષે અનેક રહસ્યભૂત હકીકતો પ્રકાશમાં લાવવા માટે પંડિતશ્રીને હાર્દિક ધન્યવાદ આપ્યા છે.

આ ગ્રંથના પ્રકાશન પછી થોડા જ વખતે પંડિતજીએ અર્હં-મંત્રની ઉત્કૃષ્ટતા અને તેના ઉપાસનાવિધિને પ્રકાશમાં લાવવાના હેતુથી પ્રસ્તુત ગ્રંથનું સંકલન કરવા માંડયું અને પછી તો તેમાં રાત્રિ–દિવસ મગ્ન બનીને એ કાર્યને ઝડપથી આગળ વધાર્યું. ખાસ કરીને ગત શિયાળામાં દેવલાલીની તેમની એક માસની સ્થિરતા દરમિયાન આ ગ્રંથના તાણાવાણા પાકા કરી તેની પૂર્ણાહુતિ કરી.

દેવલાલીથી મુંબઈ આવ્યા પછી પણ તેમણે આ ગ્રંથનું બે વાર નિરીક્ષણ કરી તેમાં નાના મોટા સુધારા કર્યા અને તેમાં કોઈ ભૂલ ન રહી જાય, તે માટે આ વિષયના નિષ્ણાત પ. પૂ. **આચાર્ય શ્રી વિજયયશોદેવસૂરિજી મ૦** પાસે તેનું સંશોધન કરાવવાનો નિર્ણય કરી સમગ્ર લખાણને તેમની પાસે પાલીતાણા મોકલી આપ્યું. પૂજ્યશ્રીએ પણ આ કાર્યનું મહત્ત્વ પિછાણી તેને અગ્રતા આપી અને બીજાં કામો બાજુએ રાખીને પણ તેનું શીઘ્ર સંશોધન કરી આપ્યું, તે માટે અમો તેમના ખાસ આભારી છીએ.

હિંદી અને સંસ્કૃત ભાષાના જાણીતા કવિ તથા મંત્ર–યંત્ર–તંત્ર શાસ્ત્રના ઊંડા અભ્યાસી **ડૉ. રૂદ્રદેવ ત્રિપાઠીએ** આ ગ્રંથની મનનીય પ્રસ્તાવના લખી આપી, તે માટે તેમના પણ ખાસ આભારી છીએ.

મુંબઈનિવાસી **શ્રીમાન્ ચિત્તરંજન ડી. શાહ** તથા **શ્રીમતી સરલાબેન સી. શાહ** તેમની વિવિધ પરોપકારપરાયણ પ્રવૃત્તિઓથી જૈન તથા જૈનેતર સમાજમાં સારી રીતે જાણીતા છે. તેમણે અમારા પ્રત્યેના મમત્વથી પ્રેરાઈને આ ગ્રંથનું સમર્પણ સ્વીકાર્યું, તેમનો કયા શબ્દોમાં આભાર માનીએ ?

પ. પૂ. આ. **શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મહારાજ,** પ. પૂ. આ. **શ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ,** પ. પૂ. પં. શ્રી મહાનંદવિજયજી મહારાજ, પ. પૂ. મુનિરાજ શ્રી સૂર્યોદયવિજયજી મહારાજ આદિ મુનિવર્ગે આ ગ્રંથનો સત્કાર કરતાં અમને ખૂબ પ્રોત્સાહન મળ્યું છે, તે માટે અમે તેમને પુનઃ પુનઃ વંદના કરીએ છીએ.

**શ્રીમાન્ દીપચંદ એસ. ગાર્ડી, શ્રીમાન્ નારાણજી શામજી મોમાયા, શ્રીમાન્ વસનજી લખમશી** તથા બીજા પણ અનેક સહૃદયી સજ્જનોએ પેટ્રન બનીને કે વંદના આપીને આ ગ્રંથપ્રકાશનનું કાર્ય સરલ બનાવ્યું છે, તે માટે તેમનું કૃતજ્ઞતાભાવે સ્મરણ કરીએ છીએ.

પંડિતજીના રચેલા છ–સાત ગ્રંથો અપ્રાપ્ય બનતાં અમારે હજારો હૈયાંને નિરાશ કરવા પડયાં છે, પણ હાલ તે માટે અમારી પાસે બીજો કોઈ ઉપાય નથી. જૈન સમાજ આ ગ્રંથોની ઉપયોગિતા જાણી કોઈ વિશિષ્ટ યોજના ઘડી કાઢે, તો જ તેનો સંતોષાકરક ઉકેલ આવી શકે. શું એ શકય બનશે ખરું ?

—પ્રકાશક



‘ૐ હ્રીઁ અર્હઁ નમ :’
એક ચિત્રપટ



પ. પૂ. આચાર્યશ્રી ૧૦૦૮

**શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજ**

જેમણે આ ગ્રંથપ્રકાશનને મંગલ આશીર્વાદ આપ્યા છે.



અર્હં મંત્રના અનન્ય ઉપાસક

સ્વ. પ. પૂ. પન્યાસ પ્રવર

**શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય**



સૌજન્યમૂર્તિ

**શ્રીમાન ચિત્તરંજન ડી. શાહ**

જેમને આ ગ્રંથ સમર્પણ કરવામાં આવ્યો છે.



# સમર્પણ

અર્હદ્ભક્તિમાં અનન્ય
આનંદ માનનારા
તથા
સ્વોપાર્જિત શ્રીનો સન્માર્ગે
વ્યય કરવામાં
જીવનની કૃતાર્થતા લેખનારા
શ્રીમાન્ ચિત્તરંજન ડી. શાહ
તથા
**શ્રીમતી સરલાબહેન શાહને**
આ ગ્રંથ
સા દ ર સ મ ર્પિ ત.

વિનીત
**ધીરજલાલ ટોકરશી શાહ**

# સૌજન્યમૂર્તિ

# શ્રીમાન્ ચિત્તરંજન ડી. શાહ

## [ ટૂંક જીવન-પરિચય ]

સૌમ્ય સ્વભાવ, વિશદ વ્યક્તિત્વ અને સૌજન્યભર્યા સત્કારથી સહુને પ્રભાવિત કરનાર શ્રી ચિત્તરંજન ડી. શાહનો જીવન-પરિચય કરવા જેવો છે. તેમાંથી પ્રગતિની પ્રેરણા મળે એમ છે, વિકાસની વાટ સાંપડે એમ છે, અથવા તો ઉન્નતિની ઉત્કૃષ્ટ દિશાનું માર્ગ-દર્શન પ્રાપ્ત થાય એમ છે.

તેમના પિતાનું નામ શ્રી દામોદરદાસ કરસનદાસ શાહ. તેઓ ધોળકા નજીક ત્રાંસદ ગામના વતની. જ્ઞાતિએ દશાશ્રીમાળી અને ધર્મે શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન. વઢવાણશહેરમાં વિદ્યાભ્યાસ પૂરો કર્યા પછી તેઓ મુંબઈ આવી ધંધામાં સ્થિર થયા હતા, પરંતુ આ વખતે રાષ્ટ્રીય પ્રવૃત્તિમાં મોટો જુવાળ આવ્યો હતો, તેના રંગે તેઓ સારી રીતે રંગાયેલા હતા અને મુંબઈ પ્રાંતિક કોંગ્રેસ કમીટીનું ખજાનચીપદ સંભાળતા હતા. તેમના પ્રથમ પત્ની રંભાબેન અને બીજા પત્ની વિજયાબહેન પણ સમાજ અને રાષ્ટ્રહિતની પ્રવૃત્તિઓમાં ઊંડો રસ લેતા હતા. આ રીતે શ્રી દામોદરભાઈના ઘરનું વાતાવરણ સેવાભાવનાથી સુરભિત થયેલું હતું.

સં. ૧૯૮૮ના ભાદરવા વદિ ૩ તા. ૧૭-૯-૩૨ ના રોજ વિજયા બહેને એક પુત્રરત્નને જન્મ આપ્યો. તે જ આ જીવન-પરિચયના મુખ્ય સૂત્રધાર શ્રી ચિત્તરંજનભાઈ.

શ્રી રંભાબહેન અને શ્રી વિજયા બહેન વચ્ચે ઘણો સુમેળ હતો, તેમાં શ્રી રંભાબહેનની ઇચ્છા એવી હતી કે આ પુત્ર પોતાની પાસે ત્રાંસદમાં રહે કે જ્યાં તેઓ ખેતીવાડીના વિકાસ અર્થે

'રંભા ફાર્મ' ચલાવતા હતા. પોતાના એકના એક પુત્રનું લાલન-પાલન કરવાની ઈચ્છા કઈ માતાને ન થાય ? છતાં વિજયાબહેને વિશાલ દિલ દાખવી પુત્ર ચિત્તરંજનને ત્રાંસદ મોકલ્યો. ત્યાં પ્રાકૃતિક આનંદમય વાતાવરણમાં તેનો ઉછેર થવા લાગ્યો. ત્યાંની સ્થાનિક શાળામાં વિદ્યાભ્યાસ શરૂ થયો.

વિવિધ પ્રકારની રમતો રમવી, ખેતરોમાં ફરવા જવું, ભાઈબંધો સાથે નદી-નવાણમાં તરવા જવું અને પ્રસંગ પડયે ઘોડેસ્વારી કરવી, એ બધા શ્રી ચિત્તરંજનભાઈના શોખના વિષયો હતા. તેણે એમના જીવનનું સુંદર ઘડતર કર્યું, તેઓ પ્રકૃતિપ્રેમી બન્યા.

માધ્યમિક શિક્ષણ ધોળકામાં લીધું. સને ૧૯૪૯ માં તેમણે મેટ્રીકની પરીક્ષા પસાર કરી, તે પછી વિશેષ અભ્યાસ અર્થે મુંબઈ આવ્યા અને સિદ્ધાર્થ કોલેજમાં દાખલ થઈ સને ૧૯૫૩ માં બી. એસસી. બન્યા.

તે પછી તરત જ તેમણે 'જે. ચિતરંજન એન્ડ કું.' શરૂ કરી રાવલગામ સુગર ફાર્મ લી. ની સોલ સેલીંગ એજન્સી—જે તેમના પિતાના સમયમાં મેળવેલી હતી—તેનું કામ હાથ ધર્યું અને તે સફળતાપૂર્વક આગળ ચલાવ્યું. નિયમિતતા, ચોકસાઈ, દરેક પ્રશ્નમાં ઊંડા ઉતરીને તેનો અભ્યાસ કરવાની ટેવ, સૌજન્યપૂર્ણ વ્યવહાર તથા સહૃદયતા આદિ ગુણોએ તેમને આગળ વધવામાં સારી સહાય આપી.

સને ૧૯૫૩ ના ડીસેમ્બરની ૧૧ મી તારીખે તેઓ શ્રી સરલા બહેન સાથે લગ્નગ્રંથિથી જોડાયા અને સને ૧૯૫૫ ના નવેમ્બરની ૨૯ મી તારીખે પુત્રરત્નનું મુખ જોવા ભાગ્યશાળી બન્યા. તેનું નામ વિરલ રાખવામાં આવ્યું. સને ૧૯૭૫ માં શ્રી સરલાબહેને બીજા પુત્રરત્નને જન્મ આપ્યો, જેનું નામ સચિન પાડવામાં આવ્યું, શ્રી સરલા બહેનનો વિશેષ પરિચય આગળ અપાયો છે.

ધંધાના વિકાસ અર્થે શ્રી ચિત્તરંજનભાઈએ સને ૧૯૬૨ માં પ્રથમ વિદેશયાત્રા કરી. ત્યાર પછી સને ૧૯૬૫ માં તેમણે આખી દુનિયાનો પ્રવાસ કર્યો, આ વખતે શ્રી સરલાબહેન તથા પુત્ર વિરલ તેમની સાથે હતા. ત્યાર પછી ચાલુ વર્ષે (સને ૧૯૮૦ માં) ૬ ઠ્ઠી મે એ તેમણે બીજી વાર આખી દુનિયાનો પ્રવાસ આરંભ્યો અને લગભગ પોણા બે માસ જેટલા સમયમાં દુનિયાના ઘણા ખરા દેશો જોઈ લીધા. આ વખતે શ્રી સરલાબહેન તથા પુત્રવધૂ પારૂલબહેન અને નાના પુત્ર સચિને તેમનો સથવારો કર્યો હતો. જેઓ દુનિયાના અનેક પ્રદેશો ધ્યાનથી જુએ છે અને ત્યાંના લોકોના સંપર્કમાં આવે છે, તેમના જ્ઞાનમાં ઘણી વૃદ્ધિ થાય છે અને તેમનું દૃષ્ટિબિન્દુ વિશાલ બને છે. શ્રી ચિત્તરંજનભાઈની બાબતમાં આમ જ બન્યું છે.

સને ૧૯૬૬ માં તેમણે ફાઈન કેમીકલ્સ બનાવનાર ‘ કેમીફાઈન ’ (Chemifine) નામના કારખાનાની સ્થાપના કરી, જે આજે ઈંદોરમાં ચાલે છે અને આશરે ૩૦ માણસોને રોજી આપે છે. આ કારખાનામાં બનતાં રસાયણોની વિદેશમાં નિકાસ થાય છે.

સને ૧૯૬૭ માં તેમણે ‘ શાહ એન્ડ મહેતા ’ નામથી વડગાદી-સેમ્યુઅલ સ્ટ્રીટમાં એક પેઢીની સ્થાપના કરી, જે રાવલગામ ઉપરાંત બીજી ખાંડ અનેક કારખાનાઓને પૂરી પાડે છે.

સને ૧૯૬૯માં તેમણે કન્સ્ટ્રકશન લાઈનમાં ઝંપલાવ્યું અને એન. એલ. મહેતા શાહ એન્ડ એસોસીએટસ્‌ના નામથી તારદેવ ફોર્જેટ સ્ટ્રીટમાં ૩૧ માળનું મકાન બાંધ્યું, જે મધ્યમ વર્ગ માટે આશીર્વાદ સમાન પુરવાર થયું છે. ત્યાર પછી જુદી જુદી કંપનીઓ ઊભી કરી રહેણાંકનાં મકાનો બાંધ્યાં અને સને ૧૯૭૫ માં અંધેરી ખાતે લાખો રૂપિયાના ખર્ચે ‘બહાર’ નામનું અદ્યતન સીનેમાગૃહ નિર્માણ કર્યું. ત્યાર પછી વર્લીમાં ‘સત્યમ્’ ‘સુંદરમ્’ અને સચિનમ્’ નામનાં બીજાં પણ ત્રણ સીનેમાગૃહો નિર્માણ કર્યાં. વર્લીમાં સેન્ચ્યુરી

બજાર નજીક 'મનીષ કોમર્સિયલ સેન્ટર' નામની ભવ્ય ઈમારત પણ તેમનું જ સર્જન છે.

અહીં એ વાતની નોંધ લેવી જોઈએ કે કાંદીવલી પૂર્વમાં ઝાલાવાડનગર હાઉસીંગ કો–ઓપરેટીવ સોસાયટીના ચેરમેન તરીકે સંસ્થા તરફથી 'લાભ પણ નહિ અને ખોટ પણ નહિ' એ ધોરણે તેમણે ૫૦ ફ્લેટો બાંધી આપ્યા છે. છેલ્લામાં છેલ્લી તેમની દામોદરપાર્ક–ઘાટકોપરની યોજનાએ તેમની નામનાને ઘણી વધારી છે. ટૂંકમાં આજે કન્ટસ્ટ્રકશન લાઈનમાં તેમનું નામ ઘણું જાણીતું છે અને ઘણું માનપાત્ર પણ છે,

સને ૧૯૭૩માં તેમણે જ્યુપીટર એકસપોર્ટ Jupiter exports ના નામથી હાથવણાટનું કાપડ યુરોપ–અમેરિકા આદિ દેશોમાં મોકલવા માંડયું. આજે તેમાં ઘણો વિકાસ થયેલો છે.

આ રીતે શ્રી ચિત્તરંજનભાઈએ થોડાં વર્ષોમાં પોતાનો વ્યવસાય ઘણો વિકસાવ્યો છે અને તેમાં ઝળકતી ફત્તેહ મેળવી છે. આમ છતાં તેમના વિનય–વિવેકમાં જરાયે ઘટાડો થયો નથી.

શ્રી ચિત્તરંજનભાઈએ વ્યવસાયના વિકાસની સાથે સામાજિક અને ધાર્મિક પ્રવૃત્તિઓમાં પણ સારો રસ લીધો છે. સને ૧૯૬૪માં અંધેરી લાયન્સ કલબમાં સભ્ય થઈ, જુદા જુદા હોદ્દાઓ ભોગવી પ્રમુખ બન્યા છે અને ડેપ્યુટી ડીસ્ટ્રીક્ટ ગવર્નર સુધી પહોંચ્યા છે. તેમના પ્રમુખપદ દરમિયાન તેમણે વિવિધ પ્રકારની સેવાઓ બજાવી છે. તેઓ એ વખતે દરેક મહિને હૃદય અને આંખના રોગવાળા એક દરદીને ચિકિત્સા માટે વિદેશ મોકલતા. કલબનું ભંડોળ એકઠું કરવામાં પણ તેમણે સારી જહેમત ઉઠાવી હતી. ત્યાર બાદ રાષ્ટ્રીય ભાવનાની જાગૃતિ માટે યુથ એકસચેન્જ પ્રોગ્રામ નક્કી થતાં તેમણે યુથ કેમ્પ ઊભો કરવામાં અને તેમાં જુદા જુદા પ્રાંત તથા દેશોના સભ્યો ભાગ લે તે માટે ઘણો પરિશ્રમ કર્યો હતો.

ધોળકા એજ્યુકેશન સોસાયટી–મુંબઈના તેઓ વર્ષોથી મંત્રી છે. ધોળકાની બંને કોલેજનો પ્રારંભ કરવામાં અને તેને પૂર્ણ કરવામાં તેમની સેવા નોંધપાત્ર રહી છે.

મુંબઈની ઘણી સંસ્થાઓ સાથે તેઓ એક યા બીજી રીતે જોડાયેલા છે અને તેમને પોતાની યથાશક્તિ સેવા આપે છે.

શ્રી નમિનાથ જૈન દહેરાસર, શ્રી ઝાલાવાડ મૂર્તિપૂજક જૈન સંઘ, ભગવાન મહાવીર કીર્તિસ્થંભ–નિર્માણસમિતિ વગેરેના તેઓ ટ્રસ્ટી છે અને ચિત્રકલાનિદર્શન કે જેમાં જૈન સંસ્કૃતિ કલાકેન્દ્ર તથા યશોભારતી પ્રકાશનસંસ્થા જોડાયેલી છે, તેના તેઓ મંત્રી છે.

આટલી મોટી જવાબદારીઓ વહન કરવા છતાં તેઓ નિત્ય-નિયમ ચૂકતા નથી. પોતાનો પૂજાપાઠ કર્યા પછી જ કામે લાગે છે અને સહુ સાથે પ્રેમથી વર્તે છે. દાનધર્મ પણ તેમણે સારી રીતે વિકસાવ્યો છે. આજ સુધીમાં અનેક સંસ્થાઓને તેમનું દાન પહોંચ્યું છે. ધોળકામાં 'શેઠ દામોદરદાસ કરસનદાસ જૈન ભોજનશાળા' સ્થાપવામાં, પાલીતાણામાં 'વિજયારંભા શ્રમણીવિહાર' તથા 'શેઠ દામોદર દાસ કરસનદાસ ધર્મવિહાર,' તેમજ મુંબઈમાં કાંદીવલી નજીક'દામો-દર વાડી' બાંધવામાં તેમની ઉદારતા નિમિત્તભૂત બની છે.

શ્રી ચિત્તરંજનભાઈને તેમનાથી દશ વર્ષે નાના શ્રી હેમન્તકુમાર નામના ભાઇ છે. તેઓ શ્રી કોકિલા બહેનથી વિવાહિત છે. વચ્ચે તેઓ પાંચ વર્ષ અમેરિકા રહી આવ્યા, હાલ અહીં જ રહે છે અને કેમી-કાઈન તથા જ્યુપીટર એક્સપોર્ટ આદિ કામો સંભાળે છે.

શ્રી ચિત્તરંજનભાઇને તેમનાથી નાની ચાર બહેનો છે. રાજુલ, હસુમતિ, પદ્મા અને ઉર્મિ. આ ચારે ય બહેનો વિવાહિત છે અને સુખી જીવન ગુજારે છે. તેમને એક રંજન બહેન નામના બહેન પણ છે, જે સહુથી મોટા છે.

## સેવાપરાયણ
# શ્રીમતી સરલાબહેન સી. શાહ
### [ ટૂંક જીવન–પરિચય ]

શ્રી સરલાબહેનનો જન્મ કરાંચીના એક સંસ્કારસંપન્ન જૈન કુટુંબમાં થયેલો છે. પિતાનું નામ છોટાલાલ ખેતશીભાઈ અને માતાનું નામ સમજુ બહેન. ચાર ભાઈઓ વચ્ચે તેઓ એક જ બહેન હતા, એટલે પૂરા લાડકોડમાં ઉછરેલા છે. માતા સમજુ બહેન સમાજ–કલ્યાણની પ્રવૃત્તિઓમાં સારોરસ લેતા હતા, તેના સંસ્કાર તેમના પર ઊંડા પડેલા છે.

કરાંચી પાકિસ્તાનમાં ભળ્યા પછી તેમનું કુટુંબ મુંબઈ આવ્યું. આ વખતે તેઓ મેટ્રીકની પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા હતા, એટલે વિશેષ અભ્યાસ માટે સેંટ ઝેવિયર્સ કોલેજમાં દાખલ થયાં. સને ૧૯૫૧માં તેઓ બી. એ. થયાં અને એમ. એ. નો અભ્યાસ શરુ કર્યો, પણ એક વર્ષ બાદ શ્રીમાન્ ચિત્તરંજનભાઈ સાથે લગ્નગ્રંથિથી જોડાતાં વિશેષ અભ્યાસ કરી શકયાં નહિ.

શ્રી સરલાબહેન શરૂઆતથી જ સામાજિક પ્રવૃત્તિઓમાં ઘણો રસ લેતાં આવ્યાં છે. તેઓ અનુક્રમે All India women Conferenee–અખિલહિંદ મહિલા પરિષદના મંત્રી થયાં અને પ્રમુખપદ સુધી પહોંચ્યાં. આજે પણ તેઓ આ પરિષદની મધ્યસ્થ સમિતિના એક કાર્યવાહક સભ્ય છે. આ સંસ્થાના આશ્રયે તેમણે હોસ્પીટલ સર્વિસ કમિટી ઉભી કરેલી છે, જે કામા, કૂપર, વાડિયા

વગેરે હોસ્પીટલોમાં જઈ બાળકોને સેવા આપે છે. ઉપરાંત આ સંસ્થાના આશ્રયે જ અંધેરીમાં એક મહિલાગૃહ ઊભું કરવામાં આવ્યું છે. જે ૧૦૦ જેટલી બહેનોને રોજી આપે છે.

મહિલાઓની સંસ્થાઓના સંગઠન માટે United womens organisation નામની એક સંસ્થા રચાયેલી છે કે જેમાં ૧૦૦ જેટલી મહિલા સંસ્થાઓનું જોડાણ છે, તેનું મંત્રીપદ તેઓ શોભાવે છે. ફેમીલી પ્લાનીંગ મુંબઈ શાખાના તેઓ સક્રિય મંત્રી છે. આ રીતે મહિલાઓના ઉદ્ધાર માટે ચાલતી સંસ્થાઓમાં તેઓ ઘણો રસ લઈ રહેલ છે અને તે માટે તન–મન–ધનનો ભોગ પણ આપી રહેલ છે.

સને ૧૯૬૫માં ઓસ્ટ્રીયા–વિયેનામાં Childrens International Summer Camp યોજાયો, તેમાં તેમણે કેમ્પલીડર તરીકે હાજરી આપી હતી અને ત્યાર બાદ બીજાં જ વર્ષે લંડનમાં International allianee of Women નામની પરિષદ્ યોજાઈ, તેમાં તેમણે પ્રતિનિધિ તરીકે હાજરી આપી પોતાના વિચારો દર્શાવ્યા હતા. ઉપરાંત બે વર્ષ પહેલાં મુંબઈમાં Childen's International Summer Camp યોજવામાં તેમણે નોંધપાત્ર કામગીરી બજાવી હતી.

ધોલકા એજ્યુકેશન સોસાયટીની કાર્યવાહક સમિતિમાં પણ તેઓ એક સભ્ય તરીકે સેવા આપે છે.

ગૃહસ્થ જીવનમાં રહીને એક આદર્શ ગૃહિણીની ફરજો બજાવવા ઉપરાંત તેઓ આ બધી પ્રવૃત્તિઓમાં રસ લે છે, તે પરથી તેમની સેવાપરાયણવૃત્તિનો ખ્યાલ આવી શકશે.

પતિ અને પત્ની બંને સુશિક્ષિત અને સેવાભાવી હોય, એવો મેળ ભાગ્યે જ મળે છે, પણ કુદરતે એવો મેળ મેળવી આપ્યો છે અને તેમનાં મધુર ફલો સમાજને મળી રહ્યાં છે. મહારાષ્ટ્ર સરકારે બંનેની સમાજસેવાની કદર કરીને તેમને સ્પેશ્યલ એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની પદવી આપેલ છે.

શ્રી ચિત્તરંજનભાઈ તથા શ્રી સરલાબહેન બંને અમારી સાહિત્ય-પ્રવૃત્તિમાં ઊંડો રસ લે છે અને યોગ્ય પ્રોત્સાહન પણ આપે છે. વળી અર્હદ્‌ભક્તિમાં પણ તેઓ અનન્ય શ્રદ્ધાન્વિત છે, તેથી આ ગ્રંથ તેમને સમર્પણ કરવામાં કૃતાર્થતા અનુભવી છે. શાસનદેવ તેમને સત્કાર્યો કરવાની પ્રેરણા કરતા રહે, એ જ અભ્યર્થના.

**ધીરજલાલ ટોકરશી શાહ**

# વિષયાનુક્રમ


| | | પૃષ્ઠ સંખ્યા |
|---|---|---|
| ૧ | પ્રારંભિક વક્તવ્ય | ૩ |
| ૨ | કેટલીક મિથ્યા માન્યતાઓ | ૨૦ |
| ૩ | અર્હં મંત્રની ઓળખાણ | ૩૪ |
| ૪ | અર્હં મંત્રની વિશેષ ઓળખાણ | ૫૧ |
| ૫ | અર્હં મંત્ર એક પરમ તત્ત્વ છે. | ૩૭ |
| ૬ | અર્હં મંત્ર મહામહિમાશાલી છે. | ૯૧ |
| ૭ | અર્હં મંત્રનો પ્રભાવ અચિંત્ય છે. | ૧૦૩ |
| ૮ | ઉપાસના અને ઉપાસક | ૧૧૮ |
| ૯ | ગુરુદ્વારા મંત્રદાન | ૧૩૧ |
| ૧૦ | સ્થાન-સમયાદિ | ૧૪૮ |
| ૧૧ | ઉપાસનાના આધારસ્થંભો | ૧૬૨ |
| ૧૨ | પાંચ સિદ્ધાંતોનું પાલન | ૧૮૩ |

| | | |
|---|---|---|
| ૧૩ | મહત્ત્વની સૂચનાઓ | ૨૦૩ |
| ૧૪ | પ્રાતઃકાલીન ક્રિયા | ૨૧૯ |
| ૧૫ | ભૂતશુદ્ધિ અને પ્રાણાયામ | ૨૩૫ |
| ૧૬ | સકલીકરણ | ૨૪૮ |
| ૧૭ | ષડ્નમસ્કાર | ૨૬૨ |
| ૧૮ | અર્હદ્વંદના | ૨૭૮ |
| ૧૯ | અર્હત્ પૂજન | ૨૯૨ |
| ૨૦ | માનસપૂજા, સ્વરૂપચિંતન તથા સ્તવન–સ્તોત્રાદિ | ૩૦૯ |
| ૨૧ | જપવિધિ | ૩૨૨ |
| ૨૨ | અર્થભાવના કે ધ્યાન | ૩૩૭ |
| ૨૩ | શેષ વક્તવ્ય | ૩૪૮–૫૨ |






સેવાપરાયણ

**શ્રીમતી સરલાબહેન સી. શાહ**

જેમને પણ આ ગ્રંથ સમર્પિત કરવામાં આવ્યો છે.



જૈન શ્વે. કૉન્ફરન્સના પ્રમુખ

**શ્રીમાન્ દીપચંદ એસ. ગાર્ડી**

બાર–એટ–લૉ

જેઓ અમારી સાહિત્યપ્રવૃત્તિને
સતત ઉત્તેજન આપતા આવ્યા છે.



શ્રીમાન્ વસનજી લખમશી
જેઓ
સામાજિક શૈક્ષણિક અનેક સંસ્થાઓને
પોતાની વિનમ્ર સેવા આપી રહેલ છે.



જૈન સમાજના પીઢ આગેવાન

**શ્રીમાન્ નારાણજી શામજી મોમાયા**

જેઓ અમારી સાહિત્યપ્રવૃત્તિમાં ઊંડો રસ લઈ રહેલ છે.



શ્રી વિનયચંદ્ર ઉમેદચંદ શાહ

જેમણે સ્વાવલંબનથી આગળ વધી પોતાની સેવાઓ અનેક સંસ્થાઓને સમર્પિત કરી છે.



શ્રીમાન્ કિશોર આર. શાહ
જેઓ સમાજ સેવાની અનેકવિધ
પ્રવૃત્તિઓમાં તેમજ અમારા સાહિત્ય-પ્રકાશનમાં
ઊંડો રસ લઈ રહેલ છે.



**શ્રીમતી ઉષાબહેન કે. શાહ**

જેઓ ધાર્મિક સાહિત્યના પ્રચારમાં ભારે રસ લઇ
રહેલા છે તથા સેવાપરાયણતાને વરેલા છે.



**શ્રીમતી મોંઘીબહેન પરમાણંદ વોરા**

જેઓ ધર્મપરાયણ જીવન જીવી રહ્યા છે અને સંસારપક્ષે
સ્વ. પ. પૂ. વિપુલાશ્રીજીના માતુશ્રી છે.



શ્રીમતી મણિબહેન જીવરાજભાઈ પંચમિયા
જેઓ દાન–શીલ–તપ–ભાવની આરાધનામાં
અનન્ય રસ લઈ રહ્યા છે.



સ્વ. માલિનીબહેન મહેન્દ્રકુમાર કંપાણી

માગરોલવાળા

જેમણે જીવનપર્યન્ત દેવ – ગુરૂ – ધર્મ પર અડગ શ્રદ્ધા રાખી આત્માને ધન્ય કર્યો છે.



**શ્રીમતી હંસાગૌરી ધીરજલાલ ઘાટલિયા**

જેઓ પ. પૂ. બાલબ્રહ્મચારી તપસ્વીસમ્રાટ
શ્રી રતિલાલજી મહારાજના સદુપદેશથી તપોમય
ધર્મારાધનામાં ઊંડો રસ લઈ રહેલ છે.



સ્વ. પોપટલાલ (શિવજીભાઇ નાણાં દલાલ

કચ્છ–માંડવીવાલા

જેમણે ન્યાય–નીતિ તથા સદાચારપૂર્વક

જીવન ગાળી આત્મ કલ્યાણ સાધ્યું છે.



શેઠશ્રી કુમુદરાય પ્રતાપરાય શાહ

ભાવનગર

જેઓ ધાર્મિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં

ઉંડો રસ લઇ રહેલા છે.

ॐ

# પ્રસ્તાવના

## ધ્વનિ-સિદ્ધાન્ત અને વર્ણોત્પત્તિ

વિશ્વચેતનાનાં પ્રકટીકરણ સંબંધી સિદ્ધાંતોમાં ધ્વનિ અને ભાષાનું મહત્ત્વ સર્વમાન્ય છે. શાસ્ત્રકારોએ ધ્વનિને જ શબ્દ તરીકે ઓળખાવ્યો છે. એ શબ્દ (૧) ભાષાત્મક અને (૨) અભાષાત્મક એમ બે પ્રકારનો હોય છે. તેમાં ભાષાત્મકના બે ભેદો કહેલા છે : (૧) અક્ષરાત્મક અને (૨) અનક્ષરાત્મક. તેમજ અભાષાત્મકના પણ બે ભેદો મનાયેલા છે :—(૧) પ્રાયોગિક (વાદ્યયન્ત્રો વડે ઉત્પન્ન કરાયેલ ધ્વનિઓ, તથા (૨) વૈસ્રસિક ( વિજળીનો કડાકો, સમુદ્રનું ગર્જન વગેરે નૈસર્ગિક ધ્વનિઓ ).

મન્ત્ર-ચિંતનમાં ભાષાત્મક ધ્વનિ અથવા શબ્દની મહત્તા છે. ચિંતનની પ્રક્રિયામાં થતી તરતમતા વડે ધ્વનિતરંગોમાં પણ તરતમતા આવે છે તથા એ જ તરંગો સ્વર અને વ્યંજનોને સ્વરૂપ પ્રાપ્ત કરાવવામાં કારણભૂત છે. વર્ણોત્પત્તિ વિષે ભિન્ન-ભિન્ન શાસ્ત્રોમાં ભિન્ન-ભિન્ન રીતો બતાવવામાં આવી છે, છતાં મંત્ર-તંત્રશાસ્ત્રોની માન્યતા પ્રમાણે **"विचिकीर्षुर्घनीभूता क्वचिदभ्येति बिन्दुताम्"** (પ્રપંચસાર-તન્ત્ર)-પરમાત્માની ભાવનાના આધારે જે સર્જન કરવાની ઈચ્છા થઈ, તે જ માયાનો આશ્રય લઈ જગતના અંકુરરૂપે કુંડલિનીમાં બિંદુ ઉત્પન્ન થાય છે. તે બિંદુ (૧) ઈચ્છા, (૨) જ્ઞાન અને (૩) ક્રિયાનાં રૂપમાં અચિદંશે સ્થૂલ, ચિતચિદંશે સૂક્ષ્મ તથા કેવલ-ચિદંશે પર, આ રીતે ત્રણ બિંદુઓ બની એકબીજાને મળવાની ભાવનાથી ત્રિકોણનાં આકારને વરી લે છે. પછી આ ત્રિકોણનાં જ વિવિધ ખંડોથી પૂરી વર્ણ-માતૃકા તૈયાર થાય છે. જ્યારે બીજા આચાર્યો નાદથી માતૃકાની ઉત્પત્તિ બતાવે છે.

## જૈન દૃષ્ટિએ વર્ણોની ઉત્પત્તિ

જૈનધર્મનું સર્વસ્વ 'નમસ્કાર-મહામંત્ર' સમસ્ત દ્વાદશાંગ

વાણીનો સાર છે, તેમાં સમસ્ત શ્રુતજ્ઞાનની અક્ષરસંખ્યા નિહિત છે. જૈન દર્શનનાં તત્ત્વ, પદાર્થ, દ્રવ્ય, ગુણ, પર્યાય, નય, નિક્ષેપ, આસ્રવ, બંધ આદિ નમસ્કાર–મહામંત્રમાં વિદ્યમાન છે; તથા સમસ્ત મન્ત્ર-શાસ્ત્રની ઉત્પત્તિ પણ આ મન્ત્રથી જ થઈ છે, એટલે સમસ્ત મન્ત્રોની મૂળભૂત માતૃકા પણ આનાથી ઉત્પન્ન છે, એમ માનવામાં આવે છે. આવા વિચારોને સ્પષ્ટપણે સમજવા માટે વિદ્વાનોએ જે પ્રકારો બતાવ્યા છે, તેમાંથી એક પ્રકાર આ રીતે છે—

**મૂલ મહામન્ત્ર—**

**'नमो अरिहंताणं, नमो सिद्धाणं, नमो आयरियाणं ।**
**नमो उवज्झायाणं, नमो लोए सव्व-साहूणं ' ॥**

આ મહામન્ત્રનું વિશ્લેષણ આ રીતે થાય છે—

**"न् + अ + म् + ओ + अ + र् + इ + ह् + अं + त् + आ+ण् +अं, + न्+अ + म् + ओ + स् + इ + द् + ध् + आ + ण् + अं, + न् + अ + म् + ओ + आ + य् + अ + र् + इ + य् + आ + ण् + अं, न् + अ + म् + ओ + उ + व् + अ + ज् + झ् + आ + य् + आ + ण् + अं, न् + अ + म् + ओ + ल् + ओ + ए + स् + अ + व् + व् + अ + स् + आ + ह् + अ + ण् + अं ।'**

આ વિશ્લેષણમાંથી સ્વરોને જુદા પાડીએ તો—

**"अं + ओ + अ + इ + अं + आ + अं + अ + ओ + इ**
**ए**
**+ अं + अ + ओ + आ + इ + इ + अ + अं + अ + ओ + उ**
**ऐ ई औ**
**+ अ + आ + अं + अ + ओ + ओ + ए + अ + अ + आ +**
**अः**
**ऊ + अं ।"**

આ રીતના સ્વરો નીકળી આવે છે. તેમાં રેખાંકિત સ્વરોને મેળવતાં તેમજ **र्** અને **ऌ** ને **रलयोरैक्यं** માની **आयरियाणं** ના **रि** એ પ્રાકૃત સ્વરૂપને **ऋ** માનવાથી સોળ સ્વરોની સૃષ્ટિ થઈ જાય છે—

"**अ आ इ ई उ ऊ [र्] ऋ ॠ [ऌ्] ऌ ॡ ए ऐ ओ औ अं अः।**"

વ્યંજનો પણ ઉપરની પદ્ધતિએ જુદા તારવીએ તો—

"**न् + म् + र् + ह + त् + ण् + न् + म् + स् + द् + ध् + ण् + न् + म् + य् + र् + ण् + न् + म् + व् + ज् + झ् + य्**
**(ज् + झ् = श)**
**+ ण् + न् + म् + ल् + स् + व् + व् + स् + ह् + ण्।**
**(स् + ह् = ध)**

એમ વિશ્લેષણ થશે. પછી આ વ્યંજનોમાંથી પુનરુક્ત વ્યંજનોને છોડી દેવાથી—

'**न् + म् + र् + ह् + ध् + स् + य् + र् + ल् + व् + ज् + घ् + ह्।**"

એ વર્ણો બાકી રહે છે. તેમાં પણ ધ્વનિસિદ્ધાન્તના આધારે વર્ણાક્ષરને પૂરા વર્ગનો પ્રતિનિધિ માની—

"**घ् = कवर्ग, स् = चवर्ग, ण् = टवर्ग. ध् + तवर्ग, म् = पवर्ग य् र् ल् व्** તથા **स् = श ष स ह**"

એમ માનવામાં આવતાં સમસ્ત વ્યંજનો જડી આવે છે. તેથી નમસ્કાર–મહામંત્રથી જ માતૃકાની ઉત્પત્તિ થઈ છે, એ સિદ્ધ થાય છે.

આ પ્રક્રિયામાં કેટલીક ક્લિષ્ટ કલ્પનાનો આશ્રય પાઠકોને અટપટો લાગે, તે સ્વાભાવિક છે, પણ મન્ત્રશાસ્ત્રની દૃષ્ટિએ આવી પદ્ધતિનો સ્વીકાર સર્વત્ર થયો છે, તે નિર્વિવાદ છે.

'વર્ણ–સમામ્નાય'માં માતૃકાને પરમાત્માનું શબ્દમય શરીર કહ્યું છે, એટલે તેના આધારે પરમાત્માને પ્રસન્ન કરી તેમની કૃપા

પ્રાપ્ત કરવાનો માર્ગ પ્રશસ્ત થયો હોય તે સમજાય તેમ છે. વેદોમાં વાણીનું મહત્ત્વ પ્રકટ કરતાં કહેવાયું છે કે—

**देवीं वाचमजनयन्त देवास्तां विश्वरूपाः पशवो वदन्ति ।**
**सा नो मन्द्रेषमूर्जं दुहाना धेनुर्वागस्मानुपसुष्टुतैतु ॥ (ऋग्वेद)**

—આ દેવી વાણી અન્ન, બલ વગેરે આપવામાં સમર્થ કામધેનુ છે અને તેથી જ વર્ણ કે વર્ણસંઘાતરૂપ–બીજમંત્ર, મંત્ર, સ્તોત્રાદિ વડે પરમાત્માની ઉપાસના થાય છે. સમસ્ત વિશ્વનો વ્યવહાર –વ્યાપાર આ વાગ્દેવીની કૃપાને જ આભારી છે.

વર્ણોનો મહિમા અચિંત્ય છે, તેઓનાં 'રૂપ, દેવતા, ગોત્ર, છન્દ, સ્વરૂપ, આમામ, જાતિ, લિંગ, વય, રંગ, વર્ગ, ગતિ, મિત્રતા –શત્રુતા, મંડળ, તત્ત્વ, શક્તિ, ગંધ, વિસ્તાર, આભૂષણ' વગેરેનું વર્ણન મન્ત્ર–તન્ત્રશાસ્ત્રોના ગ્રંથોમાં વિસ્તારથી કરાયેલું છે અને શ્રીયુત્ પં. ધીરજલાલભાઈએ પણ પોતાના 'મંત્ર વિજ્ઞાન, મંત્રચિંતામણિ, મંત્રદિવાકર' આદિ ગ્રંથોમાં બહુ જ સ્પષ્ટતાથી રજૂ કર્યું છે, એટલે અહીં તેનો વિસ્તાર ન કરતાં 'પાઠકોએ ત્યાંથી જ જ્ઞાન મેળવવું જોઈએ' એવી ભલામણ કરીએ છીએ.

## મંત્રો અને બીજમંત્રો

આપણા પ્રાચીન આચાર્યોએ '**नास्ति मन्त्रमनक्षरम्**'ની ઘોષણા કરી તેમજ **मातृका मन्त्ररूपिणी**' એમ કહી પૃથક્–પૃથક્ અક્ષરોને તથા અક્ષર–સમુદાયથી યુક્ત શબ્દાવલીને મન્ત્રની સંજ્ઞા આપી છે. દેવતાઓના અનુગ્રહથી ચિત્તમાં ઉત્પન્ન સ્ફુરણાના બળે મંત્રોનો પ્રકાશ પાથરનાર મહર્ષિઓએ આધિદૈવિક તેજનાં સંપાદન માટે જે વિવિધ માર્ગો બતાવ્યા છે, તેમાં 'ઉપાસના–માર્ગ' અતિ સરળ અને નિષ્કંટક માર્ગ છે. ઉપાસના વડે ઈહલોક અને પરલોક બંને સધાય છે, તેથી પણ તે સર્વદા અવલંબનીય છે.

ઉપાસનાનાં જુદાં–જુદાં અંગોમાં મંત્ર–જપનું વિશિષ્ટ સ્થાન છે, તેથી મંત્ર વિષે અહીં વિચારવું યોગ્ય લેખાશે.

'મંત્ર' શબ્દની પરિભાષા કરતાં જૈનાચાર્યોએ મૂળ ધાતુઓ તો તે જ માન્ય રાખ્યા છે, પણ અર્થોમાં છેક વિશિષ્ટતા આણી છે. યથા—(૧) **मन्यते ज्ञायते आत्मादेशोऽनेन इति मन्त्रः** અર્થાત્ જેનાથી આત્માનો આદેશ—નિજાનુભવ જ્ઞાન થાય તે મંત્ર. (૨) **मन्यते विचार्यते आत्मादेशो येन स मन्त्रः** અર્થાત્ જેના વડે આત્માદેશ અંગે વિચાર કરાય, તે મંત્ર અને (૩) **मन्यते सत्क्रियन्ते परमपदे स्थिता आत्मानो वा यक्षादिदेवता अनेन इति मन्त्रः**[1] અર્થાત્ જેના વડે પરમપદમાં વિરાજમાન પંચ ઉચ્ચ આત્માઓનો અથવા યક્ષાદિ શાસનદેવતાઓનો સત્કાર કરાય, તે મંત્ર. આમ જૈન દૃષ્ટિની વિશેષતાને ધ્યાનમાં રાખી મંત્રજપ કરવાથી સ્વસંપ્રદાયનું પૂર્ણપણે પાલન થાય છે.

## બીજ-મંત્ર

પ્રસ્તુત ગ્રંથમાં બીજમંત્રો વિષે લખાયું છે, છતાં વિશેષ ધ્યાનમાં રાખવા જેવું એ પણ છે, કે **બીજ** શબ્દ **જીવ** શબ્દના વિપર્યયથી બનેલો છે. તેથી મંત્રમાં જીવરૂપે બીજોની યોજના થાય છે. તાંત્રિક ગ્રંથો અને વિભિન્ન આચાર્યોનું મંતવ્ય છે કે કોઈ પણ મંત્રની સાથે બીજમંત્ર હોવું જ જોઈએ, તેથી ઘણા મંત્રોમાં બીજો હોય જ છે. આ બીજમંત્રોની સાધના સ્વતંત્ર અને સંયુક્ત (મંત્ર અને બીજરૂપે) બંને રીતે થાય છે. આ પ્રમાણે નમસ્કાર-મહામંત્ર તથા તેનો પણ સાર '**अर्हं**' બીજ છે. (તે વાત આ ગ્રંથના પાના ૩૫-૩૬ માં જણાવેલી છે.) એટલે માનવી પ્રવૃત્તિ પ્રમાણે બીજમંત્રના જાપ વડે સદ્યઃ ફળ પ્રાપ્ત કરવાની ઈચ્છા જાગે, એ સ્વાભાવિક છે.

---

૧. આ ત્રણે વ્યુત્પત્તિઓમાં **मन्** ધાતુના જ્ઞાન, અવબોધ અને સમ્માન એવા અર્થો યોજાયેલ છે. જુઓ–જ્ઞાનાર્ણવ.

## 'અર્હં' બીજની મહત્તા

આમ તો દરેક બીજ-મંત્રમાં વૃક્ષોનાં બીજની જેમ આખું વૃક્ષ છૂપાયેલ છે, તે આ ગ્રંથમાં જણાવેલું જ છે. તો પણ તેનાં અનુસંધાનમાં એટલું વધારામાં જણાવવા ઈચ્છું છું કે-**अर्हं** બીજમાં રહેલાં ત્રણ અક્ષરો **अ + र् + ह्** માં **अ** = સૂર્ય[1] **र्** = અગ્નિ અને **ह्** = ચંદ્રનો વાચક પણ છે. તેથી સૂર્ય, અગ્નિ તથા સોમ આ ત્રણે સમસ્ત બ્રહ્માંડનાં મૂળ તત્ત્વો આ બીજમંત્રમાં આવી જાય છે. વૈદિક માન્યતા પ્રમાણે આ ત્રણેયનાં મિશ્રણથી જ સમસ્ત વિશ્વના પ્રપંચો થાય છે અને તેના જ્ઞાનથી ફરી તેમાં લય થાય છે. પ્રકાશની બધી સ્થિતિ આ સૂર્યાદિને જ આશ્રિત છે. શિવજીના ત્રણ નેત્રોનું રહસ્ય પણ તેમાં સમાયેલું છે. 'અર્હં' બીજમંત્રમાં ' **ह** અક્ષરની પ્રધાનતા છે ' આ વાત ( આ ગ્રંથમાં પૃષ્ઠ ૯૨ માં ) સુપ્રતિપાદિત છે. તે અંગે એટલું વધારામાં ઉમેરી શકાય કે-

પાણિનીય વ્યાકરણાનુસાર-'હકાર સૃષ્ટિના સીત્કાર પછીની પહેલી સૃષ્ટિ છે.' પરમસૂક્ષ્મ નિરાકાર બ્રહ્મ પછી પંચભૂતોની સ્થૂલનિર્મિતિ આકાશ છે અને તેનું બીજ હકાર છે. **'ત્રિશિરોભૈરવ'** શાસ્ત્રમાં વિસર્ગનાં ત્રણ સ્વરૂપોનું કથન થયેલું છે, ૧-પર, ૨-અપર તથા ૩-પરાપર. તેમાં હકાર અપરવિસર્ગ છે, એટલે વિસર્ગ સ્થૂલ સ્વરુપ લઈ હકાર બને છે+ અને તે હંસ, પ્રાણ, વ્યંજન, સ્પર્શ આદિ નામોથી ઓળખાય છે. આ વિસર્ગજન્ય અક્ષર નિત્યોદિત, ચિન્માત્ર-સ્વભાવ, અનસ્તમિત, અમૃતકલા વગેરે તત્ત્વોથી પૂર્ણ છે તથા નાદ

---

૧ ભાષ્કરરાયે **'वरिवस्या-रहस्य'**માં **'रविरकारचैतन्यम्'** કહી અકારને સૂર્ય બતાવ્યો છે.

+ શ્રી ભાસ્કરરાયે પણ-**'पतत्पिण्डद्वितयं विसर्गसंज्ञं हकार-चैतन्यम्'** કહ્યું છે.

માત્ર સ્વભાવ હોવાને લીધે સ્વભાવતઃ અભિવ્યક્ત થઈ જાય છે. બીજકોશોમાં હકારને-ગગનબીજ, જ્ઞાનબીજ અને કલ્યાણબીજ પણ કહેલો છે, એટલે જ 'અર્હં' મંત્રમાં હકારની પ્રધાનતા સ્વીકારવામાં આવી છે.

## અર્હં-બીજમંત્ર ત્રિકોણયંત્રનું પ્રતીક

અમે ઉપર જણાવ્યું છે કે **अ** = સૂર્ય, **र** = અગ્નિ અને **ह** = સોમના પ્રતીક વર્ણો છે. આ ત્રણે વર્ણોનાં મૂળમાં બિંદુઓ છે, જે મૂલાધાર–સૂર્ય, અનાહત–અગ્નિ અને સહસ્રાર સોમનાં રૂપમાં વ્યાપ્ત છે. **'શાક્તાગમ'** પ્રમાણે આ ત્રણે ય બિંદુઓ સામ્ય, વૈષમ્ય અને સ્થૈર્યનાં કારણે અથવા ઇચ્છા, જ્ઞાન તથા ક્રિયાભાવનાં કારણે પરસ્પર મળી ત્રિકોણ બને છે. [1]**'ભુવનેશ્વરીક્રમચંદ્રિકા'** માં કહ્યું છે કે– જેમ જીવ માટે શરીર આવશ્યક છે, તેલ માટે દીપક આવશ્યક છે, તેમ ઉપાસના માટે યંત્ર આવશ્યક છે. આ દૃષ્ટિએ સમસ્ત યંત્રાકૃતિઓનું મૂળ અર્હં બીજમંત્રમાં રહેલું છે. આપણા પૂર્વાચાર્યોએ આ રહસ્યને સમજીને જ પ્રત્યેક મંત્રમાં અર્હં બીજને સ્થાન આપ્યું છે.

આવી જ રીતે યોગદૃષ્ટિથી પણ અર્હં બીજની વિશેષતા સમજવા પ્રયત્ન કરીએ તો કુંડલિની બીજ હકાર અને **'अ-र्-ह्-म्'** વર્ણો વડે નિષ્પન્ન થતા કુંડલિનીના આકાર વિષે વિચાર થઈ શકે છે. શાસ્ત્રકારોએ વિવિધ પ્રકારે આવા બીજમંત્રોનાં તત્ત્વોને સમજાવ્યાં છે, તેની સાથે જ સ્વસંપ્રદાય અને ગુરુપરંપરા પણ કેટલાંક રહસ્યોને સ્પષ્ટ કરે છે.

---

૧ અમે યન્ત્રશક્તિ' (ભાગ ૨)નાં મંગલાચરણમાં લખ્યું છે–

**सर्वस्या अस्ति यन्त्राकृतिमतिविततेर्यन्त्रराजो निधानं,**
**यद् बिन्दोः सूक्ष्मरूपा रुचि–मति–कृतिमद् बिन्दवः सृष्टिमाप्ताः।**
**एकैकस्य प्रगत्या मिलितुमथ मिथो रेखया वर्धमाना:,**
**आम्नास्ते यन्त्रभावं तदिह विजयते बीजरूपं त्रिकोणम् ॥**

**પ્રસ્તુત ગ્રંથ અંગે કિંચિત્**

**શતાવધાની પં. શ્રી ધીરજલાલભાઈ**ની અમૃત-પ્રસવિત્રી લેખિની વડે પ્રસૂત કૃતિઓની સંખ્યા વિશાળ છે તથા વિષયગત વિવિધતાને લીધે તે સમગ્ર માનવ–સમુદાયને **રાજ–સમ્મિત** = આદેશરૂપે, **મિત્ર–સમ્મિત**–સલાહકારરૂપે અને **કાંતા–સમ્મિત** –પ્રેમપૂર્વક અથવા તેના વિશિષ્ટગુણો બતાવી તે પ્રત્યે વળવાના આગ્રહરૂપે સન્માર્ગે પ્રેરી રહી છે અને વર્ષો સુધી પ્રેરતી રહેશે. ગ્રંથકારની શૈલી એવી સુંદર છે કે શાસ્ત્રીય વિષયને ન જાણનારો પણ સહેજે વિવેચ્ય વિષયને આત્મસાત્ કરી લે છે. શ્રી શાહની કૃતિઓ માત્ર લેખકના ધર્મને પૂર્ણ કરવા અથવા તો લેખિનીજન્ય કંડૂને દૂર કરવા માટે જ લખાઈ નથી, પણ તેમાં આપણા પૂર્વાચાર્યોની જેમ "સ્વયં-સાધના, પ્રાતિભજ્ઞાન ઉપાસના–પ્રાપ્ત–રહસ્ય નિર્દેશ" વગેરેથી પરિપૂર્ણતા પણ રહેલી છે. તેથી જ તેઓનો સર્વત્ર સમાદર થયો છે, થાય છે અને થશે.

એ સુંદર પરંપરામાં આજે આપણે **'અર્હં મન્ત્રોપાસના'** ગ્રંથને જોવા ભાગ્યશાળી થયા છીએ. આ ગ્રંથ મંત્રોપાસના–સંબંધી બધી વિગતોને બહુ જ સરળ રીતે સમજાવે છે. આમાં ત્રેવીશ પ્રકરણો છે અને દરેક પ્રકરણમાં ક્રમશઃ- અર્હં મંત્ર, તેની ઉપાસના અને અર્ચનાવિધિને લગતા સમસ્ત વિષયોને શાસ્ત્રોક્ત પદ્ધતિથી રજૂ કરવામાં ક્યાંય કસર રાખી નથી. વળી આ ગ્રંથનું સંશોધન મંત્રશાસ્ત્રના પ્રખર જ્ઞાતા તેમજ પરમ સાધક **પૂજ્ય શ્રી વિજય યશોદેવસૂરીશ્વરજીએ** કર્યું છે, તેથી આ વિષે વિશેષ કંઈ કહેવા જેવું રહેતું હોય એમ મને લાગતું નથી.

મારા પ્રત્યે સહજ અનુરાગ હોવાને લીધે શ્રી શાહે મને પ્રેરિત કર્યો અને હું તેને મારું કર્તવ્ય માની મારા જ્ઞાન પ્રમાણે લખવા ઉદ્યત બન્યો, એટલે નિમ્ન શબ્દો વડે પંડિતવર્ય શ્રી ધીરજલાલ શાહને અભિનંદન તથા અભિવંદન આપી વિરમું છું.

**श्री शाहोद्भाविता शास्त्रसिद्धा, सत्यं मार्गं दर्शयन्ती प्रकामम् ।**
**'अर्हमन्त्रोपासना' भासमाना, ज्ञानं यच्छेद् भूमिभागे जनेभ्यः ॥**

**नई दिल्ली** —**डॉ. रुद्रदेव त्रिपाठी**
**५–१०–८०**

# 卐 વંદના પહેલી 卐

મહા મહિમાશાળી,
અચિંત્ય પ્રભાવથી યુક્ત
તથા
સર્વ દુરિતોનું
દમન કરવામાં
અનન્ય
એવા
શ્રીઅર્હં મંત્રરાજને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

પ. પૂ. આચાર્યશ્રી વિજયયશોદેવ સૂરીશ્વરજી
મહારાજના સદુપદેશથી
**જૈન સાહિત્ય મંદિર**
તલાટી રોડ,
પાલીતાણા (સૌરાષ્ટ્ર)

卐 વંદના બીજી 卐

જે

ભૂતકાળમાં થઈ ગયેલા,

વર્તમાનકાળે વિચરતા

તથા

ભવિષ્યકાળમાં થનારા સર્વે

અરિહંત પરમાત્માઓનો

વાચક છે,

તે શ્રીઅર્હં મંત્રરાજને

અમારી કોટિ કોટિ વંદના હો.

卐

લલિતાબેન નટવરલાલ શાહ

તથા

નટવરલાલ મોહનલાલ શાહ

બુલાખીદાસ બીલ્ડીંગ,

૨ જા માળે, વિઠ્ઠલદાસ રોડ,

મુંબઈ-૪૦૦૦૦૨

ટે. નં. ૩૧૦૫૨૪, ૬૭૪૭૩૧

## 卐 વંદના ત્રીજી 卐

જે
સકલાગમનું રહસ્ય છે,
સર્વ મંત્રોનો સાર છે,
તથા
સમસ્ત તંત્રવિદ્યાનું
અદ્ભુત ઉદ્ગમ સ્થાન છે,
તે
શ્રીઅર્હં મંત્રરાજને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

મનસુખલાલ ચુનીલાલ મહેતા
બી. સી. મહેતાની કું.
૪૦૪–રેવા ચેમ્બર્સ,
ન્યુમરીન લાઈન્સ,
મુંબઈ–૪૦૦૦૨૦
ટે. નં. ૩૧૪૦૨૭, ૩૧૪૧૩૮

卐 વંદના ચોથી 卐

જે વિવિધ પ્રકારના
વિઘ્નોનું વિદારણ કરવામાં
સમર્થ છે
તથા
દૃષ્ટ–અદૃષ્ટ સર્વ સંકલ્પોની
સત્વર સિદ્ધિ કરનાર છે,
તે
શ્રીઅર્હં મંત્રરાજને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

શ્રી અમૃતલાલ દેવશીભાઈ કોઠારી
છાયા, ૩ જે માળે, બ્લોક નં. ૨૪
૫૯૪–જામે જમશેદ રોડ,
માટુંગા,
મુંબઈ–૪૦૦૦૧૯
ટે. નં. ૩૭૦૩૬૪, ૪૭૪૬૮૦

## 卐 વંદના પાંચમી 卐

જે
અર્હદ્ભક્તિનું
અજોડ આલંબન છે
તથા
સમ્યગ્દર્શનનો
સ્પર્શ કરવામાં
અનેરો ભાગ ભજવે છે,
તે
શ્રીઅર્હંમંત્રરાજને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐


શાહ પ્રવીણચંદ્ર બાબુભાઈ
યશવંતનગર, ફ્લેટ નં. ૧૬
એસ. વી. રોડ, અંધેરી (વેસ્ટ),
મુંબઈ-૪૦૦૦૫૮
ટે. નં. ૩૨૭૦૫૯

卐 વંદના છઠ્ઠી 卐

જે

મનુષ્યોના મનોરથ

પૂર્ણ કરવામાં

અમરતરુથી અધિક છે

તથા

ચિંતામણિરત્નથી શ્રેષ્ઠ છે,

તે

શ્રીઅર્હં મંત્રરાજને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐


ઝવેરચંદ ભુરાભાઈ ઝવેરી

૨૨૯, શેખ મેમનસ્ટ્રીટ,

ઝવેરી બજાર,

મુંબઈ–૪૦૦૦૦૨

ટે. નં. ૩૨૬૧૩૦

卐 વંદના સાતમી 卐

જેનો
જપ કરતાં
સર્વ રોગો શમી જાય છે
તથા
અદ્ભુત શક્તિનો
આવિર્ભાવ
થાય છે,
તે
શ્રીઅર્હં મંત્રરાજને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

જયંત એમ. શાહ
વિમલ, બીજે માળે,
૧૮૪, ખેતવાડી,
મુંબઈ-૪૦૦૦૦૪
ટે. નં. ૩૧૧૫૪૪

## 卐 વંદના આઠમી 卐

જેના
ધ્યાનથી
ચિત્તની પરમ શુદ્ધિ
થાય છે
તથા
આત્માને ઉત્તરોત્તર વિકાસ
સધાય છે,
તે
શ્રીઅર્હં મંત્રરાજને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐


વિશ્વમંગલ ઇન્વેસ્ટમેન્ટ પ્રા. લી.
૪-ડી, કોર્ટ ચેમ્બર્સ,
૩૫-ન્યુમરીન લાઈન્સ,
મુંબઈ-૪૦૦૦૨૦
ટે. નં.: ૨૯૧૧૧૩, ૨૫૩૦૦૪

## 卐 વંદના નવમી 卐

જે
પંચાક્ષરથી પવિત્ર બનેલા
સર્વ મંત્રોમાં શિરોમણિ છે,
તથા
ૐકાર અને હ્રીંકારની
અદ્દભુત શક્તિથી યુક્ત છે,
તે શ્રીઅર્હં મંત્રરાજને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

જવાહર મોતીલાલ શાહ
પંચરત્ન, ૯ મા માળે,
ફ્લેટ નં. ૯૦૮,
ઓપેરાહાઉસ, રોક્ષી સીનેમા પાસે,
( મામા પરમાનંદ માર્ગ )
મુંબઈ-૪૦૦૦૦૪
ટે. નં. ૩૬૬૨૮૭

## 卐 વંદના દશમી 卐

જે

શાંતિને સત્વર સાધનારો છે,

તુષ્ટિને ત્વરિત અમલમાં

લાવનારો છે

તથા

પુષ્ટિનો પરમ ઉત્કર્ષ

કરનારો છે,

તે શ્રીઅર્હં મંત્રરાજને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐


નંદુભાઈ મણિલાલ ત્રિવેદી

૧૫-સીતામહાલ, બીજે માળે,

બમનજી પીટીટ રોડ,

પારસી જનરલ હોસ્પીટલ પાસે,

મુંબઈ-૪૦૦૦૩૬

ટે. નં. ૩૬૨૬૯૧

## 卐 વંદના અગિયારમી 卐

જે
વાણીને વિમલ કરનારો છે,
તેમાં
મધુરતા આણનારો છે
તથા
તેને
ઋતંભરા બનાવનારો છે,
તે
શ્રીઅર્હં મંત્રરાજને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

ઝવેરચંદ શામજી શાહ
પો. બો. ૩૭૧
મોસી
(ટાન્ઝાનિયા)

## 卐 વંદના બારમી 卐

જે

જલ-સ્થલ

તથા

અંતરીક્ષમાં

રક્ષણ કરનારો છે,

તેમ જ

વાદ-વિવાદમાં અનેરો જય

અપાવનારો છે,

તે શ્રીઅર્હં મંત્રરાજને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐

સોભાગ ઝવેરચંદ શાહ

૧૮૯-કેન્ટોન લેન,

હેરો,

મીડલસેકસ,

ઇંગ્લેન્ડ

## 卐 વંદના તેરમી 卐

જેની
અનન્ય મને
ઉપાસના કરતાં
પશુતાનો પરિહાર થાય છે,
માનવતાનો વિકાસ થાય છે
તથા
દિવ્ય જીવનનો સાક્ષાત્કાર
કરી શકાય છે,
તે શ્રીઅર્હં મંત્રરાજને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

દિનેશ ઝવેરચંદ શાહ
૧૮૭-કેન્ટોન લેન
હેરો,
મીડલસેકસ,
ઇંગ્લેન્ડ

## 卐 વંદના ચૌદમી 卐

જેની
ઉત્કૃષ્ટ આરાધના
વિષયોનું વારણ કરે છે,
કષાયોની કાલિમાને
સર્વથા દૂર કરે છે
તથા
અદ્ભુત આનંદઘન
અવસ્થાનો અનુભવ
કરાવે છે,
તે શ્રીઅર્હં મંત્રરાજને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

ગુલાબચંદ રાયચંદ શાહ
પો. ઓ. બો. ૮૨૨૫૫
મોમ્બાસા
( કેન્યા )

## 卐 વંદના પંદરમી 卐

જેની
સાત્વિક સાધના વડે
સર્વ દુઃખોનો અંત
આણી શકાય છે
તથા
પરમાર્થની
શીઘ્ર પ્રાપ્તિ કરી
શકાય છે,
તે
શ્રીઅર્હં મંત્રરાજને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

મહેન્દ્ર લાલજી દોઢિયા
પો. બો. બો. ૪૨૬૮૬
નૈરોબી
( કેન્યા )

卐 વંદના સોળમી 卐

જેમાં

ભક્તિયોગની ભવ્યતાનો,

જ્ઞાનયોગની ગહનતાનો,

તથા

કર્મયોગની કમનીયતાનો

સુંદર સમન્વય

થયેલો છે,

તે

શ્રીઅર્હં મંત્રરાજને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐

ખૂમચંદ રતનચંદ જોરાજી

૨૧૯-ગુલાલવાડી

મુંબઈ-૪૦૦૦૦૨

卐 વંદના સત્તરમી 卐

સમસ્ત લોકાલોકના
ભૂત, વર્તમાન અને
ભવિષ્યકાલીન
સર્વભાવોને
યથાર્થપણે પ્રકાશનારા
જગદુદ્ધારક
શ્રી અરિહંતદેવોને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

પ્રવીણચંદ્ર સી. શાહ
ચંદનબાળા, ૧૦ મે માળે,
ફ્લેટ નં. ૩
રતિલાલ ઠક્કર માર્ગ,
રીજ રોડ,
મુંબઈ–૪૦૦૦૦૬

卐 વંદના અઢારમી 卐

અજ્ઞાનના

ઘેરા પટલો ભેદીને

અનન્ય અપ્રતિહત

જ્ઞાનનો

પ્રકાશ પ્રકટાવનાર

જ્યોતિપુંજ

શ્રી અરિહંતદેવોને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐

રામજીભાઈ હંસરાજ ઘાસવાલા

૭ જયપ્રકાશ નગર, રોડ નં. ૧

લક્ષ્મીનારાયણ નિવાસ,

ગોરેગાંવ ( પૂર્વ )

મુંબઈ-૪૦૦૦૬૩

ટે. નં. ૬૯૫૭૯૯

卐 વંદના ઓગણીશમી 卐

જન્મ, જરા અને મરણની

ભીષણ શૃંખલા

ભેદીને

અક્ષય-અમરપદે

આરૂઢ થનારા

જગન્નાથ

શ્રી અરિહંતદેવોને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐

કેન્નીકો ઇન્ડસ્ટ્રીયલ એન્જીનીયર્સ

ઠે. નંદલાલ રૂપચંદ શાહ

નંદનવન ૨૯, ફ્રેન્ડઝ સોસાયટી,

જુહુ

મુંબઈ-૪૦૦૦૫૬

## 卐 વંદના વીશમી 卐

શુકલ ધ્યાનરૂપી
કૈલાસગિરિમાં વાસ કરનારા
તથા
ત્રિપદીરૂપ ત્રિશૂલને
ધારણ કરનારા
મહાદેવસ્વરૂપ
શ્રી અરિહંતદેવોને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

વિનોદ પરમાણંદ વોરા
૯૦-સી, ઓમ દરિયા મહલ,
૮૦-નેપીયન્સી રોડ,
મુંબઈ-૪૦૦૦૦૬

卐 વંદના એકવીશમી 卐

શમરસરૂપી જ્યોત્સ્નાનો

સર્વત્ર

છંટકાવ કરનાર

પૂર્ણતામંડિત

નિર્મલ અને નિષ્કલંક

એવા

અપૂર્વ ચંદ્રરૂપ

શ્રીઅરિહંતદેવોને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐

વીરજીભાઇ હંસરાજ શાહ

૬૦૭-સી, શક્તિસદન, ૬ ઠે માળે

૯૩-લેમીંટન રોડ,

મુંબઈ-૪૦૦૦૦૮

ટે. નં. ૩૯૮૮૩૪

卐 વંદના બાવીશમી 卐

સન્માર્ગના અનુસરણપૂર્વક
વિરતિના
વિમલપંથે વિચરવાની
પ્રબલ પ્રેરણા કરનાર
જગદ્‌ગુરુ
શ્રીઅરિહંતદેવોને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

રામજીભાઇ લાલજી
૩૨-જવાહર નગર,
ગોરેગાંવ (વેસ્ટ),
મુંબઈ-૪૦૦૦૬૩

卐 વંદના ત્રેવીશમી 卐

જેઓ

અઢારદોષથી રહિત છે,

સર્વજ્ઞ અને સર્વદર્શી છે

તથા

સત્યધર્મના મહાન

પ્રવર્તક છે,

તે

શ્રીઅરિહંતદેવોને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐

ખીમજી લખમશી ગાલા

૪-ચંદ્રનિવાસ, સહાર રોડ

અંધેરી (પૂર્વ),

પોલિસ કવાટર્સની પાછળ,

મુંબઈ-૪૦૦૦૬૯

ટે. નં. ૫૭૧૬૩૫

## 卐 વંદના ચોવીશમી 卐

જેઓ
અનંત ગુણના ભંડાર છે,
ચોત્રીશ અતિશયોના
ધારક છે
તથા
માનવજાતિના મહાન
ઉદ્ધારક છે,
તે
શ્રીઅરિહંતદેવોને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐


રજનીકાંત સી. મોદી
૮૧૫-પારેખ માર્કેટ, ૮ મે માળે,
૩૯-કેનેડી બ્રીજ
ઓપેરા હાઉસ
મુંબઈ-૪૦૦૦૦૪
ટે. નં. ૩૫૨૬૧૮

# 卐 વંદના પચીશમી 卐

જેઓ
દેવ, દાનવ અને માનવોથી
પૂજાયેલા છે,
ઋષિ મહર્ષિઓ વડે
અને
સર્વે ગુણીજનો વડે
સત્કારાયેલા છે,
તે
શ્રીઅરિહંતદેવોને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

સ્વ. જિનમતીબેન રતિલાલ શાહ
(કપડવંજવાળા) ના સ્મરણાર્થે
કોહીનુર એન્જીનીયરીંગ કું.
૧૦૪–દિવ્યલોક
એ. ડી. રૂપારેલ માર્ગ.
મલબાર હીલ,
મુંબઈ–૪૦૦૦૦૬
ટે. નં. ૮૧૯૨૮૭

## વંદના છવીશમી 卐

જેમની દેશના

અતિ મધુરવાણીથી યુક્ત

હોય છે

અને

સહુને પોતપોતાની ભાષામાં

સમજાઈ જાય છે,

તે

શ્રીઅરિહંતદેવોને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐

કોટ તપગચ્છ મૂર્તિપૂજક

શ્વેતામ્બર જૈન સંઘ

શાંતિનાથ જૈન દેરાસર,

વોરા બજાર, ફોર્ટ,

મુંબઈ-૪૦૦૦૦૧

卐 વંદના સત્તાવીશમી 卐

જેમણે
અહિંસાને આગળ ધરી છે,
સંયમની પ્રતિષ્ઠા કરી છે,
અને
તપને અતિ મહત્ત્વ
આપ્યું છે,
તે
શ્રીઅરિહંતદેવોને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

ધીરજલાલ એન્ડ કું.
૩૦૩/૩ જે. દાદાજી રોડ
નાના ચોક,
મુંબઇ-૪૦૦૦૦૭
ટે. નં. ૩૬૬૭૭૪-૩૬૯૩૩૦

卐 વંદના અઠ્ઠાવીશમી 卐

જીવનપથને

જયોતિર્મય બનાવવા માટે

ધર્મરૂપી

અખંડ દીપક

પ્રકટાવનારા

પૂર્ણ પુરુષ

શ્રીઅરિહંતદેવોને

અમારી

કોટિ કોટિ વંદના હો-

卐

બી. માણેકલાલની કું.
૫-જી, 'અવસર'
૭૭-૮૧, કાઝી સૈયદ સ્ટ્રીટ,
મુંબઈ-૪૦૦૦૦૩
ટે. નં. ૩૨૮૪૦૧-૪૭૬૯૦૫

## 卐 વંદના ઓગણત્રીશમી 卐

મિથ્યાત્વરૂપી

દાવાનલને શાંત કરવા

સમ્યક્સુધાનું

સતત વર્ષણ કરનારા

મહામેઘરૂપ

શ્રીઅરિહંતદેવોને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐

શ્રી રમણીકલાલ મંગલદાસ શાહ

સુરેશ કોલોની, સી–૩

ત્રીજે માળે,

વિલાપારલા ( વેસ્ટ )

મુંબઈ–૪૦૦૦૫૬

## 卐 વંદના ત્રીશમી 卐

પ્રશસ્ત પ્રરૂપણા વડે

જીવ અને જડની

જુદાઈ જણાવનારા

અને

ચેતનની ચીનગારીમાં

સમ્યગ્જ્ઞાનનો પ્રકાશ

પૂરનારા

શ્રીઅરિહંતદેવોને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐

શ્રી હરિલાલ મુલચંદ શાહ

ભુપેન્દ્રકુમાર એન્ડ કું.

મણીભુવન, પહેલે માળે,

લોહારચાલ,

મુંબઈ–૪૦૦૦૦૨

## 卐 વંદના એકત્રીશમી 卐

આત્મશુદ્ધિના

અપૂર્વ અનુષ્ઠાનો યોજીને

મુમુક્ષુઓનું

મહાકલ્યાણ કરનારા

તથા

શ્રમણસંઘના

અજોડ નાયક,

એવા

શ્રીઅરિહંતદેવોને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐

શ્રી વસંત વી. છેડા

લધાભાઈ ગણપત બીલ્ડીંગ,

પાંચમે માળે, રૂમ નં. ૮૧

ચીંચબંદર,

મુંબઈ–૪૦૦૦૦૯

卐 વંદના બત્રીશમી 卐

અશોકવૃક્ષ, સુરપુષ્પવૃષ્ટિ,

દિવ્યધ્વનિ,

ચામર, આસન, ભામંડલ,

દુંદુભિનાદ તથા

છત્રાતિછત્રરૂપ

અષ્ટમહાપ્રતિહાર્યની

પૂજા પામી રહેલા

શ્રીઅરિહંતદેવોને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐

શા. શાન્તિલાલ તથા લલિતકુમાર

ઠે. શાન્તિલાલ ભુરમલની કું.

કાપડના વેપારી

ધરમાવરમ્

( જી. અનંતપુર )

( આન્ધ્રપ્રદેશ )

## 卐 વંદના તેત્રીશમી 卐

અદ્ભુત અતિશય વડે
સર્વ ઈતિ-ભીતિઓ
તથા
રોગ અને વૈરનું
શમન કરીને
સર્વત્ર મંગલમાલાનો
વિસ્તાર કરનારા
શ્રીઅરિહંતદેવોને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

કપુરવાલા એન્ડ સન્સ
૪૬-રીજ રોડ,
વાલકેશ્વર,
મુંબઈ-૪૦૦૦૦૬
ટે. નં. ૮૧૫૯૭૨

卐 વંદના ચોત્રીશમી 卐

ભવારણ્યમાં

ભટકી રહેલા પ્રાણીઓને

સાચો માર્ગ દર્શાવી

શીઘ્ર

સિદ્ધિસદનમાં લઈ જનાર

મહાસાર્થવાહરૂપ

શ્રીઅરિહંતદેવોને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐

લક્ષ્મીચંદ લીલાધર દેઢિયા

૧૧૦–કેશવજી નાયક રોડ,

ત્રીજા માળે,

મુંબઈ–૪૦૦૦૦૯

## 卐 વંદના પાંત્રીશમી 卐

મૃત્યુના ભયથી
હતાશ થયેલા
અને
શોક-સંતાપથી રીબાતા
જગતના પ્રાણીઓને
અનન્ય શરણ
આપનારા
શ્રી અરિહંતદેવોને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

શ્રીમતી રાણીબેન રતનશી
ભાયખલા,
મુંબઈ-૪૦૦૦૨૭
ટે. નં. ૩૯૩૨૯૭

## 卐 વંદના છત્રીશમી 卐

જેમના
પ્રશમ-રસ-નિમગ્ન
ચક્ષુયુગલના
દર્શન માત્રથી
અદ્ભુત શાંતિ
અને
અપૂર્વ સમતાનો
અનુભવ થાય છે
તે
શ્રીઅરિહંતદેવોને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

સૌ. રતનબેન કુંવરજી હરીયા
તથા
કુંવરજી ઉમરશી હરીયા
લાલબાગ,
મુંબઈ-૪૦૦૦૧૨
ભાત બજાર ટે. નં. ૩૪૨૨૩૨

## 卐 વંદના સાડત્રીશમી 卐

જેમની ભક્તિ
સર્વ પ્રકારના ભયોનું
ભંજન કરનારી છે
અને
સકલ મનોરથની
સિદ્ધિ કરનારી છે,
તે
શ્રીઅરિહંતદેવોને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

પનાલાલ કસ્તુરભાઈ શાહ
૯૪૫-સંઘવી ગલી,
પાછિયાની પોળ, રીલીફ રોડ,
અમદાવાદ-૩૮૦૦૦૧
ટે. નં. ૩૮૬૯૪૪

## 卐 વંદના આડત્રીશમી 卐

જેમની
અનન્ય આરાધના કરતાં
પાપનો પુંજ પ્રજળે છે
તથા
સર્વ પ્રકારનાં કર્મો
ક્ષીણ થાય છે,
તે
શ્રીઅરિહંતદેવોને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

એમ. એમ. શાહની કું.
૧૦૯-પ્રિન્સેસ સ્ટ્રીટ,
મુંબઈ-૪૦૦૦૦૨

## 卐 વંદના ઓગણચાલીશમી 卐

જેમણે
માનવજીવનનો
ઊંચામાં ઊંચો આદર્શ
રજૂ કર્યો
અને
સુખની સર્વોત્તમ સ્થિતિ
સંપાદન કરવાની
કલા દર્શાવી,
તે
શ્રીઅરિહંતદેવોને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

પ્રવીણ એન્ડ કું.
(ગામ વેરાવળવાળા)
૩૪૩–ગૌરજગલી,
મૂળજી જેઠા મારકીટ,
મુંબઈ–૪૦૦૦૦૨
ટે. નં. ૨૫૭૯૨૨

卐 વંદના ચાલીશમી 卐

જેમનું

રૂપ અપૂર્વ છે,

લાવણ્ય અનુપમ છે,

બલ અપરિમિત છે

અને

જ્ઞાન અગાધ છે,

તે

શ્રીઅરિહંતદેવોને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐

ચીમનલાલ ખીમજી ગલિયા

સીતા-પાર્વતી નિવાસ,

૨૪૭-એ તેલંગ રોડ,

માટુંગા (સેન્ટ્રલ રેલ્વે),

મુંબઈ-૪૦૦૦૧૯

ટે. નં. ૪૮૫૧૬૧

## 卐 વંદના એકતાલીશમી 卐

જેમણે
ચૌદ રાજલોકમાં રહેતા
સર્વ જીવોને
મિત્ર માનવાની હાકલ કરી
અને
સર્વ ગુણીજનોને જોઈ
પ્રમોદ પામવાની
અણમોલ શિક્ષા આપી,
તે
શ્રીઅરિહંતદેવોને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

પ. પૂ. પંન્યાસ શ્રી મહાનંદવિજયજી મહારાજના
સદુપદેશથી
**વ્રજલાલ રતિલાલ શાહ**
એન. એલ. બંગલો,
( ભૌમિક એપાર્ટમેન્ટ )
રામગલી, એસ. વી. રોડ,
કાંદીવલી ( વેસ્ટ ),
મુંબઈ–૪૦૦૦૬૭

## 卐 વંદના બેંતાલીસમી 卐

જેમનું પૂજન
સર્વ સિદ્ધિઓને
આપનારું છે,
તથા
જેમનું ધ્યાન
અનંત શક્તિને
પ્રકટાવનારું છે,
તે
શ્રીઅરિહંતદેવોને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

પ. પૂ. પંન્યાસ શ્રી મહાનંદવિજયજી
મહારાજની પ્રેરણાથી
**શ્રી કાંદીવલી જૈન શ્વે. મૂ. સંઘ**
ભુલાભાઈ દેસાઈ રોડ,
કાંદીવલી (વેસ્ટ),
મુંબઈ-૪૦૦૦૬૭

## 卐 વંદના તેંતાલીશમી 卐

જેમનું

અનન્ય ભાવે

સ્મરણ, વંદન, પૂજન

કરતાં

આ લોકની સર્વ વસ્તુઓ

તથા

પરલોકના સર્વ સુખો

અવશ્ય મળે છે,

તે

શ્રીઅરિહંતદેવોને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐

સોમચંદ દીપચંદ શાહ

ગામ-આગલોડ

( જી. મહેસાણા )

( ઉ. ગુ. )

## 卐 વંદના ચુમાલીશમી 卐

જેમના

પરમ પ્રભાવ આગળ

કલ્પવૃક્ષ, કામધેનુ,

ચિંતામણિરત્ન કે કામકુંભ

કોઈ વિસાતમાં નથી,

તે

શ્રીઅરિહંતદેવને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐

ચંપાબેન ગૌતમદાસના સુપુત્રો

તરફથી.

ગામ-આગલોડ

(જી. મહેસાણા)

(ઉ. ગુ.)

## 卐 વંદના પીસ્તાલીશમી 卐

જેમની
વાણી મંત્રરૂપ છે,
જેમના
વિચારોમાં વિજ્ઞાન ભરેલું છે,
અને જેમના
ઉપદેશમાં અમીરસની
એક સરખી ધારા વહે છે,
તે
શ્રીઅરિહંતદેવોને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

કાન્તાબેન એચ. શાહ
તથા
મુલચંદભાઇ એમ. શાહ
સી–૩૦૩, આનંદનગર,
ફોરજેટ સ્ટ્રીટ,
મુંબઈ–૪૦૦૦૩૬
ટે. નં. ૩૨૦૬૬૨–૩૮૩૯૪૪

卐 વંદના છેંતાલીશમી 卐

જેઓ
કર્મરૂપી વાદળના
સમૂહથી મુક્ત છે,
મંગલ અને કલ્યાણના
આવાસરૂપ છે
તથા
સર્વલોકનું સર્વ પ્રકારે
હિત કરનારા છે,
તે
શ્રીઅરિહંતદેવોને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐


મણીલાલ વીરચંદ મેઘજી
ગીલ એન્ડ કું. પ્રા. લી.
એન. ટી. સી. હાઉસ,
એન. એમ. માર્ગ,
બેલાર્ડ એસ્ટેટ,
મુંબઈ-૪૦૦૦૩૮
ટે. નં. ૨૬૫૦૦૧, ૨, ૩, ૪, ૫.

## 卐 વંદના સુડતાળીશમી 卐

જેઓ

ૐકારસ્વરૂપ છે,

હ્રીંકાર દ્વારા વ્યક્ત થાય છે,

અને

ક્લીં બીજથી કલિત છે,

તે

મંત્રેશ્વર

શ્રીઅરિહંતદેવોને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐


નટરાજ ટેક્ષ્ટાઇલ પ્રોસેસર્સ

૭૫-બજારગેટ સ્ટ્રીટ,

૧ લા માળે, ફોર્ટ,

મુંબઈ-૪૦૦૦૦૧

ટે. નં. ૨૬૩૯૨૯-૨૬૭૦૭૦

## 卐 વંદના અડતાલીશમી 卐

જેમના ગુણો ગાવાને

બૃહસ્પતિ પણ

અસમર્થ છે,

એવા

અનંત ગુણોના ભંડાર

જગદ્‌વલ્લભ

શ્રીઅરિહંતદેવોને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐

વિદ્વાન પ્રવક્તા મુનિરાજ
શ્રી સૂર્યોદયવિજયજી મહારાજની પ્રેરણાથી
જૈન સંગીતરત્ન શ્રી જયંતકુમાર રાહી
મુંબઈ

卐 વંદના ઓગણપચાશમી 卐

જેમને

વિશુદ્ધ ભાવે કરાયેલી

વંદના

માનવજીવનના

સર્વ મનોરથો

પૂર્ણ કરવાને સમર્થ છે,

તે

શ્રી અરિહંત દેવોને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐

વ્યા. સા. ન્યાયતીર્થ

મુનિપ્રવર શ્રી સૂર્યોદયવિજયજી

મહારાજની પ્રેરણાથી

**શ્રી ઋષભદેવજી જૈન દેરાસર**

**અને સાધારણ ખાતા ટ્રસ્ટ**

૧૦-મો રસ્તો, ચેમ્બુર,

મુંબઈ-૪૦૦૦૭૧

卐 વંદના પચાશમી 卐

જેઓ

પરમ પવિત્ર છે,

મહિમાનો મહા ભંડાર છે,

તથા

સર્વ સિદ્ધિઓ

અને લબ્ધિઓના

સ્વામી છે,

તે

શ્રી અરિહંતદેવોને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐

જતીન ચંદ્રકાંત શાહ

૧૧૩–કેશવજી નાયક રોડ,

બીજે માળે, રૂમ નં. ૩૨

મુંબઈ–૪૦૦૦૦૯

## 卐 વંદના એકાવનમી 卐

જેમણે

લોકાલોકનું સ્વરૂપ પ્રકાશ્યું,

ષડ્દ્રવ્યની પ્રરૂપણા કરી,

તથા

ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યનો

સિદ્ધાંત સમજાવી

એકાન્તવાદને આગળ

કર્યો,

તે

શ્રી અરિહંતદેવોને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐

મેહુલ કિરીટકુમાર શાહ

'ચેતન' વાલજી લધા ક્રોસ રોડ,

ત્રીજે માળે, રૂમ નં. ૧૩

મુલુંડ,

મુંબઈ-૪૦૦૦૮૦

卐 વંદના બાવનમી 卐

અનંતકાલથી

આત્માની શક્તિને

આવરી રહેલ

કર્મકટક સાથે

આકરું યુદ્ધ ખેલીને,

જ્વલંત જય મેળવનારા

શ્રી અરિહંતદેવોને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐

પ. પૂ. વિદ્વવર્ય મુનિરાજ
શ્રી સૂર્યોદયવિજયજી મહારાજની પ્રેરણાથી
છાડવા ટ્રાન્સપોર્ટ કું.
ચેમ્બુર,
મુંબઈ-૪૦૦૦૭૧

## 卐 વંદના ત્રેપનમી 卐

ભોગમાર્ગનો

ત્યાગ કરી

મુક્તિસાધક મહાયોગનું

અનન્ય અવલંબન

લેના

પરમ વીતરાગ

શ્રી અરિહંતદેવોને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐

પ. પૂ. મુનિરાજ શ્રી સૂર્યોદય-
વિજયજી મહારાજની પ્રેરણાથી

**કોન્ટીનેન્ટલ સ્ટીલ કોરપોરેશન**

અલંકાર સીનેમા પાસે,
પો. બો. નં. ૩૬૦૩
૧૨-૧૪, અરદેશર દાદી સ્ટ્રીટ,
મુંબઈ-૪૦૦૦૦૪
ટે. નં. ૩૫૫૦૪૬-૩૫૬૦૭૪

卐 વંદના ચોપનમી 卐

વિવિધ પ્રકારની

બાહ્ય-અભ્યંતર તપશ્ચર્યા વડે

આત્માનું

સંપૂર્ણ શોધન કરનારા

મહાતપસ્વી

અને

મહામુનિ

શ્રી અરિહંતદેવોને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐

કેશવજી હીરજી ગોગરી
હર્ષા પ્રિન્ટરી,
મુંબઈ-૪૦૦૦૦૯

# 卐 વંદના પંચાવનમી 卐

સત્ય ધર્મના

પ્રવર્તન વડે

સમસ્ત જગત પર

ઉપકારની

અસાધારણ વર્ષા કરનારા

પરમપુરુષ

શ્રી અરિહંતદેવોને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐

શાંતિલાલ ગુંદરવાલા

૧૩૦૩-પ્લેઝન્ટ પેલેસ,

૧૬-નારાયણ દાભોલકર રોડ,

મુંબઈ-૪૦૦૦૦૬

ટે. નં. ૩૨૭૨૧૨-૮૧૮૧૦૧

卐 વંદના છપ્પનમી 卐

પૌદ્ગલિક ભાવોથી

પર થઈને

આનંદઘન-સ્વરૂપની

અનેરી મોજ માણનારા

શ્રી અરિહંતદેવોને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐

'જિનભક્ત'

દાવાદ.

# અર્હં મંત્રોપાસના

યાને

## સકલ મનોરથ સિદ્ધિ

॥ ॐ ॥

[ ૧ ]

# પ્રારંભિક વક્તવ્ય

મનુષ્યોને સુખ, શાંતિ, આનંદ તથા પ્રસન્નતાની પ્રાપ્તિ શી રીતે થાય ? તે સંબંધી અમે અમારા વિચારો જુદા જુદા નિબંધો તથા ગ્રંથો દ્વારા દર્શાવતા રહ્યા છીએ. તેમાં આપણું ધાર્મિક સાહિત્ય, આધ્યાત્મિક સાહિત્ય તથા યૌગિક સાહિત્ય ઘણું ઉપયોગી થયું છે અને આપણા માન્ત્રિક સાહિત્યે પણ સારી એવી સહાય કરી છે. જો માંત્રિક સાહિત્યની સહાય મળી ન હોત તો અમે **નમસ્કારમંત્રસિદ્ધિ,**[1] **મહાપ્રાભાવિક ઉવસગ્ગહરં સ્તોત્ર યાને જૈન ધર્મનો મંત્રવાદ,**[2] **હ્રીँકારકલ્પતરુ યાને જૈન ધર્મનો દિવ્ય પ્રકાશ,**[3] **ભક્તામર-રહસ્ય**[4], **શ્રી ઋષિમંડલ-આરાધના,**[5] **શ્રીપાર્શ્વ-પદ્માવતી**

---

૧. થોડા વખત પહેલાં આ ગ્રંથની ચોથી આવૃત્તિ પ્રકટ થઈ છે. ૨. બે આવૃત્તિના પ્રકાશન પછી આ ગ્રંથ અપ્રાપ્ય બન્યો છે. ૩. આ ગ્રંથ હાલ અપ્રાપ્ય છે. ૪. બે આવૃત્તિના પ્રકાશન પછી આ ગ્રંથ અપ્રાપ્ય બન્યો છે. ૫. આ ગ્રંથની બીજી આવૃત્તિ ચાલે છે.

–આરાધના[૬] તથા **સિદ્ધિદાયક સિદ્ધચક્ર** જેવા ગ્રંથોનું નિર્માણ કરી શકયા ન જ હોત અને પ્રસ્તુત '**અર્હં મંત્રોપાસના**' ગ્રંથને જે ગૌરવશાલી આકાર આપી શકયા છીએ, તે ભાગ્યે જ આપી શકયા હોત.

પ્રાચીન કાલમાં આપણે ત્યાં જે વિદ્યાઓ પ્રચલિત હતી અને જે મંત્રો પ્રચારમાં હતા, તે બધાનો સામ્નાય[૭] સુંદર સંગ્રહ **વિદ્યાપ્રવાદ** નામના દશમા પૂર્વમાં થયેલો હતો, પરંતુ કાલાંતરે દશમું પૂર્વ વિચ્છેદ પામ્યું, એટલે એ અદ્‌ભુત સંગ્રહ આપણી સામેથી અદૃશ્ય થયો, પણ તેમાંથી જે કલ્પો, આમ્નાયો તથા મંત્રમય સ્તોત્રો આદિ ઉદ્ધરાયેલા હતા, તે બચી જવા પામ્યા અને એ રીતે આપણા માંત્રિક સાહિત્યની જ્યોત જલતી રહી.

અમને જણાવતાં આનંદ થાય છે કે અનેક પ્રકારના વિષમ સંયોગોમાં પણ આપણે ત્યાં વિદ્યોપાસકો અને મંત્ર-તંત્ર–વિશારદો થતા જ રહ્યા છે અને તેઓ પોતાના અનુભવની પ્રસાદી રૂપે આપણા માંત્રિક સાહિત્યને નાની–મોટી કૃતિઓની ભેટ ધરતા જ રહ્યા છે. પરિણામે આપણું માંત્રિક સાહિત્ય ઠીક ઠીક સમૃદ્ધ બન્યું છે. એક સંભાળભર્યા અંદાજ પ્રમાણે આજે આપણા માંત્રિક સાહિત્યમાં નાની–મોટી ૫૦૦ જેટલી કૃતિઓ વિદ્યમાન છે.

એક વખત જૈન ધર્મમાં રસ લેનાર બંગાળના એક

---

૬. આ ગ્રંથની ત્રીજી આવૃત્તિ પ્રકટ થઈ છે. ૭. આમ્નાય સહિત.

વિદ્વાને આપણા એક ધર્મશ્રદ્ધાળુ આગેવાનને પ્રશ્ન કર્યો કે 'તમારે ત્યાં તાંત્રિક સાહિત્ય કેવુંક છે ?' બંગાલ તંત્રપ્રધાન દેશ હોવાથી ત્યાં માંત્રિક સાહિત્યને બદલે તાંત્રિક સાહિત્ય એવો શબ્દપ્રયોગ જ વિશેષ પ્રમાણમાં થાય છે. ઉત્તરમાં આપણા આગેવાને જણાવ્યું કે 'અમારે ત્યાં તાંત્રિક સાહિત્ય જેવું કંઈ છે જ નહિ. અમે લોકો તંત્રમાં માનતા નથી.' આ ઉત્તર સાંભળી બંગાળી વિદ્વાન્ આશ્ચર્ય પામ્યા, કારણ કે તેમનો ખ્યાલ એવો હતો કે જૈન ધર્મમાં પણ મંત્ર-યંત્ર-તંત્રની ઉપાસના સારા પ્રમાણમાં થાય છે.

બે વર્ષ પછી અમારે એ જ બંગાળી વિદ્વાનને મળવાનું થયું, ત્યારે તેમણે એ જ પ્રશ્ન અમને પૂછ્યો. અમે એ પ્રશ્નનો ભાવાર્થ બરાબર સમજતા હતા, એટલે ઉત્તરમાં કહ્યું: 'જૈન ધર્મમાં તાંત્રિક સાહિત્ય સારા પ્રમાણમાં છે. નહિ, નહિ તો પણ તેની ૫૦૦ જેટલી કૃતિઓ આજે ઉપલબ્ધ છે.' અમારો આ ઉત્તર સાંભળીને તેમણે પૂર્વ પ્રસંગ કહી બતાવ્યો અને ફરી આ વિષયની સ્પષ્ટતા માગી. ત્યારે અમે તેમને જણાવ્યું કે 'આ વિષયમાં અમે ઊંડા ઉતરેલા છીએ અને આ વિષયની ૧૫૦ થી ૨૦૦ જેટલી કૃતિઓની નામાવલી અમારી પાસે તૈયાર છે.' પછી આ વિષય સંબંધી બીજી પણ કેટલીક વાતો થઈ અને તેમણે પોતાનો હાર્દિક સંતોષ વ્યક્ત કર્યો. તાત્પર્ય કે આપણા આ સમૃદ્ધ વારસા અંગે આપણા પોતાના સમાજને જ પૂરી જાણકારી નથી.

એક વખત સ્વ૦ ધૂમકેતુ આદિ કેટલાક ગૂર્જર વિદ્વાનો સાથે અમારે આ વિષયની વાત થઈ હતી, ત્યારે તેમણે જણાવેલું કે 'તમારું આ માંત્રિક સાહિત્ય માત્ર જૈન ધર્મનો જ નહિ, પણ સમસ્ત ભારતીય સંસ્કૃતિનો મહામૂલો વારસો છે, માટે તેનું બરાબર સંરક્ષણ કરજો અને તેમાં જે કૃતિઓ વિશેષ ઉપયોગી જણાય તેનું વ્યવસ્થિત સંપાદન કરાવીને તેને પ્રસિદ્ધિ આપજો. તમારો સમાજ ધનિક છે અને ધારે તો આ કામ બહુ જ સારી રીતે પાર પાડી શકે એમ છે.' પરંતુ એ દિશામાં હજી સુધી ખાસ ચક્રો ગતિમાન થયાં નથી. જ્યારે સમય પાકશે ત્યારે એ દિશામાં ચક્રો ગતિમાન થશે અને તેનું પરિણામ ઘણું સુંદર આવશે, એવી અમારી આંતરિક શ્રદ્ધા છે.

થોડા વખત પહેલાં એક મિત્રે અમને પ્રશ્ન કર્યો કે 'તમે ધાર્મિક–આધ્યાત્મિક સાહિત્ય લખતાં લખતાં માંત્રિક સાહિત્યમાં કેમ ઝુકાવ્યું? અને હજી પણ તમારો ઝોક માંત્રિક સાહિત્ય પર કેમ છે?' અમે તેમને જણાવ્યું કે 'આપણા ધાર્મિક–આધ્યાત્મિક સાહિત્યમાં મંત્રના વિષયો અનેક પ્રકારે આવે છે, છતાં આપણે ત્યાં મંત્ર અને તેના આનુષંગિક વિષયો પરત્વે જોઈએ તેવી સ્પષ્ટ સમજણ પ્રવર્તતી નથી. આ ખામી દૂર કરવા માટે અમારે માંત્રિક સાહિત્યમાં ઝુકાવવું પડ્યું અને તમે જોઈ શકશો કે એ ખામી અમે ઘણા અંશે દૂર કરી શક્યા છીએ. હજી આ વિષયમાં કેટલુંક અગત્યનું કામ બાકી છે, તે અમે પૂરું કરી

રહ્યા છીએ. આ વિષયનું ઊંડું અધ્યયન કર્યા પછી અમને એમ લાગે છે કે મંત્રોપાસના યથાર્થ રીતે કરવામાં આવે તો તે માનવજીવનના અનેકવિધ પ્રશ્નોનો સફળ ઉકેલ આણવામાં ઘણી મદદગાર થઈ શકે એમ છે, તેથી તેનો વિશેષ પ્રચાર થવો જોઈએ. આ સંયોગોમાં અમારો ઝોક માંત્રિક સાહિત્ય પર વિશેષ રહે, એ સ્વાભાવિક છે. '

અમે મંત્રોપાસનાના ક્ષેત્રમાં શી રીતે દાખલ થયા ? અને હાલ તે અંગે કેવા ખ્યાલો ધરાવીએ છીએ, તે અંગે કેટલીક રજૂઆત કરીએ, તો તે અસ્થાને નહિ જ લેખાય.

મંત્રોપાસના પ્રત્યે નાનપણથી જ અમને આકર્ષણ થયું, પણ તે વખતે આગળ વધવાના સંયોગો ન હતા. વિદ્યાર્થી-અવસ્થામાં તે અંગે થોડું વાંચ્યું-વિચાર્યું, પણ તે પ્રાથમિક કોટિનું હતું. પરંતુ ત્યાર પછી જીવનયાત્રા આગળ વધતાં કેટલીક એવી ઘટનાઓ બની કે જેણે અમને મંત્રોપાસનામાં પૂરેપૂરા શ્રદ્ધાન્વિત કર્યા. ત્યાર પછી મંત્ર-યંત્ર-તંત્ર તથા યોગ સંબંધી અમારું અધ્યયન વધવા લાગ્યું, કેટલાક મંત્રવાદીઓનો સંપર્ક પણ થયો અને મંત્રોપાસના અમારા દૈનિક જીવનમાં દાખલ થઈ. આ મંત્રોપાસના પાશેરામાં પહેલી પૂણી જેવી હતી, છતાં તેણે પોતાનો પ્રભાવ બતાવ્યો, એટલે અમે તેના રંગે રંગાયા.

એવામાં યોગાનુયોગથી અમારે '**શ્રી પ્રતિક્રમણ-સૂત્ર-પ્રબોધટીકા**' રચવાનો પ્રસંગ આવ્યો અને તેમાં

અમારી સામે બે સ્તવનો ઉપસ્થિત થયાં. તેમાંનું પ્રથમ સ્તવન શ્રીમાનદેવસૂરિકૃત 'શાન્તિસ્તવ' હતું કે જે '**લઘુશાન્તિ**'ના નામથી વિશેષ પ્રસિદ્ધ છે; અને બીજું સ્તવન સહસ્રાવધાની શ્રી મુનિસુંદરસૂરિ કૃત 'શ્રી શાન્તિ-નાથસમ્યગ્દષ્ટિરક્ષા' નામનું હતું કે જે '**સંતિકરં સ્તવન**'ની ખ્યાતિ ભોગવે છે. આ વખતે અમે માંત્રિક–તાંત્રિક સાહિત્ય સારા પ્રમાણમાં વાંચ્યું અને પરિણામે એ બંનેનું મંત્રમય હાર્દ પ્રકટ કરવામાં સફલ થયા.

લગભગ આજ અરસામાં દક્ષિણયાત્રાનો પ્રસંગ આવ્યો, તેમાં હોમ્બુજા–પદ્માવતીપીઠની યાત્રા થઈ અને ત્યાર પછી જે કેટલીક ચમત્કારિક ઘટનાઓ બનવા પામી, તેણે અમારા અંતરમાં મંત્રોપાસનાનું સ્થાન મૂર્ધન્ય બનાવી દીધું.

તે પછી થોડા જ વખતે અમે માંત્રિક સાહિત્ય નિર્માણ કરવા માંડયું, તેનો સમાજ તરફથી સારો સત્કાર થતાં અમારો એ વિષયનો ઉત્સાહ વૃદ્ધિ પામ્યો અને વિશેષ માંત્રિક સાહિત્યની રચના થઈ. આ બધા સમય દરમિયાન અમારી મંત્રોપાસનાને બલ મળી રહ્યું હતું અને તે અમારો માર્ગ મંગલમય બનાવી રહી હતી. આજે તેના પ્રતાપે અમે ઉન્નતિ સાધી રહ્યા છીએ, એમ કહીએ તો અનુચિત નહિ ગણાય.

મંત્રો અનેક છે, અનેક પ્રકારના છે, એટલે તેની યોગ્યતા વિચારવાની રહે છે. જો આપણે એ યોગ્યતા વિચારી ન શકીએ તો આપણી સ્થિતિ પેલા ગાય ખરીદનાર મુગ્ધ મનુષ્ય જેવી થવા સંભવ છે.

## ગાય ખરીદનાર મુગ્ધ મનુષ્ય

એક વૈદ્યે એક મનુષ્યને તેની તબિયત સુધારવા માટે રોજ ગાયનું દૂધ પીવા કહ્યું, એટલે તેણે ગાય ખરીદી લેવા વિચાર કર્યો. પછી તે ગાય વેચવાના સ્થળે ગયો. ત્યાં રાતી, પીળી, ધોળી, કાળી, કાબરી તથા દુબળી-જાડી અનેક પ્રકારની ગાયો ઊભેલી હતી. તેમાંથી તેણે એક રુષ્ટપુષ્ટ અને ગળે મનોહર ઘંટડી બાંધેલી ગાય પસંદ કરી અને તેના મોં માગ્યા પૈસા આપી પોતાના ઘરે લઈ આવ્યો.

તેની સ્ત્રીએ પૂછ્યું : 'આ ગાયની પસંદગી કેમ કરી ?' પેલાએ કહ્યું : 'બધી ગાયોમાં આ ગાય દેખાવે સુંદર હતી અને તેના ગળે મનોહર ઘંટડી બાંધેલી હતી, એટલે મેં તેને પસંદ કરી.' સ્ત્રીએ પૂછ્યું : 'તમે એનું આઉં તપાસ્યું હતું ?' 'પેલાએ કહ્યું : 'ના.' સ્ત્રીએ વિશેષ પ્રશ્ન પૂછ્યો : 'આ ગાય રોજ કેટલું દૂધ આપે છે, તેની તપાસ કરી હતી ?' પેલાએ કહ્યું : 'ના. મેં આવી કોઈ તપાસ કરી ન હતી. મેં તો એનો દેખાવ જોઈને જ પસંદ કરી હતી.' સ્ત્રીએ કહ્યું : 'તો તમારા બધા પૈસા પાણીમાં ગયા. આ ગાય પાંકણુ હોવાથી તે જરા પણ દૂધ આપશે નહિ.'

મંત્રની બાબતમાં આવું ન બને તે આપણે જોવાનું છે. જેમ હાથી-હાથીમાં ફેર હોય છે, જેમ ઘોડા-ઘોડામાં ફેર હોય છે અને જેમ માણસ-માણસમાં ફેર હોય છે, તેમ મંત્ર-મંત્રમાં પણ ફેર હોય છે. તેમાંના કેટલાક સાત્ત્વિક કોટિના હોય છે, કેટલાક રાજસિક કોટિના હોય

છે, તો કેટલાક તામસિક કોટિના પણ હોય છે. તેમાં સાત્ત્વિક કોટિના મંત્રોની સાધના–આરાધના–ઉપાસના અવશ્ય કરવા જેવી છે, રાજસિક મંત્રોની ઉપાસના ખાસ જરૂર હોય તો જ કરવા જેવી છે અને તામસિક કોટિના મંત્રોથી તો દૂર જ રહેવા જેવું છે, કારણ કે તેમાં અનેક પ્રકારનાં ભયસ્થાનો રહેલાં છે.

એક પાઠકમિત્ર પ્રશ્ન કરે છે કે 'જો તામસિક મંત્રોથી દૂર જ રહેવા જેવું હોય તો એ મંત્રસૃષ્ટિમાં સ્થાન શી પામ્યા?' તેનો ઉત્તર એ છે કે 'મંત્રોની રચના અનેક હેતુઓથી થયેલી છે. તેમાંનો એક હેતુ દુષ્ટોને દંડ દેવાનો છે. જો દુષ્ટોને દંડ દેવામાં ન આવે અને તેમને તેમની ઇચ્છા મુજબ સ્વચ્છંદે વર્તવા દેવામાં આવે તો તેઓ જરૂર હાહાકાર મચાવે અને કોઇ સતીઓનાં સતીત્વ કે કોઈની વહુ–બેટીઓનાં શિયળ સલામત ન રહે. વળી તેઓ ધન–સંપત્તિની પણ યથેચ્છ લૂંટ ચલાવે અને જરા આડું પડ્યું કે ભયંકર ખૂનરેજી મચાવે. આ સ્થિતિનું નિવારણ કરવા માટે તામસિક મંત્રોની રચના થયેલી છે કે જેના પ્રયોગોથી સ્થંભન, ઉચ્ચાટન અને મારણ જેવા ઉગ્ર કર્મો સિદ્ધ થાય છે. પરંતુ તેની સાધના–આરાધના–ઉપાસના અધિકારી મનુષ્યોએ જ કરવા જેવી છે અને તેનો ઉપયોગ અસાધારણ સંયોગો ઊભા થાય તો જ કરવાનો છે; એટલે સામાન્ય મનુષ્યોએ તેનાથી દૂર રહેવાનું છે. આ જ કારણે અમારા માંત્રિક સાહિત્યમાં સાત્ત્વિક મંત્રોપાસનાને અગ્રતા અપાઈ

છે, તે પછીનું સ્થાન રાજસિક મંત્રોપાસનાને આપવામાં આવ્યું છે અને તામસિક મંત્રોપાસના અંગે તો લગભગ મૌન જ સેવાયું છે.'

અહીં એ પણ જણાવી દઈએ કે અમે સાધનશુદ્ધિમાં માનનારા છીએ, એટલે કે સિદ્ધિ થતી હોય તો ગમે તે પ્રકારનાં સાધનોનો ઉપયોગ કરવાના મતના નથી. તાંત્રિક પરિભાષામાં કહેવું હોય તો એમ કહી શકાય કે અમે દક્ષિણમાર્ગના હિમાયતી છીએ અને વામમાર્ગ પ્રત્યે ભારે નફરત ધરાવીએ છીએ. અમારું એ દૃઢ મંતવ્ય છે કે તાંત્રિકોએ પંચમકારરૂપ વામમાર્ગનો પ્રચાર કરીને ભારતના નૈતિક, ધાર્મિક તથા આધ્યાત્મિક જીવનને ભારે નુકશાન પહોંચાડયું છે અને મંત્રની–મંત્રોપાસનાની મથરાવટી મેલી પાડેલી છે, જે હજી સુધી પૂરેપૂરી સ્વચ્છ થઈ નથી. આજે મંત્રોપાસના અંગે જે શંકા–કુશંકાઓ ઉઠાવવામાં આવે છે, તે મોટા ભાગે આ પરિસ્થિતિનું જ પરિણામ છે.

કેટલાક વિદ્વાનોએ વામમાર્ગ–પ્રચારિત પંચ–મકારના આધ્યાત્મિક અર્થો ઘટાવવાનો પ્રયત્ન કર્યો છે, પણ તેમાં એમને સફળતા મળી નથી. એક ગધેડાને ઘોડો સિદ્ધ કરવો હોય કે કૃષ્ણવર્ણના કાજળને શ્વેતરંગી સુંદર અંજન સાબીત કરવું હોય તો તેમાં સફળતા શી રીતે મળે ? કેટલાક તંત્રોમાં હિંસક પ્રયોગોની હારમાળા અપાયેલી છે અને દુરાચારને છૂટો દોર અપાયેલો છે, જેનો બચાવ કોઈ રીતે થઈ શકે એમ નથી. તાંત્રિક સાહિત્યનું ઊંડું અધ્યયન કર્યા

પછી અમે એ નિર્ણય પર આવ્યા છીએ કે જૈન ધર્મનો મંત્ર-યંત્ર-તંત્રવાદ તાંત્રિક મંત્ર-યંત્ર-તંત્રવાદ કરતાં હજારો ગણી શ્રેષ્ઠ ભૂમિકા પર વ્યવસ્થિત થયેલો છે અને તે પ્રાણી માત્રનું કલ્યાણ કરવા સમર્થ છે.

પરંતુ અફસોસની વાત એટલી જ છે કે આજે આ મંત્ર-યંત્ર-તંત્રનું ઊંડું અધ્યયન કરનારા તથા તેની યથાર્થ ઉપાસના કરનારા આંગળીનાં ટેરવે ગણાય એટલા જ રહ્યા છે અને તેથી જિનશાસનની જોઈએ તેવી પ્રભાવના થઈ શકતી નથી. અહીં એ પણ જણાવી દઈએ કે સૂંઠના ગાંગડે ગાંધી થનારા આપણે ત્યાં પડેલા છે, પણ ખરાખરીના ખેલમાં તેઓ ટકી શકે એમ નથી. શત્રુંજયની યાત્રા બંધ રહી તથા રાજસ્થાનના અનેક જૈન મંદિરો પર આફત આવી ત્યારે આ વસ્તુ પુરવાર થઈ ચૂકી છે. અમે તો એવા મંત્ર--તંત્ર-વિશારદોની અપેક્ષા રાખીએ છીએ કે જે ધાર્યું કામ ઈશારામાં કરી બતાવે અને જૈન ધર્મનો ડંકો સારી આલમમાં બજાવે.

અમારી દૃષ્ટિએ મંત્રોપાસના શુદ્ધ વૈજ્ઞાનિક વસ્તુ છે. આજનું વિજ્ઞાન ભૌતિક પદાર્થોની પાછળ ભમે છે. તેણે ચૈતન્યનો ચમત્કાર અનુભવ્યો નથી, જ્યારે આપણા પ્રાચીન ઋષિ-મુનિઓ કે જે મંત્રશક્તિના દ્રષ્ટા હતા, તેમણે ચેતન-ચેતના-ચૈતન્યને પ્રાધાન્ય આપી મહાવિજ્ઞાન ખેડેલું છે અને તેની એક પ્રશસ્ત ફલશ્રુતિ તરીકે મંત્રવિદ્યા અસ્તિત્વમાં આવેલી છે. જેમણે આજથી હજારો વર્ષ પહેલાં

જ્યોતિષચક્રનો નિર્ણય કર્યો, ગ્રહોની સંખ્યા તથા ગતિવિધિ શોધી કાઢી, સંજયદૃષ્ટિ કેળવી સેંકડો ગાઉ દૂર બની રહેલી ઘટનાઓને નિહાળવાની શક્તિ પ્રાપ્ત કરી, શરીરને અતિ હળવું તથા અતિ ભારે બનાવવાની પ્રક્રિયાઓ હાંસલ કરી તથા પાશુપાતાસ્ત્ર, આગ્નેયાસ્ત્ર, વરુણાસ્ત્ર જેવાં દિવ્ય અસ્ત્રો નિર્માણ કર્યાં, અનેક પ્રકારનાં વિમાનો બનાવી તેને આકાશમાં ઉડાડ્યાં તથા પદાર્થનાં સ્વરૂપો ક્ષણમાત્રમાં બદલી નાખવાની સિદ્ધિ સંપાદન કરી, તેને મહાવિજ્ઞાન નહિ તો બીજું શું કહેવાય ?

વિદેશના જે વિદ્વાનોએ તટસ્થ ભાવે ભારતીય વિદ્યાઓનો અભ્યાસ કર્યો છે, તેમણે તેની ભારે પ્રશંસા કરી છે, જ્યારે આપણા પોતાના સુશિક્ષિત કે સંસ્કારી ગણાતા ઘણા લોકો તેને પ્રાચીન જમાનાની એક પ્રકારની અંધશ્રદ્ધાભરી ઘરેડ માની તેની ઉપેક્ષા કરી રહેલ છે. જો કે આ સ્થિતિમાં હવે પરિવર્તન આવી રહ્યું છે અને આપણી પ્રાચીન વિદ્યાઓ તરફ શ્રદ્ધા–માન–આદરની લાગણી વધવા લાગી છે, પણ આ પરિવર્તન મોટા પાયે થવાની જરૂર છે અને તેમાં અભ્યાસપૂર્ણ મનનીય ગ્રંથોનું સર્જન–પ્રકાશન અગત્યનો ભાગ ભજવી શકે એમ છે.

પરંતુ અભ્યાસપૂર્ણ મનનીય ગ્રંથો લખવાનું કામ સહેલું નથી. જે જ્ઞાનપ્રિય છે, જેમણે જ્ઞાનનો સારો એવો સંચય કરેલો છે અને જે પરોપકાર અર્થે તેનું વિતરણ કરવામાં માને છે, તે જ અભ્યાસપૂર્ણ મનનીય ગ્રંથો લખી

શકે છે. વળી તે માટે તપ–તિતિક્ષા પણ સારા પ્રમાણમાં કરવી પડે છે. સંસારના અનેકવિધ પ્રલોભનો છૂટે નહિ તો સાહિત્યસર્જનમાં આત્મા રેડાય નહિ અને તેનો તાણો–વાણો પાકો બને નહિ.

અમારી પોતાની વાત કરીએ તો અનેકવિધ કસોટી-માંથી પસાર થયા પછી અમે આ ભૂમિકાએ પહોંચ્યા છીએ અને તેમાં સ્થિર રહેવા માટે પણ અમારે ભારે મનોબલ દાખવવું પડ્યું છે. સને ૧૯૭૦–૭૧ની સાલમાં અમને બ્રેનહેમરેજ થયું, એટલે કે મગજની એક નસ તૂટી અને અમારે હોસ્પીટલમાં દાખલ થવું પડ્યું. અમારી સ્થિતિ ચિંતાજનક થઈ પડી, એટલે ઘણા મિત્રો જોવા આવ્યા અને પરમ પૂજ્ય આચાર્યશ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજ તથા તેમના શિષ્યરત્ન પ. પૂ. મુનિરાજ શ્રી યશોવિજયજી મહારાજ કે જેઓ હાલ પ. પૂ. આચાર્ય શ્રી વિજયયશો-દેવસૂરિ મહારાજ તરીકે પ્રસિદ્ધ છે, તેઓ કૃપાવંત થઈને અમારા મસ્તક પર વાસક્ષેપ નાખવા પધાર્યા. તેમણે માંગ-લિક સંભળાવી વાસક્ષેપ નાખ્યા પછી હાથ ઊંચો કરી હિંમત રાખવા ઇશારો કર્યો. અમે કહ્યું: 'અમારા દિલમાં જરા પણ ગભરાટ નથી. દેવ–ગુરુ–કૃપાએ બધાં સારાં વાનાં થશે.' આ વખતે નમસ્કારમંત્ર તથા ઉવસગ્ગહરં સ્તોત્રનું સ્મરણ ચાલુ જ રહેતું. જ્યારે અમે થાકતા ત્યારે અમારા ધર્મ-પત્ની એ સ્તોત્રનું સ્મરણ ચલાવતા. પૂર્વે અમારા એકના એક પુત્ર ચિ. નરેન્દ્રકુમારની ગંભીર માંદગી વખતે અમને

આ બે વસ્તુઓનાં સતત સ્મરણે જ અદ્ભુત–અલૌકિક સહાય કરી હતી. માત્ર બાર દિવસની સારવાર પછી અમે સહુના આશ્ચર્ય વચ્ચે સારા થઈ ઘરે આવ્યા અને ડૉક્ટરોની ધારણા મુજબ અમારું કોઇપણ અંગ લકવાથી જકડાયું નહિ.

આ ઘટના બન્યા પછી આત્મીયજનો તથા કેટલાક સ્નેહી–સંબંધીઓ કહેવા લાગ્યા કે 'તમે અત્યાર સુધી મગજ પાસેથી ઘણું વધારે પડતું કામ લીધું, તેથી આ હાલત થવા પામી છે. માટે હવેથી લેખનપ્રવૃત્તિ સદંતર બંધ કરો. તમે બીજું ઘણું કામ કરી શકો એમ છો.' અમે કહ્યું: 'તમારી બધાની લાગણી હું સમજી શકું છું, પરંતુ લેખનપ્રવૃત્તિ મારો શ્વાસ અને પ્રાણ છે. તેને હું છોડી શકું એમ નથી. હવે તો મારું શરીર અને મન બરાબર સ્વસ્થ છે, તો કૃપા કરીને મને મારી કલમ ચલાવવા દો.' અને ત્યારપછી માત્ર બે મહિને જ '**ભક્તામર-રહસ્ય**'નું કામ ઉપાડયું અને તે તૈયાર થયે તેના પ્રકાશન–સમર્પણ–સમારોહ નિમિત્તે મુંબઇ–ધોબી તળાવ નજીક ક્રોસ મેદાનમાં '**શ્રીમાનતુંગસૂરિ સારસ્વત સમારોહ**'ની ચાર દિવસની ભવ્ય ઉજવણી કરી. ત્યાર પછી બીજા પણ ઘણા ગ્રંથોનું નિર્માણ કર્યું.

સદ્ગ્રંથોની લેખનપ્રવૃત્તિ કરતાં અમારે અનેક કપરા સંયોગો સામે બાથ ભીડવી પડી છે, તેમ પ્રલોભનના પ્રસંગો પણ ટાળવા પડયા છે, તેનો એક પ્રસંગ અહીં રજૂ કરીશું. અમે સાહિત્યના ક્ષેત્રમાં હોવા છતાં ભારતના કેટલાક સુપ્ર-

સિદ્ધ રાજપુરુષોના સંપર્કમાં આવેલા છીએ. તેમાંના એક રાજપુરુષે અમને એક વાર કહ્યું : 'આ સાહિત્ય-સર્જન-પ્રકાશનની પંચાત છોડો અને રાજદ્વારી ક્ષેત્રમાં આવી જાઓ. તમે શક્તિશાળી છો અને એક એક બહુ સારા 'ઓર્ગેનાઈઝર' છો, એટલે ટૂંક સમયમાં આગળ આવી જશો. તે માટે હું તમને બનતી મદદ કરીશ'

અમે કહ્યું : 'આપની લાગણી માટે હું ઘણો આભારી છું, પણ આપના આ સૂચન પર મારે ગંભીરપણે વિચાર કરવો પડે એમ છે.'

તેમણે કહ્યું: 'એમાં ગંભીરપણે વિચાર શો કરવાનો? લક્ષ્મી ચાંલ્લો કરવા આવે, ત્યારે મોઢું પાછું ફેરવવું યોગ્ય નથી.'

અમે કહ્યું: 'લેખનપ્રવૃત્તિનો મેં જીવનવ્રત તરીકે સ્વીકાર કર્યો છે અને તેમાં મને ખૂબ આનંદ આવે છે. વળી તેનાથી હું ધાર્મિક-આધ્યાત્મિક વિકાસની દિશામાં પણ ઠીક ઠીક આગળ વધી શક્યો છું અને હજી આગળ વધવાની શક્યતા છે, એટલે મારા માટે તો આ જીવન-પરિવર્તનનો પ્રશ્ન હોઈ ગંભીરપણે વિચારવો પડે એમ છે. અને એ વાત પણ આપને સ્પષ્ટ કરવી જોઈએ કે રાજદ્વારી ક્ષેત્ર કાવાદાવાથી ભરપૂર હોય છે, જે મારી પ્રકૃતિને અનુકુલ પડે એમ નથી. દાળ રોટી તો અહીં પણ મળી જ રહે છે અને બંગલા-મોટરની ઈચ્છા નથી.'

અમારો આ ઉત્તર સાંભળીને તેમણે કહ્યું: 'જેવી તમારી મરજી. મારા લાયક કંઈ કામકાજ હોય તો કહેજો.' અમે તેમનો પુનઃ આભાર માની છૂટા પડયા.

આ બે પ્રસંગો પરથી પાઠક મિત્રો સમજી શકશે કે અભ્યાસપૂર્ણ મનનીય ગ્રંથોની રચના કેમ કરી શકીએ છીએ.

અહીં એટલું સ્પષ્ટ કરવું જોઈએ કે માંત્રિક સાહિત્ય નિર્માણ કરવાનું કામ સહેલું નથી. પ્રથમ તો મંત્રનો વિષય મહાસાગર જેવો વિશાલ છે અને તેમાં સંપ્રદાય-ભેદો ઘણા છે. વળી મંત્ર અંગે-મંત્રોપાસના અંગે જે કંઈ લખાયું છે, તેમાં સાંકેતિક શબ્દોનો પ્રયોગ મોટા પ્રમાણમાં થયેલો છે અને તેનાં વિધિ-વિધાનો એક જ જગાએ સળંગ ન આપતાં જુદાં જુદાં સ્થાને આપેલાં છે, એટલે વિવેકબુદ્ધિ જાગૃત રાખીને તેમાં ઘણું સંશોધન કરવું પડે છે. વિશેષમાં તૈયાર થતાં લખાણોને ફરી ફરી વાંચવા-વિચારવાં પડે છે, જેથી તેમાં પરસ્પર વિરોધ ન આવે કે કોઈ જાતની અસંગતિ રહી ન જાય. અમારે તો મંત્રોપાસનાને શુદ્ધ સ્વરૂપે બહાર લાવવી છે અને તેનો પ્રચાર કરવો છે, એટલે અમે આ બધો પરિશ્રમ પ્રેમપૂર્વક કર્યો છે.

મંત્રનો વિષય તો ગુપ્ત જ રખાય, તેને પ્રસિદ્ધ ન જ કરાય, એવી પ્રબળ માન્યતા આજે પણ એક વર્ગ ધરાવે છે, પરંતુ સાત્ત્વિક મંત્રોપાસના કરવાનો સહુ કોઈને અધિકાર છે, એ સિદ્ધાંતનો સ્વીકાર કર્યા પછી તેનો જેટલો

પ્રચાર થાય, તેટલો લાભદાયક છે, એમ માનીને અમે તેનો પ્રચાર કરતા રહ્યા છીએ.

આટલું પ્રાસંગિક કહ્યા પછી મૂલ વાત પર આવીએ. જૈન ધર્મમાં સાત્ત્વિક મંત્રોની ખોટ નથી. તેમાં નમસ્કાર-મંત્ર અને અર્હં મંત્રની પ્રધાનતા છે. આ બે મંત્રો પૈકી નમસ્કારમંત્રનો વિસ્તૃત પરિચય, તેનો સાધનાવિધિ, તેનાથી પ્રાપ્ત થતી અનેક પ્રકારની સિદ્ધિઓ, તેમજ તેમાંથી ઉદ્-ભવેલી કેટલીક વિદ્યાઓ અને ઉદ્ભવેલા કેટલાક મંત્રો વગેરેનો પરિચય અમે '**નમસ્કારમંત્રસિદ્ધિ**' નામના અમારા ગ્રંથમાં કરાવેલો છે કે જેની ચોથી આવૃત્તિ થોડા વખત પહેલાં જ પ્રસિદ્ધ થઈ છે.

ઉક્ત 'નમસ્કારમંત્રસિદ્ધિ' ગ્રંથમાં અર્હં મંત્રનો કેટલોક પરિચય આપતું એક પ્રકરણ લખેલું છે. અને ત્યાર પછી નિર્માણ કરેલ '**શ્રી ઋષિમંડલ–આરાધના**' તથા '**સિદ્ધિદાયક સિદ્ધચક્ર**' નામના ગ્રંથમાં પણ તે અંગે કેટલુંક વિવેચન કરેલું છે, પણ છેલ્લાં ત્રણ–ચાર વર્ષના ચિંતન-મનનના પરિણામે અમને એમ લાગ્યું કે જૈન ધર્મના આ એક શ્રેષ્ઠ મંત્રનો વિસ્તૃત–વિશદ પરિચય આપતો એક ખાસ ગ્રંથ નિર્માણ કરવો જોઈએ અને તેમાં મંત્ર તથા મંત્રોપાસનાને લગતી કેટલીક અગત્યની વિચા-રણાઓનો સમાવેશ કરી લેવો જોઈએ, એટલે અમે '**લોગસ્સ મહાસૂત્ર યાને જૈન ધર્મનો ભક્તિવાદ**' નામના ગ્રંથનું લેખન-પ્રકાશનકાર્ય પૂર્ણ કર્યા પછી પ્રસ્તુત

ગ્રંથનિર્માણનો પ્રયત્ન હાથ ધર્યો અને કેટલાક મુશ્કેલ સંયોગોમાં પણ રાત-દિવસ પરિશ્રમ કરીને પૂર્ણતાએ પહોંચાડ્યો. આજે તો આ ગ્રંથ સુંદર સ્વરૂપે તૈયાર થઈ જિજ્ઞાસુજનોના કરકમલમાં મૂકાઈ ગયો છે, એટલે અમારું અંતર આનંદવિભોર બને, એ સ્વાભાવિક છે.

ઘણા મનોમંથન પછી પ્રસ્તુત ગ્રંથને '**અર્હં મંત્રોપાસના**' એવો સપ્તાક્ષરી સાર્થ સંકેત આપવામાં આવ્યો છે અને તેમાં વર્ણવાયેલી અર્હં મંત્રની ઉપાસના સકલ મનોરથોની સિદ્ધિ કરનારી હોઈ તેનું અપરનામ '**સકલ મનોરથસિદ્ધિ**' આપવાનું ઉચિત માન્યું છે. અમને લાગે છે કે આ બંને નામો પાઠકના અંતરમાં અભિનવ ભાવોની ઉર્મિ જગાડશે.

[ ૨ ]

## કેટલીક મિથ્યા માન્યતાઓ

એક વાર એક સજ્જને અમને પ્રશ્ન કર્યો કે 'જૈન ધર્મે મંત્રોપાસનાનો સ્વીકાર કર્યો છે ખરો ?'

અમે કહ્યું: 'જરૂર. તેથી તો જૈન ધર્મમાં અનેક પ્રકારની મંત્રોપાસનાઓ ચાલી રહી છે.'

તેમણે કહ્યું: 'જૈન ધર્મમાં અનેક પ્રકારની મંત્રોપાસનાઓ ચાલી રહી છે, તે મારા ખ્યાલમાં છે; પણ તે જૈન ધર્મના મૌલિક સિદ્ધાંતો સાથે કેટલી સંગત છે, તે હું જાણવા માગું છું.'

અમે કહ્યું: 'જૈન ધર્મનો મૌલિક સિદ્ધાંત તો એક જ છે કે જે આત્માને હિતકર હોય, તેનો આદર કરવો અને જે અહિતકર હોય, તેનો ત્યાગ કરવો. મંત્રોપાસના આત્માને હિતકર હોવાથી જૈન ધર્મે તેનો આદર કર્યો છે, એટલે તે જૈન ધર્મના મૌલિક સિદ્ધાંત સાથે પૂરેપૂરી સંગત છે. તેમાં અસંગતતાની આશંકા કરવી યોગ્ય નથી.'

તેમણે પૂછ્યું: 'મંત્રોપાસના આત્માને હિતકર શી રીતે?'

અમે કહ્યું: 'મંત્રોપાસનાથી સંવર અને નિર્જરાની ક્રિયાઓ સિદ્ધ થાય છે, તેથી તે આત્માને હિતકર છે. તમે સંવર અને નિર્જરાનો અર્થ તો જાણો છો ને?'

તેમણે કહ્યું: 'હા. જેનાથી કર્મો આવતાં અટકે તે સંવર અને જેનાથી સત્તામાં રહેલાં કર્મો ખરી પડે તે નિર્જરા. પણ મને એ નથી સમજાતું કે મંત્રોપાસનાથી આ બે ક્રિયાઓ કેવી રીતે સિદ્ધ થાય?'

અમે કહ્યું: 'તમે એક સ્થાને–એક આસને બેસી મંત્રોપાસના કરવા માંડો, એટલે સઘળી પાપપ્રવૃત્તિઓનો ત્યાગ થાય છે, આ થઈ સંવરની ક્રિયા. અને મંત્રજપ તથા તેની અર્થભાવના કરવા લાગો, એટલે સત્તામાં રહેલાં કર્મો ખરવા લાગે, એ થઇ નિર્જરાની ક્રિયા. જૈન શાસ્ત્રોમાં મંત્રજપને અભ્યંતર તપ ગણવામાં આવ્યું છે.'

તેમણે કહ્યું: 'આ વાત મારા માટે નવી છે. મેં આવું ક્યાંય વાંચ્યું નથી.'

'અમે કહ્યું: 'તમારા માટે આ વાત ભલે નવી હોય, પણ વાસ્તવમાં એ ઘણી પુરાણી છે. તે માટે જૈન મહર્ષિઓએ કહેલી ગાથા સાંભળો:

पायच्छित्तं विणओ, वेआवच्चं तहेव सज्झाओ ।
झाणं उस्सग्गो वि अ, अब्भितरओ तवो होइ ॥

'(૧) પ્રાયશ્ચિત્ત, (૨) વિનય, (૩) વૈયાવૃત્ય, (૪)

સ્વાધ્યાય, (૫) ધ્યાન અને (૬) ઉત્સર્ગ એ અભ્યંતર તપ છે.' અહીં સ્વાધ્યાય શબ્દના બે અર્થો છે: એક તો મોક્ષ-માર્ગનું પ્રતિપાદન કરનારાં શાસ્ત્રોનું અધ્યયન અને બીજો મંત્રજપ. '**પાતંજલ યોગશાસ્ત્ર**'માં પણ આ શબ્દ આવા જ અર્થમાં વપરાયેલો છે. આપણે ત્યાં તપના અધિકારે ૨૦૦૦ સ્વાધ્યાય આદિ બોલાય છે, તે આ મંત્રજપના અર્થમાં પણ ગ્રહણ કરાય છે.[૧] પરંતુ આ અર્થ અંગે જોઈએ તેવું વિશદ વિવેચન થયું નથી, એટલે તે ઘણાના લક્ષ્યમાં આવતો નથી.'

તેમણે કહ્યું: 'મંત્રોપાસના એક પ્રકારનું અભ્યંતર તપ છે, એ તો સમજ્યો. પણ મંત્રોપાસના આપણે ત્યાં ક્યારે દાખલ થઈ, તે કહેશો ?'

અમે કહ્યું: 'મંત્રોપાસના આપણે ત્યાં ઘણા પ્રાચીન-કાલથી ચાલી આવે છે.'

તેમણે પૂછ્યું: ઘણો પ્રાચીન કાલ એટલે કેટલો ? શું તે વેદના વારાથી ચાલી આવે છે ?'

અમે કહ્યું: 'એનાથી પણ ઘણી પ્રાચીન. વેદની રચનાનો કાલ તો ઇ. સ. પૂર્વે ૩૦૦૦ થી ૪૦૦૦ નો મનાય છે અને કદાચ તેથી ૧૦૦૦ વર્ષ વધુ પણ હોય,

૧. સ્વાધ્યાયમાં પેટા પ્રકાર તરીકે નવકાર મંત્રનો સમાવેશ કર્યો જ છે. જે સ્વાધ્યાય ન કરી શકે તેના માટે ૨૦ બાંધી નવકાર-વાળી ગણવાનું વિધાન છે જ. આ જોતાં સ્વાધ્યાયમાં મંત્રજાપ પણ સમાવિષ્ટ છે જ. સંશો૦

જ્યારે આપણે ત્યાં પ્રવર્તતી મંત્રોપાસનાનો કાલ તો તેથી પણ ઘણો પ્રાચીન છે. વધારે સ્પષ્ટ કહું તો તે આંકડાથી દર્શાવી શકાય એવો નથી.'

તેમણે કહ્યું: 'આ વાત બુદ્ધિમાં ઉતરે એથી નથી. કાલનું પ્રમાણ ગમે તેટલું હોય, પણ તે આંકડાથી કેમ દર્શાવી ન શકાય?'

અમે કહ્યું: 'વ્યવહારમાં ૧૮ અંક સુધીની સંખ્યાનો ઉપયોગ થાય છે અને શાસ્ત્રોમાં ૭૪ અંક સુધીની સંખ્યાનાં નામકરણો થયેલાં છે, પરંતુ કાલનું માપ બતાવવા માટે તે પૂરતાં નથી, કારણ કે તે અનાદિ છે. જેની આદિ શોધી શકાય એવી ન હોય, તેનું માપ આંકડાથી શી રીતે દર્શાવી શકાય?'

તેમણે કહ્યુ: 'કાલ અનાદિ ભલે હોય, પણ મંત્રોપાસના તો અનાદિ નથી ને?'

અમે કહ્યું: 'કાલ અનાદિ છે, તેમ જૈન ધર્મ પણ અનાદિ છે અને જૈનધર્મ અનાદિ છે, તેમ નમસ્કારમંત્ર પણ અનાદિ છે. તે જ્યારથી શરુ થયો છે, ત્યારથી તેની આરાધના–ઉપાસના થતી આવી છે, એટલે મંત્રોપાસનાને પણ અનાદિ માનવી જ રહી.'

તેમણે કહ્યું: 'કેટલાક આધુનિક વિદ્વાનો એવું મંતવ્ય પ્રકટ કરે છે કે જૈનધર્મમાં મંત્રોપાસના શ્રી પાર્શ્વનાથ ભગવાનના સમયથી શરુ થઈ તેનું કેમ?'

અમે કહ્યું : 'તેમનું એ મંતવ્ય નિરાધાર હોઈ માનવા યોગ્ય નથી. શ્રી પાર્શ્વનાથ ભગવાનની પહેલાં પણ નમસ્કારમંત્ર આદિની ઉપાસના ચાલુ હોવાનાં શાસ્ત્રીય પ્રમાણો ઉપલબ્ધ છે. ઋષભદેવ સ્વામીના ચરિત્રમાં નમિ–વિનમિની વિદ્યા–મંત્રસાધનાનો ઉલ્લેખ આવે છે. જો એ વખતે મંત્રોપાસના ચાલુ ન હોય તો એ ઉલ્લેખ શી રીતે થાય ! પણ સહુથી મોટી વાત તો એ છે કે નમસ્કારમંત્રનું નિત્યત્વ* સ્વીકાર્યા પછી મંત્રોપાસના અમુક સમયે શરુ થઈ, એવું વિધાન કરવું, એ શાસ્ત્ર અને પરંપરા બંનેનો અનાદર કરવા જેવું છે'

તેમણે કહ્યું : 'આજે મારા મનનું પૂરેપૂરું સમાધાન થયું. હું તો એમ જ માનતો હતો કે મંત્રોપાસના જૈન ધર્મના મૌલિક સિદ્ધાંતો સાથે સંગત નથી. તે માંત્રિક યુગમાં જૈન ધર્મમાં દાખલ થઈ ગઈ છે અને તેના પ્રભાવના કારણે લોકપ્રિય બનેલી છે. પરંતુ તમારો ખુલાસો સાંભળ્યા પછી મને ખાતરી થઈ છે કે મંત્રોપાસના જૈનધર્મમાં ઘણા પ્રાચીન કાલથી ચાલી આવે છે અને તે જૈન ધર્મના સિદ્ધાંતો સાથે પૂરેપૂરી સંગત છે, એટલે તે નિઃસંકોચપણે કરવા જેવી છે.'

---

* 'નમસ્કારમંત્રસિદ્ધિ' ગ્રંથમાં 'નમસ્કારનું નિત્યત્વ' એ નામનું એક પ્રકરણ લખાયેલું છે. તેમાં આ વસ્તુની વિશદ ચર્ચા થયેલી છે. તે ઉપરાંત નમસ્કારમંત્રસિદ્ધિની પ્રસ્તાવનામાં પણ આ વાત સ્પષ્ટ રીતે દર્શાવી છે.

કેટલાક કહે છે કે '**ભગવાનની અનન્ય ભક્તિ કરતાં મનુષ્યના સર્વ મનોરથોની સિદ્ધિ થાય છે, પછી મંત્રોપાસનાની આવશ્યકતા શી?**' તેનો ઉત્તર એ છે કે 'ભગવાનની અનન્ય ભક્તિ કરતાં મનુષ્યના સર્વ મનોરથોની સિદ્ધિ થાય છે, એમાં કોઈ શંકા નથી. અમે પોતે પણ આવું જ મંતવ્ય ધરાવીએ છીએ, પણ ભગવાનની અનન્ય ભક્તિ ક્યારે થાય? એ વિચારવાનું છે.

આપણે મંદિરે જઈને ભગવાનનાં દર્શન કરીએ, તેમની સેવા–પૂજા કરીએ, તેમનાં સ્તુતિ–સ્તવન–સ્તોત્રો બોલીએ અને રાત્રે ભાવનામાં ભાગ લઈએ, એ બધી ભગવાનની સામાન્ય ભક્તિ છે. તેને અનન્ય કે ઉત્કૃષ્ટ કહી શકાય નહિ. અનન્ય કે ઉત્કૃષ્ટ ભક્તિ તો તેને જ કહેવાય કે જ્યારે આપણા હૃદયનો તાર ભગવાન સાથે જોડાય અને ઉઠતાં–બેસતાં–ખાતાં–પીતાં તેમની જ યાદ આવ્યા કરે. આ સ્થિતિ ત્યારે જ ઉત્પન્ન થઇ શકે કે જ્યારે ભગવાનના નામનો કોઇ પણ મંત્ર ગ્રહણ કરીને તેનો નિત્ય-નિરંતર જપ કરવામાં આવે. આ જગતમાં જે મનુષ્યો ભગવાનના ખાસ ભક્ત તરીકે પ્રસિદ્ધ થયેલા છે, તે બધાએ ભગવાનનો કોઇ પણ નામમંત્ર ગ્રહણ કરીને તેનો લાખો–ક્રોડો પ્રમાણ જપ કરેલો છે.

આપણું અંતર અનેક પ્રકારની વાસનાઓથી ભરેલું છે, એટલે કે તે અપવિત્ર છે, અશુદ્ધ છે. તેમાં ભગવાનની પ્રતિષ્ઠા કરવી હોય, તો પ્રથમ તેને પવિત્ર કે શુદ્ધ બનાવવું

જોઇએ. તે સામાન્ય ભક્તિથી શુદ્ધ થતું નથી, તેથી જ અનન્ય કે ઉત્કૃષ્ટ ભક્તિનો આશ્રય લેવાની જરૂર છે અને એવી ભક્તિ મંત્રોપાસનાની મદદથી જ સિદ્ધ થઇ શકે છે. નામ-મંત્રનો દરેક જપ આપણા અંતરપર–મનપર ભગવાનનો સંસ્કાર પાડે છે અને એવો જપ લાખો–ક્રોડો પ્રમાણમાં થાય એટલે આપણું અંતર ભગવાનમય બની જાય છે. પછી ભૌતિક વસ્તુઓની ખાસ ઇચ્છા–આશા–અભિલાષા રહેતી નથી અને વ્યવહારના પાલન અર્થે જે કંઇ જોઇએ છે, તે બધું જ આપોઆપ મળી જાય છે.

સરોવર શોભાયમાન ત્યારે જ લાગે કે જ્યારે તે જલથી ભરેલું હોય; ઉદ્યાન શોભાયમાન ત્યારે જ લાગે કે જ્યારે તેમાં વિવિધ પ્રકારનાં પુષ્પો ખીલી ઉઠેલાં હોય; અને મુખડું શોભાયમાન ત્યારે જ લાગે છે કે જ્યારે તે નમણાં આંખ–નાકથી યુક્ત હોય. ભગવદ્‌ભક્તિનું પણ એમ જ છે. તે જ્યારે મંત્રોપાસનાથી યુક્ત હોય, ત્યારે સોળે કલાએ દીપી ઉઠે છે અને ભક્તના સકલ મનોરથની સિદ્ધિ કરે છે. તેથી ભક્તિના માર્ગે ચડેલા મનુષ્યોને પણ મંત્રોપાસનાની આવશ્યકતા છે જ.'

કેટલાક કહે છે કે **'ભાગ્યમાં લખ્યું હોય, તે જ થાય છે. તેમાં કંઇ ફેરફાર થતો નથી, પછી મંત્રોપાસનાની માથાકૂટમાં શા માટે પડવું ?'** પરંતુ આમ કહેનારે જાણવાની જરૂર છે કે ભાગ્ય અને પુરુષાર્થનો વિવાદ ઘણો પુરાણો છે. તે બંનેના સમર્થન

અને વિરોધમાં ઘણી દલીલો થયેલી છે, પણ આખરી ફેંસલો પુરુષાર્થની તરફેણમાં આવેલો છે. તાત્પર્ય કે જે મનુષ્ય પોતાની મતિ–શક્તિ અનુસાર પુરુષાર્થ કરતો રહે છે, તેનો જીવનવ્યવહાર સુખપૂર્વક ચાલે છે અને તે ઉન્નતિ, પ્રગતિ કે અભ્યુદયનો અધિકારી બને છે. આ જગતની કોઈ પણ વસ્તુ તેને માટે અલભ્ય કે અશક્ય નથી. જ્યારે ભાગ્યના ભરોસે રહેનાર આળસુ–એદી–પ્રમાદી બને છે અને તે પોતાનાં અનેકવિધ કર્તવ્યોથી ચ્યુત થતો થતો આખરે અધઃપતનની ઊંડી ખીણમાં ગબડી પડે છે. તેથી સુજ્ઞજનોએ ભાગ્યની વાતને બાજુએ રાખી પુરુષાર્થરૂપી ઘોડા પર પલાણ માંડવાનું છે અને તેને યોગ્ય રીતે ચલાવીને ગંતવ્યસ્થાને પહોંચવાનું છે.

આપણા ભાગ્યમાં દુઃખ લખ્યું છે કે સુખ? એ આપણે પોતે તો જાણતા નથી અને જેઓ ભવિષ્ય જાણવાનો દાવો કરી ભવિષ્યકથન કરે છે, તે પૂરું વિશ્વસનીય હોતું નથી. ઘણીવાર તો તેઓ ખોટા પડવાની બીકે વાક્ચતુરાઈ અજમાવીને પોતાનું કામ પતાવતા હોય છે.

એક વાર ભરદરબારમાં રાજાએ પોતાના માન્ય જોશીને પ્રશ્ન કર્યો કે 'કહો જોશીજી! મારી રાણી ગર્ભવતી છે, તેને પુત્ર આવશે કે પુત્રી? જો જવાબ સાચો નહિ હોય તો તમારે આ સભાનું આસન ગુમાવવું પડશે અને મારા તરફથી જે નિયમિત સાલિયાણું મળે છે, તે પણ બંધ થશે.'

જોશી ચતુર હતો. તેણે પોતાની પાસેના એક કાગળના ટૂકડામાં ઉત્તર લખી તેને પરબીડિયામાં બંધ કરી રાજાના હાથમાં મૂકતાં જણાવ્યું કે 'તમે માગેલો જવાબ આ કાગળમાં લખેલો છે. પણ તે રાણીમાતાને પ્રસવ થયા પછી વાંચજો.'

કાલક્રમે રાણીએ પુત્ર પ્રસવ્યો અને ત્યારબાદ પેલું પરબીડિયું ઊઘાડીને જોયું તો તેમાં લખ્યું હતું કે 'પુત્રો ન પુત્રી' રાજા સમજી ગયો કે આ ઉત્તર લખવામાં જોશીએ ભારે ચાલાકી કરી છે. તે પુત્રપ્રસવના સમાચાર જાણીને એમ જ કહેવાનો કે મેં ઉત્તરમાં લખ્યું જ હતું કે 'પુત્રો–પુત્રઃ' એટલે રાણીજીને પુત્ર આવશે, 'ન પુત્રી' એટલે પુત્રી તો નહિ જ આવે. હવે યોગાનુયોગ રાણીએ પુત્રી પ્રસવી હોત તો આ જોશી મહારાજ એમ જ કહેત કે મેં તો લખ્યું હતું કે 'પુત્રો ન'–પુત્રપ્રસવનો કોઈ સંયોગ નથી, એટલે 'પુત્રી'જ આવશે.

આજના ભવિષ્યકથનમાં આવાં દ્વિઅર્થી વાક્યો સામાન્ય થઇ પડયાં છે અને લોકો વધારે વિચારશીલ નથી, એટલે રાશિવાર ભવિષ્ય જેવાં તૂત પણ ચાલે છે. રાશિ પ્રમાણે તો આ જગતમાં બાર પ્રકારના જ મનુષ્યો થાય અને તે દરેક પ્રકારમાં આજની ચાર અબજની માનવવસ્તીના હિસાબે ૩૩ ક્રોડથી અધિક મનુષ્યો એક વર્ગમાં આવે. શું આ બધાનું ભવિષ્ય સરખું હોઇ શકે ખરું ? પણ આવો વિચાર કરનાર કેટલા છે ?

મહાપુરુષોએ કહ્યું છે કે ભાગ્યનો નિર્માતા મનુષ્ય પોતે જ છે. પોતાના જીવનને સ્વર્ગ બનાવવું કે નર્ક બનાવવું ? એ પોતાના હાથની જ વાત છે. મનુષ્ય જો સદ્‌વિચાર અને સદાચારને અનુસરતો રહે તો એનું જીવન સ્વર્ગ બને છે અને જો તે દુર્વિચાર અને દુરાચારનું સેવન કરતો રહે તો તેનું જીવન નર્ક બને છે.

આપણા જીવનમાં જે કંઇ ઘટનાઓ બને છે, તેમાં ભાગ્યનો કેટલોક હિસ્સો જરૂર હોય છે, પણ સમસ્ત માનવજીવન એ ભાગ્યનો ખેલ નથી. તેમાં પુરુષાર્થને ઘણો મોટો અવકાશ છે. તે પુરુષાર્થના યોગે પ્રતિકૂલ સ્થિતિને અનુકુલ સ્થિતિમાં પલટાવી શકે છે અને દુઃખના ડુંગરને સ્થાને સુખની સરિતા વહાવી શકે છે. એટલે 'ભાગ્યમાં જે કંઇ લખ્યું હોય, તેમાં કશો ફેરફાર થતો નથી,' એ માન્યતા પણ સુધારવા જેવી છે.

અહીં એટલી સ્પષ્ટતા આવશ્યક છે કે પૂર્વે જે કર્મોનો નિકાચિત બંધ પડયો હોય, તેનાં ફલો અવશ્ય ભોગવવાં પડે છે, પણ સ્પષ્ટ, બદ્ધ અને નિધત્ત કર્મની ફલદાયકતામાં સત્સાધનોના આલંબનથી ઘણો ઘટાડો કરી શકાય છે કે તેનો તદ્દન નાશ પણ કરી શકાય છે. તેથી જ વર્તમાન ભવમાં સત્સાધનોનું આલંબન લેવું અતિ આવશ્યક મનાયેલું છે.

આ સત્સાધનોમાં સંયમ, તપ અને જપની મુખ્યતા છે. અહીં જપ શબ્દથી મંત્રોપાસના સમજવાની છે. તાત્પર્ય કે મંત્રોપાસના પણ એક એવું સત્સાધન છે કે

જે પૂર્વે સંચિત કરેલાં સર્વ અશુભ કર્મોનો નાશ કરી ઉત્કૃષ્ટ મંગલ પ્રવર્તાવી શકે છે. જો એમ ન હોત તો 'एसो पंच-नमुक्कारो, सव्वपावप्पणासणो' જેવી પંક્તિ રચાઈ જ ન હોત.

વળી એ પણ જાણી લેવું જોઇએ કે ધાર્મિક ક્રિયાઓ–ધર્મારાધનને લગતી ક્રિયાઓમાં તો પુરુષાર્થની જ મુખ્યતા છે. જો પુરુષાર્થ કરીએ તો જ સૂત્ર–સિદ્ધાંત જાણી શકીએ; જો પુરુષાર્થ કરીએ તો જ દેવદર્શન, સેવાપૂજા, ચૈત્યવંદન, સામાયિક, પ્રતિક્રમણ, પોસહ, તીર્થયાત્રા આદિ કરી શકીએ; અને જો પુરુષાર્થ કરીએ તો જ મંત્રોપાસના કરી માનવ-જીવનને ધન્ય બનાવી શકીએ. ટૂંકમાં પુરુષાર્થીને મોક્ષની પરમીટ જલ્દી મળે છે અને ભાગ્યવાદીને માટે તેનાં દ્વાર સદાને માટે બંધ છે.

અહીં એ પણ જણાવી દઇએ કે મંત્રોપાસના એ માથાકૂટ નથી, પણ સુજ્ઞજનોએ અવશ્ય કરવા જેવો એક પ્રકારનો પ્રશસ્ત પુરુષાર્થ છે કે જેનાં ફલો અતિ મધુર છે.'

કેટલાક કહે છે કે '**મંત્રોપાસના ભૂતકાળમાં ધાર્યું ફલ આપતી હતી, પણ હાલ તેવી પરિ-સ્થિતિ નથી. તાત્પર્ય કે હાલ ધાર્યું ફલ આપી શકતી નથી, એટલે તેનું આલંબન લેવું કે કેમ? એ વિચારણીય છે.**' પરંતુ પરિસ્થિતિ ખરેખર આવી હોય તો તેને લગતી પ્રવૃત્તિઓ ચાલુ કેમ રહે? એ વિચારવા જેવું છે. અહીં કોઈ એમ કહેતું હોય કે મંત્રોપાસનની પ્રવૃત્તિઓ તો ભોળા-ભદ્રિક લોકો કરે છે

કે જેમને ઝાઝું વિચારવાની શક્તિ નથી, તો એ વસ્તુ માનવા જેવી નથી; કારણ કે જેમની ગણના જ્ઞાનીમાં થાય છે, એવા સાધુ-સંન્યાસીઓ, તેમજ યોગીઓ કે અવધૂત મહાત્માઓ પણ મંત્રોપાસનાને લગતી પ્રવૃત્તિઓ કરી રહ્યા છે અને જેમને સુશિક્ષિત કહેવાય તેવા પ્રાધ્યાપકો, અધિકારીઓ તથા રાજદ્વારી પુરુષો પણ મંત્રોપાસનાને લગતી પ્રવૃત્તિઓ કરતા જોવામાં આવે છે. તાત્પર્ય કે મંત્રોપાસના આજે પણ ધાર્યું ફલ આપે છે, એ હકીકત છે અને તેથી જ તેને લગતી પ્રવૃત્તિઓ આટલા મોટા પ્રમાણમાં થઈ રહી છે. અમે પોતે છેલ્લાં ત્રણ વર્ષમાં પચાસથી પણ અધિક મંત્રાનુષ્ઠાનો કર્યાં છે અને તે બધાં પ્રાયઃ ફલદાયી નીવડેલાં છે, એટલે મંત્રોપાસનાની ફલદાયકતા બાબતમાં અમને રજ પણ શંકા નથી.

મંત્રોપાસના આજે ફલદાયક થતી નથી, એવી માન્યતા ફેલાવાનું મુખ્ય કારણ એ છે કે કેટલાક મનુષ્યોએ મંત્રોપાસના કરવા છતાં તેમને તેનું ધાર્યું ફલ મળ્યું નથી. પરંતુ આ તો પાડાના વાંકે પખાલીને ડામ દેવા જેવી વાત છે. તાત્પર્ય કે એમાં મંત્રોપાસનાની ફલ આપવાની શક્તિ ઘટી ગઇ છે એવું નથી, પણ મંત્રોપાસના કરનારે તે માટે જે કંઇ કરવું જોઇએ, તે બરાબર કરેલું નથી અને તેનું પરિણામ આ પ્રકારનું આવેલું છે. આજે પણ જેઓ મંત્રોપાસના યથાર્થપણે કરે છે, તેમને તેનું ફલ અવશ્ય મળે છે.

અહીં એ પણ વિચારવા જેવું છે કે જો આજના

કાલમાં મંત્રોપાસના ફલદાયક થવાનો સંભવ ન હોય તો જ્ઞાની ભગવંતો તેનો ઉપદેશ આપે શા માટે ! અમે હજી સુધી કોઈ શાસ્ત્રમાં એવું વાંચ્યું નથી કે હવે પછીના વિષમ કાલમાં મંત્રોપાસના ફલદાયક થવાનો સંભવ નથી, માટે કોઈએ તેનું આલંબન લેવું નહિ. જો શાસ્ત્રમાં આ પ્રકારના ઉલ્લેખો થયા હોત તો મંત્રોપાસના ક્યારનીયે બંધ પડી ગઈ હોત અને આસન-માલાઓ વગેરેનાં દર્શન દુર્લભ બની ગયાં હોત. પરંતુ શાસ્ત્રોમાં એવો કોઈ ઉલ્લેખ થયેલો નથી અને આજના વિદ્વાન અધ્યાત્મરસિક મુનિવર્યો તો ત્રિકાલ-મંત્રજપ કરવાની ઘોષણા પહેલાં કરતાં પણ વિશેષ જોરથી કરી રહેલ છે.

અમે તો એમ કહીએ છીએ કે મંત્રોપાસના એ ત્રિકાલાબાધિત વસ્તુ છે, એટલે કોઈ પણ કાલમાં તેના સામર્થ્ય કે શક્તિમાં ઘટાડો થવાનો સંભવ નથી. તે ભૂતકાલમાં ધાર્યું ફલ આપતી હતી, આજે પણ ધાર્યું ફલ આપે છે અને ભવિષ્યમાં પણ ધાર્યું ફલ જરૂર આપશે. તેથી મંત્રોપાસનાની ફલદાયકતામાં શંકા લાવીને તેનાથી દૂર રહેવું, એ કોઈ પણ સુજ્ઞજનને શોભતું નથી.

એવી બૂમ પણ અમારા કાને પડી છે કે, '**મંત્રોપાસનાના રવાડે ચઢવામાં કંઈ સાર નથી. જેઓ મંત્રોપાસનાના રવાડે ચડયા છે, તે પૈસેટકે પાયમાલ થયા છે અને પોતાની ઇજ્જત-આબરૂ ખોઈ બેઠા છે.**' આ તો મંત્રોપાસના માટે ઘણો ગંભીર આક્ષેપ ગણાય, પણ તેમાં કંઈ વજૂદ નથી. જેમણે મંત્રોપાસના

વ્યવસ્થિત રીતે કરી છે, તેણે એમાંથી સાર જરૂર કાઢયો છે. કદાચ એ વખતે ચમત્કાર ખડો થયો ન હોય, તો પણ એ મંત્રોપાસનાથી તેમનાં શરીર અને મન સ્વસ્થ બન્યાં છે, તેમની આંતરિક શક્તિઓનો કેટલોક વિકાસ થયો છે અને તેઓ આધ્યાત્મિક માર્ગે આગળ વધી શકયા છે. જે મંત્રોપાસના સદ્‌ગુરુની નિશ્રામાં થતી હોય કે ખૂબ સમજી–વિચારીને થતી હોય, તેમાં પૈસા કે પ્રતિષ્ઠા ગુમાવવાની કોઈ વાત જ નથી. તેમાં તો ઉલટું લક્ષ્મીનું અણધાર્યું આગમન થાય છે અને પ્રતિષ્ઠાનું પલ્લું નમવા લાગે છે. મંત્રોપાસનાના બળે મુફલીસ મનુષ્યો માલેતુજાર બન્યાના અને રંક મનુષ્યો રાજ્યાસને આરૂઢ થયાના અનેક દાખલાઓ શાસ્ત્રોમાં નોંધાયેલા છે, તેમજ સાહિત્યનાં સુવર્ણ-પૃષ્ઠો પર અંકિત થયેલા છે. તાત્પર્ય કે વ્યવસ્થિત મંત્રોપાસના કરનારને કદી કોઈ જાતનું નુકશાન થતું નથી.

કેટલાક મનુષ્યોએ ધૂર્ત મનુષ્યોના પનારે પડી મંત્રોપાસના કરવા જતાં પૈસા અને પ્રતિષ્ઠા ગુમાવ્યા હોય એ શકય છે, પણ એમાં દોષ મંત્રોપાસનાનો નથી. દોષ તો મંત્રોપાસકના અજ્ઞાન અને ભોળપણનો છે. આ સંયોગોમાં તો એમ કહેવું જોઈએ કે 'ધૂર્ત મનુષ્યોથી સાવધ રહો.' તેના બદલે મંત્રોપાસનાની નિંદા કરી તેનાથી દૂર રહેવાના ઉદ્‌ગારો કાઢવા, એ ખરેખર ! એક પ્રકારની મૂર્ખાઈભરી ચેષ્ટા છે.

તાત્પર્ય કે સુજ્ઞજનોએ મિથ્યા માન્યતાઓ છોડી વહેલી તકે મંત્રોપાસના ભણી પ્રયાણ કરવું ઇષ્ટ છે.

[ ૩ ]

## અર્હં મંત્રની ઓળખાણ

'**અર્હં મંત્રોપાસના**' નામના આ ગ્રંથનો મુખ્ય હેતુ અર્હં મંત્ર અને તેની ઉપાસના સંબંધી વિસ્તૃત-વિશદ વિવેચન કરવાનો છે, એટલે પ્રથમ અર્હં મંત્રની ઓળખાણ આપીશું અને ક્રમે ક્રમે આગળ વધીશું. વસ્તુની ઓળખાણ થયા સિવાય, તે સંબંધી વિશેષ જ્ઞાનની પ્રાપ્તિ થતી નથી, એ હકીકત છે. 'આ આંબો છે,' 'આ લીમડો છે' અથવા 'આ પીંપળો છે' કે 'આ વડ છે' એમ જાણ્યા પછી જ તેના વિશિષ્ટ સ્વરૂપનો તથા તેના ગુણ-દોષનો બોધ થાય છે અને તે આપણને જીવનવ્યવહારમાં ઉપયોગી નીવડે છે. વ્યક્તિ પરત્વે વાત કરીએ તો પ્રથમ તેની સામાન્ય ઓળખાણ થાય છે, પછી તેની વિશેષ ઓળખાણ થાય છે, પછી તેના સંબંધમાં અનેક હકીકતો જાણવામાં આવે છે અને તે પરથી તેના સારા-ખોટાનો નિર્ણય થાય છે; જે તેની સાથે વિશેષ સંબંધ બાંધવો કે કેમ? તેનો નિર્ણય કરવામાં ઉપયોગી થઈ પડે છે.

નીતિકારોએ કહ્યું છે કે 'જેને આપણે બરાબર રીતે ઓળખતા ન હોઈએ, તેની સાથે કામ પાડવું નહિ.' જ્યારે આપણે તો અર્હં મંત્ર સાથે લાંબું કામ પાડવાનું છે અને તેની ઉપાસનામાં આપણા જીવનનો અતિ મહત્ત્વનો સમય ગાળવાનો છે, એટલે તેની ઓળખાણ બરાબર કરી લેવી જ જોઈએ.

અહીં એક પાઠક મિત્ર જણાવે છે કે 'જ્યારે આપણી પાસે જિનશાસનનો સાર અને ચૌદ પૂર્વોનો ઉદ્ધાર એવો નમસ્કારમંત્ર વિદ્યમાન છે અને તેની ઉપાસનાથી સર્વ મનોરથોની સિદ્ધિ થાય છે, ત્યારે બીજા કોઇ પણ મંત્રનો વિચાર કરવો શા માટે ? એટલે કે તેની ઓળખાણ આપવાની કે તે અંગે બીજી વિચારણા કરવાની જરૂર નથી.' એટલે પ્રથમ તેનું સમાધાન કરીશું.

'નમસ્કારમંત્ર જિનશાસનનો સાર અને ચૌદ પૂર્વનો ઉદ્ધાર છે તથા તેની ઉપાસનાથી સર્વ મનોરથોની સિદ્ધિ થાય છે, એમાં કશી શંકા નથી. અમે પોતે પણ આવું જ મંતવ્ય ધરાવીએ છીએ અને તે અમે '**નમસ્કાર-મંત્રસિદ્ધિ**' નામના અમારા ગ્રંથમાં વ્યક્ત કરેલું છે; પરંતુ આ અર્હં મંત્ર તો તેના જ સારનો સાર છે અને મહાપુરુષોની પ્રકૃષ્ટ પ્રશંસા પામેલો છે. વળી તે અચિંત્ય પ્રભાવશાલી છે અને તે આજે પણ પોતાનો પ્રભાવ બતાવવાને સમર્થ છે, તેથી અહીં તેની ઓળખાણ આપવાનું તથા તે અંગે બીજી ચર્ચા-વિચારણા કરવાનું સર્વથા સમુચિત છે.

'અર્હં મંત્ર નમસ્કારમંત્રના સારનો સાર કેવી રીતે?' તે પણ અહીં જણાવી દઈએ. 'નવપદાત્મક નમસ્કાર-મંત્રમાં તેનું પહેલું પદ 'नमो अरिहंताणं' સહુથી વધારે મહત્ત્વનું અને તેના સારરૂપ છે.' આ વસ્તુ શાસ્ત્રકારોએ સ્પષ્ટ શબ્દોમાં કહેલી છે અને વ્યવહાર પણ એવો જ છે કે જ્યાં પૂરો નમસ્કારમંત્ર બોલવાની શક્યતા ન હોય, ત્યાં તેના સારરૂપે 'नमो अरिहंताणं' પદ બોલવામાં આવે છે. આ 'नमो अरिहंताणं' પદનો સાર અર્હં મંત્ર છે, એટલે તેને નમસ્કારમંત્રના સારનો સાર માનવામાં આવ્યો છે.'

અહીં એ પણ જણાવી દઈએ કે એક વસ્તુ ગમે તેટલી સારી કે શ્રેષ્ઠ હોય, પણ વ્યવહારમાં તેના એકલાથી કામ ચાલતું નથી. મંદિરમાં બિરાજમાન મૂળ નાયકની પ્રતિમા સુંદર–શ્રેષ્ઠ હોય છે અને તેમની સેવા–પૂજા–ભક્તિ કરતાં ચિત્ત પ્રસન્ન થાય છે, છતાં તેમાં બીજી પ્રતિમાઓ પણ બેસાડવામાં આવે છે કે જે સામાન્ય કોટિની હોય છે. અહીં એક મૂળનાયકને જ રાખવાનો આગ્રહ અનુચિત ગણાય છે, કારણ કે એમ કરવા જતાં મંદિરની શોભામાં ખામી આવે છે અને અનેક માણસોની લાગણી દુભાય છે. મૂળ-નાયકને પ્રતિષ્ઠિત કરવાનો લાભ તો કોઈ એક જ કુટુંબ લઈ શકે કે જે પૂરું પૈસાપાત્ર હોય, જ્યારે બીજી પ્રતિમા-ઓને પ્રતિષ્ઠિત કરવાનો લાભ અનેક કુટુંબો લઈ શકે છે, પછી તેમની સ્થિતિ ભલે મધ્યમ કે સામાન્ય હોય.

રાજાના મુગટમાં એક શ્રેષ્ઠ હીરો જડેલો હોય છે, છતાં તેમાં બીજા હીરાઓ પણ જડવા જ પડે છે, કારણ કે તે સિવાય તેની શોભાનો વિસ્તાર થતો નથી. તે જ રીતે જમણ-વારમાં મિષ્ટાન્નની મુખ્યતા હોવા છતાં તેમાં દાળ, શાક, ફરસાણ, કચુંબર, રાઈતાં, ચટણી, અથાણાં વગેરે બીજી વસ્તુઓ પણ પીરસવી જ પડે છે અને તો જ એ જમણવાર વખણાય છે, એટલે એક શ્રેષ્ઠ વસ્તુ હાજર હોય, તો પણ બીજી સામાન્ય વસ્તુઓની જરૂર પડે છે અને તો જ લોક-રુચિ સંતોષાય છે, એ વાત ભૂલવા જેવી નથી.

અહીં એ વસ્તુ પણ જણાવી દઈએ કે જે વસ્તુ એકને શ્રેષ્ઠ લાગે છે, તે બીજાને સામાન્ય લાગે છે અને જે વસ્તુ એકને સામાન્ય લાગે છે, તે બીજાને શ્રેષ્ઠ લાગે છે, એટલે એક વસ્તુથી ચાલતું નથી. તે માટે વિવિધ વસ્તુઓ રાખવી જ પડે છે કે જેથી લોકો તેમાંથી મન-પસંદ વસ્તુ મેળવી શકે.

અહીં અમને અમારા જીવનનો એક પ્રસંગ યાદ આવે છે કે જ્યારે અમે અમદાવાદના શેઠ ચીમનલાલ નગીનદાસ વિદ્યાલયના પ્રથમ શિક્ષક તરીકે કામ કરતા હતા, તે વખતે અમે ચિત્રકામ ઉપરાંત ઉદ્યોગમંદિરમાં પણ સારો એવો રસ લેતા હતા અને અમારી જાતદેખરેખ નીચે ખાદીનાં ટેબલક્લોથ, ખાદીની ચાદરો તથા મફલર વગેરે સ્પ્રે-પદ્ધતિએ તૈયાર કરાવતા હતા. તે માટે અમારી પાસે કોઈ યંત્ર ન હતું, પણ એવા પ્રકારની ભૂંગળીઓ હતી કે

જેનો એક છેડો રંગના વાસણમાં રાખતા અને બીજો કાટખૂણિયો છેડો વસ્ત્રની સામે રાખી ફૂંક મારતાં કે વસ્ત્ર પર રંગનો સ્પ્રે એટલે વિશિષ્ટ કોટિનો છંટકાવ થતો. અલબત્ત, તે માટે વસ્ત્ર ઉપર અમુક જાતની સ્ટેનસીલો રાખવાની જરૂર પડતી, જે અમે ઉદ્યોગમંદિરમાં જ બનાવી લેતા.

હવે એક વખત અમે આવાં સ્પ્રે–કામવાળાં કેટલાંક ટેબલકલોથો તૈયાર કરાવ્યાં, પણ તેમાંના કેટલાંક પર રંગ ઘેરો છંટાયો, એટલે તે વેચવા યોગ્ય નથી, એમ માનીને અમે તેને જુદાં કઢાવ્યાં અને તેની એક ગાંસડી બંધાવી દીધી.

એવામાં અમારા એક અંગત સ્નેહી મળવા આવ્યા. તેમની સાથે વર્તમાન પ્રવૃત્તિની વાત નીકળતાં ઉદ્યોગમંદિરની વાત નીકળી અને તેમાં તૈયાર થતાં માલની વિગતો અમે તેમને જણાવી, એટલે તેમણે કેટલાંક ટેબલકલોથો ખરીદવાની ઈચ્છા વ્યક્ત કરી. અમે તેમને લઈ ઉદ્યોગમંદિરમાં ગયાં અને જેને અમે એકદમ સરસ માનતાં હતાં, તે ટેબલકલોથો બતાવ્યાં, પણ તે એમને પસંદ પડયાં નહિ.

એ વખતે અમને વિચાર આવ્યો કે 'લાવોને પેલા રદ્દ કરેલાં ટેબલકલોથો પણ એમને બતાવીએ,' એટલે અમે પેલી ગાંસડી ખોલાવી તેમાંના ટેબલકલોથો બતાવવા માંડયાં. એ જોતાં જ તેઓ બોલી ઉઠ્યા કે, 'આ ટેબલકલોથો ખરેખર સરસ છે. તે જ પહેલાં કેમ ન બતાવ્યાં?' અને તેમણે તેમાંથી ત્રણ–ચારની ખરીદી કરી. તે પરથી અમે નિર્ણય કર્યો કે એક વસ્તુ આપણને ગમે તેટલી શ્રેષ્ઠ લાગતી હોય

પણ સામાનું દૃષ્ટિબિન્દુ જાણ્યા વિના તેને તે સ્વીકારવાનો આગ્રહ કરવો નહિ.

નમસ્કારમંત્રની બાબતમાં પણ આવું બને છે. એક વાર એક ગૃહસ્થ અમને મળવા આવ્યા. તેમણે પ્રથમ થોડી આડી–અવળી વાતો કર્યા પછી જણાવ્યું કે 'હાલ સ્થિતિ ખરાબ છે. છેલ્લા છ મહિનાથી જે દાવ નાખીએ છીએ, તે ઉંધો જ પડે છે. પાસે બે પૈસાનો જીવ હતો, તે પણ આ દિવસોમાં ઘસાઈ ગયો છે. માટે એવી કોઈ વસ્તુ આપો કે જેથી અમારો ઉદ્ધાર થાય.'

અમે કહ્યું: 'નમસ્કારમંત્રનો જાપ કરો. બધાં સારાં વાનાં થશે.' તેમણે કહ્યું : 'નમસ્કારની માળા તો રોજ ગણું છું, પણ તેથી કશો લાભ થયો નથી. માટે બીજી કોઈ એવી વસ્તુ આપો કે જે તરત કામ કરે.' અમે કહ્યું : 'નમસ્કારમંત્ર અકસીર જ છે, તેની વિધિપૂર્વક ગણના કરવાથી તમારું કામ થશે.' પેલા ગૃહસ્થે કહ્યું : 'હવે મને એ બાબતમાં વિશ્વાસ રહ્યો નથી. જો તમને ઠીક લાગે તો શ્રી પાર્શ્વનાથ ભગવાન કે શ્રી પદ્માવતી દેવીનો કોઈ મંત્ર આપો. મને લાગે છે કે તેથી મારું કામ થશે.'

આ રીતે બીજી પણ થોડી ચર્ચા થઈ, પણ તેમનું મન માન્યું નહિ. આખરે અમે તેમને શ્રી પાર્શ્વનાથ ભગવાનનો એક મંત્ર આપ્યો અને બન્યું પણ એવું જ કે તેથી માત્ર બે જ મહિનામાં તેમની સ્થિતિ સુધરી ગઈ. તાત્પર્ય કે પૂર્વ મહર્ષિઓએ આ પ્રકારની સ્થિતિનું નિરીક્ષણ

કર્યા પછી બીજા મંત્રોને પણ સ્થાન આપ્યું છે, તેથી આપણે અન્ય મંત્રોનો પણ આદર કરવો જોઈએ અને તેમાંથી જરૂરના મંત્ર સંબંધી આવશ્યક જ્ઞાન મેળવી લેવું જોઈએ.

'ॐ अर्हं नमः' અને 'ॐ ह्रीँ अर्हं नमः' આ બંને પાઠોની ગણના અર્હં મંત્રમાં થાય છે અને તે બંને પ્રચારમાં છે, પણ અમારી દૃષ્ટિએ બીજો પાઠ વધારે ઠીક છે, કારણકે તેમાં ॐ ઉપરાંત ह्रीँ બીજાક્ષરનું બલ * પણ પ્રાપ્ત થાય છે કે જેનો જૈનધર્મમાં મોટો મહિમા છે.

જૈન શાસ્ત્રોમાં નીચેની ગાથા જોવામાં આવે છે:

**पणवहरियारिहा इअ मंतह बीआणि सप्पहावाणि ।**
**सव्वेसिं तेसिं मूलो, इक्को नवकारवरमंतो ॥**

'ॐकार, ह्रीँकार, અર્હં વગેરે પ્રભાવશાળી બીજો છે, તે સર્વનું મૂલ એક નમસ્કાર વરમંત્ર છે.'

તે પરથી તો એમ લાગે છે કે પ્રાચીનકાલમાં પણ આ બીજો પાઠ જ વધારે પ્રચલિત હશે, કારણ કે તેમાં અર્હં મંત્રના ત્રણ બીજાક્ષરો ક્રમશઃ છે. વળી શ્રી જિનપ્રભસૂરિવિરચિત **'પંચપરમેષ્ઠિ-નમસ્કાર-સ્તવ'માં** નીચેનો શ્લોક આવે છે:

---

* જાપમંત્રમાં બીજો વાપરવાં કે ન વાપરવાં? અથવા ક્યાં વાપરવાં અને કેટલાં વાપરવાં? એનો આધાર કયા કર્મ પરત્વે ઉપયોગ કરવાનો છે, તેના પર છે. બીજમંત્રો અંગે મન્ત્રવિદ્યાએ ચોકસ ધોરણો નક્કી કર્યાં છે. **ય. દે.**

**अर्हमित्यक्षरं मायाबीजं च प्रणवाक्षरम् ।**
**एवं ज्ञानस्वरुपेण, ध्येयं ध्यायन्ति योगिनः ॥ ३ ॥**

'ॐ ह्रीँ अर्हँ' રૂપ ધ્યેયનું યોગીઓ જ્ઞાન સ્વરૂપે ધ્યાન ધરે છે.'

તાત્પર્ય કે 'ॐ ह्रीँ अर्हँ नमः' પાઠને આપણે મુખ્યતા આપીને ચાલીએ, એ જ ઠીક છે.

'ॐ ह्रीँ श्रीँ अर्हँ नमः' એવો પણ એક પાઠ પ્રચારમાં છે, પણ તે 'સર્વજ્ઞાભ' નામનો મંત્ર છે, એવી સ્પષ્ટતા શ્રી ભદ્રગુપ્તાચાર્યે '**અનુભવસિદ્ધમન્ત્રદ્વાત્રિંશિકા**'માં કરેલી છે, એટલે તે અંગે અહીં કંઈ વિચારણા કરવાની રહેતી નથી.

આપણે જે પાઠનો સ્વીકાર કર્યો છે, તેની અક્ષરમર્યાદા પાંચ અક્ષરની સમજવાની છે. અહીં કોઈપણ પાઠકને અવશ્ય પ્રશ્ન થશે કે 'આમાં દેખીતા અક્ષરો છ છે, જેમકે ॐ (૧) ह्रीँ (૨) अ (૩) र्हँ (૪) न (૫) मः (૬) । 'તો પછી તેની મર્યાદા પાંચ અક્ષરની શા માટે?' તેનો ખુલાસો એ છે કે આપણો સંપ્રદાય अर्हँ પદને એકાક્ષરી ગણવાનો છે. એટલે તેને પંચાક્ષરી સમજવાનો છે. શૈવ સંપ્રદાયમાં 'ॐ नमः शिवाय' મંત્રને પંચાક્ષરી ગણવામાં આવે છે. ત્યાં સંપ્રદાય એવો છે કે આગળના ॐ ને મંત્રાક્ષરોની ગણનામાં લેવો નહિ. તાત્પર્ય કે આ બાબતમાં સંપ્રદાય બળવાન છે.

હવે 'આ પંચાક્ષરી પાઠને મંત્રત્વ પ્રાપ્ત થવાનું કારણ શું ?' એ પણ સમજી લઈએ.

મંત્રવિશારદોએ મંત્રની વ્યાખ્યાઓ નીચે પ્રમાણે આપેલી છે :

(૧) જે શબ્દસંયોજન, સૂત્ર કે પાઠ વારંવાર મનન કરવા યોગ્ય હોય, તે મંત્ર કહેવાય.

(૨) જે શબ્દસંયોજનનું મનન કરતાં વિવિધ પ્રકારના ભયોમાંથી કે કોઈ વિશિષ્ટ ભયમાંથી ત્રાણ ઉપજે, એટલે કે રક્ષણ થાય, તેને મંત્ર કહેવાય.

(૩) જે શબ્દસંયોજનના મનનથી પરમતત્ત્વનો બોધ થાય અને જેમાં ચિત્તવૃત્તિઓ તલ્લીન બને, તે મંત્ર કહેવાય.

(૪) જે શબ્દસંયોજનનું મનન કરતાં સમસ્ત વિજ્ઞાનની પ્રાપ્તિ થાય અને સંસારમાંથી ત્રણ સાંપડે, તે મંત્ર કહેવાય.

(૫) મનન કરવા યોગ્ય જે શબ્દ કે શબ્દો સદ્‌ગુરુ વડે ગુપ્ત રીતે શિષ્યને અપાય, તે મંત્ર કહેવાય.

(૬) જે શબ્દસંયોજનનો સિદ્ધ થયેલો પાઠ કરતાં જ કાર્યની સિદ્ધિ થાય, તે મંત્ર કહેવાય.

થોડા વિવેચનથી આ વ્યાખ્યાઓનો મર્મ સમજી શકાશે.

મંત્ર એક પ્રકારનું શબ્દસંયોજન છે, એટલે કે તે એક પ્રકારની વર્ણરચના કે અક્ષરરચના છે. આનો અર્થ

એમ સમજવાનો કે જો વર્ણ કે અક્ષર હોય, તો જ મંત્ર બની શકે, અન્યથા બની શકે નહિ. ભારતવર્ષ તો મંત્રવિદ્યાનું ઉત્પત્તિસ્થાન મનાયેલું છે અને તેમાં વર્ણમાલાનો અદ્દ્ભુત વિકાસ થયેલો છે કે જે ખાસ કરીને સંસ્કૃત તથા પ્રાકૃત ભાષામાં વપરાય છે. તેમાં ૧૬ સ્વરો તથા ૩૩ વ્યંજનો મળી કુલ ૪૯ વર્ણો છે. કેટલાક તેમાં ૦૦ ઉમેરી તેની સંખ્યા ૫૦ ની પણ માને છે.

જિનાગમોનાં કેટલાંક સૂત્રો અને વેદના કેટલાક પાઠો વારંવાર મનન કરવા યોગ્ય હોવાથી મંત્ર કહેવાયા છે. અહીં મનનનો અર્થ ચિંતન છે. પણ મંત્રશાસ્ત્રમાં મનન શબ્દ વડે 'જપ' અને 'અર્થભાવના' એ બંને ક્રિયાઓ સમજવામાં આવે છે. તેમાં જપ એ મંત્રાક્ષરોના રટણરૂપ છે અને અર્થભાવના એ મંત્રાક્ષરોના ચિંતનરૂપ છે. તે સંબંધી વધારે વિવેચન આગળ આવશે.

હવે ત્રાણ પર આવીએ. ત્રાણ એટલે ભયના હેતુઓનું નિવારણ, ભયમાંથી રક્ષણ કે બચાવ. દરેક પ્રાણીમાં ભયની સંજ્ઞા હોય છે. તે રીતે મનુષ્યમાં પણ ભયની સંજ્ઞા રહેલી છે અને તેથી જ ઈહિલોકભય, પરલોકભય, આદાનભય, અકસ્માત-ભય, વેદનાભય, મરણભય અને અશ્લોકભય, એ સાત પ્રકારના ભયો* નિરંતર સતાવ્યા કરે છે.

---

* આ સાત ભયોના અર્થવિવેચન માટે જુઓ 'અમારું રચેલું ' લોગસ્સમહાસૂત્ર '–પ્રકરણ અગિયારમું.

મંત્ર-તંત્ર વિશારદોએ ભયના સોળ પ્રકારો નીચે પ્રમાણે માનેલા છે :

(૧) સલિલભય—પાણીનાં પૂર વગેરેનો ભય.

(૨) અનલભય—ઉલ્કાપાત, દાવાનલ, આગ વગેરેનો ભય.

(૩) **વિષભય**-સ્થાવર-જંગમ ઝેરનો ભય.

(૪) **વિષધરભય**-વિવિધ જાતિના સાપો તથા અજગરોનો ભય.

(૫) **ગ્રહભય**-ગોચરમાં રહેલા દુષ્ટ ગ્રહો તરફનો ભય.

(૬) **રાજભય**-રાજા કે રાજ્ય તરફનો ભય. ઈન્કમટેક્ષ, સેલટેક્ષ તથા કાળાં બજાર વગેરે અંગે પડતી સરકારી ધાડોનો સમાવેશ આ ભયમાં થાય છે. બંધન ભય તથા કારાગારભય પણ આ પ્રકારમાં જ સમાવેશ પામે છે.

(૭) **રોગભય**-જુદા જુદા પ્રકારના રોગો થવાનો ભય.

(૮) **રણભય**-યુદ્ધ કે લડાઈનો ભય.

(૯) **રાક્ષસભય**-રાક્ષસો કે અસુરો તરફનો ભય.

(૧૦) **રિપુભય**-શત્રુઓ તરફનો ભય.

(૧૧) **મારીભય**-મરકી, કોલેરા આદિ જીવલેણ રોગચાળો ફાટી નીકળવાનો ભય,

(૧૨) **ચૌરભય**-ચોર, ડાકુ, લૂંટારા તરફનો ભય.

(૧૩) **ઇતિ ભય**–ખેતીને નુકશાન પહોંચાડનારી ઘટનાઓને ઇતિ કહેવામાં આવે છે. તેના સાત પ્રકારો આ પ્રમાણે મનાયેલા છે: (૧) અતિવૃષ્ટિ–વરસાદ ઘણો પડવો. (૨) અનાવૃષ્ટિ–વરસાદ ન પડવો. (૩) સૂડા પડવા. (૪) ઊંદર પડવા. (૫) તીડ પડવા સૂડા, ઊંદર અને તીડ પડે તો ઊભો પાક ખાઈ જાય છે અને તેથી ખેતીને ઘણું જ નુકશાન થાય છે. (૬) સ્વચક્રભય એટલે બળવો ફાટી નીકળવો અને (૭) પરચક્રભય એટલે શત્રુ સૈન્યની ચડાઈ થવી. બળવો ફાટી નીકળતાં ખેતીનું કામ અસ્તવ્યસ્ત થઇ જાય છે અને શત્રુસૈન્ય પાકને સળગાવી દે છે કે બીજી રીતે તેનો નાશ કરે છે.

(૧૪) **શ્વાપદભય**–સિંહ, વાઘ, ચિત્તા, રીંછ વગેરે શિકારી પશુઓ તરફનો ભય. હાથીની ગણના શ્વાપદમાં થતી નથી, પણ તેના તરફના ભયને આમાં જ ગણી લેવો.

(૧૫) **ભૂતાદિભય**–ભૂત, પ્રેત, વ્યંતર આદિનો ભય.

(૧૬) **શાકિનીભય**–શાકિની, ડાકિની આદિનો ભય.

જે શબ્દસંયોજનનું મનન કરતાં ઉપર્યુક્ત સાત કે સોળ ભયોમાંથી રક્ષણ મળે, તેને મંત્ર સમજવાનો છે. નમસ્કારનો પાઠ, પૂરું ઉવસગ્ગહરં સ્તોત્ર અને ભક્તામર-સ્તોત્રની કેટલીક ગાથાઓ તેમની ભયનિવારક શક્તિને લીધે મંત્રરૂપ ગણાયેલ છે.

ત્રીજી વ્યાખ્યામાં પરમ તત્ત્વનો ઉલ્લેખ થયેલો છે, તેનો અર્થ જુદા જુદા સંપ્રદાયોએ જુદો જુદો ઘટાવ્યો છે. જૈન દૃષ્ટિએ તો સકલ કર્મથી રહિત એવો શુદ્ધાત્મા કે પરમાત્મા એ જ પરમ તત્ત્વ છે. જે શબ્દસંયોજનના મનન વડે તેનું અનુસંધાન થાય, અને તેમાં ચિત્તવૃત્તિઓની તલ્લીનતા રહે, તેને મંત્ર સમજવાનો છે. આ વ્યાખ્યા વિશિષ્ટ કોટિના મંત્રોને જ લાગુ પડે છે, પણ તે મંત્રશક્તિની મહત્તા પ્રકાશનારી હોઈ અત્રે આપવામાં આવી છે.

અહીં કદાચ કોઈ એમ કહેશે કે 'શું મંત્રમાં આટલી શક્તિ હોઈ શકે ખરી? આવું કાર્ય તો યોગસાધનાથી બની શકે,' પરંતુ મંત્રોપાસના એક જાતની યોગસાધના જ છે, એ ભૂલવાનું નથી. પ્રાચીન કાલમાં મંત્રોપાસનાની જે પદ્ધતિ અમલમાં હતી, તેને મંત્રયોગ કહેવામાં આવતો કે જેનો પરિચય અમે '**મંત્ર દિવાકર**' તથા '**આત્મદર્શનની અમોઘ વિદ્યા**' નામના અમારા ગ્રંથોમાં આપેલો છે. તંત્રગ્રંથોમાં એ વસ્તુ સ્પષ્ટ કરવામાં આવી છે કે–

**मन्त्राभ्यासेन योगेन, ज्ञानं ज्ञानाय कल्पते।**
**न योगेन विना मन्त्रो, न मन्त्रेण विना हि सः ॥**

'મંત્રાભ્યાસ અને યોગના જ્ઞાન દ્વારા જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. યોગ વિના મંત્ર સફલ થતો નથી અને મંત્ર વિના યોગ સફલ થતો નથી.' તાત્પર્ય કે મંત્રોપાસના અને યોગસાધના એ બંને પરસ્પર સંકળાયેલી વસ્તુ

છે. આ વસ્તુ ઉપાસના અંગે થનારી વિચારણામાં વધારે સ્પષ્ટ થશે.

મંત્રસંપ્રદાય એવો છે કે સદ્‌ગુરુ શિષ્યની યોગ્યતા જોઈને નિર્ધારિત સમયે–નિર્ધારિત મુહૂર્તે તેના જમણા કાનમાં ત્રણવાર અમુક શબ્દની ફૂંક મારે અને શિષ્ય તેને મંત્ર સમજીને તેનું શ્રદ્ધાપૂર્વક મનન કરે. આ શબ્દનું મનન કરતાં એટલે કે તેનો જપ અને તેની અર્થભાવના કરતાં શિષ્યના અંતરમાં રહેલો અજ્ઞાનનો પડદો ચીરાઈ જાય છે અને જ્ઞાન–વિજ્ઞાનનો ઝળહળાટ થાય છે. તેના લીધે તેને સમસ્ત સંસારનું સ્વરૂપ સમજાય છે અને તેમાંથી છૂટી જવાની વૃત્તિ–પ્રવૃત્તિ બળવાન બનતાં તે કાયમને માટે સંસારમાંથી છૂટી જાય છે.

એક ભદ્રિક મનુષ્યે સંસાર છોડી સાધુજીવનનો સ્વીકાર કર્યો. આ સાધુને બીજું જ્ઞાન તો હતું નહિ, એટલે તેઓ સાધુ–મહાત્માઓનું વૈયાવૃત્ય કરવામાં પોતાનો સમય પસાર કરવા લાગ્યા. એક વખત તેમણે પોતાના ગુરુને કહ્યું: ‘ હું શાસ્ત્ર–સિદ્ધાંત ભણી શકું એમ નથી કે ઉપવાસાદિ તપશ્ચર્યા પણ કરી શકું એમ નથી, તો કૃપા કરીને મને એવો કોઈ મંત્ર આપો કે જેનો જપ હું કર્યા કરું અને એ રીતે મારા આત્માનું કલ્યાણ કરી શકું.’ ગુરુએ બધી પરિસ્થિતિનો વિચાર કરીને તેમને કહ્યું કે ‘તમે ‘ મા રુષ મા તુષ’ મંત્રનો જપ કરો. જ્યાં સુધી આ મંત્રનો જપ ચાલે ત્યાં

સુધી તમારે કોઈ પર રોષ કરવો નહિ કે કોઈ પર રાગ કરવો નહિ.' આ સાધુએ તેનો શ્રદ્ધાપૂર્વક સ્વીકાર કર્યો.

પછી તેઓ એ જપ કરવા લાગી ગયા. તેમાં એવી તો લગની લાગી કે તેઓ આહાર-પાણી વાપરવાનું પણ ભૂલી ગયા. પરંતુ એમ કરતાં તેમને નિદ્રા આવી ગઈ. હવે નિદ્રા પૂરી થયા પછી પાછો તેમણે જપ શરુ કર્યો, પરંતુ સ્મરણશક્તિની મંદતાના કારણે તેઓ તેમાંના બે અક્ષરો ભૂલી ગયા અને 'માષ તુષ' 'માષ તુષ' એ રીતે જપ કરવા લાગ્યા.

સૈદ્ધાંતિક દૃષ્ટિએ તો આ પ્રકારના મંત્રજપનું ફલ કંઈ પણ મળી શકે નહિ, પણ તેમની બળવાન શ્રદ્ધા અને અંતરની શુદ્ધિ કામ કરી ગઈ. એ જપ વડે તેમના અજ્ઞાનનો પડદો ચીરાયો અને સમસ્ત વિશ્વના સ્વરૂપનો પ્રકાશ કરનારું કેવલજ્ઞાન (ત્રિકાલજ્ઞાન) પ્રાપ્ત થયું. જેમને કેવલજ્ઞાન પ્રાપ્ત થાય છે, તેઓ સંસારસાગર અવશ્ય તરી જાય છે, એ રીતે તેઓ સંસારસાગર તરી ગયા.

આ દૃષ્ટાંત આપવાદિક છે, એટલે કે કદાચિત્ જ બને એવું છે, પણ તેનો સાર એ છે કે ગુરુએ જે શબ્દો મનન કરવા માટે આપ્યા હોય, તે મંત્રનું કામ કરે છે.

વીસમી સદીની વાત કરીએ તો શ્રીનારાયણ સ્વામીનો જમણો કાન ગુરુએ 'બદરી વિશાલ' એ શબ્દ વડે ફૂંક્યો હતો, એટલે તેઓ એ જ શબ્દને મંત્ર માની અનન્ય શ્રદ્ધાપૂર્વક તેનો જપ કરતા હતા.

તેમણે આ મંત્રની યોગ્યતા કે ફલદાયકતા સંબંધી કદી તર્કવિતર્ક ન કરતાં તેની ઉપાસના ચાલુ રાખી અને તે ક્યાં સુધી? પૂરાં બાર વર્ષ. ત્યાર પછી એક મધ્યરાત્રિએ નર્મદાકિનારે જ્યારે તેઓ આ મંત્રજપ કરી રહ્યા હતા, ત્યારે બદરીનાથનાં સાક્ષાત્ દર્શન થયાં અને તેમણે હાથ ઊંચો કરી આશીર્વાદ આપતાં તેમને વચનસિદ્ધિ પ્રાપ્ત થઈ. તે પછીનું શેષ જીવન તેમણે એક વચનસિદ્ધ મહાત્મા તરીકે એ જ સ્થળે વીતાવ્યું અને પોતાની સિદ્ધિ વડે હજારો લોકો પર ઉપકાર કર્યો. તાત્પર્ય કે ગુરુએ જે શબ્દો મનન કરવા માટે આપ્યા હોય, તે પણ મંત્રનું કામ કરે છે.

શબ્દરચના તો અનેક પ્રકારે થાય છે, પણ તે બધી મંત્રરૂપ હોતી નથી. તાત્પર્ય કે જે શબ્દમાં અધિકારી પુરુષો વડે દૈવી અંશ કે દૈવી શક્તિ મૂકાયેલ હોય, તે [1]મંત્રરૂપ બને છે અને તેના વડે કાર્યસિદ્ધિ થાય છે.

સાતમી વ્યાખ્યા મુખ્યત્વે તો મંત્ર અને વિદ્યાનો તફાવત જણાવવા માટે યોજાયેલી છે, પણ તે જાણવા જેવી હોવાથી અહીં રજૂ કરેલી છે. આ વ્યાખ્યાનું તાત્પર્ય એ છે કે કાર્યસિદ્ધિ બે પ્રકારે થાય છે: એક મંત્રથી અને બીજી વિદ્યાથી. તે બંનેમાં વિશિષ્ટ વર્ણોનું સંયોજન હોય છે,

---

૧. આ વાત એકાંતે ન સમજવી. દૈવી અંશ શક્તિ વિનાના શબ્દમંત્રો પણ શાબ્દિક તાકાતથી ઈષ્ટ વાતાવરણને સર્જે છે અને ઈષ્ટસિદ્ધિ પણ આપે છે. જેમ કે નવકારમંત્ર. ય. દે.

પણ તે સિદ્ધ થયા પછી જેનો પાઠ કરતાં જ કાર્યસિદ્ધિ થાય, તે મંત્ર જાણવો અને અનુષ્ઠાન કરતાં કાર્યસિદ્ધિ થાય, તે વિદ્યા જાણવી. પરંતુ આ ભેદ પાછળથી જળવાયો નથી, એટલે કે મંત્ર અને વિદ્યાને સમાન માની, તેનો એક-બીજાના પર્યાય તરીકે ઉપયોગ થયેલો છે.

આ વ્યાખ્યાઓ ઉપરાંત તંત્રગ્રંથોમાં એક વ્યાખ્યા એવી પણ જોવામાં આવી છે, કે જેના વડે મનનું ત્રાણ થાય એટલે કે મનનું રક્ષણ થાય, તેને મંત્ર સમજવો. આપણા મનઃપ્રદેશ પર બે વસ્તુઓ હુમલો કરી રહી છે: એક વૃત્તિઓની મલિનતા અને બીજી વૃત્તિઓની ચંચલતા. જો તેમાંથી રક્ષણ મળે તો મન શુદ્ધ અને સ્થિર થઈ જાય અને પરિણામે આપણા અંતરમાં જે અનેકવિધ શક્તિઓ છૂપાઈને રહી છે, તેનો વિકાસ થવા માંડે. છેવટે તેનાથી આત્મદર્શન પણ થાય અને પરમપદે પહોંચી શકાય. એટલે આ વ્યાખ્યા પણ મહત્ત્વની છે અને તે મંત્રશક્તિને યોગ-શક્તિની કક્ષામાં મૂકી દે છે.

'ॐ ह्रीँ अर्हँ नमः' એ પાઠ વર્ણોનું એક પ્રકારનું વિશિષ્ટ સંયોજન છે; અને તેનું મનન કરતાં મન શુદ્ધ તથા સ્થિર થાય છે, વિવિધ ભયોમાંથી ત્રાણ એટલે રક્ષણ સાંપડે છે અને છેવટે સંસારસાગર તરી શકાય છે, તેથી તેને મંત્રત્વ પ્રાપ્ત થયેલું છે, એટલે કે તેની ગણના મંત્રમાં થાય છે.

[૪]

# અર્હં મંત્રની વિશેષ ઓળખાણ

અર્હં મંત્રની ઓળખાણ અપાઈ ગઇ, હવે તેની વિશેષ ઓળખાણ આપીશું. અર્હં મંત્ર અંગે જાણવા જેવું ઘણું છે, પણ તે બધું એકી સાથે જાણી શકાય નહિ. તે ક્રમેક્રમે જ જાણી શકાય. તે માટે પ્રસ્તુત ગ્રંથનાં અનેક પ્રકરણો પાડવામાં આવ્યાં છે અને તેમાં પ્રથમ અર્હં મંત્ર સંબંધી અને પછી તેની ઉપાસના–આરાધના–સાધના સંબંધી જાણવા જેવી અનેક હકીકતો રજૂ કરવામાં આવી છે. પાઠકમિત્રોએ તે ક્રમશઃ શાંત–સ્થિર ચિત્તે વાંચવી ઘટે છે.

કેટલાક પાઠકમિત્રો થોડું અહીંથી વાંચે છે, થોડું તહીંથી વાંચે છે અને ગ્રંથને બંધ કરે છે. વળી તેમની મરજી પ્રમાણે પાનાં ઉઘાડે છે અને કેટલુંક વાંચન કરીને ગ્રંથ મૂકી દે છે. પરંતુ ગ્રંથવાચનની આ સાચી રીત નથી. તેનાથી વિષયનો વ્યવસ્થિત બોધ થતો નથી કે જે આગળ

વધવા માટે, પ્રગતિ સાધવા માટે કે જીવનને ઉજાળવા માટે અતિ જરૂરી છે.

જે બોધ અટલે જ્ઞાન વ્યવસ્થિત એટલે પદ્ધતિસર મેળવેલું હોતું નથી, તે અધૂરું હોય છે, અપૂર્ણ હોય છે અને તેથી કાર્યસિદ્ધિ માટે સમર્થ બનતું નથી. કેટલાક કહે છે કે 'ન્હાયા એટલું પુણ્ય.' પરંતુ ઔષધિ, મંત્ર આદિની બાબતમાં એવું નથી. તેમાં આવશ્યક જ્ઞાન મેળવ્યા પછી જ આગળ ડગલું ભરાય છે, નહિ તો લાભને બદલે નુકશાન થાય છે અને કેટલીક વાર તે નુકશાન એટલું મોટું હોય છે કે તે ભરપાઈ થઈ શકે જ નહિ. તે અંગે અમારી જાણનો એક દાખલો અહીં રજૂ કરીશું.

એક મનુષ્ય દમનો દર્દી હતો. તેને દમનો હુમલો અવારનવાર થયા કરતો, પણ એક કુશલ ડોકટર તેને અમુક પ્રકારનું ઇંજેકશન આપતા કે તેને આરામ થઈ જતો. હવે એક વાર તેને દમનો ભારે હુમલો થયો, એટલે તેનો પુત્ર પેલા ડોકટરને તેડવા તેમના દવાખાને આવ્યો, પણ યોગાનુયોગ ડોકટર ત્યાં હતા નહિ અને તે ક્યારે આવશે, એ પણ જાણી શકાય એવું હતું નહિ. તેથી પુત્રે તેમના કંપાઉન્ડરને કહ્યું : 'ડોકટર મારા પિતાજીને કયું ઇંજેકશન આપતા હતા, એ તો તમે જાણતા જ હશો, માટે ભલા થઈને એ ઇંજેકશન લઈને મારી સાથે ચાલો અને મારા પિતાજીને આપો. નહિ તો એ બિચારા હેરાન–પરેશાન થઈ જશે.'

કંપાઉન્ડરે કહ્યું: 'એ ઈંજેકશનની મને ખબર છે, પણ ઈંજેકશન આપવાનું કામ મારું નથી.' પુત્રે કહ્યું: 'એ કામ તમારું ભલે ન હોય, પણ અવસર ઓળખી મારી વિનંતિનો સ્વીકાર કરો. તમને હું ખુશ કરીશ.' આમ થોડી રકઝક થયા પછી કંપાઉન્ડર પેલું ઈંજેકશન લઇને તેની સાથે ગયો અને તેના પિતાને એ ઈંજેકશન આપી દવાખાને પાછો ફર્યો.

આ ઘટનાને માત્ર પંદર વીશ મીનીટ થઈ હશે કે પેલા પુત્રનો ફોન આવ્યો. કંપાઉન્ડરે તે હાથમાં લીધો. સામેથી પ્રશ્ન પૂછાયો કે 'તમે મારા પિતાજીને ઈંજેકશન આપવામાં કંઈ ભૂલ તો નથી કરીને!' કંપાઉન્ડરે કહ્યું: 'ડોકટર સાહેબ તમારા પિતાજીને જે ઈંજેકશન આપતા હતા, તે જ ઈંજેકશન મેં આપેલું છે. પરંતુ તમારે આવો પ્રશ્ન કેમ પૂછવો પડયો?' પુત્રે કહ્યું: 'મારા પિતાજી છેલ્લા શ્વાસ લઈ રહ્યા છે. હવે ડોકટરને, જ્યાં હોય ત્યાંથી શોધીને, મારા ઘરે તરત મોકલો.'

થોડી વારે ડોકટર દવાખાને આવ્યા, ત્યારે કંપાઉન્ડરે બનેલી બધી હકીકત કહી સંભળાવી. આથી ડોકટર અત્યંત નારાજ થયા અને કપાલે હાથ મૂકીને બોલ્યા કે 'Little knoledge is dangerou thing–અલ્પજ્ઞાન એ ભયંકર વસ્તુ છે.' તમને કયું ઈંજેકશન અપાતું હતું, તેની ખબર હતી, પણ તે કેટલું અપાતું હતું, તેની ખબર ન હતી. તેનું જ આ ભયંકર પરિણામ આવ્યું છે. હું

આ દર્દીની શારીરિક હાલત જોઈને તેને અધું ઇંજેકશન આપતો હતો અને અધું ઢોળી નાખતો હતો.'

પેલા કંપાઉન્ડરે તેમના પગ પકડી લીધા અને અશ્રુભરી આંખે પોતાને બચાવી લેવાની વિનંતિ કરી. પછી ડૉકટર પેલા દર્દીને ત્યાં ગયા અને બધું કામ ચતુરાઈથી પાર પાડ્યું, પણ પેલા દર્દીની જીંદગી તો ગઈ તે ગઈ જ.

અહીં પ્રાસંગિક બીજો પણ દાખલો જણાવી દઈએ. તે મંત્રસાધના અંગેનો છે. મુંબઈના એક સુશિક્ષિત ગૃહસ્થ તંત્રવિદ્યામાં ઘણો રસ લે છે અને તાંત્રિક પદ્ધતિ પ્રમાણે કેટલીક સાધના પણ કરે છે. તેમણે એકવાર અમુક લાખ મંત્ર વડે એક યોગિનીની સાધના કરી અને તે યોગિની હાજર પણ થઈ. તેણે કહ્યું: 'પ્રથમ મારા કપાલમાં કંકુનો ચાંલ્લો કર.' હવે તેઓ વિચારમાં પડી ગયા કે તેને ચાંલ્લો કરવો કે નહિ? વળી તેમને આવી કોઈ વાત ઊભી થશે, એની જાણકારી ન હતી, એટલે તેમણે તેને લગતી કોઈ સામગ્રી હાજર રાખી ન હતી. પરિણામે યોગિની તરત અદૃશ્ય થઈ ગઈ અને તેમનું ધર્યું સોનું ધૂળ થયું. તેથી મંત્ર અને મંત્રોપાસનાની બાબતમાં આવશ્યક બધું જ્ઞાન મેળવી લેવાની જરૂર છે.

હવે અર્હં મંત્રની રચના પર આવીએ. તેમાંનો પહેલો અક્ષર ૐ એક પ્રકારનો બીજાક્ષર છે, બીજો અક્ષર હ્રીં પણ એક પ્રકારનો બીજાક્ષર છે અને ત્રીજો અક્ષર अर्हं પણ એક પ્રકારનો બીજાક્ષર છે. પણ તે જુદા જુદા

હેતુથી વપરાયેલા છે. તેમાંના ચોથા અને પાંચમા અક્ષર વડે નમઃ એવું પદ બને છે, તે અહીં પલ્લવ તરીકે યોજાયેલું છે.

અત્ર પ્રશ્ન થવો સ્વાભાવિક છે કે 'બીજાક્ષર એટલે શું? પલ્લવ એટલે શું? અને તેની મંત્રરચનામાં શી ઉપયોગિતા છે?' તેનો ઉત્તર એ છે કે 'જે મંત્રબીજવાળો અક્ષર, તે બીજાક્ષર; તે મંત્રમાં વિશિષ્ટ શક્તિ ઉત્પન્ન કરવા માટે ઉપયોગી છે. પલ્લવ એટલે મંત્રના છેડે આવેલું વિશિષ્ટ પદ કે જે મંત્રની પ્રકૃતિ નિર્માણ કરવામાં ઉપયોગી છે.'

થોડા વિવેચનથી આ વસ્તુનો સ્પષ્ટ ખ્યાલ આવી જશે. મંત્ર-તંત્ર-વિશારદોનું એવું મંતવ્ય છે કે વર્ણ-માલાનો પ્રત્યેક વર્ણ મંત્ર છે, કારણ કે તેનું મનન કરતાં વિશિષ્ટ શક્તિનો પ્રાદુર્ભાવ થાય છે અને તેથી વિવિધ પ્રકારના ભયોમાંથી રક્ષણ મળે છે કે ઈષ્ટકર્મની સિદ્ધિ થાય છે. પરંતુ આ વર્ણને અનુસ્વાર લગાડ્યા પછી તેનું મનન કરવાનું હોય છે, જેમકે-अँ आँ इँ ईँ कं खं गं વગેરે. વળી હ્રીંકારથી પુટ્રિત કરીને તેનો જપ કરતાં શીઘ્ર ફલપ્રાપ્તિ થાય છે, તે આ પ્રમાણે:

હ્રીં अँ હ્રીં, હ્રીં आँ હ્રીં, હ્રીં इँ હ્રીં વગેરે.

વર્ણમંત્રની શક્તિ જુદા જુદા તંત્રોમાં જુદી જુદી રીતે વર્ણવાયેલી છે, પરંતુ અહીં જૈન મહર્ષિકૃત '**મંત્ર-વ્યાકરણ**'ના આધારે તેનો ખ્યાલ આપીશું.

अ–મૃત્યુનાશક છે.

आ–આકર્ષણ કરનાર છે.

इ–પુષ્ટિકર છે.

ई–આકર્ષણ કરનાર છે.

उ–બલ આપનાર છે.

ऊ–ઉચ્ચાટન કરનાર છે.

ऋ–ક્ષોભણ કરનાર છે, એટલે કે ક્ષોભ ઉપજાવનાર છે.

ॠ–મોહન કરનાર છે.

ऌ–વિદ્વેષણ કરનાર છે.

ॡ–ઉચ્ચાટન કરનાર છે.

ए–વશ્ય છે.

ऐ–પુરુષને વશ કરનાર છે.

ओ-લોકને વશ કરનાર છે.

औ-રાજ્યને વશ કરનાર છે.

अं–હાથીને વશ કરનાર છે.

अः–મૃત્યુનો નાશ કરનાર છે.

क–વિષબીજ છે.

ख–સ્તોભબીજ છે.

ग–ગણપતિબીજ છે.

घ–સ્તંભનબીજ છે. મારણબીજ તરીકે પણ તેની

પ્રસિદ્ધિ છે. જો મંત્રના છેડે ઘે ઘે એવા અક્ષરો આવતા હોય તો સમજવું કે તે મારણમંત્ર છે.

ङ–અસુરબીજ છે.

च–સુરબીજ છે. અન્યત્ર તેને ચંદ્રબીજ પણ માનવામાં આવ્યું છે.

छ–લાભબીજ છે તથા મૃત્યુનાશક છે.

ज–બ્રહ્મરાક્ષસબીજ છે.

झ–ચંદ્રબીજ છે તથા રાજાને વશ કરનારું છે.

ञ–મોહનબીજ છે.

ट–ક્ષોભણબીજ છે અને ચિત્તને કલંકિત કરનારું છે.

ठ–ચંદ્રબીજ છે.

ड–ગરુડબીજ છે.

ढ–કુબેરબીજ છે.

ण–અસુરબીજ છે.

त–અષ્ટવસ્તુ બીજ છે.

थ–યમબીજ છે તથા મૃત્યુભયનો નાશ કરે છે.

द–દુર્ગાબીજ છે તથા વશ્ય અને પુષ્ટિકર છે.

ध–સૂર્યબીજ છે તથા યશ અને સુખ આપનાર છે.

न–જ્વરબીજ છે અને જ્વરનો નાશ કરનારું છે.

प–વીરભદ્રબીજ છે અને સર્વે વિઘ્નોનો નાશ કરનારું છે.

फ-વિષ્ણુબીજ છે.

ब-બ્રહ્મબીજ છે.

भ-ભદ્રકાલીનું બીજ છે અને ભૂત, પ્રેત તથા પિશાચોના ભયનું ઉચ્ચાટન કરનારું છે.

म-માલા, અગ્નિ અને રુદ્રનું બીજ છે તથા સ્તંભન, મોહન અને વિદ્વેષણ કરનારું છે.

य-વાયુબીજ છે અને ઉચ્ચાટન કરનારું છે.

र-અગ્નિબીજ છે અને ઉગ્ર કર્મ કરનારું છે.

ल-ઇન્દ્રબીજ છે તથા ધન, ધાન્ય અને સંપત્તિ વધારનારું છે.

व-વરુણબીજ છે અને વિષ તથા મૃત્યુનો નાશ કરનારું છે.

श-લક્ષ્મીબીજ છે.

ष-સૂર્યબીજ છે તથા ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આપનારું છે.

स-વાગ્બીજ અને જ્ઞાનસિદ્ધિ તથા વચનસિદ્ધિ આપનારું છે.

ह-શિવબીજ છે. અન્યત્ર તેને ગગનબીજ પણ માનવામાં આવ્યું છે.

क्ष-પૃથ્વીબીજ તથા નૃસિંહબીજ છે.

'**મંત્રવ્યાકરણ**'માં આ પ્રત્યેક વર્ણનાં વિશિષ્ટ લક્ષણો બતાવવામાં આવ્યાં છે.

પરંતુ માત્ર વર્ણની ઉપાસના કરવાની પદ્ધતિ આજે પ્રચારમાં નથી અને કાર્યસિદ્ધિ માટે કોઈપણ મંત્રને જ પસંદ કરવામાં આવે છે કે જેમાં બીજાક્ષરોની મહત્તા છે. જેમ બીજમાં સૂક્ષ્મરૂપે વૃક્ષ છૂપાયેલું હોય છે, તેમ આ બીજાક્ષરોમાં સૂક્ષ્મરૂપે શક્તિ છૂપાયેલી હોય છે અને તે જપ, ધ્યાન તથા અનુષ્ઠાનાદિથી પ્રકટ થાય છે. આવા બીજાક્ષરો અનેક છે, તેમાંના ત્રણ બીજાક્ષરો અહીં યોજાયેલા છે: ૐ, હ્રીં અને અર્હં. આ દરેક બીજનો અહીં પરિચય કરાવીશું.

ૐ (ओम्)–આ બીજાક્ષરને અનેક પ્રકારની સંજ્ઞાઓ પ્રાપ્ત થયેલી છે. જેમકે–તેજસ્, ભક્તિ, વિનય, પ્રણવ, બ્રહ્મ, પ્રદીપ, વામ, વેદ, કમલ, અગ્નિ, ધ્રુવ, વર્તુલ, તાર, મન્ત્રાદ્ય, આદ્ય, સત્ય, બિંદુ, શક્તિ, પંચદેવ, પંચાંશ, સાવિત્રી, વેદસાર, વેદબીજ, પંચરશ્મિ, ત્રિકૂટ, વૈભવ વગેરે.

જૈન દૃષ્ટિએ તેની રચના अ + अ + आ + उ + म् એ પંચપરમેષ્ઠીના પાંચ આદ્ય અક્ષરો વડે થયેલી છે, તે આ પ્રમાણે: અરિહંતના પ્રથમાક્ષર अ અને અશરીરીના પ્રથમાક્ષર अ ની સંધિ થતાં आ બને છે. અહીં અશરીરીથી સિદ્ધ ભગવંત સમજવાના છે, કેમકે તેમને કોઇ પણ પ્રકારનું શરીર હોતું નથી. તેઓ નિરંજન–નિરાકાર હોય છે. आ અને આચાર્યના પ્રથમાક્ષર आ ની સંધિ થતાં आ જ રહે છે. આ आ ની ઉપાધ્યાયના પ્રથમાક્ષર उ ની સાથે સંધિ થતાં ओ બને છે અને તેની સાથે

મુનિનો મ્ જોડાતાં ओम्-ॐ એવો શબ્દ તૈયાર થાય છે. અહીં મુનિ શબ્દથી સાધુ સમજવાના છે. સાધુ, શ્રમણ, મુનિ, ભિક્ષુ વગેરે એકાર્થી શબ્દો છે. તાત્પર્ય કે ૐકાર એ પંચપરમેષ્ઠીનો પ્રતિનિધિ છે, તેથી પંચપરમેષ્ઠી જેટલો જ પવિત્ર છે.

શાસ્ત્રાધ્યયન, વિદ્યાસાધના, મંત્રોપાસના તથા અન્ય કોઇ પણ માંગલિક કાર્ય કરતાં પહેલાં પંચપરમેષ્ઠીનું સ્મરણ કરવાનો શાસ્ત્રીય આદેશ છે, એટલે મંત્રરચનામાં તેના પ્રતિનિધિરૂપ ૐકારને પ્રથમ મૂકવામાં આવે છે. અન્ય સંપ્રદાયોએ પણ તેને ઈશ્વર કે પરમેશ્વરનો સંકેત માનેલો છે, એટલે તેઓ પણ મંત્રરચનામાં ૐકારને પ્રથમ મૂકવાના મતના છે. આ રીતે ૐકારને મંત્રાદ્ય કે આદ્યની સંજ્ઞા પ્રાપ્ત થયેલી છે.

મંત્રવિશારદોએ ૐકારને મંત્રસેતુ પણ માનેલો છે. મંત્રસેતુ એટલે મંત્રની શક્તિનું અનુસંધાન કરી આપનાર. આનો અર્થ એમ સમજવાનો કે મંત્રની આદિમાં જો ૐકાર મૂકાય તો જ મંત્રની શક્તિનું જાગરણ થાય છે, અન્યથા તે સુપ્ત રહે છે. આ દૃષ્ટિએ જૈન મંત્રો તથા વૈદિક મંત્રોની આદિમાં પ્રાયઃ ૐ મૂકાય છે.

અહીં પ્રાયઃ શબ્દનો પ્રયોગ કરવાનું કારણ એ છે કે કેટલાક પ્રાચીન મંત્રોની આદિમાં ૐ હોતો નથી. દાખલા તરીકે नमो अरिहंताणं, नमो सिद्धाणं આદિ પાંચ પદોની આદિમાં ૐકાર નથી. વળી પુરુષાદાનીય શ્રી પાર્શ્વનાથ

ભગવાનનો પ્રાચીન મંત્ર જે ‘ વિષધર-સ્ફુલિંગ ’ નામથી પ્રસિદ્ધ છે, તેની આદિમાં પણ ૐકાર નથી. તેનો અઢાર અક્ષરવાળો પાઠ આ પ્રમાણે યોજાયેલો છે : ‘ नमिऊण पास विसहर वसह जिणफुलिंग.’ એટલે અમારું માનવું એવું છે કે માંત્રિક યુગમાં ૐકારને ભારે પ્રતિષ્ઠા મળી અને ત્યાર પછી તેનો મંત્રસેતુ તરીકે ઉપયોગ થવા લાગ્યો. એ રીતે નમસ્કારનાં પદોની આદિમાં પણ ૐકાર લાગવા માંડયો અને વિષધર-સ્ફુલિંગ મંત્રની આદિમાં પણ તે લાગવા માંડયો. અહીં એટલી સ્પષ્ટતા જરૂરી છે કે વિષધર-સ્ફુલિંગ મંત્રની આદિમાં માત્ર ૐકાર જ નહિ, પણ ॐ ह्रीँ श्रीँ अर्हँ એ રીતે ચાર મંત્રબીજો લાગવા માંડયા અને તેના છેડે પણ ॐ ह्रीँ श्रीँ अर्हँ नमः કે ॐ ह्रीँ श्रीँ नमःનો સંપુટ થવા લાગ્યો અને એ રીતે એ મંત્ર ‘ ચિંતામણિ-મંત્ર ’ તરીકે પ્રસિદ્ધિમાં આવ્યો કે જેનો પ્રભાવ આજ-પર્યંત અચિંત્ય છે. ગમે તેમ પણ આજે તો ૐકારની બોલબાલા છે અને તેણે સકલ મંત્રસૃષ્ટિમાં પ્રથમ સ્થાન મેળવેલું છે.

વૈદિક દૃષ્ટિએ ૐકાર अ + उ + म् એવા ત્રણ અક્ષરોથી બનેલો છે. આ શબ્દોના અર્થો અનેક રીતે ઘટાવવામાં આવ્યા છે, તેમાં **માંડુક્યોપનિષદ્કારે** તેના અર્થો જાગૃત અવસ્થા, સ્વપ્નાવસ્થા અને સુષુપ્તાવસ્થા ઘટાવી છે કે જે ત્રણ અવસ્થાઓ પ્રાણી માત્રમાં હોય છે. તાત્પર્ય કે તેને જીવનની ત્રણ અવસ્થાના સંકેતરૂપ માનેલો છે.

**શિવપુરાણ-વિદ્યેશ્વરસંહિતાના** મતથી શંકર

ભગવાનના ઉત્તરવર્તી મુખથી અકાર, પશ્ચિમવર્તી મુખથી ઉકાર, દક્ષિણાવર્તી મુખથી મકાર, પૂર્વવર્તી મુખથી બિંદુ અને મધ્યવર્તી નાદથી નાદનું પ્રાકટ્ય થયું છે. આ રીતે પાંચ અંગો કે અવયવોથી યુક્ત ૐકારનો વિસ્તાર થયેલો છે. ૐકારની એક સંજ્ઞા પંચાંશ છે, તે ઉપર જણાવી ગયા છીએ.

વૈદિક સંપ્રદાયનો એવો અભિપ્રાય છે કે ૐકારમાંથી જ બધા મંત્રો ઉત્પન્ન થયેલા છે.

ૐકાર અને તેની ઉપાસના અંગે અમે '**મંત્ર-ચિંતામણિ**' નામના અમારા ગ્રંથના પ્રથમ ખંડમાં બાર પ્રકરણો લખેલાં છે, તે જિજ્ઞાસુઓએ જરૂર જોઈ જવાં.

હ્રીં-આ બીજાક્ષરને ત્રિલોકેશ, ત્રિમૂર્તિ, લોકરાજ, લોકપતિ, ત્રિદેહ, તત્ત્વ, તંત્રપ્રણવ, બીજેશ, માયા, માયા-તત્ત્વ, શક્તિ, ગિરિજા, હૃલ્લેખા, પરા, સંવિત્, ભુવનેશ્વરી, શિવા, પાર્વતી, પરમેશ્વરી આદિ અનેક સંજ્ઞાઓ પ્રાપ્ત થયેલી છે, તે એની વ્યાપકતા અને લોકપ્રિયતા સૂચવે છે.

જૈનાચાર્યોએ હ્રીંકારનો મહિમા વર્ણવતાં કહ્યું છે કે—

चतुर्विंशतितीर्थेशजैनशक्त्या विभूषितः ।
परमेष्ठिमयश्चैष सिद्धचक्रमयो ह्ययम् ॥
त्रयीमयो गुणमयः सर्वतीर्थमयो ह्ययम् ।
पञ्चभूतात्मको ह्येष लोकपालैरधिष्ठितः ॥

चन्द्रसूर्यादिग्रहयुग् दशदिक्पालपालितः ॥
गृहे तु पूज्यते यस्य तस्य स्युः सर्वसिद्धयः ॥

'જેને ચોવીશ તીર્થંકરોએ જૈન શક્તિથી વિભૂષિત કરેલો છે, જે પંચપરમેષ્ઠિમય છે, સિદ્ધચક્રમય છે, તત્ત્વત્રયીમય છે, ગુણમય છે, સર્વતીર્થમય અને પંચભૂતાત્મક છે, વળી જે લોકપાલોથી અધિષ્ઠિત છે, સૂર્યચંદ્ર આદિ નવગ્રહોથી યુક્ત છે અને દશ દિક્પાલોથી સુરક્ષિત છે, એવો હ્રીँકાર જેના ઘરમાં પૂજાય છે, તેને સર્વસિદ્ધિઓ પ્રાપ્ત થાય છે.'

આનો ભાવાર્થ એવો છે કે હ્રીँકાર એ અત્યંત શક્તિશાળી બીજ છે. જો તેની શક્તિનો પૂરો વિસ્તાર થાય તો તે ત્રણેય ભુવનને આવરી લે એમ છે અને તેથી જ તેને ત્રિલોકેશ કે લોકરાજ આદિ સંજ્ઞાઓ આપવામાં આવી છે.

શ્રી ઋષિમંડલ યંત્રરાજની મધ્યમાં હ્રીँકારને પ્રતિષ્ઠિત કરવામાં આવ્યો છે અને તેમાં ચોવીશ જિનોની સ્થાપના કરવામાં આવી છે, એટલે હ્રીँકારના પૂજન દ્વારા ચોવીશ જિનોનું-તીર્થંકરોનું પણ પૂજન થાય છે, એમ સમજવાનું છે. '**શ્રી ઋષિમંડલ-આરાધના**' નામના અમારા ગ્રંથમાં તેનું વિસ્તૃત વિવેચન જોઈ શકાશે.

**શ્રી ઋષિમંડલસ્તવયંત્રાલેખનમાં** કહ્યું છે કે 'નાદ એ અરિહંત છે, કલા એ સિદ્ધ છે, રકાર સહિત હ

એ આચાર્ય છે, ઈ સ્વર ઉપાધ્યાય છે અને બિંદુ એ સાધુ છે. આ રીતે હ્રીँકાર પંચપરમેષ્ઠીમય છે.'

કેટલાક જૈન ગ્રંથોમાં એમ પણ જણાવ્યું છે કે હ્રીँકારમાં રહેલો ह् એ શ્રી પાર્શ્વનાથ છે, र એ શ્રી ધરણેંદ્ર છે, ई એ શ્રી પદ્માવતીદેવી છે અને म् અર્થાત્ અનુસ્વાર એ તેમના માથે રહેતી ફેણ છે.

તાત્પર્ય કે જૈન ધર્મે હ્રીँકારમાં ચોવીશ તીર્થંકર, પંચપરમેષ્ઠી તથા શ્રી પાર્શ્વનાથ અને ધરણેંદ્ર-પદ્માવતી કલ્પીને તેને અસાધારણ મહત્ત્વ આપ્યું છે. વિશેષમાં તેણે જણાવ્યું છે કે-

हितं जयावहं भद्रं कल्याणं मङ्गलं शिवम् ।
तुष्टिपुष्टिकरं सिद्धिप्रदं निर्वृत्तिकारणम् ॥
निर्वाणाभयदं स्वस्तिशुभधृतिरतिप्रदम् ।
मतिबुद्धिप्रदं लक्ष्मीवर्द्धनं सम्पदापदम् ॥
त्रैलोक्याक्षरमेनं ये संस्मरन्तीह योगिनः ।
नश्यत्यवश्यमेतेषामिहामुत्रभवं भयम् ॥

'ત્રૈલોક્યાક્ષર એટલે હ્રીँકાર સાધકનું હિત કરનારો છે, જયને લાવનારો છે, સુખને આપનારો છે, કલ્યાણને કરનારો છે, વિઘ્નોને દૂર કરી અભીષ્ટની પ્રાપ્તિ કરાવનારો છે, શુભ છે, તુષ્ટિ અને પુષ્ટિ કરનારો છે, સર્વ કાર્યોમાં સિદ્ધિ આપનારો છે, મોક્ષનું કારણ છે, નિર્વાણરૂપી અભયને દેનારો છે, સ્વસ્તિ-શુભ-ધૃતિ-રતિ-મતિ-બુદ્ધિને આપનારો છે, લક્ષ્મીને વધારનારો છે તથા વિવિધ પ્રકારની સંપત્તિ-



જૈન ધર્મનું પ્રવર્તન કરનાર ચોવીશ અરિહંત
ભગવંતોને અમારી કોટિ કોટિ વંદના હો.



અર્હં શબ્દનો વિશિષ્ટ સંકેત
મંત્રશાસ્ત્રોમાં ઉપર પ્રમાણે થયેલો છે.

ઓનું ધામ છે. જે યોગસાધકો તેનું સારી રીતે સ્મરણ કરે છે, તેમનો આ લોક અને પરલોક સંબંધી ઉત્પન્ન થયેલો ભય અવશ્ય નાશ પામે છે.

આ સંયોગોમાં જૈન મહાત્માઓ વડે તેની વિશેષ ઉપાસના થાય, એ સ્વાભાવિક છે. શ્રી જિનદત્તસૂરિએ 'ॐ ह्रीँ नमः' એ હ્રીઁકારવિદ્યાનો સવાક્રોડ જપ કરી ઘણી સિદ્ધિઓ મેળવી હતી. એ જ રીતે બીજા પણ ઘણા મહાત્માઓએ હ્રીઁકારવિદ્યાના જપ વડે સિદ્ધિઓ મેળવ્યાના દાખલાઓ જૈન શાસ્ત્રોમાં નોંધાયેલા છે. આજે પણ જૈન સમાજમાં એવા કેટલાક ઉપાસકો અમારા જોવામાં આવ્યા છે કે જેમણે લાખો પ્રમાણ હ્રીઁકારનો-હ્રીઁકારવિદ્યાનો જપ કરેલો હોય.

જિનશાસનની સુંદર પ્રભાવના કરનાર શ્રી જિનપ્રભ-સૂરિજીએ 'લઘુહ્રીઁકારકલ્પ' રચેલો છે, તેમાં કરેલા ઉલ્લેખ પરથી એમ સમજાય છે કે પૂર્વે આપણે ત્યાં **માયાબીજ-બૃહત્‌કલ્પ** નામનો એક કલ્પ હતો અને તેમાં હ્રીઁકારની સાધના કે ઉપાસનાવિધિ અંગે ઘણી મહત્ત્વપૂર્ણ હકીકતો જણાવેલી હતી.

અન્ય સંપ્રદાયોમાં-ખાસ કરીને દેવી સંપ્રદાયમાં પણ હ્રીઁકારને સારું એવું મહત્ત્વ અપાયેલું છે. તેમણે મહા-શક્તિને ૐકારમયી તથા હ્રીઁકારમયી માનેલી છે. વળી 'हिरण्यवर्णा हरिणी ह्रीँकारी हंसवाहिनी' એ શબ્દો વડે ગાયત્રીને પણ હ્રીઁકારનું ઉપનામ અપાયેલું છે. કેટલાક

તંત્રકારોએ નિરુક્ત પદ્ધતિથી હ્રીંકારનો અર્થ ‘ નિરતિશય આનંદરૂપ ચિત્શક્તિ ’ કર્યો છે, તો કેટલાકે નિરુક્ત પદ્ધતિથી ‘ સ્વપ્રકાશપરમાનંદરૂપિણી ’ એવો પણ કર્યો છે.

અમે ‘શ્રી ઋષિમંડલ’ આરાધના-ઉપરાંત ‘**મંત્રચિંતામણિ**’નામના અમારા ગ્રંથમાં હ્રીંકાર અંગે છ પ્રકરણવાળો ખંડ લખ્યો છે અને ‘ **હ્રીંકારકલ્પતરુ** ’ નામનો એક સ્વતંત્ર ગ્રંથ પણ રચેલો છે કે જેમાં બીજી અનેક હકીકતો ઉપરાંત શ્રી જિનપ્રભસૂરિજીએ રચેલા **હ્રીંકારલઘુ કલ્પનું** અર્થસહ વિવેચન કરેલું છે, તે જિજ્ઞાસુઓએ જોઈ લેવું.

अर्हँ-આ બીજાક્ષરનો ઉપયોગ મુખ્યત્વે જૈન સંપ્રદાયમાં થાય છે. **મંત્રવ્યાકરણમાં** તેને જૈન સકલ કહેવામાં આવ્યું છે અને **તત્ત્વાર્થસારદીપકમાં** તેની જ્ઞાનબીજ તરીકે સ્તવના કરવામાં આવી છે. કેટલાક સ્થળે તેનો ઉલ્લેખ જિનબીજ તરીકે પણ થયેલો છે. આ બીજાક્ષર કે બીજ અંગે ઘણું જાણવા જેવું છે, તે અમે પાંચમા અને છઠ્ઠા પ્રકરણમાં રજૂ કરેલું છે.

આ મંત્રમાં ૐ બીજ મંત્રસેતુ તરીકે વપરાયેલું છે, હ્રીંબીજ સહાયક બીજ તરીકે યોજાયેલું છે અને અર્હંબીજ મુખ્ય બીજ તરીકે સ્થપાયેલું છે. આ મંત્રને અર્હંમંત્ર કહેવાનું કારણ પણ આ બીજાક્ષરની–બીજની મુખ્યતા છે.

અહીં પ્રસંગવશાત્ બીજા પણ અગત્યના બીજાક્ષરોનો થોડો પરિચય મેળવી લઈએ.

ऐं આ પણ એક મહત્ત્વનું બીજ છે. તેને વાગ્-બીજ, તત્ત્વબીજ કે સારસ્વતબીજ પણ કહેવામાં આવે છે અને તેની મુખ્યતાવાળા મંત્રને સારસ્વતમંત્ર કહેવાય છે. તેની ઉપાસના કરતાં બુદ્ધિ–સ્મૃતિ સુધરે છે, વાણીમાં પ્રભાવ આવે છે, કાવ્યો રચવાની શક્તિ ઉત્પન્ન થાય છે અને વાદ-વિવાદમાં જય મેળવી શકાય છે. શ્રીમલ્લવાદિ સૂરિએ સારસ્વતમંત્રની ઉપાસના વડે બૌદ્ધોને વાદમાં હરાવવાની શક્તિ મેળવી હતી, શ્રી બપ્પભટ્ટિસૂરિએ સારસ્વતમંત્રની ઉપાસના વડે અપૂર્વ બુદ્ધિ–સ્મૃતિ–પ્રતિ-ભા પ્રાપ્ત કરીને આમ રાજાના દરબારમાં અતિ માનભર્યું સ્થાન મેળવ્યું હતું અને શ્રી હેમચંદ્રાચાર્યે સારસ્વત મંત્રની ઉપાસના વડે સાડા ત્રણક્રોડ જેટલા શ્લોકો રચવા જેટલી અદ્ભુત વિદ્વત્તા તથા કાવ્યશક્તિ પ્રાપ્ત કરી હતી.

કેટલાક મંદબુદ્ધિવાળા વિદ્યાર્થીઓને સારસ્વતમંત્રની ઉપાસનાથી લાભ થયાના દાખલા અમારી જાણમાં છે. જે વિદ્યાર્થીઓ સારસ્વતમંત્રની ઉપાસના કરી શકે તેમ ન હતા, તેમને સારસ્વતમંત્રથી અભિમંત્રિત કરેલું સારસ્વત ચૂર્ણ વાપરતાં લાભ થયેલો છે.

क्लीं ને કામબીજ તેમજ આકર્ષણબીજ માનવામાં આવ્યું છે; એટલે કે તેની મુખ્યતાવાળા મંત્રનો જપ કરતાં મનુષ્યની કામશક્તિ વધે છે અને અન્ય વ્યક્તિઓનું

આકર્ષણ કરી શકાય છે. એટલે આ પ્રકારના મંત્રની ઉપાસના વિચારીને કરવા જેવી છે.

શ્રીંને લક્ષ્મીબીજ માનવામાં આવ્યું છે, એટલે લક્ષ્મી પ્રાપ્ત કરાવનારા મંત્રોમાં તેની મુખ્યતા હોય છે. આવા મંત્રનો વિશિષ્ટ જપ સ્ત્રીઓને સૌંદર્ય પણ આપે છે.

**क्षिप ॐ स्वाहा**–આ બીજને આકાશબીજ, શત્રુબીજ કે ગરુડના પંચાક્ષર માનવામાં આવ્યા છે, પણ તેનો વિશેષ ઉપયોગ તો પંચભૂતની શુદ્ધિ માટે જ થાય છે. તેમાં क्षि એ પૃથ્વીબીજ, प એ જલબીજ, ॐ એ અગ્નિબીજ, स्वा એ વાયુબીજ અને हा એ આકાશબીજ મનાયેલું છે. તેના પ્રયોગો વગેરે અંગે વિશેષ વિવેચન આગળ કરેલું છે.

'ह्राँ ह्रीँ ह्रूँ ह्रौँ ह्रः' આ પાંચ બીજાક્ષરોના સમૂહને કવચ માનવામાં આવે છે, એટલે કે તેની શરીરના જુદા જુદા ભાગ પર સ્થાપના કરતાં શરીરની રક્ષા થાય છે.

અનુષ્ઠાન આદિમાં તેની અંગૂઠાથી લઈને કનિષ્ઠિકા સુધીની પાંચ આંગળીઓ પર સ્થાપના કરવામાં આવે છે.

हंसः એ સુધાબીજ છે, એટલે વિષનું વારણ કરનારા મંત્રોમાં તેનો ખાસ ઉપયોગ થાય છે. વળી આત્મશક્તિને જાગૃત કરવા માટે પણ તેનો ઉપયોગ થાય છે. આ બીજને ઉલટાવતાં सोहं એવો શબ્દ બને છે, તેનો જપ પરમાત્માનું અનુસંધાન કરવામાં ઉપયોગી મનાયો છે અને કુંડલિની શક્તિ જાગૃત કરવા માટે અતિ મહત્ત્વનો ગણાયો છે.

આ સિવાયના કેટલાક બીજોનો પરિચય '**મંત્ર-વિજ્ઞાન**' અને '**મંત્રદિવાકર**' નામના અમારા ગ્રંથો-માંથી મળી રહેશે.

હવે પલ્લવ પર આવીએ. મંત્રના છેડે આવેલું વિશિષ્ટ પદ કે જે મંત્રની પ્રકૃતિ નિર્માણ કરવામાં ઉપયોગી છે, તે પલ્લવ કહેવાય છે, એવી સ્પષ્ટતા પૂર્વે થઈ ગયેલી છે. આ પ્રકારના પલ્લવોમાં नमः, स्वाहा, स्वधा, वौषट्, संवौषट्, वषट्, हूँ, ठः ठः, फट् અને ઘે ઘે ની મુખ્યતા છે. તેમાં नमः પલ્લવ શાંતિકર્મમાં સહાયક છે, એટલે કે શાંતિકર્મ માટે યોજાયેલા મંત્રના છેડે આવે છે. અહીં શાંતિકર્મથી રોગનું ઉપશમન, આપત્તિઓનું નિવારણ અને ક્લેશની શાંતિ કરનાર વિશિષ્ટ મંત્રાનુષ્ઠાન કે ક્રિયા–પ્રક્રિયા સમ-જવાની છે. એ રીતે नमः પલ્લવ વાળો આ મંત્ર મુખ્યત્વે શાંતિકર્મ માટે–શાંતિ માટે યોજાયેલો છે.

**स्वाहा**–પલ્લવનો ઉપયોગ પુષ્ટિકર્મમાં થાય છે. પુષ્ટિ-કર્મ એટલે પુણ્ય બળની વૃદ્ધિ કરનારું અનુષ્ઠાન કે ક્રિયા–પ્રક્રિયા વિશેષ.

**स्वधा**–આ પલ્લવનો ઉપયોગ પણ પુષ્ટિકર્મમાં થાય છે અને અજૈન વર્ગમાં પિતૃઓને શ્રાદ્ધ નિમિત્તે હવિ આપવામાં પણ થાય છે.

**वौषट्**–આ પલ્લવનો ઉપયોગ આકર્ષણ કર્મમાં થાય છે. આકર્ષણકર્મ એટલે વ્યક્તિ કે વસ્તુને પોતાના તરફ ખેંચી લાવનારું અનુષ્ઠાન કે ક્રિયા–પ્રક્રિયાવિશેષ.

**संवौषट्**–આ પલ્લવનો ઉપયોગ પણ આકર્ષણકર્મમાં થાય છે.

**वषट्**–આ પલ્લવનો ઉપયોગ વશ્યકર્મમાં થાય છે. વશ્યકર્મ એટલે વશીકરણને લગતું અનુષ્ઠાન કે ક્રિયા–પ્રક્રિયા વિશેષ. અહીં વશીકરણથી સ્ત્રીવશીકરણ, પુરુષવશીકરણ, રાજવશીકરણ, લોકવશીકરણ તથા ગજવશીકરણ આદિ સર્વ પ્રકારનાં વશીકરણો સમજવાં.

**हूँ**–આ પલ્લવનો ઉપયોગ વિદ્વેષણકર્મમાં થાય છે. વિદ્વેષણકર્મ એટલે બે મિત્રો કે સ્નેહીજનોને છૂટા પાડવાને લગતું અનુષ્ઠાન કે ક્રિયા–પ્રક્રિયા વિશેષ. બે શત્રુઓ સાથે મળીને આક્રમણ કરતા હોય, ત્યારે તે બંનેને છૂટા પાડવાની જરૂર રહે છે. એમ કરતાં તેમનું બળ વિખરાઈ જાય છે અને આક્રમણ નિષ્ફળ જાય છે.

**ठः ठः**–આ પલ્લવનો ઉપયોગ સ્તંભનકર્મમાં થાય છે. સ્તંભનકર્મ એટલે કોઈને રોકી રાખવાનું, અટકાવી દેવાનું કે કોઈનાં અંગોપાંગ અકડાવી નાખવાને લગતું અનુષ્ઠાન કે ક્રિયા–પ્રક્રિયા વિશેષ. મંત્રદેવતાના પંચોપચારમાં તેમનું આહ્વાહન કર્યા પછી સ્થિરતા કરાવતી વખતે પણ આ બે પદોનો ઉપયોગ થાય છે.

**फट्**–આ પલ્લવનો ઉપયોગ ઉચ્ચાટનકર્મમાં થાય છે. ઉચ્ચાટનકર્મ એટલે સ્થાનભ્રષ્ટ કે માનભ્રષ્ટ કરવાને લગતું અનુષ્ઠાન કે ક્રિયા–પ્રક્રિયા વિશેષ. તેમજ અન્ય અનિષ્ટ

શક્તિઓ કે કામણ–ટુમણનો છેદ ઉડાડવાના મન્ત્રમાં પણ થાય છે. તેમાં કોઈ વાર એક फट्‌ નો તો કોઈ વાર બે फट्‌ નો ઉપયોગ થાય છે.[1]

ઘે ઘે–આ પલ્લવનો ઉપયોગ મારણકર્મમાં થાય છે, એટલે કે કોઈનું મૃત્યુ નિપજાવવા માટે જે અનુષ્ઠાન કે ક્રિયા–પ્રક્રિયા કરવાની હોય, તેને લગતા મંત્રોના છેડે આવે છે.

જો મંત્રના '**બીજમંત્ર**' અને '**નામમંત્ર**' એવા બે પ્રકારો માનીએ તો અર્હં મંત્ર બીજમંત્રની કોટિમાં આવે છે, કારણ કે તેમાં માત્ર બીજાક્ષરો છે, પણ કોઈ મંત્રદેવતાનું વિશેષનામ નથી. નામમંત્રમાં બીજાક્ષરો ઉપરાંત મંત્રદેવતાનું વિશેષનામ પણ અવશ્ય હોય છે, જેમ કે 'ॐ ह्रीं अर्हं श्री पार्श्वनाथाय नमः।' આમાં ત્રણ બીજાક્ષરો ઉપરાંત શ્રીપાર્શ્વનાથ એવું મંત્રદેવતાનું વિશેષનામ પણ છે.

૧ થી ૯ અક્ષર સુધીના મંત્રોને બીજમંત્ર ગણવાની પણ એક પ્રથા છે, તે અનુસાર પણ અર્હં મંત્રની ગણના બીજમંત્રમાં થઈ શકે છે.

જો મંત્રના '**સિદ્ધ**' અને '**સામાન્ય**' એવા બે

---

૧. જૈન ગ્રન્થોમાં કેટલેક સ્થળે **फुट्‌** બીજ પણ આવે છે. તો શું **फुट्‌** અને **फट्‌** બેયને માન્ય રાખવાં ખરાં? વર્તમાનમાં મન્ત્ર-વિદોએ માત્ર **फट्‌** ને જ માન્ય રાખ્યું હોય તેમ જોવા મળે છે. **સં.**

પ્રકારો માનીએ તો અર્હં મંત્ર સિદ્ધની કોટિમાં આવે છે, કેમકે તે સિદ્ધ પુરુષો દ્વારા યોજાયેલો છે અને તેની ઉપાસના કદી નિષ્ફળ જતી નથી. સિદ્ધ સિવાયના બીજા મંત્રોને સામાન્ય મંત્રો સમજવાના છે, તેમાંના કેટલાક અમુકને ફલદાયી થાય છે, તો અમુકને ફલદાયી થતા નથી, એટલે તેમાં સિદ્ધારિચક્ર આદિ વડે લેણદેણ જોવી પડે છે. પરંતુ અર્હં મંત્ર સિદ્ધ હોવાથી નાના-મોટા સ્ત્રી-પુરુષ હરકોઈ તેની ઉપાસના નિઃસંકોચપણે કરીને પોતાનું અભીષ્ટ સાધી શકે છે.

[ ૫ ]

# અર્હં મંત્ર એક પરમતત્ત્વ છે.

જે વસ્તુ સારભૂત હોય, તેને તત્ત્વ કહેવાય. આવાં તત્ત્વોમાં જે શ્રેષ્ઠ હોય, તેને પરમતત્ત્વ કહેવાય. અર્હં મંત્ર આવું એક પરમતત્ત્વ છે. શ્રી જયસિંહસૂરિએ **'ધમ્મોવએસ વિવરણમાલા'માં** અર્હં બીજ સંબંધી જે વર્ણન કર્યું છે, તે આ વસ્તુની પ્રતીતિ કરાવે છે. ત્યાં એનું મથાળું 'अर्हं अक्षरतत्त्वस्तवः' એ રીતે કરવામાં આવ્યું છે. તેનો અર્થ એ છે કે અર્હંરૂપી જે બીજાક્ષર છે, તે તત્ત્વરૂપ છે–પરમતત્ત્વરૂપ છે. તેની સ્તવના કરવા નિમિત્તે આ રચના કરવામાં આવી છે. અર્હં મંત્રમાં अर्हं બીજાક્ષરની મુખ્યતા છે, એટલે આ સ્તવના અર્હં મંત્રને લાગુ પડે છે અને એ રીતે તેની એક પરમતત્ત્વ તરીકે પ્રસિદ્ધિ કરતાં અમને આનંદ થાય છે.

આ આખું યે સ્તવન અહીં ગૂજરાતી અનુવાદ તથા વિવેચન સહ આપવામાં આવ્યું છે, એટલે પાઠકોને તે રસપ્રદ થઈ પડશે. તેનો પ્રારંભ આ રીતે થયેલો છે :

प्रणम्य तत्त्वकर्त्तारं, महावीरं सनातनम् ।
श्रुतदेवीं गुरुं चैव, परं तत्त्वं ब्रवीम्यहम् ॥१॥

'તત્ત્વના ઉપદેશક અને સદા સ્મરણીય એવા શ્રી મહાવીર પ્રભુને, શ્રુતદેવીને તથા સદ્ગુરુને નમસ્કાર કરીને હું પરમ તત્ત્વને કહું છું.' ૧.

આ શ્લોક પ્રસ્તુત સ્તવનના મંગલાચરણરૂપ છે. અહીં પરમતત્ત્વરૂપ अर्हँ બીજાક્ષરનું-બીજનું વર્ણન કરવાનું છે, તેના મૂલ ઉપદેશક શ્રીમહાવીર પ્રભુ છે, એટલે પ્રથમ નમસ્કાર તેમને કરવામાં આવ્યો છે. શ્રુતદેવીની કૃપા વિના શાસ્ત્રમાં નિપુણતા મળતી નથી કે પ્રાસાદિક કાવ્યરચના થઈ શકતી નથી, તેથી બીજો નમસ્કાર શ્રુતદેવીને કરવામાં આવ્યો છે અને ગુરુ વિના જ્ઞાન કે ક્રિયામાર્ગમાં પ્રવેશ થઈ શકતો નથી, એટલે છેલ્લો નમસ્કાર તેમને કરવામાં આવ્યો છે.

શ્રી મહાવીર પ્રભુ તીર્થંકર તરીકે અવતર્યા, ત્યારે તેમની આયુષ્યમર્યાદા ૭૨ વર્ષની હતી. તે મર્યાદા પૂરી થયે તેઓ નિર્વાણ પામ્યા. તાત્પર્ય કે તેઓ આજે સદેહે વિદ્યમાન નથી, પણ તેમણે તીર્થંકર જીવન દરમિયાન સત્ય ધર્મનો ઉપદેશ કરી લાખો નર-નારીઓનું કલ્યાણ કર્યું, તેથી સદા સ્મરણીય બની ગયા છે. તેમની આ સદા સ્મરણીયતાને અહીં સનાતન વિશેષણ તરીકે ઉપલક્ષિત કરવામાં આવી છે.

शान्ताय गुरुभक्ताय, विनीताय मनस्विने ।
श्रद्धावते प्रदातव्यं, जिनभक्ताय दिने दिने ॥२॥

'શાંત, ગુરુભક્ત, વિનીત, દૃઢચિત્ત અને શ્રદ્ધાવાન્ એવા જિનભક્તને આ પરમ તત્ત્વનો ઉપદેશ કરવો યોગ્ય છે.'૨.

જે ક્રોધરહિત હોય તે શાંત કહેવાય. જે ગુરુની યથાર્થ ભક્તિ કરનારો હોય તે ગુરુભક્ત કહેવાય. જે મોક્ષમાર્ગનાં સાધનોનો વિનય કરનારો હોય, તે વિનીત કહેવાય.

ગુજરાતી ભાષામાં મનસ્વીનો અર્થ મનમાં આવે તેમ વર્તનારો થાય છે, પણ સંસ્કૃત ભાષામાં તેનો અર્થ દૃઢ ચિત્તવાળો થાય છે, તેથી અહીં મનસ્વીનો અર્થ દૃઢ ચિત્ત કરેલો છે. જે દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે પૂર્ણ શ્રદ્ધા ધરાવતો હોય, તે શ્રદ્ધાવાન્ કહેવાય અને જે શ્રી જિનેશ્વરદેવની નિત્ય-નિયમિત સેવા-પૂજા-ભક્તિ-કરનારો તથા તેમની આજ્ઞાને અનુસરનારો હોય, તે જિનભક્ત કહેવાય. જેનામાં આ પ્રકારનાં લક્ષણો હોય તેને આ પરમ તત્ત્વનો ઉપદેશ કરવો યોગ્ય છે, તાત્પર્ય કે તેને જ આ મંત્રનું દાન કરવું જોઇએ, અન્યને નહિ.

અહીં દિને દિને પદ મૂકવાનું શું પ્રયોજન છે? તે ઘણો વિચાર કરવા છતાં સમજાયું નથી, એટલે તેનો અર્થ છોડી દીધો છે. પરંતુ તેમ કરતાં અર્થમાં કોઈ ખામી આવી નથી, તે તરફ પાઠકમિત્રોનું લક્ષ્ય ખેંચીએ છીએ. *

---

* લેખકે લખ્યું છે તેમ અહીં દિને દિને શબ્દની સંગતિ દેખાતી નથી, પણ ખેંચીને અર્થ કરવો જ હોય તો એમ કરી શકાય કે આ શ્લોકમાં બતાવેલા ગુણો સ્વાર્થ પુરતા ઉભરાઈ ગયા હોય તેવાને મંત્રદાન ન કરવું, પરંતુ હંમેશા આવા ગુણોથી અલંકૃત રહેતો હોય તેને કરવું, એટલે હંમેશાના અર્થમાં ઘટાવી શકાય ખરૂં. **ય. દે.**

अकारादि हकारान्ता प्रसिद्धा सिद्धमातृका ।
युगादौ या स्वयं प्रोक्ता ऋषभेण महात्मना ॥३॥

'अ થી શરૂ થતી અને ह માં અંત પામતી એવી સિદ્ધમાતૃકા એટલે વર્ણમાલા પ્રસિદ્ધ છે કે જેને યુગની આદિમાં શ્રી ઋષભદેવ ભગવાને પોતે જ કહી હતી.' ૩.

સંસ્કૃત–પ્રાકૃત ભાષામાં જે વર્ણમાલાનો ઉપયોગ થાય છે, તેનો આરંભ अ થી થાય છે અને છેડો ह થી આવે છે. આ રીતે તેમાં ૧૬ સ્વરો અને ૩૩ વ્યંજનો વ્યવસ્થિત થયેલા છે. આ વર્ણમાલાનો ઉદ્ભવ ક્યારે થયો? કેવી રીતે થયો? તે સંબંધી વિદ્વાનો ગમે તે માનતા હોય, પણ શ્રી ઋષભદેવ ભગવાનના ચરિત્રમાં એવી હકીકત આવે છે કે તેમણે પોતાની પહેલી પુત્રી બ્રાહ્મીને લિપિ શીખવી એટલે કે વર્ણમાલાના અક્ષરો આપ્યા અને તેમાંથી ભાષાનો વિસ્તાર થયો; જ્યારે બીજી પુત્રી સુંદરીને અંકો શીખવ્યા કે જેમાંથી ગણિતશાસ્ત્રનો વિસ્તાર થયો. તાત્પર્ય કે શ્રી ઋષભદેવ ભગવાનથી સાંસ્કૃતિક યુગનો આરંભ થયો, ત્યારે તેમણે જ આ વર્ણમાલાને પ્રકટ કરેલી છે.

एकैकमक्षरं तस्यां, तत्त्वरूपं समाश्रितम् ।
तत्रापि त्रीणि तत्त्वानि, येषु तिष्ठति सर्ववित् ॥४॥

'તે વર્ણમાલાનો એકેક વર્ણ એટલે કે અક્ષર તત્ત્વપણાને પામેલો છે. તેમાં ત્રણ તત્ત્વો એવાં છે કે જેમાં સર્વજ્ઞ પરમાત્મા રહેલા છે.' ૪.

આપણે अ, आ, इ, ई કે क, ख, ग, घ આદિ અક્ષરોને સામાન્ય સમજીએ છીએ, પણ વાસ્તવમાં તે સામાન્ય નથી. એ બધામાં એક પ્રકારની શક્તિ રહેલી છે, એટલે તે તત્ત્વરૂપ છે. આવાં ત્રણ તત્ત્વો એટલે કે અક્ષરોનું સંયોજન થતાં તેમાં સર્વજ્ઞ પરમાત્મા રહે છે. આ વિધાન સાંભળતાં જ કેટલાકને પ્રશ્ન થશે કે 'આવું શી રીતે બની શકે ?' તેનો ખુલાસો સ્તવનકારે આગામી શ્લોકોમાં કરેલો છે તેઓ કહે છે :

**अकारः प्रथमं तत्त्वं, सर्वभूताभयप्रदम् ।**
**कण्ठदेशं समाश्रित्य, वर्तते सर्वदेहिनाम् ॥५॥**

'તેમાં પહેલું તત્ત્વ તે अ કાર છે, એટલે કે अ નામનો અક્ષર છે. તે સર્વ પ્રાણીઓને અભય દેનારો છે અને સર્વ શરીરધારીઓના કંઠસ્થાનનો આશ્રય કરીને રહેલો છે.' ૫.

કોઈને ભય ન ઉપજાવવો તે અભય કહેવાય છે. તે હિંસાનું એક પ્રકારનું સ્વરૂપ છે, એટલે તેનો વિસ્તાર સર્વભૂતો–સર્વ પ્રાણીઓ સુધી કરવાનો છે. પણ अ વિના અભય બનતો નથી, પછી તેનો વ્યવહાર શી રીતે થાય ? તાત્પર્ય કે अ માં સર્વ પ્રાણીઓને અભયદાન દેવાની શક્તિ રહેલી છે.

ઉચ્ચારણની દૃષ્ટિએ વર્ણોના વર્ગ પાડીએ તો अ કંઠયની કોટિમાં આવે છે, એટલે કે તેનો ઉચ્ચાર કંઠની મદદથી થાય છે, તેથી તે સર્વ શરીરધારીઓના કંઠસ્થાનનો આશ્રય કરીને રહેલો છે, એમ સમજવાનું છે.

હવે પછીના ૬ શ્લોકો अनुं શબ્દબ્રહ્મ તરીકે વર્ણન કરનારા છે.

सर्वात्मक सर्वगतं, सर्वव्यापि सनातनम् ।
सर्वसत्त्वाश्रितं दिव्यं, चिन्तितं पापनाशनम् ॥६॥

'તે अ શબ્દબ્રહ્મરૂપે સર્વમય છે, સર્વગત છે, સર્વવ્યાપી છે, સનાતન છે, સર્વ પ્રાણીઓને આશ્રય કરીને રહેલો છે તથા દિવ્ય સ્વરૂપવાળો છે કે જેનું ધ્યાન ધરતાં સર્વ પાપોનો નાશ થાય છે.' ૬.

સર્વવ્યાપી એટલે લોકના એક છેડેથી બીજા છેડા સુધી ફેલાઇ જનારો. શબ્દનું આંદોલન થયા પછી તે થોડા જ સમયમાં લોકના બીજે છેડે પહોંચી જાય છે. સનાતન એટલે સદાકાલ રહેનારો. અહીં પ્રશ્ન થવો સ્વાભાવિક છે કે 'अनो ઉચ્ચાર થયા પછી તેનું સ્વરૂપ નષ્ટ થઇ જાય છે, પછી તે સનાતન શી રીતે?' તેનો ખુલાસો એ છે કે શબ્દની ઉત્પત્તિ પુદ્ગલના સંયોજન–વિસર્જનથી થાય છે, એટલે પર્યાયની દૃષ્ટિએ તેનો નાશ છે, પણ દ્રવ્યની દૃષ્ટિએ તે સદાકાલ રહેનારો છે. 'આ अ નામનું તત્ત્વ ક્યાં રહે છે?' તેનો ઉત્તર એ છે કે 'તે સર્વ પ્રાણીઓનો આશ્રય કરીને રહે છે' તાત્પર્ય કે સર્વ જીવંત પ્રાણીઓમાં એક યા બીજા પ્રકારનો વચનવ્યવહાર કે વાણીવ્યવહાર સંભવે છે, તેમાં अ અવશ્ય હોય છે. આ તત્ત્વ દિવ્ય એટલે અલૌકિક છે અને તેનું ચિંતન કરવાથી સર્વ પાપોનો નાશ થાય છે.

सर्वेषामपि वर्णानां, स्वराणां च धुरि स्थितम् ।
व्यञ्जनेषु च सर्वेषु, ककारादिषु संस्थितम् ॥७॥

'તે તત્ત્વ સર્વ વર્ણો અને સ્વરોમાં અગ્રસ્થાને રહેલું છે તથા क આદિ સર્વ વ્યંજનોના ઉચ્ચારણમાં પણ રહેલું છે.' ૭.

આપણી પ્રચલિત વર્ણમાલામાં તો अ અગ્રસ્થાને રહેલો જ છે, પરંતુ અંગરેજી, ઊર્દૂ આદિ અન્ય વર્ણ-માલામાં પણ તે અગ્રસ્થાને જોવામાં આવે છે. અંગરેજી વર્ણમાલાનો પ્રથમાક્ષર A – એ છે, એટલે તેમાં अ રહેલો છે. અલબત્ત તે ઉપર એક માત્રા સહિત છે, પણ अ તો ખરો જ. ઊર્દૂ વર્ણમાલાની શરૂઆત અલેફથી થાય છે, એટલે તેમાં પણ अએ અગ્રસ્થાન પ્રાપ્ત કરેલું છે.

સ્વરો ૧૬ છે, તેનો પ્રારંભ अથી થાય છે, એટલે તેમાં પણ अ અગ્રસ્થાને વિરાજે છે અને क આદિ કોઈ પણ વ્યંજનનો ઉચ્ચાર अની મદદ વિના થઈ શકતો નથી, એટલે તેમાં પણ अની અગ્રતા જ સમજવાની છે. આપણે क બોલીએ છીએ, તેમાં क् + अ છે, ख બોલીએ છીએ, તેમાં ख्+अ છે, વગેરે.

पृथिव्यादिषु भूतेषु, देवेषु समयेषु च ।
लोकेषु च सर्वेषु, सागरेषु च सरित्सु च ॥८॥

मन्त्रतन्त्रादि योगेषु, सर्वविद्याधरेषु च ।
विद्यासु च सर्वासु, पर्वतेषु वनेषु च ॥९॥

शब्दादिसर्वशास्त्रेषु, व्यन्तरेषु च नरेषु च ।
पन्नगेषु च सर्वेषु, देवदेवेषु नित्यशः ॥१०॥
व्योमवद् व्यापिरूपेण, सर्वेष्वेतेषु संस्थितम् ।
नातः परतरं ब्रह्म, विद्यते भुवि किञ्चन ॥११॥

'તે તત્ત્વ પૃથ્વી આદિ ભૂતોમાં, દેવોમાં, શાસ્ત્રોમાં, સર્વ લોકોમાં, સર્વ સાગરોમાં, સર્વ સરિતાઓમાં, મન્ત્ર-તન્ત્રાદિસર્વ યોગોમાં, સર્વ વિદ્યાધરોમાં, સર્વ વિદ્યાઓમાં, સર્વ પર્વતો અને સર્વ વનોમાં, વ્યાકરણ આદિ સર્વ શાસ્ત્રોમાં, સર્વ વ્યન્તરોમાં, સર્વ મનુષ્યોમાં, સર્વ નાગોમાં, અને સર્વ દેવોમાં આકાશની જેમ નિત્ય વ્યાપી રહેલું છે. આ વિશ્વમાં આનાથી કોઈ શ્રેષ્ઠ બ્રહ્મ નથી.' ૭

તાત્પર્ય કે શબ્દબ્રહ્મ રૂપે अ નો વાસ સર્વત્ર છે.

इदमाद्यं भवेद् यस्य कलाऽतीतं कलाश्रितम् ।
नाम्ना परम देवस्य, ध्येयोऽसौ मोक्षकाङ्क्षिभिः ॥१२॥

'કલારહિત તથા કલાસહિત એવું આ તત્ત્વ જે પરમદેવની આદિમાં છે, તે પરમદેવનું મોક્ષની ઇચ્છાવાળાએ ધ્યાન ધરવું જોઇએ.' ૧૨.

તંત્રશાસ્ત્રોમાં વર્ણ કે અક્ષરના સ્વરૂપને કલા કહેવામાં આવી છે, તાત્પર્ય કે अ જ્યારે અક્ષર સ્વરૂપ હોય ત્યારે તે કલાસહિત છે અને જ્યારે તે માત્ર ધ્વનિરૂપ હોય, ત્યારે

કલારહિત છે. આ બંને સ્વરૂપે अ તત્ત્વરૂપ છે. તે જે પરમદેવની આદિમાં આવેલો છે, તે अर्हं એટલે અરિહંત પરમાત્મા છે. તેમણે અરિહંત એટલે જિન અવસ્થામાં મોક્ષનો માર્ગ દર્શાવેલો છે અને આજે તેઓ મોક્ષપુરીમાં એટલે કે 'સિદ્ધશિલાના અગ્રભાગે સિદ્ધ તરીકે વિરાજમાન છે, તેથી મોક્ષની ઇચ્છા-આકાંક્ષા રાખનારે તેમનું ધ્યાન ધરવું યોગ્ય છે.'

अ તત્ત્વનું વર્ણન અહીં પૂરું થયું. હવે र તત્ત્વનું વર્ણન શરુ થાય છે.

दीपपावकसङ्काशं, सर्वेषां शिरसि स्थितम् ।
विधिना मन्त्रिणा ध्यातं, त्रिवर्गफलदं स्मृतम् ॥१३॥
यस्य देवाभिधानस्य, मध्ये ह्येतद् व्यवस्थितम् ।
पुण्यं पवित्रं माङ्गल्यं, पूज्योऽसौ तत्त्वदर्शिभिः ॥१४॥

'તંત્રોમાં એમ કહ્યું છે કે સર્વ પ્રાણીઓના મસ્તકમાં રહેલ પ્રદીપ્ત અગ્નિ સમાન આ તત્ત્વનું મંત્રસાધક વડે જો વિધિપૂર્વક ધ્યાન ધરવામાં આવે, તો એ ત્રિવર્ગ એટલે ધર્મ, અર્થ અને કામનું ફલ આપે છે.' ૧૩.

'શુભ, પવિત્ર અને મંગલરૂપ આ તત્ત્વ જે દેવના નામની મધ્યમાં રહેલું છે, તે દેવ તત્ત્વદર્શીઓને પૂજ્ય છે.' ૧૪.

બીજું તત્ત્વ ર્ છે. તેનું રઁ તરીકે મસ્તકમાં ધ્યાન ધરવામાં આવે તો એ પ્રકાશમાન અગ્નિ જેવું દીપે છે, તેથી મંત્ર-તંત્ર શાસ્ત્રોમાં તેની ગણના અગ્નિબીજ તરીકે થયેલી છે. આ બીજનું વિધિપૂર્વક ધ્યાન ધરવાથી અર્થ અને કામની ઇચ્છિત પ્રાપ્તિપૂર્વક ધર્મભાવનાની વૃદ્ધિ થાય છે અને તેથી આનંદ-મંગલ પ્રવર્તે છે. આવું શુભ, પવિત્ર અને મંગલરૂપ તત્ત્વ अर्हँ બીજાક્ષરની મધ્યમાં રહેલું છે, એટલે તત્ત્વને જોનારા-પારખનારા સુજ્ઞજનોએ આ अर्हँ પદથી સૂચિત થતા અરિહંત પરમાત્માને પરમ પૂજ્ય માનવા જોઈએ. તાત્પર્ય કે તેમની સેવા-પૂજા-ભક્તિ કરવી જોઇએ.

અહીં પ્રસંગવશાત્ એ જણાવી દઇએ કે તંત્ર-શાસ્ત્રના સુપ્રસિદ્ધ અંગરેજી લેખક આર્થર એવેલોન પહેલ વહેલા મદ્રાસમાં એક તાંત્રિકને મળ્યા, ત્યારે તેમણે મંત્ર-બીજોની કહેવાતી શક્તિઓ અંગે શંકા ઉઠાવી હતી અને તે તાંત્રિકને કહ્યું હતું કે તેનો કોઈ પ્રયોગ કરી બતાવો તો પ્રતીતિ થાય. એ વખતે પેલો તાંત્રિક કે જેને રં બીજ સિદ્ધ હતું, તેણે રં બીજનો અમુક સમય સુધી જપ કરતાં તેની સામે મૂકવામાં આવેલા લાકડાના ટૂકડામાં અગ્નિ પ્રકટ થયો હતો. તે પરથી આર્થર એવેલોનને મંત્રબીજોની શક્તિ અંગે શ્રદ્ધા થઈ હતી અને તે અનુક્રમે વૃદ્ધિ પામી હતી.

હવે ત્રીજા ह તત્ત્વનું વર્ણન શરુ થાય છે.

सर्वेषामपि भूतानां, नित्यं यो हृदि संस्थितः ।
पर्यन्ते सर्व वर्णानां, सकलो निष्कलस्तथा ॥१५॥
हकारो हि महाप्राणः, लोकशास्त्रेषु पूजितः ।
विधिना मन्त्रिणा ध्यातः, सर्वकार्यप्रसाधकः ॥१६॥
यस्य देवाभिधानस्य, पर्यन्त एष वर्तते ।
मुमुक्षुभिः सदा ध्येयः, स देवो मुनिपुङ्गवैः ॥१७॥

'સર્વે પ્રાણીઓના હૃદયમાં સદા સ્થિત, સર્વે વર્ણોના અંતે રહેલ, કલાસહિત અને કલારહિત અને લોકશાસ્ત્રોમાં મહાપ્રાણ તરીકે પૂજિત એવા હ કારનું જો મંત્રસાધક વડે વિધિપૂર્વક ધ્યાન કરાય તો તે સર્વ કાર્યની સિદ્ધિ કરનારો બને છે. જે દેવના નામના છેડે આ હ કાર રહે છે, તે દેવ મુમુક્ષુ મુનિવરો વડે સદા ધ્યાન ધરવા યોગ્ય છે.'૧૫-૧૬-૧૭.

હ એ આકાશબીજ છે, એટલે તે સર્વ પ્રાણીઓના હૃદયમાં સદા રહેલું છે. વધારે સ્પષ્ટ કહીએ તો સર્વ પ્રાણીઓનાં શરીર પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને આકાશ એ પાંચ ભૂતોથી બનેલા હોય છે, એટલે તેમાં આકાશ પણ અવશ્ય હોય છે. જો આપણા શરીરમાં આકાશ ન હોય તો એ ઘન બની જાય અને સર્વ ક્રિયા-પ્રક્રિયાઓ અટકી પડે, એટલે તેમાં આકાશ રહેલું છે, એ નિશ્ચિત છે.

આ હ પણ સકલ એટલે અક્ષરરૂપે અને નિષ્કલ એટલે ધ્વનિરૂપે ઉપાસ્ય બને છે.

લોકશાસ્ત્રમાં હ ને મહાપ્રાણ માનવામાં આવ્યો છે;

એનો અર્થ એ છે કે તેનો આપણા પ્રાણ સાથે બહુ ઊંડો સંબંધ છે. આ ह ના આધારે જ ह्राँ. ह्रीँ, ह्रुँ, ह्रूँ, ह्रेँ, ह्रैँ, ह्रौँ, ह्रः આદિ અનેક બીજો બનેલા છે કે જેની વિધિસર સાધના કરતાં સર્વ કાર્યોની સિદ્ધિ થાય છે.

अर्हँ બીજાક્ષરને अ, र् તથા ह થી બનેલું માનતા ह તેના છેડે આવે છે. આ બીજાક્ષરનું કે આ બીજાક્ષરથી સૂચિત થતા અરિહંત પરમાત્માનું મોક્ષની ઈચ્છાવાળા મુનિવરોએ, તેમજ અન્ય મુમુક્ષુઓએ ધ્યાન ધરવું જોઇએ. તાત્પર્ય કે એ ધ્યાનથી મોક્ષ, મુક્તિ કે નિર્વાણની પ્રાપ્તિ થાય છે.

આ રીતે अ તત્ત્વ, र તત્ત્વ અને ह તત્ત્વનું વર્ણન કર્યા પછી સ્તવનકાર બિંદુનું વર્ણન કરે છે :

सर्वेषामपि सत्त्वानां, नासाग्रे परिसंस्थितम् ।
बिन्दुकं सर्ववर्णानां, शिरसि सुव्यवस्थितम् ॥१८॥
हकारोपरि यो बिन्दुर्वर्तुलो जलबिन्दुवत् ।
योगिभिश्चिन्तितस्तत्स्थो मोक्षदः सर्वदेहिनाम् ॥१९॥

'બિન્દુ સર્વ પ્રાણીઓના નાકના અગ્ર ભાગે રહેલું છે, સર્વ વર્ણોના મસ્તકે સુવ્યવસ્થિત થયેલું છે અને ह કારની ઉપર જલબિંદુની જેમ વર્તુલાકારે બિરાજે છે. ત્યાં રહેલા એવા બિંદુનું યોગીઓ વડે ધ્યાન ધરાય છે અને તે પ્રાણીઓને મોક્ષ આપનારું છે.' ૧૮–૧૯.

મૂ ૩૫ બિન્દુનો ઉચ્ચાર નાકની મદદ વિના થઈ શકતો નથી, એટલે તેનું સ્થાન પ્રાણીઓના નાકનો અગ્ર ભાગ મનાયેલું છે. વળી કોઈ પણ વર્ણને બિંદુ લગાડવું હોય તો તેના મસ્તક પર મૂકવામાં આવે છે, એ રીતે તેનું સ્થાન ઉન્નત છે. अर्हँ બીજાક્ષરના ह કાર પર મૂકાતું બિન્દુ આકૃતિમાં જલબિંદુ જેવું ગોળ હોય છે. યોગીઓ અક્ષર ઉપરાંત તેના પર રહેલા બિંદુનું પણ ધ્યાન ધરે છે, કારણ કે તે શક્તિનું પ્રતીક મનાયેલું છે અને એ રીતે ધ્યાન ધરતાં શક્તિનો સ્ફોટ એટલે આવિર્ભાવ થાય છે.

બિન્દુ આપણને સામાન્ય વસ્તુ લાગે છે અને કેટલાક તો તેનો અર્થ મીંડું કે શૂન્ય કહીને તેનું અવમૂલ્યન કરે છે, પણ ગણિતશાસ્ત્રમાં તેને ખૂબ મહત્ત્વ અપાયું છે. ખાસ કરીને શૂન્ય અસ્તિત્ત્વમાં આવ્યા પછી ગણિતની સંખ્યાનો અતિ મોટો વિસ્તાર શક્ય બન્યો છે.

મંત્ર-તંત્ર શાસ્ત્રમાં તો બિન્દુ એક અતિ મહત્ત્વની વસ્તુ ગણાય છે. તેની મદદ સિવાય કોઈપણ બીજાક્ષર બની શકે જ નહિ. ॐ ( ओम् ), ह्रीँ श्रीँ क्लीँ એ રીતે બધા બીજોના છેડે બિંદુનું સ્થાન નિશ્ચિત છે.

अर्हँ બીજાક્ષર પર જે બિન્દુ રહેલું છે, તેનું ધ્યાન ધરતાં પરમાત્માનું અનુસંધાન થાય છે અને તેથી તે મોક્ષપ્રદ બને છે.

**त्रीण्यक्षराणि बिन्दुश्च यस्य देवस्य नाम वै ।**
**स सर्वज्ञः समाख्यातः 'अर्हँ' तदिति पण्डितैः ॥२०॥**

'આ રીતે ત્રણ અક્ષરો અને એક બિન્દુ મળીને જે દેવનું નામ થાય છે, તે દેવ પંડિતો વડે સર્વજ્ઞ પરમાત્મા 'अर्हँ' એટલે અરિહંત કહેવાયા છે.' ૨૦.

તાત્પર્ય કે અર્હં બીજાક્ષર अ + र् + ह એ ત્રણ અક્ષરો તથા બિન્દુ એટલે म् વડે બનેલો છે અને તે સર્વજ્ઞ પરમાત્મા એટલે સર્વ અરિહંતોનો વાચક છે.

હવે સ્તવનકાર સ્તવનનો ઉપસંહાર કરતાં જણાવે છે કે—

**एतदेव समाश्रित्य, कला ह्यर्धचतुर्थिका ।**
**नाद-बिन्दु-लयाश्चेति कीर्तिता परवादिभिः ॥२१॥**

"આ પરમેષ્ઠી સ્વરૂપ अर्हँ બીજાક્ષરનો આશ્રય લઈને અન્ય સંપ્રદાયવાળાઓએ સાડા ત્રણ માત્રાવાળી કલા એટલે કે કુંડલિની તથા નાદ, બિંદુ અને લય વગેરે કહેલા છે." ૨૧.

પ્રાચીન કાલમાં અર્હં મંત્રના ધ્યાન અંગે કેટલીક પ્રક્રિયાઓ પ્રચારમાં હતી, પણ તેમાંની કઈ પ્રક્રિયાઓના આધારે કુંડલિની, નાદ, બિંદુ, લય વગેરે અસ્તિત્વમાં આવ્યાં, તે જાણવાનું બાકી રહે છે. તે અંગે કોઈ વિશદ વિવેચન અમારા જોવામાં આવ્યું નથી.

મંત્ર-તંત્ર શાસ્ત્રનું ઊંડું અધ્યયન કરતાં અમારો ખ્યાલ એવો બંધાયો છે કે પ્રથમ આપણે ત્યાં મંત્રપદનાં લક્ષણ તરીકે બિંદુનો જ પ્રચાર હતો. નમસ્કારમંત્રનાં પ્રથમ

પાંચ પદો તથા નમોત્થુણં સૂત્રનાં બધાં પદોને છેડે બિન્દુ કે અનુસ્વાર આવે છે; તે આ કારણે જ આવે છે. આ પદોની રચના અન્ય રીતે પણ થઈ શકી હોત, પરંતુ આ પદોનું મંત્રત્વ ઇષ્ટ હતું, તેથી તેની રચના આ પ્રકારે થયેલી છે.

પ્રસ્તુત સ્તવનમાં अर्हँ બીજને ત્રણ અક્ષર અને બિંદુથી જ બનેલું માન્યું છે અને એ રીતે જ તેનું વર્ણન કરેલું છે. જો એ વખતે કલા એટલે ચંદ્રકલા અને નાદનો પ્રચાર હોત તો સ્તવનકારે તેનું વર્ણન પણ અવશ્ય કર્યું હોત. વળી આ શ્લોક દ્વારા તેમણે એવું ગર્ભિત સૂચન કર્યું છે કે ચંદ્રકલા અને નાદ અન્ય સંપ્રદાયની વસ્તુ છે.

કાલક્રમે આપણે ત્યાં કલા દાખલ થઈ અને તે લગભગ બધાં જ મંત્રપદો પર લાગવા માંડી. તે પછી નાદ આવ્યો, પણ તે સર્વમાન્ય થયેલો નથી, એટલે જ કેટલાક મંત્રોમાં માત્ર કલા અને બિંદુ હોય છે અને નાદ હોતો નથી. દાખલા તરીકે ભટ્ટારક શ્રી સકલકીર્તિરચિત '**તત્ત્વાર્થસારદીપક**'માં अर्हँ બીજનું વર્ણન છે, તેમાં માત્ર બિન્દુ અને કલાનો જ ઉલ્લેખ છે. જેમકે—

ज्ञानबीजं जगद्वन्द्यं, जन्म–मृत्यु–जरापहम् ।
अकारादि हकारान्तं, रेफ–बिन्दु–कलाङ्कितम् ॥
भुक्तिमुक्त्यादिदातारं, स्रवन्तममृताम्बुभिः ।
मन्त्रराजमिमं ध्यायेद्, धीमान् विश्वसुखावहम् ॥

'બુદ્ધિમાન પુરુષે જેની આદિમાં अ છે, અંતમાં ह् છે અને જે રેફ, **બિન્દુ** અને **કલાથી** સહિત છે; જે જ્ઞાનબીજ છે; જગદ્વંદ્ય છે; જન્મ, મૃત્યુ અને જરાને દૂર કરનાર છે; વળી જે ભુક્તિ એટલે સંસારસુખ અને મુક્તિ એટલે મોક્ષસુખને આપનારો છે; અને જેમાંથી અમૃતજલ ઝરી રહ્યું છે તથા જે સર્વ સુખોને લાવનારો છે, તે મંત્રરાજ अर्हं નું ધ્યાન ધરવું જોઇએ.'

'**સિરિસિરિવાલકહા**' માં सनाय–बिन्दु–कलं એવો પાઠ આવે છે, એટલે તેમાં અર્હં બીજને નાદ, બિંદુ અને કલાસહિત માનેલું છે અને '**શ્રી ઋષિમંડલ સ્તોત્ર**'ની નિમ્ન ગાથાઓ પણ તેનું જ સમર્થન કરે છે. જેમકે :

आद्यन्ताक्षरसंलक्ष्यमक्षरं व्याप्य यत् संस्थितम् ।
अग्निज्वालासमं नाद–बिन्दु–रेखा–समन्वितम् ॥

अग्निज्वाला–समाक्रान्तं मनोमलविशोधकम् ।
देदीप्यमानं हृत्पद्मे, तत्पदं नौमि निर्मलम् ॥

'જે પદ अ અને ह् વડે જાણી શકાય છે, ઉપર રેફવાળું છે; **નાદ, બિન્દુ** અને **કલાથી** યુક્ત છે, અગ્નિની જ્વાલાનો પરાભવ કરે એવું તેજસ્વી છે, મનની અત્યંત શુદ્ધિ કરનારું છે તથા અત્યંત શોભાયમાન છે, તે પવિત્ર अर्हं પદને હૃદયકમલમાં ધારણ કરીને ભાવપૂર્વક નમસ્કાર કરું છું.'

આ આપણી છેલ્લી માન્યતા અનુસાર अर्हं પદ પર

પ્રથમ કલા એટલે બીજના ચંદ્ર જેવી આકૃતિ હોય છે, તેના પર ગોળાકાર બિંદુ હોય છે અને તેના પર ત્રિકોણાકાર[1]' નાદ હોય છે.

આ ત્રણેય સંકેતો ધ્યાન પ્રક્રિયા માટે યોજાયેલા છે, એમ અમારું માનવું છે. અક્ષર એ પૂર્ણ કલા છે. પ્રથમ તેનું ધ્યાન ધરવું. પછી અક્ષરને ભૂલીને ચંદ્રકલા પર આવવું અને તેમાં અક્ષરનું સર્વ તત્ત્વ અમૃત રૂપે આવી ગયું એવી ભાવના કરવી. પછી તે ચંદ્રકલાને ભૂલીને બિંદુ પર આવવું અને તેમાં અક્ષરની સર્વ શક્તિ કેન્દ્રિત થયેલી છે, એમ ચિંતવવું. અક્ષરધ્યાનની મર્યાદા અહીં પૂરી થાય છે. તે પછી નાદ ઉપર આવવું, તેમાં અક્ષરના ધ્વનિ પર જ ચિંતન કરવું. એમ કરતાં અનાહત નાદ સુધી પહોંચવું કે જે સિદ્ધિનું સબલ કારણ છે. તાત્પર્ય કે અક્ષર–ધ્યાન પરથી અનક્ષર–ધ્યાન પર જવાની આ એક પ્રક્રિયા છે અને તે અતિ ઉપયોગી જણાતાં તેનો સ્વીકાર થયેલો છે.

પ્રસ્તુત સ્તવનનો છેલ્લો શ્લોક નીચે પ્રમાણે યોજાયેલો છે :

**निर्गुणः सगुणश्चैव, सर्वगो देशसंस्थितः ।**
**अक्षयः क्षययुक्तश्च, अनित्यः शाश्वतस्तथा ॥**

---

૧. જૂઓ અમારા તરફથી પ્રકાશિત 'ઋષિમંડલ–આરાધના' ગ્રંથમાં આપેલ પૂ. આ. શ્રી યશોદેવસૂરિ (ભૂતપૂર્વ મુનિશ્રી યશોવિજયજી) સંપાદિત–સંકલિત ઋષિમંડલ યંત્રના છાપેલા ફોટાનું ચિત્ર, જેમાં બિંદુ ઉપર નાદ સ્પષ્ટ છે.

'આ પરમ તત્ત્વ અમુક અપેક્ષાએ નિર્ગુણ છે, તો અમુક અપેક્ષાએ સગુણ છે. અમુક અપેક્ષાએ સર્વવ્યાપી છે, તો અમુક અપેક્ષાએ ક્ષેત્રના એક ભાગમાં રહેલું છે. અમુક અપેક્ષાએ અક્ષય છે, તો અમુક અપેક્ષાએ ક્ષયયુક્ત છે, એટલે કે નાશ પામે એવું છે. અમુક અપેક્ષાએ અનિત્ય છે, તો અમુક અપેક્ષાએ શાશ્વત છે.'

તાત્પર્ય કે જુદી જુદી અપેક્ષાએ તેનું જુદી જુદી રીતે વર્ણન થઈ શકે છે, પણ તે આપણા વર્તમાન ક્ષેત્રની બહાર હોઈ તેનું વિશિષ્ટ વિવેચન અહીં પ્રસ્તુત નથી. આપણે તો આ સ્તવનના સારરૂપે એટલું યાદ રાખવાનું છે કે અર્હં બીજ—અર્હં મંત્ર એક પરમતત્ત્વ છે, તેથી તેની અનન્ય ભાવે ઉપાસના કરવી યોગ્ય છે.

[૬]

## અર્હં મંત્ર મહા મહિમાશાલી છે.

અર્હં બીજ એક પરમતત્ત્વ છે, એટલે તે મહા મહિમાશાલી હોય, એ સ્વાભાવિક છે. તે મહિમા આપણે કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યના મુખેથી જ સાંભળીએ. આ મહિમા તેમણે સ્વરચિત '**સિદ્ધહેમચંદ્રશબ્દાનુશાસન**' નામના મહાન વ્યાકરણની '**સ્વોપજ્ઞતત્ત્વપ્રકાશિકાટીકા**' માં દર્શાવેલો છે.

અહીં એટલી સ્પષ્ટતા કરવી ઉચિત લેખાશે કે આ મહાવ્યાકરણનું મંગલાચરણ તેમણે માત્ર 'अर्हम्' એવું પદ મૂકીને જ કર્યું છે. ધારત તો તેઓ એ મંગલાચરણ કોઈ અદ્ભુત શ્લોક વડે કરી શક્યા હોત, પણ પોતે અરિહંતના અનુયાયી છે અને તેમના મંત્રમાં પરમ શ્રદ્ધાન્વિત છે, એ દર્શાવવા માટે જ તેમણે અહીં માત્ર अर्हम् પદ મૂક્યું છે અને તેની પાછળ શું રહસ્ય છે? તે એમણે '**સ્વોપજ્ઞતત્ત્વપ્રકાશિકાટીકા**'માં પ્રકટ કર્યું છે, તે આ પ્રમાણે :

'अर्हमित्येतदक्षरं परमेश्वरस्य परमेष्ठिनो वाचकं सिद्ध-चक्रस्यादिबीजं सकलागमोपनिषद्भूतमशेषविघ्नविघातकनिघ्नमखिलदृष्टाऽदृष्टफलसंकल्पकल्पद्रुपमाशास्त्राध्ययनाऽध्यापनावधि प्रणिधेयम् ॥

મંગલાચરણ ઇષ્ટદેવના સ્મરણપૂર્વક કરવું જોઈએ, એ શિષ્ટાચારનું પોતે પાલન કર્યું છે, એમ દર્શાવતાં તેઓ કહે છે કે 'अर्हं इति एतद् अक्षर परमेश्वरस्य परमेष्ठिनः वाचकम् ।' अर्हं એવો આ અક્ષર પરમેષ્ઠીનો વાચક છે. તાત્પર્ય કે એનાથી ઇષ્ટદેવનું યથાર્થ સ્મરણ થયેલું છે. જે પોતાના સ્વરૂપથી ચલિત ન થાય, તે અક્ષર કહેવાય. તે અહીં મંત્રબીજરૂપે-બીજરૂપે પ્રયુક્ત થયેલ છે.

અહીં પ્રશ્ન થવો સ્વાભાવિક છે કે, 'अर्हम्' પદમાં દેખીતી રીતે જ વધારે અક્ષરો છે, તો અક્ષરો ન કહેતાં માત્ર અક્ષર એવો પ્રયોગ કેમ કર્યો?' તેનું સમાધાન કરતાં તેઓ જણાવે છે કે 'જે બીજ ઘણા અક્ષરોથી સંયુક્ત હોય-કૂટ હોય, તેને મંત્રસંપ્રદાયમાં એક જ અક્ષર ગણવામાં આવે છે. જેમ કે ॐ, क्षँ, ह्म्ल्व्र्यूँ આદિ. વળી મંત્રવિદોનું એમ માનવું છે કે કૂટ અક્ષરોમાં ઘણા અક્ષરો દેખાવા છતાં તેમાં વસ્તુતઃ એક જ અક્ષર મંત્રરૂપ હોય છે, બાકીના તો તેના પરિકર કે પરિવારરૂપ હોય છે. તેથી પણ તેને એક અક્ષર કહેવામાં આવે છે. अर्हं બીજ અનેકાક્ષરી હોવા છતાં તેમાં ह અક્ષર જ મંત્રસ્વરૂપ છે, તેથી અક્ષર એવો પ્રયોગ ઉચિત છે.'

પૂર્વે અમે અર્હં મંત્રની અક્ષરગણનામાં अर्हं ને એક જ અક્ષર ગણવાનો સંપ્રદાય જણાવ્યો છે; તેનું રહસ્ય આ ખુલાસા પરથી મળી જશે. અહીં પ્રસંગવશાત્ જણાવી દઈએ કે આ अर्हं બીજે ધ્યાનપ્રક્રિયામાં ऽर्हं એવો આકાર ધારણ કરેલો છે, એટલે તેની એકાક્ષરતા સંબંધી કોઈ શંકાને સ્થાન નથી.

કદાચ અહીં બીજો પ્રશ્ન એમ પૂછાય કે 'પરમેશ્વર એવા પરમેષ્ઠી એમ કહેવામાં શો હેતુ રહેલો છે?' તેઓ જણાવે છે કે-

देवतानां गुरुणां च नाम नोपपदं विना ।
उच्चरेन्नेव जायायाः कथञ्चिन्नात्मनस्तथा ॥

'દેવતાઓ અને ગુરુનું નામ વિશેષણ વિના બોલવું ન જોઈએ. તેમજ પત્નીનું અને પોતાનું નામ પણ બને ત્યાં સુધી ઉચ્ચારવું ન જોઈએ.'

આવો શિષ્ટાચાર હોવાથી અહીં પરમેષ્ઠીને પરમેશ્વર એવું વિશેષણ લગાડેલું છે.'

શ્રી હેમચંદ્રાચાર્યના સમયમાં આ શિષ્ટાચારનું બરાબર પાલન થતું હતું. અરે! આજથી લગભગ સો વર્ષ પહેલાં પણ આ શિષ્ટાચાર બરાબર જળવાતો હતો, પણ પશ્ચિમની સંસ્કૃતિની આપણા પર છાયા ઢળ્યા પછી, આ શિષ્ટાચારમાં ઓટ આવી છે, એટલે કેટલાકને આ વિધાન

આશ્ચર્યકારક પણ લાગે, પણ તેમાં ઉપરના કારણે જરા ય આશ્ચર્ય પામવાની જરૂર નથી.

અહીં કોઈ એમ કહેતું હોય કે તે માટે 'શ્રી' વિશેષણ લગાડી શકાય એવું હતું, છતાં પરમેશ્વર વિશેષણ શા માટે લગાડયું? તો તેનું સમાધાન એ છે કે 'શ્રી' વિશેષણ સામાન્ય છે અને એ તો શિષ્ટાચારની ખાતર ગમે તેવા માણસની આગળ પણ લગાડી શકાય છે, એટલે અહીં વિશિષ્ટ ગુણોનું પ્રતિપાદક એવું જ વિશેષણ લગાડવું જોઈએ અને એવું વિશેષણ 'પરમેશ્વર' છે, તેથી એ લગાડેલું છે.

પરમેશ્વર શબ્દનો અર્થ કોઇ ભળતો જ ન કરે, તે માટે તેમણે અહીં સ્પષ્ટતા કરી છે કે 'પરમેશ્વર' એટલે પરમ ઐશ્વર્ય અર્થાત્ અષ્ટ મહાપ્રાતિહાર્ય અને સમવસરણ-આદિ અન્ય પ્રકારની સમૃદ્ધિ તથા યોગની સર્વ પ્રકારની સિદ્ધિ. પરમેષ્ઠી એટલે પરમ સ્થાને રહેલા. આ શબ્દ વડે સામાન્ય રીતે અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ પંચપરમેષ્ઠીને ગ્રહણ કરવામાં આવે છે, પરંતુ અહીં પરમેશ્વર એવું વિશેષણ આગળ આવી જતાં સકલ રાગાદિરૂપ મલરહિત, સર્વ જીવોના યોગ-ક્ષેમનું વહન કરનાર, શસ્ત્રાદિ ઉપાધિરહિત હોવાને કારણે પ્રસન્નતાના પાત્ર, જ્યોતિરૂપ અને ચોત્રીશ અતિશયોના ધારક એવા સર્વજ્ઞ પુરુષવિશેષ શ્રી અરિહંત દેવ સમજવા. તાત્પર્ય કે

अर्हं બીજ ભૂતકાલમાં થઇ ગયેલા, વર્તમાનકાલમાં વિચરતા તથા ભવિષ્યકાલમાં થનારા સર્વે અરિહંતોનું વાચક છે.

જૈનધર્મ આર્હત ધર્મ કહેવાય છે, કારણ કે તે અરિહંતો વડે ઉપદેશાયેલો છે અને તેમાં મુખ્ય ઉપાસના અરિહંતની છે. પંચ–નમસ્કારમાં પહેલો નમસ્કાર અરિહંતોને કરવામાં આવે છે, તેનું કારણ પણ આ જ છે. ભરત-વર્ષમાં આજે ૧૦૦ ઉપરાંત જૈન તીર્થો અને ૩૬૦૦૦ ઉપરાંત જૈન મંદિરો વિદ્યમાન છે, તે બધા અરિહંતોની ઉપાસના કરવા માટે જ બંધાયેલાં છે.

શ્રી હેમચંદ્રાચાર્ય આ अर्हं બીજનો વિશેષ મહિમા વર્ણવતાં જણાવે છે કે ' सिद्धचक्रस्यादिबीजम्. આ अर्हं બીજ શ્રી સિદ્ધચક્રનું આદિ બીજ છે ', એ કારણે પણ અત્યંત મહિમાશાળી છે. જેમાં સિદ્ધ એવાં પરમતત્ત્વો ચક્રાકારે મંડળરૂપે ગોઠવાયેલાં હોય, તે સિદ્ધચક્ર. અહીં પરમતત્ત્વથી અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ એ નવપદો સમજવાનાં છે. તાત્પર્ય કે સિદ્ધ-ચક્રની રચના આ નવપદોથી થયેલી છે. અન્ય શાસ્ત્રોમાં જેમ ત્રૈલોક્યવિજય, ઘંટાર્ગલ, સ્વાધિષ્ઠાન, પ્રત્યંગિરા વગેરે ચક્રો પ્રસિદ્ધિ પામેલાં છે, તેમ આ સિદ્ધચક્ર જૈન શાસ્ત્રોમાં પ્રસિદ્ધિ પામેલાં છે. આ સિદ્ધચક્રમાં ह्रां ह्रीं ह्रूं ह्रौं ह्रः આદિ બીજાં બીજો છે,* પણ તેમાં अर्हं બીજની મુખ્યતા છે, તેથી તેને આદિબીજ સમજવાનું છે. શ્રી સિદ્ધચક્ર

* આ બીજો ઋષિમંડલમાં આવે છે.

યંત્રની મધ્યમાં તે ૐકાર અને હ્રીંકારથી વેષ્ટિત થયેલું જોઈ શકાય છે.

તે પછી કહેવામાં આવ્યું છે કે 'सकलागमोपनिषद्भूतं' આ अर्हं બીજ સકલ આગમોનું રહસ્ય છે.' 'જે પરમ-ગુરુ એવા અરિહંતના મુખમાંથી નીકળ્યું હોય અને શ્રદ્ધા-સંપન્ન વિનયવંત શિષ્યો પ્રત્યે ગયું હોય, તે આગમ કહેવાય. આવાં આગમો મુખ્યત્વે બાર અને સમુદાયરૂપે ઘણાં છે. (હાલ ૪૫ આગમની માન્યતા છે.) તે બધાનો સાર 'अरिहंत–सिद्ध–आयरिय–उवज्झाय–साहू' એ ષોડશાક્ષરી વિદ્યામાં આવી જાય છે અને એ ષોડશાક્ષરી વિદ્યાનો સાર अर्हं બીજમાં નિહિત છે, એટલે તેને સકલ આગમોનું રહસ્ય સમજવાનું છે.'

જ્ઞાનના પ્રચાર માટે 'વિસ્તાર' અને 'સંક્ષેપ' બંને પદ્ધતિઓ આપણે ત્યાં અમલમાં હતી. જ્ઞાની ભગવંતોનાં જે વાક્યો સૂત્રરૂપ હતા, તેનો અર્થ સમજાવવા માટે તેના પર નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ તથા ટીકાઓ વગેરેની રચના કરવામાં આવી અને તે લાખો શ્લોકો સુધી પહોંચી. તે જ રીતે શાસ્ત્રોનો વિસ્તાર ઘણો થતાં તેના સંક્ષેપ કે સાર રૂપ કૃતિઓ નિર્માણ થવા માંડી અને એ સંક્ષેપ કે સાર-રૂપ કૃતિઓનો પણ સાર કાઢી તેને અમુક સૂત્ર કે મંત્રમાં

× શ્રી સિદ્ધચક્રનું સંપૂર્ણ સ્વરૂપ સમજવા માટે અમારો [illegible] સિદ્ધિદાયક 'સિદ્ધચક્ર'નામનો દળદાર ગ્રંથ જરૂર જૂઓ.



ૐકાર અને હ્રીંકારયુક્ત
અર્હં બીજાક્ષરની વિશિષ્ટ રચના

## बाह्याभ्यन्तर परिकर सहित अर्हं अक्षरनुं स्मरण



જે સકલ મનોરથની સિદ્ધિ કરવામાં સમર્થ છે.

પરિણત કરવામાં આવ્યો. તે અંગે ચાર પંડિતોની કથા અમે 'નમસ્કારમંત્રસિદ્ધિ'ના છઠ્ઠા પ્રકરણમાં આપેલી છે. તેનો સાર એ છે કે જુદા જુદા વિષયના ચાર પંડિતોએ પોતપોતાના વિષય અંગે એક એક લાખ શ્લોકની રચના કરી. પછી તે રાજા પાસે લઈ જતાં રાજાએ કહ્યું : 'આનો સંક્ષેપ કરો તો હું સાંભળી શકું.' તેથી પંડિતો સંક્ષેપ કરવા કબૂલ થયા, પરંતુ એ સંક્ષેપનું પ્રમાણ શ્લોકના એક પાદ સુધી પહોંચ્યું, એટલે ચારેય પંડિતોએ મળી માત્ર એક શ્લોક કહ્યો, તે આ પ્રમાણે :

जीर्णे भोजनमात्रेयः, कपिलः प्राणिनां दया ।
बृहस्पतिरविश्वासः, पाञ्चालः स्त्रीषु मार्दवम् ॥

આનો અર્થ એ છે કે આયુર્વેદના નિષ્ણાત આત્રેય ઋષિનો મત એ છે કે 'પૂર્વે ખાધેલું પચી ગયા પછી ભોજન કરવું.' આમાં સમસ્ત આયુર્વેદનો સાર આવી જાય છે. ધર્મશાસ્ત્રોમાં નિપુણ કપિલમુનિનો અભિપ્રાય એવો છ કે 'પ્રાણીઓ પ્રત્યે દયા રાખવી.' આમાં બધાં ધર્મશાસ્ત્રોનો સાર આવી જાય છે. નીતિવિશારદ બૃહસ્પતિનું કહેવું એવું છે કે 'કોઈ પર આંધળો વિશ્વાસ મૂકવો નહિ.' આમાં બધાં નીતિશાસ્ત્રોનો સાર આવી જાય છે અને કામશાસ્ત્રમાં કાબેલ પાંચાલ ઋષિની એવી માન્યતા છે કે 'સ્ત્રીઓ પ્રત્યે મૃદુતાભર્યો વ્યવહાર રાખવો.' આમાં સર્વ કામશાસ્ત્રોનો સાર આવી જાય છે.

આજે Digest-ડાઈજેસ્ટની જે પદ્ધતિ છે, તે આ બીજા પ્રકારની છે અને તે લોકો દ્વારા ખૂબ સત્કાર પામી રહી છે, કારણ કે ઘણું લાંબુ વાંચવાની કે સાંભળવાની કોઈને ફુરસદ નથી.

અહીં કદાચ એવો પ્રશ્ન પૂછાશે કે 'તમે પૂર્વે જિન-શાસનનો સાર નમસ્કાર છે, તેનો સાર नमो अरिहंताणं પદ છે અને તેનો સાર अर्हँ બીજ છે એમ કહ્યું છે, તેનું કેમ?' તો અમારા એ વિધાનમાં અને પ્રસ્તુત વિધાનમાં વાસ્તવિકતાએ કશો તફાવત નથી. જેમાં જિન ભગવંતની સર્વે આજ્ઞાઓનો સંગ્રહ હોય, તેને જિનશાસન કહેવાય. શાસ્ત્ર, શ્રુત, આગમ એ તેના જ પર્યાયશબ્દો છે. સાર એટલે રહસ્ય. તાત્પર્ય કે જિનશાસનનો સાર કહીએ કે સકલાગમનું રહસ્ય કહીએ, એ બંને વસ્તુ એકની એક છે.

પ્રથમ જિનશાસનનો સાર નમસ્કાર મંત્ર કહેવાયો કે જ્યાં પંચપરમેષ્ઠીની મુખ્યતા છે. અહીં સકલાગમનું રહસ્ય 'अरिहंत-सिद्ध-आयरिय-उवज्झाय-साहू' નામની ષોડશાક્ષરી વિદ્યા કહેવાઇ, તેમાં પણ એ જ પંચપરમેષ્ઠીની વાત છે, એટલે આમાં પણ તાત્ત્વિક કંઇ ફેર નથી.

હવે નમસ્કારમંત્રનો સાર તેનું પ્રથમ પદ અને તેનો સાર अर्हँ બીજ કહીએ કે પંચપરમેષ્ઠીરૂપ ષોડ-શાક્ષરી વિદ્યાનો સાર अर्हँ બીજ કહીએ, એમાં કંઈ તાત્ત્વિક તફાવત ખરો? નાથાલાલ એ પુનમચંદના પુત્રનો પુત્ર છે એમ કહીએ કે નાથાલાલ એ પુનમચંદનો પૌત્ર છે,

એમ કહીએ તો વસ્તુમાં કંઈ ફરક પડતો નથી. માત્ર તેની કહેવાની રીતમાં ફરક છે, એટલું જ. તાત્પર્ય કે પ્રથમના વિધાનમાં અને પ્રસ્તુત વિધાનમાં વાસ્તવિકતાએ કશો તફાવત નથી.

अर्हं બીજ અરિહંત પરમેષ્ઠીનું વાચક છે, સિદ્ધચક્રનું મુખ્ય બીજ છે અને સકલાગમનું રહસ્ય છે, એટલું કહ્યા પછી વિશેષમાં જણાવ્યું છે કે તે 'अशेषविघ्नविघातनिघ्नं—એટલે સર્વ વિઘ્નોનો નાશ કરવામાં સમર્થ છે.' મનુષ્ય કોઈ પણ કાર્યનો પ્રારંભ કરે તો તેમાં કોઈને કોઈ વિઘ્નો તો આવે જ છે. જો એ વિઘ્નનો નાશ થાય, એટલે કે તે આવતું જ અટકી જાય કે ઉપસ્થિત થયા પછી વિરામ પામે તો જ કાર્ય આગળ વધે છે અને તેમાં સિદ્ધિ સાંપડે છે. કેટલાક માણસો વિઘ્નના વિચારથી કામનો જ પ્રારંભ કરતા નથી, તો કેટલાક માણસો વિઘ્ન આવતાં ગભરાવા લાગે છે કે ઢીલા પડી જાય છે. આ બંને પ્રકારના મનુષ્યો કાર્યસિદ્ધિ માટે અયોગ્ય ગણાયા છે. જે વિઘ્નોને જિતી જાય, તેને પાર કરે, તે જ મર્દ ગણાય છે અને તે જ કાર્યસિદ્ધિ માટે યોગ્ય ગણાય છે; પરંતુ આ રીતે વિઘ્નોનો જય કરવા માટે ધૈર્ય ધારણ કરવું પડે છે અને મનને સ્વસ્થ રાખવું પડે છે. તેમાં अर्हं બીજનું—अर्हं મંત્રનું સ્મરણ ઘણું ઉપયોગી થઇ પડે છે. કલિકાલ-સર્વજ્ઞ તો એમ કહે છે કે આ જગતમાં એવું કોઈ વિઘ્ન નથી કે જે अर्हं બીજનાં સ્મરણ-પ્રભાવે નાશ ન પામે.

આગળ વધી તેઓ જણાવે છે કે 'अखिलदृष्ट अदृष्ट फलसंकल्पकल्पद्रुमोपमम्–અર્હં બીજ સર્વ પ્રકારના દૃષ્ટ અને અદૃષ્ટ ફલના સંકલ્પોને પૂર્ણ કરવા માટે કલ્પવૃક્ષ જેવું છે.' અહીં દૃષ્ટ ફલ સંકલ્પથી રાજ્યઋદ્ધિ વગેરેને લગતો સંકલ્પ અને અદૃષ્ટ ફલ સંકલ્પથી સ્વર્ગસુખ વગેરેને લગતો સંકલ્પ સમજવાનો છે. તાત્પર્ય કે જેમ કલ્પવૃક્ષ મનુષ્યના સર્વ મનોરથોની પૂર્તિ કરે છે, તેમ આ અર્હં બીજ પણ મનુષ્યોના આ ભવ અને પરભવને લગતા સર્વ મનોરથોની પૂર્તિ કરે છે.'

છેવટે તેઓ જણાવે છે કે आशास्त्राध्ययन–अध्यापनावधि प्रणिधेयम्–આ અર્હં બીજનું શાસ્ત્રના અધ્યયન અને અધ્યાપન સમયે અવશ્ય પ્રણિધાન કરવું જોઈએ, એટલે કે ભાવપૂર્વક સ્મરણ–ચિંતન કરવું જોઈએ.'

અહીં કોઈ એમ કહેતું હોય કે વ્યાકરણશાસ્ત્ર તો સર્વમાન્ય શાસ્ત્ર છે, એટલે તેનું મંગલાચરણ પણ સર્વ-માન્ય હોવું જોઈએ. તાત્પર્ય કે અહીં અર્હં પદથી–બીજથી જે મંગલાચરણ કર્યું, તે યોગ્ય નથી. તો કલિકાલ સર્વજ્ઞ કહે છે કે અર્હં પદને અન્ય ધર્મોએ પણ સન્માનેલું છે, જેમકે—

अकारेणोच्यते विष्णू, रेफे ब्रह्मा व्यवस्थितः ।
हकारेण ईशः प्रोक्तस्तदन्ते परमं पदम् ॥

'અ કારથી વિષ્ણુ કહેવાય છે, રેફમાં બ્રહ્મા રહેલા છે,

ह કારથી શિવનું કથન છે અને તેના છેડે આવેલું જે અનુસ્વાર કે બિંદુ છે, એ પરમપદનું વાચક છે.'

તાત્પર્ય કે अर्हं બીજને અન્ય લોકોએ પણ પરમેશ્વરનું પ્રતીક માનેલું હોઈ આ મંગલાચરણને માત્ર સામ્પ્રદાયિક ન સમજતાં સર્વમાન્ય સમજવું જોઈએ.

અહીં એટલી સ્પષ્ટતા કરી દઇએ કે અહીં શાસ્ત્ર-રચનાનો પ્રસંગ હોઈ अर्हं બીજનું શાસ્ત્રના અધ્યયન-અધ્યાપન સમયે ભાવપૂર્વક સ્મરણ-ચિંતન કરવાનું કહ્યું છે, પરંતુ તે કોઈ પણ શુભ કાર્ય કે આવશ્યક કાર્યનો પ્રારંભ કરતાં પહેલાં ત્રણથી પાંચ વાર કરવા જેવું છે; તેથી વિઘ્નનો વિનાશ અને ઇષ્ટફલપ્રાપ્તિ જરૂર થાય છે. આ વસ્તુ અમારી અનુભવેલી છે અને બીજાઓએ તેનો પ્રયોગ કરતાં સફલતા મળેલી છે

એક વકીલ મહાશય પાસે એક અટપટો કેસ આવ્યો. તે જીતવાની તેમને આશા ન હતી, પણ અસીલના લાંબા વખતના સંબંધથી, તેમજ તેના અતિ આગ્રહથી તેમને એ કેસ હાથ ધરવો પડ્યો હતો. તેમને વિશેષ વિચાર કરતાં એમ લાગ્યું કે જો હું આ કેસ હારી જઈશ, તો મારી વર્તમાન પ્રતિષ્ઠાને ફટકો પડશે, એટલે તેઓ એ કેસ જિતવાને કૃતનિશ્ચયી બન્યા. આ વખતે તેમને અર્હં મંત્ર યાદ આવ્યો, એટલે તેની રોજ ત્રણ માળા ગણવા લાગ્યા તથા કોર્ટમાં કેસ ચલાવતાં પહેલાં તેનું ત્રણવાર

મનમાં સ્મરણ કરવા લાગ્યા. આથી તેઓ આ કેસ આસાનીથી જિતી ગયા. તે દિવસથી તેમની આ મંત્ર પરની શ્રદ્ધા ખૂબ વધી અને તેની ગણના નિયમિત બની. બીજા એક કેસમાં પણ આવું જ બન્યું, એટલે તેઓ એનું રટણ વારંવાર કરવા લાગ્યા. આજે ઉઠતાં–બેસતાં–સૂતાં તથા અન્ય અનેક પ્રસંગોએ તેઓ એનું રટણ કરતા જ હોય છે.

તાત્પર્ય કે અર્હં મંત્ર મહા મહિમાશાળી હોવાથી દરેક શુભ કે આવશ્યક કાર્યના પ્રારંભે તેનું સ્મરણ અવશ્ય કરવા જેવું છે.

[ ૭ ]

## અર્હં મંત્રનો પ્રભાવ અચિંત્ય છે

હવે અર્હં મંત્રના પ્રભાવ પર આવીએ. અમે આ ગ્રંથના બીજા પ્રકરણમાં પ્રસંગવશાત્ કહેલું છે કે "અર્હં મંત્ર અચિંત્ય પ્રભાવશાલી છે અને તે આજે પણ પોતાનો પ્રભાવ બતાવવાને સમર્થ છે.' તેની પાઠક મિત્રોને પૂર્ણ પ્રતીતિ કરાવવા માટે પ્રસ્તુત પ્રકરણનું આલેખન કરવામાં આવ્યું છે.

અમારો અનુભવ એમ કહે છે કે જે વિધાન શ્રુતિ, યુક્તિ અને અનૂભૂતિના આધારે પ્રતિપાદિત કરવામાં આવ્યું હોય, તે પાઠકોને પ્રતીતિ કરાવ્યા સિવાય રહેતું નથી, એટલે અમે પ્રસ્તુત પ્રકરણના આલેખનમાં આ ત્રણેય વસ્તુઓનો ઉચિત ઉપયોગ કરેલો છે.

શ્રુતિ એટલે શાસ્ત્ર. તેમાં મહાપુરુષોએ જોયેલી–જાણેલી–અનુભવેલી વસ્તુઓનો સમુચિત સંગ્રહ શબ્દાકાર પામેલો હોય છે, એટલે તે પ્રતીતિજનક બને છે. આપણી દૃષ્ટિ ટૂંકી છે અને આપણું જ્ઞાન અલ્પ છે, તેથી આપણે બધી વસ્તુનો

યથાર્થ નિર્ણય કરી શકીએ એવી સ્થિતિમાં નથી. આ સ્થિતિ–સંયોગોમાં શાસ્ત્રો આપણા માર્ગદર્શન કે ભોમિયાની ગરજ સારે છે. ' सवणे नाणे विन्नाणे ' એ શબ્દોનો ભાવાર્થ એ છે કે મહાપુરુષોએ રચેલાં શાસ્ત્રનું શ્રવણ કરતાં જ્ઞાનની પ્રાપ્તિ થાય છે અને તેના પર ચિંતન–મનન કરતાં વિજ્ઞાનની પ્રાપ્તિ થાય છે કે જે જીવનને સફલ બનાવવામાં અતિ અગત્યનો ભાગ ભજવે છે. તાત્પર્ય કે શાસ્ત્રવચનોને આપણે પ્રમાણભૂત માનીને ચાલવાનું છે.

જેઓ શાસ્ત્રનો અનાદર કરે છે કે તેના પ્રત્યે ઉપેક્ષાભાવથી વર્તે છે, તેઓ કદી પણ સત્ય જ્ઞાનની પ્રાપ્તિ કરી શકતા નથી. અને એ તો એક નિશ્ચિત હકીકત છે કે સત્ય જ્ઞાન વિના કદી કોઈનો ઉદ્ધાર થતો નથી. જે–તેનું કહ્યું માનીને ચાલનારા અથડાયા છે, કૂટાયા છે અને આખરે જીવનની બાજી હારી ગયા છે, એટલે મહાપુરુષોનાં વચનો પર વિશ્વાસ રાખીને ચાલવું, એ જ આપણા માટે હિતાવહ છે.

યુક્તિ એટલે બુદ્ધિગમ્ય દલીલો. જે વસ્તુ મનુષ્યની બુદ્ધિમાં ઉતરતી નથી, તેનો તે સ્વીકાર કરતો નથી, તેથી એક વસ્તુને મનુષ્યની બુદ્ધિમાં ઉતારવી હોય. અર્થાત્ તેની પ્રતીતિ કરાવવી હોય તો યુક્તિની જરૂર પડે છે. દાખલા તરીકે એક મહાપુરુષે એમ કહ્યું કે 'કમ ખાઓ, ગમ ખાઓ.' પણ સાંભળનારા સામાન્ય બુદ્ધિના હતા, એટલે તેમના ગળે એ વાત ઉતરી નહિ. તેઓ વિચારવા

લાગ્યા કે 'આપણે ત્યાં ધાન્યની કોઠીઓ ભરેલી છે, તો કમ શા માટે ખાવું ? વળી કમ ખાવાથી દુબળા પડી જઈએ, તેનું કેમ ? અને ગમ ખાઈએ તો આપણે નબળા ગણાઈએ, એટલે આ વાત પણ ઠીક નથી.' મહાપુરુષ તેમના મનની સ્થિતિ સમજી ગયા, એટલે તેમણે જણાવ્યું કે 'જે મનુષ્ય ભૂખ કરતાં કમ એટલે થોડું ઓછું ખાય છે, તેની તંદુરસ્તી બરાબર જળવાઈ રહે છે; જ્યારે ઠાંસીને જમનારા અનેક પ્રકારના રોગોના ભોગ થઈ પડે છે, તેથી કમ ખાવાની વાત છે. વળી ભૂખ કરતાં કમ ખાવાથી ઉણોદરી નામનું તપ થાય છે અને તેથી પૂર્વે બાંધેલાં કર્મો ખપે છે. આ વાત તમે બરાબર સમજ્યા ને ?' એ વખતે બધાએ ડોકું ધૂણાવીને હા પાડી.

પછી તેમણે જણાવ્યું કે 'વ્યવહારમાં આપણે ઘણા માણસોના સંબંધમાં આવવું પડે છે, તેમાં બધાના સ્વભાવ સરખા હોતા નથી. તેમાં કોઈક વાર કોઈ વધારે પડતું બોલી જાય એમ પણ બને; અથવા આપણને ન ગમતા હોય, એવા શબ્દો પણ સંભળાવે. પરંતુ એ વખતે આપણે તેનો વળતો ઉત્તર ન આપતાં ગમ ખાઈ જવી. એથી વાત ત્યાં જ અટકી જાય અને આગળ ન વધે. જો આગળ વધ્યા તો ગાળગલોચ થવાની, તેમાંથી ગડદાપાટુનો વારો આવવાનો અને છેવટે લાકડી કે સળિયા જે હાથમાં આવ્યું તેના વડે જંગ જામવાનો. અને તમે જાણો છો કે એક વાર જંગ જામ્યો, એટલે કોને કેટલું વાગે, કે કોનું મોત નિપજે તે કહેવાય

નહિ, એટલે આવે વખતે ગમ ખાવી, એ ડહાપણભરેલું કામ છે. તમે આ વાત પણ બરાબર સમજ્યા ને ?' એટલે સાંભળનારાઓએ કહ્યું : 'આપની વાત અમે બરાબર સમજ્યા છીએ. હવે પછી અમે જરૂર કમ ખાઈશું અને ગમ ખાઈશું.'

તાત્પર્ય કે એક વસ્તુની પ્રતીતિ કરાવવી હોય તો યુક્તિની પણ જરૂર પડે છે.

અનુભૂતિ એટલે અનુભવ. જે વસ્તુ મનુષ્યને અનુભવે સમજાઈ હોય, તેની તેને તરત પ્રતીતિ થઈ જાય છે. તે માટે કશો શાસ્ત્રાધાર આપવાની કે કશી દલીલ કરવાની જરૂર રહેતી નથી.

આટલું પ્રાસંગિક કહ્યા પછી આપણે મૂલ વિષય પર આવીએ. તેમાં પ્રથમ એ વિચારવાનું છે કે જે મંત્રમાં પરમતત્ત્વરૂપ અને મહામહિમાશાલી એવા अर्हं બીજની મુખ્યતા હોય, તે મંત્ર કેવો–કેટલો પ્રભાવશાલી હોવો જોઈએ ? મંત્રનો પ્રભાવ બીજાક્ષરોની શકિત પર આધાર રાખે છે, એ આપણે ભૂલવાનું નથી. તાત્પર્ય કે अर्हं બીજની મુખ્યતાને લીધે અર્હં મંત્ર અચિંત્ય પ્રભાવશાલી બનેલો છે.

મહામંત્રવાદી શ્રીસિંહતિલકસૂરિએ તેમના '**મન્ત્રરાજ–રહસ્ય**' નામના અતિ મનનીય ગ્રંથમાં '**જ્ઞાનાર્ણવ**' નો એક શ્લોક ઉદ્ધૃત કરેલો છે, તે આ વિષયમાં ઘણો પ્રકાશ પાડે એવો છે. આ રહી તેની શબ્દરચના :

अर्हँ जपात् क्षयमरोचकमग्निमांद्यं,
कुष्ठोदरामकसनश्वसनानि हन्ति ।
प्राप्नोति चाप्रतिमवाग् महतीं महद्भ्यः,
पूजां परत्र च गतिं पुरुषोत्तमाप्ताम् ॥

'અર્હં મંત્રરાજ તેના જપદ્વારા ક્ષય, અરુચિ, અગ્નિમાંદ્ય, કોઢ, ઉદર રોગ, આમ રોગ, ખાંસી અને શ્વાસ વગેરે રોગોને હણે છે. વળી તેનો જપ કરનાર અપ્રતિમ વાણીવાળો બને છે, મહાન પુરુષોની પૂજાને પ્રાપ્ત કરે છે અને ઉત્તમ પુરુષોએ પરલોકમાં જે ગતિ મેળવી તે ગતિને મેળવે છે.'

આમાં મુખ્યત્વે ચાર વસ્તુઓ કહેવામાં આવી છે: (૧) અર્હં મંત્રના જપ–ધ્યાનાદિમાં રોગ નિવારણની અદ્ભુત શકિત રહેલી છે. (૨) તેનાથી વાણીમાં અદ્ભુત શકિત આવે છે. (૩) તેનાથી અત્યંત લોકપ્રિયતા મળે છે અને મોટા ગણાતા મનુષ્યો પણ માન–સન્માન કરે છે તથા (૪) તેનાથી મોક્ષગતિ પણ મેળવી શકાય છે.

થોડા વિવેચનથી આ વસ્તુ વધારે સ્પષ્ટ થશે.

અર્હં મંત્ર એક પ્રકારનો સાત્ત્વિક મંત્ર છે, એટલે તે શરીર, મન અને આત્માની શુદ્ધિ કરનારો છે. વળી તેની ગણના શાન્તિમંત્રમાં થાય છે, એટલે તે રોગોનું ઉપશમન કરવામાં, આપત્તિઓનું નિવારણ કરવામાં તથા કલેશકંકાસને દૂર કરી તેના સ્થાને શાન્તિ સ્થાપવામાં સમર્થ છે, એમ સમજવાનું છે.

રોગોનો પાર નથી. તેની સંખ્યા હજારો પર પહોંચે એમ છે અને દિન-પ્રતિદિન તેમાં ઉમેરો થતો જ જાય છે. આમાંના કેટલાક રોગો સાધ્ય એટલે કે ઔષધાદિ ઉપચારોથી મટી જાય એવા હોય છે; કેટલાક રોગો કષ્ટસાધ્ય એટલે અનેક પ્રકારના ઉપચારથી લાંબા ગાળે મટે એવા હોય છે; તો કેટલાક રોગો અસાધ્ય એટલે ગમે તેવા ઉપચારોને પણ દાદ ન દે એવા હોય છે, અર્થાત્ તે મનુષ્યનું મૃત્યુ નિપજાવ્યે જ છૂટકો કરે છે. પરંતુ અર્હં મંત્ર એવો પ્રભાવશાલી છે કે તે સાધ્ય, કષ્ટસાધ્ય તથા અસાધ્ય બધા રોગોને મટાડી દે છે.'

અહીં જે રોગોની યાદી આપવામાં આવી છે, એ તો સૂચના માત્ર છે. તે પરથી એમ સમજવાનું છે કે આવી જાતના બીજા પણ અનેક રોગોને તે મટાડી શકે છે.

**ક્ષય** : પ્રથમ આ રોગ જાલીમ ગણાતો, એટલે કે જેને લાગુ પડ્યો હોય, તેને રીબાવી-રીબાવીને મારી નાખતો. તે માટે કેટલાક ઔષધો અસ્તિત્વમાં હતાં, પણ તે એને ભાગ્યે જ દાદ આપતો. કેટલાક રાજવૈદ્યોએ આ રોગ મટાડ્યાના દાખલાઓ છે, પણ તે સેંકડે પાંચ-સાત ટકા. આજે એ પરિસ્થિતિમાં સુધારો થયો છે અને બીજા કેટલાક અસરકારક ઉપાયો મળી આવ્યા છે, છતાં યે આ દર્દને મટાડવા માટે પૂરી જહેમત ઉઠાવવી પડે છે, એ હકીકત છે. અર્હં મંત્રની વિધિસર ઉપાસના કરતાં આ રોગ મટી જાય છે.

**અરુચિ અને અગ્નિમાંદ્ય :** ખોરાક પર બિલકુલ રુચિ ન થવી, તેને અરુચિ નામનો રોગ કહેવામાં આવે છે અને જઠરાગ્નિ મંદ પડતાં ખાધેલું ન પચવું, એને અગ્નિમાંદ્ય કહેવામાં આવે છે. પિત્તાશયની ખરાબી થતાં આ રોગ લાગુ પડે છે. આમ તો આ બંને સાધ્ય કોટિના રોગો છે, પણ લાંબો સમય ચાલતાં કષ્ટસાધ્ય બને છે અને તે દર્દીને ખૂબ હેરાન કરે છે, પણ અર્હં મંત્રના જપ–ધ્યાનાદિનો આશ્રય લેતાં તેમાં સુધારો થાય છે અને છેવટે મટી જાય છે.

આ પ્રકારના એક દર્દી પર અમે આ મંત્રનો પ્રયોગ કરેલો છે અને તેમાં અમને સફલતા મળેલી છે. તે માટે અમે એ દર્દીને અર્હં મંત્રના પાંચેય વર્ણો લાલ રંગે ચિંતવવાનું કહ્યું હતું, કારણ કે અગ્નિ પ્રદીપ્ત કરવા માટે લાલ રંગ ઉપકારક છે. તેઓ આ પાંચેય વર્ણોને લાલ રંગના ચિંતવતાં ચિંતવતાં જપ કરતા હતા અને પછી તેનું લાલ રંગે ધ્યાન ધરતા હતા. તેથી બે માસમાં તેમની તબિયત સુધરી ગઈ હતી.

**કોઢ :** ચામડીનાં દર્દોને સામાન્ય રીતે કોઢ કહેવામાં આવે છે. તેના અનેક પ્રકારો છે, જેમાં અઢારની મુખ્યતા છે. આ રોગ એકંદર હઠીલો ગણાય છે, એટલે કે તે ખાવાના કે લગાડવાના ઔષધોને જલ્દી દાદ દેતો નથી. શ્રીપાલ મહારાજાએ પોતાનો કોઢ મટાડવા માટે નવપદજીનું આરાધન કર્યું હતું, તેમાં મુખ્યતા અર્હં બીજની હતી, એ પાઠકોએ યાદ રાખવાનું છે. તેમનું આ આરાધન સફલ

થયું હતું અને છેવટે કાયા કંચનવરણી બની ગઈ હતી. અમે આ રોગ અંગે કોઈ પ્રયોગ કરી શક્યા નથી, પણ શાસ્ત્રકાર મહર્ષિએ જ્યારે તેનો ખાસ નિર્દેશ કર્યો છે, ત્યારે તે રોગ અર્હં મંત્રની વિધિસર ઉપાસના કરવાથી મટતો જ હશે, એવી અમારી શ્રદ્ધા છે.

**ઉદરરોગ :** ઉદર રોગ એટલે પેટને લગતા રોગ. તે અનેક પ્રકારના છે, જેમકે વાયુનો ગોળો ચડવો, પીડા ઉપડવી, આંકડી આવવી, ગાંઠ થવી વગેરે. તેમાં જલોદરનો રોગ ભયંકર ગણાય છે. તેનાથી પેટમાં પાણી ભરાઈ તે ફૂલતું જાય છે અને હાથ-પગ ગળતા જાય છે. વળી આ રોગવાળાને પાણીની તૃષા ઘણી લાગે છે. તે જેટલું પાણી પીએ છે, તેમાંનો થોડો ભાગ જ પેશાબ કે પરસેવા વાટે બહાર નીકળે છે અને બાકીનું ઉદરમાં સંઘરાઈ રહે છે. તે માટે હજી સુધી કોઈ વૈદકીય ઉપચાર સંપૂર્ણ સફળ થયો નથી. એલોપથી પદ્ધતિવાળા તે માટે પેટમાં કાણું પાડી તેમાનું પાણી બહાર કાઢે છે, તેથી દર્દીને થોડી રાહત મળે છે, પણ આ ક્રિયા ત્રીજીવાર થયા પછી દર્દી થોડા જ વખતમાં મરણ પામે છે. પરંતુ અર્હં મંત્રની અનન્ય નિષ્ઠાથી ઉપાસના કરતાં આ દર્દ મટી જાય છે.

'**રીડર્સ ડાઇજેસ્ટ**' નામના બહોળો ફેલાવો પામેલા એક અંગ્રેજી માસિકમાં થોડા વર્ષ પહેલાં એક મશહૂર ડોકટરે લેખ લખ્યો હતો. તેમાં તેમણે જણાવ્યું હતું કે 'હું હાલના વૈદકીય વિજ્ઞાન (Medical Seience)માં

માનનારો છું અને તેની વર્ષોથી પ્રેક્ટીસ કરું છું, પણ તાજેતરમાં જે એક ઘટના બની છે, તેને પ્રકાશમાં લાવવા ઇચ્છું છું, જેથી તેના પર સર્વ સુજ્ઞજનો વિચાર કરી શકે.

એક મહિલાને જલોદરનું દર્દ થયું હતું. તે મારી સંપૂર્ણ સારવાર નીચે હતી, પણ મેં યોજેલા ઉપચારોથી તેને ફાયદો થતો ન હતો. તેનું પેટ અનુક્રમે વધતું જ ગયું અને તેના હાથ-પગ સાવ ગળી ગયા. પછી તો તે મહિલા ઘણી અસ્વસ્થ રહેવા લાગી. મેં એના પેટમાંથી બે વાર પાણી કાઢયું, પણ તેને થોડી રાહત મળવા સિવાય વિશેષ કંઈ લાભ થયો નહિ. આખરે ત્રીજી વાર પાણી કાઢવાનો મેં નિશ્ચય કર્યો અને એ વાત પેલી દર્દી મહિલાને જણાવી.

એ મહિલા સમજી ગઈ કે હવે મારું મૃત્યુ નજીક આવી ગયું છે, એટલે તેણે રાતભર ઈશ્વરને પ્રાર્થના કરી અને સવાર થતાં તો તેનું પેટ મૂલ હાલતમાં આવી ગયું. 'ભગવાને મારી પ્રાર્થના સાંભળી અને મને નવું જીવતદાન દીધું' એ ખ્યાલે તેની આંખમાં હર્ષાશ્રુ આવી ગયાં અને તે ખૂબ આનંદવિભોર બની ગઇ.

સવારે હું તેની વીઝીટે ગયો, ત્યારે તેની હાલત જોઈને અવાક્ બની ગયો આ કેવું અજબ પરિવર્તન ! જે મહિલા ગઈ કાલ રાતે મરવાના વાંકે જીવતી હતી, તે આજે સંપૂર્ણ તંદુરસ્ત હાલતમાં હતી. બીજું તો ઠીક, પણ તેના પેટમાં સાતથી આઠ રતલ જેટલું પાણી હતું;

તે ક્યાં ગયું ? હું ચમત્કારમાં માનતો નથી, પણ આ ઘટનાનું કોઈ વૈજ્ઞાનિક કારણ હજી સુધી હું શોધી શક્યો નથી, તો સુજ્ઞજનો સમજાવશે ખરા કે આ વસ્તુ શેને આભારી હશે ? ખરેખર ! આ જગત્ રહસ્યમય છે અને તેનો પાર આપણે પામી શક્યા નથી. આપણે અધ્યાત્મવાદને ભલે મહત્ત્વ ન આપીએ, પણ જગતના ઘણા મહાપુરુષોએ તેનો સ્વીકાર કરેલો છે, એટલે તેનું ઊંડું અધ્યયન જરૂર કરવું જોઈએ. સંભવિત છે કે તેમાંથી આ ઘટનાનું રહસ્ય મળી આવે.'

આ દાખલો વિદેશનો છે અને ખ્રિસ્તી સંપ્રદાયનો છે, પણ પ્રાર્થના, ભક્તિ, મંત્રજપ વગેરેથી આવાં દર્દો પણ મટી જાય છે, તેની પ્રતીતિ કરાવવા માટે જ તે અહીં રજૂ કરવામાં આવ્યો છે.

**આમરોગ :** ખાવાનું પચે નહિં ત્યારે તેમાંથી જે રસ પેદા થાય, તે કાચો રહી જાય છે. આ કાચો રસ ગેસ વગેરે ઊભા કરે છે. આ કાચો રસ તે આમ. પણ અહીં આમરોગથી બધા પ્રકારના મરડાઓ તથા તેમાંથી છેવટે લાગુ પડતો સંગ્રહણીનો રોગ પણ સમજવાનો છે. અર્હં મંત્રના જપ-ધ્યાનાદિથી આ પ્રકારના તમામ રોગો મટી જાય છે.

**ખાંસી અને શ્વાસ :** કસન એટલે ખાંસી કે ઉધરસ અને શ્વસન એટલે શ્વાસ કે દમ. ખાંસીનો રોગ આમ

તો સામાન્ય ગણાય છે, પણ જ્યારે તે ખાલી આવે છે અને લાંબો વખત ચાલે છે, ત્યારે તે જાલીમ બને છે. તેનાથી દર્દી ઊંઘ લઈ શકતો નથી, તેનાં પડખાં અને આંતરડાં ખૂબ દુખે છે અને તેમાંથી ક્ષય રોગ લાગુ પડવાનો સંભવ રહે છે. શ્વાસ કે દમનો રોગ તો જાલીમ ગણાય છે જ, કારણ કે તે એક વાર લાગુ પડયા પછી દર્દીને જલદી છોડતો નથી. કેટલાક ઔષધોપચારથી તેમાં રાહત મળે છે, પણ તે કાયમનો દૂર થતો નથી. કદાચ કોઈને તે સાવ મટી ગયો પણ હોય, પરંતુ તેને અપવાદ સમજવાનો છે. અર્હં મંત્રની ઉપાસના આ બંને દર્દોને નિર્મૂલ કરવા સમર્થ છે.

અમે મુંબઈ–સેન્ડહર્સ્ટ રોડ ઉપર જીવનવિકાસ–ચિકિત્સાલય ચલાવતા હતા, ત્યારે ઉધરસ અને દમના કેટલાક દર્દીઓ પર આ મંત્રનો પ્રયોગ કર્યો હતો અને તેમાં ૮૦ ટકા જેટલી સફળતા મળી હતી. જે દર્દીઓને પૂરો આરામ ન થયો, તેનું કારણ તેમની અનિયમિતતા હતી, એટલે કે તેમણે જે નિયમોના પાલનપૂર્વક આ મંત્રની ઉપાસના કરવી જોઈએ, તેના પર બરાબર ધ્યાન આપ્યું ન હતું. અમે ભૂતશુદ્ધિના પાંચ આવર્ત અને ષોડશ પ્રાણાયામપૂર્વક આ મંત્રનો પ્રતિદિન ૧૦૦૮ જપ કરાવ્યો હતો અને અરિહંત–પૂજા તથા અરિહંત–ધ્યાનને તેનું એક આવશ્યક કર્તવ્ય બનાવ્યું હતું.

હવે અર્હં મંત્રનો જપ બીજા કયા રોગોમાં કેવું કામ કરે છે, તેના થોડા દાખલા આપીશું.

એક વાર અમે બે–ત્રણ મિત્રો સાથે દિલ્હીથી વારાણસી તરફ રેલ્વેમાં જઈ રહ્યા હતા. તે વખતે કાનપુર નજીક આવતાં એક મિત્રના પેટમાં દુઃખાવો ઉપડ્યો અને તે અસહ્ય થઈ પડ્યો. તે વખતે અમારી પાસે કોઈ જાતની દવા ન હતી, એટલે અમે બધાએ અર્હં મંત્રનો સમૂહ-જપ કરવા માંડ્યો. આ જપ આશરે પંદર મિનિટ ચાલ્યો કે પેલા મિત્રનું દર્દ શાંત થઈ ગયું અને ત્યાર પછી આખા પ્રવાસમાં તે ફરી ઉપડ્યું નહિ.

પશ્ચિમ રેલ્વેના ગોલવડ સ્ટેશન નજીક બોરડી નામનું ગામ આવેલું છે. ત્યાં એક વખત સુશ્રાવક શ્રીરામજી હંસરાજના બંગલે સાધ્વી મહારાજના સાત ઠાણાં ઉતર્યાં. તેમાં સહુથી મોટા સાધ્વીજીને દાઢનું એક ગડ થયું હતું અને તે અવાર–નવાર પીડા કરતું હતું. અહીં તે પીડાનો પ્રારંભ થયો અને થોડી વારમાં તો તે ખૂબ વધી પડી. આથી નજીકના ડોકટરને બોલાવવામાં આવ્યા. તેણે આ ગડ જોઈને કહ્યું કે 'ઓપરેશન સિવાય બીજો કોઈ રસ્તો નથી.' સાધ્વીજી મહારાજને ઓપરેશન કરાવવું ન હતું, એટલે શું કરવું ? તેની વિચારણા ચાલી. તે વખતે બંગલાના માલીક શ્રી રામજી-ભાઈ કે જે અમારી કાનપુરવાળી ઘટના જાણતા હતા, તેમણે પ્રસ્તાવ કર્યો કે 'ચાલો, આપણે મંત્રજપ કરીએ, તેથી સારું થઈ જશે, એવો મને વિશ્વાસ છે.' સાધ્વીજીએ કહ્યું: 'હું જે તે મંત્રનો જપ કરવા તૈયાર નથી, માટે પ્રથમ ખુલાસો કરો કે કયા મંત્રનો જપ કરવાનો છે ?' શ્રી રામજી-

ભાઈએ કહ્યું : 'આપણે અર્હં મંત્રનો જપ કરવાનો છે અને તે સામૂહિક રીતે કરવાનો છે.' એટલે સાધ્વીજી કબૂલ થયા અને અર્હં મંત્રનો સામૂહિક જપ શરૂ થયો. આ જપ બરાબર પંદર મીનીટ ચાલ્યો કે સાધ્વીજીના દાંતનું ગડ ફૂટી ગયું અને વેદના શાંત થઈ ગઈ. આથી સહુને આનંદ થયો અને અર્હં મંત્ર આજે પણ પોતાનો પ્રભાવ બતાવે છે, એ ખ્યાલથી તેના માટે ઘણો આદર ઉત્પન્ન થયો. તે પછી એ સાધ્વીજી નિત્ય-નિયમિત અર્હં મંત્રનો જપ કરવા લાગ્યા.

હૃદયરોગ તો આજે સામાન્ય થઈ પડ્યો છે, પણ તેમાં યે આ મંત્રનો જપ અકસીર નીવડયો છે. અમે ત્રણ વ્યક્તિ પર તેનો પ્રયોગ કરેલો છે અને તેમાં સફલતા મળેલી છે.

સહુથી વધારે મહત્ત્વની વાત તો એ છે કે આ મંત્રનો જપ મૃત્યુંજયનું કામ કરે છે.

મુંબઈના એક મોટા પદાધિકારી કે જે સામાન્ય રીતે સારી તંદુરસ્તી ભોગવતા હતા, તે એક વાર એકાએક બિમાર પડયા અને તેમની બિમારી વધતી ચાલી. ડોકટરો ઘરના હતા, એટલે ઉપચારમાં કોઈ ખામી ન હતી, પરંતુ એ બિમારી ઉપચારોને ગાંઠતી ન હતી. આથી આત્મીયજનોએ તેમના જાણીતા જ્યોતિષીને બોલાવ્યા અને દર્દીની જન્મકુંડલી તેમના હાથમાં મૂકી. જ્યોતિષીએ તેની ઝીણવટભરી તપાસ કરીને જણાવ્યું કે દર્દીને માથે મોટી ઘાત છે, માટે મૃત્યુંજયના જપ કરાવો.' તે પછી બીજા બે

જ્યોતિષ–વિશારદોનો અભિપ્રાય લેવાયો, તેમણે પણ લગભગ આવી જ વાત કરી. તે પછી અમને બોલાવવામાં આવ્યા. આ કુટુંબ સાથે અમારે ઘણા વખતથી ઘનિષ્ઠ સંબંધ હતો અને તેઓ આવી બાબતમાં અમને જરૂર પૂછતા. અમે કહ્યું : 'ગ્રહદશા ગમે તેવી ખરાબ હોય તો પણ આધ્યાત્મિક અનુષ્ઠાનથી તેનું નિવારણ થઈ શકે છે. હાલના સંયોગમાં જો અર્હં મંત્રનું સવાલાખ જપનું વિધિસર અનુષ્ઠાન કરવામાં આવે તો એ અવશ્ય મૃત્યુંજયનું કામ કરશે. તે માટે મૃત્યુંજય મંત્રના જુદા જપ કરાવવાની જરૂર નથી.'

અમારી આ સલાહ તેમના ગળે ઉતરી, અમે એ અનુષ્ઠાનનો પૂરો વિધિ બતાવ્યો અને તેમની પુત્રીએ એ પ્રમાણે અનુષ્ઠાનનો પ્રારંભ કર્યો. તેમાં અઢાર અભિષેક વાળી શ્રીપાર્શ્વનાથ ભગવાનની શ્વેત મૂર્તિની રોજ ૧૦૮ શ્વેત પુષ્પથી પૂજા કરવાની હતી તથા રોજનો ૬૦૦૦ જપ કરવાનો હતો. તે કાર્ય બરાબર વિધિસર થવા લાગ્યું કે સાતમા દિવસે દર્દનાં વળતાં પાણી થયાં અને એકવીશમા દિવસે સવાલાખ મંત્રનો જપ પૂરો થતાં દર્દીને સંપૂર્ણ આરામ થઈ ગયો. ત્યાર પછી તેઓ નવ વર્ષ જીવ્યા.

આજ પ્રકારનાં બીજાં બે અનુષ્ઠાનો અમારા હાથે થયાં છે અને તેમાં પણ ધારી સફળતા મળેલી છે. એ વ્યક્તિઓ આજે પણ વિદ્યમાન છે, એટલે અર્હં મંત્ર મૃત્યુંજયનું કામ કરે છે, એ બાબતમાં અમને કશી શંકા રહી નથી.

જે મંત્ર મૃત્યુંજયનું કામ કરતો હોય, તે બીજાં કયાં દર્દો ન મટાડે, એ પાઠકોએ સ્વયં વિચારી લેવાનું છે.

અહીં એ પણ જણાવી દઈએ કે ધંધા-રોજગારની પરિસ્થિતિ સુધારવા માટે તથા કોર્ટ-કચેરીના કામમાં સફ-ળતા મેળવવા માટે પણ આ મંત્રનો જપ ઘણું સુંદર કામ આપે છે. તે બાબતનો અમને અનુભવ થયેલો છે.

અર્હં મંત્રના જપથી વાણીમાં અદ્ભુત શક્તિ આવે છે, એનો અર્થ એમ સમજવાનો છે કે એ વાણી સહુને પ્રિય લાગે છે, એનો સામી વ્યક્તિ પર અજબ પ્રભાવ પડે છે અને એમાં જે કંઇ કહેવાયું હોય, તે સત્ય નીવડે છે. આપણે આને એક પ્રકારની વચનસિદ્ધિ જ સમજવી.

આજે મનુષ્યો લોકપ્રિયતા મેળવવા માટે કેવા કેવા પ્રયત્નો કરે છે, તે કોઈથી અજાણ્યું નથી. આમ છતાં તેમાંના કેટલાક જ લોકપ્રિયતા મેળવી શકે છે અને તે વિચિત્ર સંયોગો ઉભા થતાં ચાલી જાય છે. જ્યારે અર્હં મંત્રના ઉપાસકને ધારી લોકપ્રિયતા જરૂર મળે છે અને તે એના જીવનપર્યંત જળવાઈ રહે છે.

વળી તેને સમાજ તથા રાષ્ટ્ર તરફથી સન્માન પ્રાપ્ત થાય છે અને તેનો કીર્તિકલશ સોળે કળાએ દીપી ઉઠે છે.

માનવજીવનનું અંતિમ ધ્યેય ચારગતિનો છેદ કરી પાંચમી મોક્ષગતિ મેળવવાનું છે, તેમાં પણ આ મંત્રના જપ-ધ્યાનાદિ ઘણી સહાય કરે છે. હવે પાઠક મિત્રો ! તમેજ કહો કે અર્હં મંત્રનો પ્રભાવ અચિંત્ય ખરો કે નહિ ?

[ ૮ ]

## ઉપાસના અને ઉપાસક

મંત્રોપાસનામાં જેટલું મહત્ત્વ મંત્રનું છે, તેટલું જ મહત્ત્વ તેની ઉપાસનાનું છે, અથવા તો મંત્ર કરતાં પણ અધિક મહત્ત્વ તેની ઉપાસનાનું છે, કારણ કે તેનું આલંબન લીધા વિના મંત્રની શક્તિ પ્રકટ થતી નથી કે મંત્ર પોતાનો પ્રભાવ બતાવી શકતો નથી. જો મંત્રને આપણે એક પ્રકારનું તાળું માનીએ તો ઉપાસના એ તેને ઉઘાડવાની કરામતભરેલી કુંચી છે. આજે મંત્રો તો ઘણા પડેલા છે, પણ તેમની ઉપાસના–વિધિ કે આમ્નાયરૂપી કુંચીઓ ગુમ થઈ ગઈ છે, તેથી તે નકામા થઈ પડ્યા છે.

'પ્રથમ જ્ઞાન અને પછી ક્રિયા' એ જૈન મહર્ષિઓએ સ્થાપિત કરેલો સિદ્ધાંત છે. તેનો અર્થ એ છે કે કોઈ પણ ક્રિયા કરતાં પહેલાં તે અંગે આવશ્યક જ્ઞાન મેળવી લેવું જોઈએ, અન્યથા તે યથાર્થપણે થવાનો સંભવ નથી. જેને રસોઈનું જ્ઞાન નથી, તેને રસોઈ કરવા બેસાડીએ, તો કેવું

પરિણામ આવે, એ કહેવાની જરૂર છે ખરી? અથવા જેને વ્યાપારનું જ્ઞાન નથી, તેને દુકાનના થડે બેસાડીએ તો કેવા છબરડા વળે, તેનું વર્ણન કરવાની આવશ્યકતા છે ખરી? આ એક સાદી સીધી વાત છે, છતાં તે ઘણાના મગજમાં ઉતરતી નથી, એ કેટલું આશ્ચર્યજનક છે?

મંત્રોપાસના એક પ્રકારની ક્રિયા છે, એટલે મંત્ર અને ઉપાસના એ બંને વસ્તુઓ અંગે આવશ્યક જ્ઞાન મેળવી લેવાની જરૂર છે. તેમાં મંત્ર અંગે આવશ્યક જ્ઞાન મેળવી લીધું; હવે ઉપાસના અંગે આવશ્યક જ્ઞાન મેળવવાનું છે, જે ક્રમે ક્રમે મેળવી લઈશું. તેમાં પ્રથમ વિચાર ઉપાસના કરનારની એટલે કે ઉપાસકની યોગ્યતા સંબંધી કરીશું.

જેમ સંગીતકાર, ચિત્રકાર, સ્થપતિ, સૈનિક કે સેનાપતિ થવા માટે કેટલીક યોગ્યતા હોવી ઘટે છે, તેમ મંત્રોપાસક થવા માટે પણ કેટલીક યોગ્યતા હોવી ઘટે છે. અનુભવે એમ બતાવી આપ્યું છે કે જે કાર્ય યોગ્યતા વિના હાથ ધરવામાં આવે છે, તે પ્રાય: વિડંબનાને નોતરે છે અને તે સફલ થતું નથી.

એક વાર અમે દશ–બાર વિદ્યાર્થીઓને લઈ પગપાળા પ્રવાસ કરવા નીકળ્યા. તેમાં એક દિવસ એક સાથે પંદર માઈલ ચાલવાનો પ્રસંગ આવ્યો. તે વખતે એક વિદ્યાર્થીએ કહ્યું કે 'આટલું લાંબુ મારાથી ચાલી શકાશે નહિ.' અને તેણે પ્રયાણ કરવાનો ઇનકાર કર્યો. હવે તે પ્રદેશ ડુંગરાળ હતો અને તેમાં કોઈ વાહન મળતું ન હતું. વળી અમે

એવા સ્થાને આવી પહોંચ્યા હતા કે જ્યાંથી તેને છૂટો પાડીને પાછો મોકલી શકાય એવી સ્થિતિ પણ ન હતી. વિશેષમાં આજે પંદર માઈલનું અંતર કાપીએ તો જ સલામત સ્થળે પહોંચી શકાય એમ હતું, તેથી 'હવે શું કરવું?' એ મોટી મુંઝવણ ઊભી થઈ.

આ પ્રવાસનો પ્રારંભ કરતાં પહેલાં અમે બધા વિદ્યાર્થીઓને ચેતવ્યા હતા કે 'આ પ્રવાસમાં રોજ દશથી પંદર માઈલ ચાલવું પડશે, તેમાં કેટલીક અગવડો પણ ભોગવવી પડશે અને કોઈક વાર જંગલી જનાવરનો સામનો પણ કરવો પડશે. તે માટે જેની તૈયારી હોય, તે જ આ પ્રવાસમાં સામેલ થજો.' તે વખતે આ વિદ્યાર્થીએ આ બધી વસ્તુ માટે તૈયારી બતાવી હતી, પણ જ્યારે તેનો સાક્ષાત્ અનુભવ થયો, ત્યારે તે ઢીલો પડી ગયો હતો અને આગળ નહિ વધવાના નિર્ણય પર આવ્યો હતો. ખરી વાત તો એ છે કે આ જાતનો પ્રવાસ કરવાની તેની યોગ્યતા ન હતી, છતાં તે પ્રવાસમાં જોડાયો, એટલે આ મુંઝવણ કે વિકટ સમસ્યા ઊભી થઈ હતી.

અમે તેને પ્રેમપૂર્વક સમજાવ્યો કે 'તું રોજ દશ માઈલ તો સહેલાઇથી ચાલી શકે છે, તો આજે પણ દશ માઈલ ચાલી નાખ. પછી પાંચ માઈલ બાકી રહેશે, તે માટે કોઇને કોઈ પ્રકારની સગવડ જરૂર કરીશું.' એટલે તે પ્રયાણમાં સામેલ થયો. આ રીતે દશ માઈલ ચાલ્યા પછી અમે તેને કહ્યું: 'જો તારાથી વધારે ચાલી શકાય

એવું ન હોય તો અહીં જ પડાવ કરીએ. સ્થાન વિકટ છે અને રાતભર પહેરો ભરવો પડશે, પણ ફીકર નહિ. તને સગવડ આપવા માટે અમે આ જહેમત ઉઠાવવા તૈયાર છીએ.'

પેલા વિદ્યાર્થીએ કહ્યું: 'હજી હું બે–ત્રણ માઈલ ચાલી શકીશ, માટે અહીં પડાવ કરવાની જરૂર નથી.' વાસ્તવમાં આ સ્થાનને જોતાં જ તેના અંતરમાં ભયનો સંચાર થયો હતો અને તે આ સ્થળે રાત્રિ પસાર કરવામાં જાનનું જોખમ સમજતો હતો, તેથી તેણે આ પ્રમાણે ઉત્તર આપ્યો હતો.

વિશેષ ત્રણ માઇલ ચાલતાં અમે તેને કહ્યું કે 'હવે તો માત્ર બે માઈલ જ બાકી રહ્યા છે, માટે તું બહાદુર બની જા. જો તને વધારે થાક લાગ્યો હોય તો ગોળનું પાણી પી. તેનાથી થાક ઉતરી જશે અને તારામાં ચાલવાની શક્તિ આવશે.' પછી તેને ગોળનું પાણી પાયું અને તેણે બે માઈલનો વિશેષ પ્રવાસ કરતાં અમે બધા સલામત સ્થળે પહોંચ્યા. યોગ્યતા વિના આરંભાયેલું કામ કેવી વિડંબના નોતરે છે, તેનો આ જાત–અનુભવનો દાખલો છે અને તે પાઠકોને પ્રતીતિ ઉપજાવવા માટે જ અહીં રજૂ કરવામાં આવ્યો છે.

મંત્રોપાસકનાં લક્ષણો અંગે શાસ્ત્રોમાં વિશદ ચર્ચા થયેલી છે, કારણ કે તે પાયાની વાત છે. પ્રથમ, તે અંગે શ્રી જયસિંહસૂરિએ अर्हँअक्षरतत्त्वस्तव માં જે કંઇ કહ્યું છે, તેના પર વિચાર કરી લઇએ.

તેઓ કહે છે કે અર્હં મંત્ર તેને જ આપવા યોગ્ય છે કે જે સ્વભાવે શાંત હોય, એટલે કે વાત-વાતમાં તપી જનારો ન હોય, ગુસ્સો કરનારો ન હોય. ક્રોધ એ મોટો આધ્યાત્મિક દોષ છે, તેને દૂર કર્યા સિવાય આધ્યાત્મિક પ્રગતિ શક્ય નથી. મંત્રોપાસના એક પ્રકારની આધ્યાત્મિક પ્રવૃત્તિ છે, એટલે તેમાં પણ ક્રોધરહિત અવસ્થા અપેક્ષિત છે. ક્રોધનું મારણ ક્ષમા છે, એટલે ક્ષમાગુણ જેમ જેમ વિકસતો જાય છે, તેમ તેમ ક્રોધનું પ્રમાણ ઘટતું જાય છે અને તે એવી ભૂમિકાએ આવી પહોંચે છે કે જેને આપણે શાંત કહી શકીએ. તાત્ત્વિક દૃષ્ટિ તો જેના સર્વ કષાયો ઉપશમી ગયા હોય, તેને જ શાંત કહે છે, પરંતુ તેને મંત્રોપાસનાની જરૂર નથી, એટલે અહીં શાંત વિશેષણ વ્યવહારદૃષ્ટિએ સમજવાનું છે. કદાચ પ્રારંભમાં આવી સ્થિતિ ન હોય, તો ઉપાસકે વહેલી તકે આ સ્થિતિ પ્રાપ્ત કરવાની છે.

અર્હં મંત્રના ઉપાસકની બીજી યોગ્યતા એ છે કે તે ગુરુભક્ત હોવો જોઈએ, એટલે કે મંત્રદાતા ગુરુને પરમ પૂજ્ય માની તેમની વિવિધ પ્રકારે સેવા-ભક્તિ કરવાની તત્પરતાવાળો હોવો જોઈએ. આનો અર્થ એમ પણ સમજવાનો છે કે જે મંત્રદાતા ગુરુને પરમ પૂજ્ય માનવા તૈયાર નથી કે તેમની વિવિધ પ્રકારે સેવા-ભક્તિ કરવાનો ઉત્સાહ ધરાવતો નથી, તે અર્હં મંત્રનો ઉપાસક થવાને યોગ્ય નથી.

આજે ગુરુભક્તિને નામે લગભગ મીંડું મૂકાયું છે. તાત્પર્ય કે જેઓ વિદ્યા કે કલાનું જ્ઞાન આપે છે, તેમને ગુરુજી સમજવાને બદલે 'પંતુજી' કહીને ઉતારી પાડવામાં આવે છે અને તેમની ઠેકડી કરવી એ તો એક જાતની ફેશન થઈ પડી છે. આની સરખામણીમાં ધર્મગુરુઓની સ્થિતિ ઠીક છે, પણ તે જોઈએ તેવી સંતોષકારક તો નથી જ. પ્રથમ તેમને જોતાં જ મસ્તક નમી પડતું અને બે હાથની અંજલિ જોડાઈ જતી, જ્યારે આજે તેમને જોવા છતાં મસ્તક અક્કડ રહે છે અને હાથ પોતાનું કાર્ય કર્યા કરે છે. કેટલાક તો તેમને જોતાં સન્મુખ જઈ વંદન કરવાને બદલે બીજો રસ્તો પકડે છે અને એ રીતે તેમની ઉપેક્ષા પણ કરે છે.

તંત્રકારોએ તાર સ્વરે કહ્યું છે કે જે સાધક મંત્રદાતા ગુરુને પ્રભુતુલ્ય માનીને ચાલતો નથી અને તેમનો જરાપણ અનાદર કરે છે, તેને કોઈ કાલે મંત્રસિદ્ધિ થતી નથી. તાત્પર્ય કે અર્હં મંત્રના ઉપાસક થવા માટે મંત્રદાતા ગુરુની પરમભક્તિ આવશ્યક છે.

અર્હં મંત્રના ઉપાસકની ત્રીજી યોગ્યતા એ છે કે તે વિનીત હોવો જોઈએ. વિનીતનો સામાન્ય અર્થ વિનયવાળો થાય છે, પણ અહીં તે વિશિષ્ટ અર્થમાં પ્રયુક્ત છે. વિનય એટલે મોક્ષમાર્ગનો વિનય, અર્થાત્ જે સમ્યગ્ દર્શન, સમ્યગ્ જ્ઞાન અને સમ્યક્ ચારિત્રરૂપ મોક્ષપ્રાપ્તિનાં સાધનો પ્રત્યે અત્યંત આદર ધરાવતો હોય, તેને વિનીત સમજવાનો

છે. આનો ફલિતાર્થ એ છે કે જેને મોક્ષ માટે કે તેના સાધનો પ્રત્યે આદર-બહુમાનની લાગણી નથી, તે અર્હં-મંત્રની ઉપાસના કરવાને યોગ્ય નથી.

આજે કેટલાક એવો દેખાવ કરે છે કે જાણે તેમને મોક્ષમાર્ગ પ્રત્યે અત્યંત આદર હોય, પણ તેમના અંતરમાં તો વાસનાઓ રૂપી ડાકણો રાસડા લેતી હોય છે. જો તેમને મોક્ષમાર્ગ પ્રત્યે ખરેખર અત્યંત આદર હોય, તો તેમની વાણી અને તેમનું વર્તન જુદા જ પ્રકારનાં હોય. હૈયે હોય તે હોઠે આવ્યા વિના રહેતું નથી અને વિચારો કે ભાવનાઓનું પ્રતિબિંબ વર્તનમાં પડ્યા વિના રહેતું નથી. તાત્પર્ય કે મંત્રોપાસકને મોક્ષ અને તેનાં સાધનો પ્રત્યે અંતરંગ આદરમાનની લાગણી હોવી જોઈએ.

અહીં કોઈ એમ કહેતું હોય કે 'મોક્ષમાર્ગના વિનયને અને મંત્રોપાસનાને શો સંબંધ છે?' તાત્પર્ય કે આ વધારે પડતી વાત છે. તો એમ કહેવું યોગ્ય નથી. અર્હંમંત્રની ઉપાસના મુખ્યત્વે તો મોક્ષપ્રાપ્તિ માટે જ કરવાની છે, એટલે તેના માર્ગ માટે, તેનાં સાધનો માટે અંતરમાં આદરની લાગણી હોવી જ જોઇએ. જેને મોક્ષમાં શ્રદ્ધા ન હોય, તેને મોક્ષમાર્ગમાં શ્રદ્ધા ન હોય, અને તે અર્હંમંત્ર પ્રત્યે પણ શ્રદ્ધાન્વિત બની શકે નહિ, તેથી મોક્ષમાર્ગના વિનયની વાત વધારે પડતી નહિ, પણ યથાર્થ છે.

અર્હંમંત્રના ઉપાસકની ચોથી યોગ્યતા એ છે કે તે દૃઢચિત્તવાળો હોવો જોઇએ. જે એક વસ્તુનો નિર્ણય કર્યા

પછી તેને દૃઢતાથી વળગી રહેનારો હોય, તેને દૃઢચિત્ત કહેવાય. કેટલાક મનુષ્યો એક વસ્તુનો નિર્ણય તો કરે છે, પણ તેને દૃઢતાથી વળગી રહી શકતા નથી, એટલે કે કોઈ વિપરીત સંયોગો ઊભા થયા કે વિઘ્ન આવ્યું તો તેને છોડી દે છે. આ એક પ્રકારની માનસિક નબળાઈ છે અને આવા નબળા મનવાળા મનુષ્યો કોઈ પણ મહત્ત્વના કાર્યની સિદ્ધિ કરી શકતા નથી. આપણે અનુભવે જોયું છે કે સંયોગો પલટાતા રહે છે અને વિઘ્નો ગમે ત્યારે ગમે તે દિશામાંથી આવી પડે છે. જો તેથી ગભરાઈને હાથ ધરેલું કાર્ય છોડી દઈએ તો ઇષ્ટકાર્યની સિદ્ધિ થાય જ શી રીતે?

મંત્રવિશારદો કહે છે કે મંત્રોપાસના શરુ કર્યા પછી પહેલાં ત્રણ વર્ષોમાં ઘણાં વિઘ્નો આવે છે. જો એ વિઘ્નોને દૃઢચિત્તવાળા થઈને પસાર કરવામાં આવે તો જ ઉપાસના આગળ વધે છે અને તેમાં સફલતા મળે છે, તેથી અહીં દૃઢચિત્તતાની જે અપેક્ષા રાખવામાં આવે છે, તે સર્વથા યોગ્ય છે.

અહીં પ્રસંગવશાત્ એ પણ જણાવી દઈએ કે સંકલ્પબલ એ મનુષ્યની મોટી મૂડી છે. તેના લીધે તે અનેક પ્રકારનાં વિકટ કાર્યો પાર પાડી યશ તથા લાભનો અધિકારી બની શકે છે. તે અંગે અમે '**સંકલ્પસિદ્ધિ યાને ઉન્નતિ સાધવાની અદ્ભુત કલા**' નામનો જે ગ્રંથ રચેલો છે, તે જિજ્ઞાસુઓએ જરૂર જોવો.

અર્હં મંત્રના ઉપાસકની પાંચમી યોગ્યતા એ છે કે તે શ્રદ્ધાવાન્ હોવો જોઈએ. શ્રદ્ધાવાન્ એટલે શ્રદ્ધાવાળો, દેવ-ગુરુ-ધર્મ પર અનન્ય શ્રદ્ધા ધરાવનારો. દેવ એટલે અઢાર દોષરહિત પરમવીતરાગ એવા અરિહંત દેવ; ગુરુ એટલે કંચન-કામિનીના ત્યાગી પંચમહાવ્રતધારી એવા નિર્ગ્રંથ ગુરુ; અને ધર્મ એટલે કેવલી ભગવંતોએ જીવનની સુધારણા માટે પ્રરૂપેલા નિયમો અને વ્રતો. તેના પ્રત્યે જેને અનન્ય શ્રદ્ધા નથી, તે અર્હં મંત્રની ઉપાસના શી રીતે કરી શકવાનો? અર્હં મંત્રની પૃષ્ઠભૂમિકામાં અરિહંત દેવ રહેલા છે, મંત્રનું દાન ગુરુ વડે થાય છે અને તેમણે દર્શાવેલા નિયમો અનુસાર ઉપાસના કરવાની છે, એટલે દેવ-ગુરુ-ધર્મ પ્રત્યેની અનન્ય શ્રદ્ધા એ અર્હં મંત્રના ઉપાસક માટે એક અનિવાર્ય આવશ્યકતા બની રહે છે.

અર્હં મંત્રના ઉપાસકની છઠ્ઠી યોગ્યતા એ છે કે તે જિન-ભક્ત હોવો જોઈએ. જિનભક્ત એટલે શ્રી જિનેશ્વર દેવની નિત્ય-નિયમિત સેવા-પૂજા-ભક્તિ કરનારો, તથા તેમની આજ્ઞાને અનુસરનારો. આનો અર્થ એમ સમજવાનો કે જે શ્રી જિનેશ્વર દેવની નિત્ય-નિયમિત સેવા-પૂજા-ભક્તિ કરનારો નથી કે કરવાને તત્પર નથી, તેમજ તેમની આજ્ઞાને અનુસરનારો નથી કે અનુસરવાને તત્પર નથી, તે અર્હં મંત્રની ઉપાસના કરવાને યોગ્ય નથી.

શ્રી જિનેશ્વર દેવની નિત્ય-નિયમિત સેવા-પૂજા-ભક્તિ કરવી, એ પ્રત્યેક જૈનનું આવશ્યક કર્તવ્ય મના-

ચેલું છે, કારણ કે તેથી જૈનત્વના સંસ્કારો ટકી રહે છે અને જૈન ધર્મના સિદ્ધાંતો અનુસાર ચાલવાની વૃત્તિ-પ્રવૃત્તિ પ્રબલ બને છે. ઉપાસનાનું એક અંગ ઉપાસ્ય દેવની નિત્ય-નિયમિત પૂજા મનાયેલું છે, એ રીતે પણ અર્હં મંત્રની ઉપાસના કરનારે શ્રીજિનેશ્વરની નિત્ય-નિયમિત સેવા-પૂજા-ભક્તિ કરવાની તત્પરતા રાખવી જોઈએ.

મંત્રવિશારદોએ મંત્રોપાસકની યોગ્યતા માટે બીજા પણ કેટલાક ગુણોનું વિધાન કરેલું છે, પણ અમારી દૃષ્ટિએ એ ગુણો ભલામણ રૂપ છે; નહિ કે આવશ્યક. જો એ બધા ગુણોને આવશ્યક માનીએ તો મંત્રોપાસનાના ક્ષેત્રમાં ગણ્યાગાંઠ્યા માણસોને જ પ્રવેશ મળે અને એ રીતે મંત્રોપાસનાનું ક્ષેત્ર ઘણુંજ સાંકડું બની જાય કે જે ઇચ્છવા યોગ્ય નથી. એટલે એ ગુણોને ભલામણ રૂપ માનીને ચાલીએ, એજ ઠીક છે. પાઠકોની જાણ માટે તેની યાદી અહીં રજૂ કરવામાં આવે છે.

(૧) બ્રહ્મચર્યનું પાલન કરવું.

(૨) વિકથાઓનો ત્યાગ કરવો. વિકથા એટલે સ્ત્રી-કથા, ભક્તકથા, દેશકથા તથા રાજકથા. આ ચાર પ્રકારની કથાઓ માનસિક વિકાર ઉત્પન્ન કરવામાં નિમિત્તભૂત બને છે, એટલે તેનો ત્યાગ સૂચવાયો છે. આજે વર્તમાન-પત્રોનું વાંચન આપણા જીવનનું એક અંગ બની ગયું છે, પણ તેમાં એક યા બીજા પ્રકારે વિકથાઓની રજૂઆત

થયેલી હોય છે, એટલે સાધકે તેનો પણ ત્યાગ કરવા જેવો છે. જો એ શકય ન જ હોય તો પ્રથમ વર્તમાનપત્રોનાં મથાળાં વાંચી લેવાં અને તેમાંથી જે વાંચવાની ખાસ જરૂર હોય, તે જ વાંચવાની પદ્ધતિ રાખવી.

(૩) વીર–ધીર–ગંભીર બનવું.

(૪) દિવસમાં અમુક વખત મૌન ધારણ કરવું. તેના લાભો ઘણા છે. ખાસ કરીને અંતરચેતના જગાડવા માટે તે અતિ ઉપયોગી છે, તેથી ઘણા સાધકો દિવસો સુધી મૌન ધારણ કરે છે. કાયોત્સર્ગની સિદ્ધિ માટે પણ મૌન આવશ્યક મનાયેલું છે.

(૫) આહાર અને નિદ્રા પરત્વે સંયમ રાખવો.

(૬) કુકર્મથી દૂર રહેવું.

(૭) માતા-પિતા આદિ વડીલોનો વિનય કરવો.

(૮) દીનતાનો ત્યાગ કરવો.

(૯) દયાળુ થવું.

(૧૦) ચિત્તને પ્રસન્ન રાખવું.

(૧૧) સત્ય બોલવું અને સત્ય આચરવું.

(૧૨) દક્ષતા રાખવી.

(૧૩) બુદ્ધિમાન થવું એટલે કે પોતાની બુદ્ધિનો ઉપયોગ કરતાં રહેવું.

(૧૪) બાહ્ય-અભ્યંતર પવિત્રતા રાખવી.

(૧૫) પાંચ ઇન્દ્રિયોના વિષયોને જિતવા પ્રયત્નશીલ બનવું.

(૧૬) મંત્રબીજની યથાર્થ ધારણા કરવી, એટલે કે મંત્રનો કોઈ પણ બીજાક્ષર આઘો-પાછો ન થઇ જાય કે ઓછો-વત્તો ન થઈ જાય, તે માટે પૂરતી કાળજી રાખવી.

અહીં એક પાઠકમિત્ર પ્રશ્ન કરે છે કે 'સ્ત્રીઓ મંત્રની ઉપાસના કરી શકે ખરી?' તેનો ઉત્તર અમે હકારમાં આપીએ છીએ. જેમ સ્ત્રીઓ સંયમમાર્ગે વિચરીને કે યોગસાધના કરીને આત્મકલ્યાણ સાધી શકે છે, તેમ મંત્રોપાસિકા બનીને પોતાનું આત્મકલ્યાણ પણ સાધી શકે છે. જૈન ધર્મે તો સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા-રૂપ ચતુર્વિધ ધર્મસંઘ નિર્માણ કરીને સ્ત્રીઓને આત્મકલ્યાણ કરવાનો અધિકાર આપેલો જ છે. આજે તો પરિસ્થિતિ એવી છે કે ધર્મનું આરાધન તથા મંત્રની ઉપાસના પુરુષો કરતાં સ્ત્રીઓ અધિક પ્રમાણમાં કરે છે.'

પેલા પાઠકમિત્ર કહે છે કે 'તો પછી સ્ત્રીઓને મંત્રોપાસના કરવાનો અધિકાર નથી, એમ શાથી કહેવાય છે?' તેનો ઉત્તર એ છે કે દરેકને પોતાનું મંતવ્ય પ્રકટ કરવાનો અધિકાર છે, પણ આ મંતવ્ય કોઈ પણ બુદ્ધિમાન વ્યક્તિને સ્વીકાર્ય થાય એવું નથી. જો સ્ત્રીઓને અનેક પ્રકારની ધર્મક્રિયાઓ કરવાનો અધિકાર હોય તો મંત્રો-પાસના રૂપી ધર્મક્રિયા કરવાનો અધિકાર કેમ ન હોઇ

શકે? આ દેશમાં તો અનેક સાધ્વીઓએ, સંન્યાસિનીઓએ તથા યોગિનીઓએ મંત્રોપાસના વડે અદ્ભુત શક્તિ પ્રાપ્ત કરી અનેકવિધ ચમત્કારો સર્જેલા છે, એટલે સ્ત્રીઓને મંત્રોપાસનાના અધિકારમાંથી બાદ કરવી, એ તદ્દન બેહૂદી વાત છે. વળી આજે તો સ્ત્રીઓને દરેક બાબતમાં સમાન હક આપવાની ભાવના બળવાન બનતી જાય છે, એટલે આવી વાત કરવાનો કંઇ અર્થ જ નથી. તાત્પર્ય કે સ્ત્રીઓ પણ પુરુષોની જેમ મંત્રોપાસના કરવાની અધિકારિણી છે અને તેઓ અનન્ય ભાવે મંત્રોપાસના કરીને પોતાનું જીવન સફલ બનાવી શકે છે, પોતાનું આત્મકલ્યાણ સાધી શકે છે.

[ ૯ ]

# ગુરુદ્વારા મંત્રદાન

ધર્મનું યથાર્થ આરાધન કરવામાં તથા યોગની યથાર્થ સાધના કરવામાં જેમ ગુરુની જરૂર પડે છે, તેમ મંત્રની યથાર્થ ઉપાસના કરવામાં પણ ગુરુની જરૂર પડે છે. જો ગુરુ ન હોય તો મંત્રદાન કોણ કરે? ઉપાસનાને લગતી અનેકવિધ ક્રિયાઓનું માર્ગદર્શન કોણ આપે? અને ઉપાસના દરમિયાન આવી પડતાં અનેક પ્રકારનાં વિઘ્નોમાંથી પાર કોણ ઉતારે? વળી ગુરુની કૃપા હોય તો મંત્રોપાસના સરલ અને સફલ બને છે, તેથી પણ ગુરુની જરૂર રહે છે. 'ગુરુ વિના જ્ઞાન નહિ અને ગુરુ વિના ઉદ્ધાર નહિ.' એ આપણી પ્રાચીન માન્યતા છે અને તેમાં ઘણું તથ્ય રહેલું છે.

વર્તમાન જમાનાની રોશનીથી રંગાયેલા એક બંધુ પ્રશ્ન કરે છે કે 'મંત્રદાન ગુરુ દ્વારા થવું જોઈએ, એમ શા માટે? શું આપણે કોઈ પણ પ્રામાણિક ગ્રંથમાંથી આપણને

પસંદ પડે તેવો મંત્ર ગ્રહણ કરીને તેની ઉપાસના કરી ન શકીએ?' તેનો ઉત્તર એ છે કે 'જે મંત્રદાન ગુરુ દ્વારા થાય છે, તેમાં તેમની શક્તિનો તથા તેમની કૃપાનો અંશ ભળેલો હોય છે, તેથી એ મંત્રદાન સફલ થાય છે, એટલે કે એ રીતે ગ્રહણ કરેલા મંત્રની વિધિસર ઉપાસના કરતાં સિદ્ધિ સાંપડે છે અને તે કલ્યાણકારી બને છે. વળી શિષ્યને કયો મંત્ર હિતકારી થશે, તેનો ગુરુને સ્પષ્ટ ખ્યાલ હોય છે, તેથી એ મંત્રની ઉપાસના નિર્ભયપણે-નિઃસંકોચપણે કરી શકાય છે, એટલે ગુરુ દ્વારા મંત્રદાન થાય, તેજ ઇષ્ટ છે.

આ પ્રથા-પદ્ધતિ આપણે ત્યાં હજારો વર્ષથી ચાલી આવે છે અને તેનું અનુસરણ કરતાં મંત્રોપાસકોને અવશ્ય લાભ થયેલો છે, તેથી આપણે પણ તેનું અનુસરણ કરવા જેવું છે.

આપણે કોઇ પણ પ્રામાણિક ગ્રંથમાંથી આપણને પસંદ પડે તેવો મંત્ર ગ્રહણ કરીને તેની ઉપાસના કરી શકીએ ખરા, પણ તેમાં થોડા સામાન્ય લાભો સિવાય કોઈ પ્રકારની સિદ્ધિ સાંપડવાની સંભાવના નથી. આ અનુભવ પાંચ-પંદર મનુષ્યોને નહિ, પણ હજારો મનુષ્યોને થઇ ચૂક્યો છે, એટલે આ માર્ગ આપણા માટે હિતાવહ નથી. મંત્રસિદ્ધિ તો ત્યારે જ સાંપડે છે કે જ્યારે ગુરુએ કૃપાવંત થઈને શિષ્યને મંત્રદાન કરેલું હોય અને શિષ્યે તેને અનન્ય શ્રદ્ધાપૂર્વક ગ્રહણ કરેલું હોય.

આપણને કોઇ રોગ લાગુ પડયો હોય તો કોઈ કુશલ

વૈદ્ય કે ડૉક્ટરના હાથે દવા લઈએ છીએ અને તેની સૂચના મુજબ તેનો ઉપયોગ કરતાં રોગમુક્ત થઈએ છીએ. અહીં જો વૈદકના ગ્રંથો વાંચીને આપણને ઠીક લાગે તેવો ઔષધિ-પ્રયોગ અજમાવાનો આગ્રહ રાખીએ તો રોગમુક્ત થઈ શકીએ ખરા ? આ રીતના પ્રયોગથી કદાચ કોઈ રોગમુક્ત થયા પણ હોય, પરંતુ રોગમુક્ત થવાની એ સલામત રીત નથી. આ જાતનો પ્રયોગ કરતાં ઓડનું ચોડ વેતરાયું હોય કે બકરું કાઢતાં ઊંટ પેસી ગયું હોય, એવા દાખલાઓ અમે અનેક જોયા છે અને પાઠકમિત્રોએ પણ જોયા જ હશે. તાત્પર્ય કે રોગમુક્ત થવા માટે જેમ કુશલ વૈદ્ય કે ડૉક્ટરના હાથે ઔષધ ગ્રહણ કરવું ઉચિત છે, તેમ મંત્રોપાસનામાં સફલતા મેળવવા માટે ગુરુ દ્વારા મંત્ર ગ્રહણ કરવો ઉચિત છે.

મંત્રવિશારદોએ જેમ ઉપાસકની યોગ્યતાનું ધોરણ નક્કી કરેલું છે, તેમ મંત્રદાતા ગુરુની યોગ્યતાનું ધોરણ પણ નક્કી કરેલું છે. તેનાથી આપણે પરિચિત થવું જોઈએ. અન્યથા તેમાં ગરબડ થઈ જવાનો સંભવ છે. આપણે જોઈતી હોય એક વસ્તુ અને મળી જાય બીજી વસ્તુ, તો આપણી વિડંબનાનો પાર રહેતો નથી. તે અંગે અમે અહીં જાત-અનુભવનો એક પ્રસંગ રજૂ કરીશું.

અને ૧૯૨૬ અને ૩૦ ની વચ્ચેની આ વાત છે કે જ્યારે અમે અમદાવાદના શેઠ ચીમનલાલ નગીનદાસ વિદ્યાલયના પ્રથમ શિક્ષક તરીકે કામ કરતા હતા. તે વખતે

અમે ઉક્ત વિદ્યાલયની સાથે જોડાયેલા છાત્રાલયના આશરે ચાલીશેક વિદ્યાર્થીઓને લઈ આબૂ ગિરિરાજની યાત્રાએ ગયા. ત્યાં દેલવાડાનાં દહેરાંઓનાં દર્શન કર્યા પછી અચલ-ગઢ પહોંચ્યા અને ત્યાંની ૧૪૪૪ મણની સુવર્ણમય મૂર્તિ-ઓનાં દર્શન કરી કૃતાર્થ થયા. ત્યાંથી બીજા દિવસે વહેલી સવારે અમે બે ટુકડીઓમાં વહેંચાઈ ને ગુરુશિખરની યાત્રાએ ઉપડયા. આ રીતે વહેલી સવારે યાત્રાએ ઉપડવાનું મુખ્ય કારણ એ હતું કે અમે સૂર્યોદય પહેલાં ગુરુશિખરની ટોચે પહોંચી જઈએ તો ત્યાંથી સૂર્યોદયનાં મનોરમ દર્શન થઈ શકે.

અમારી ટૂકડી પહેલી હતી. અંધારામાં પણ અમે હોંશભેર અમારો માર્ગ કાપી રહ્યા હતા, પણ એવામાં એ માર્ગ બે રસ્તાઓમાં ફંટાયો અને અમે અમારી સમજ પ્રમાણે તેમાંના એક રસ્તાને સાચો સમજી એ રસ્તે ચાલવા માંડયું. આશરે અર્ધો કલાક એ પ્રમાણે ચાલ્યા પછી એ રસ્તો પગદંડીઓમાં અટવાઈ ગયો અને અમે ભારે મુંઝ-વણમાં આવી પડયા.

વાત એમ બની હતી કે જે રસ્તાને અમે સાચો માનીને ગ્રહણ કર્યો હતો, તે ગુરુશિખરની બાજુના એક શિખર પર લઈ જનારો હતો, પણ ત્યાં લોકોની અવરજવર ભાગ્યે જ થતી, એટલે આગળ પર ખાસ કોઈ માર્ગ ન હતો. ત્યાં જે પગદંડીઓ હતી, તે ઘાસ કાપનારાઓના પગસંચારથી

બનેલી હતી, એટલે ઘડીકમાં શરુ થતી તો ઘડીકમાં અદૃશ્ય થઇ જતી.

બહુ વિચારના અંતે અમે આડેધડ ચાલવા માંડયું, તે એવી આશાએ કે એમ કરતાં કોઈ માર્ગ જરૂર મળી આવશે. પણ ત્યાં તો નાના–મોટા ખડકો આવવા માંડયા અને અમે તેને ઓળંગીએ તો જ આગળ વધી શકાય, એવી સ્થિતિ નિર્માણ થઇ. અમે સાહસિક બનીને તે ખડકો ઓળંગવાની શરૂઆત કરી, પણ તેમ કરતાં કેટલાક પછડાયા અને કેટલાકનાં કપડાં ફાટયાં, છતાં ખડકો ઓળંગવાનું ચાલુ રાખ્યું. આ વખતે અમારામાંના બે જણ કે જેને અમે રસ્તો નક્કી કરવા માટે અગ્રણી બનાવ્યા હતા અને જેમના હાથમાં એક નાનું સરખું દુર્બીન એટલે દૂરદર્શક યંત્ર હતું, તેમણે ખબર આપી કે થોડે દૂર એક ખડક પાસે ચિત્તો બેઠેલો જણાય છે, તેથી આ રસ્તે આગળ વધવું સલામત નથી.

આ સમાચાર સાંભળતાં જ કેટલાકના હોશકોશ ઉડી ગયા અને હવે શું થશે? એ વિચારે ભયભ્રાંત પણ બની ગયા, પરંતુ અમે આ વખતે ધીરજ દાખવી ત્રણ વાર નમસ્કાર મહામંત્રનું અને ત્રણ વાર ઉવસગ્ગહરં સ્તોત્રનું સ્મરણ કર્યું અને બીજી બાજુનો રસ્તો પકડયો. આ રસ્તે ઠીક ઠીક આગળ વધતાં અમે એવા સ્થાને આવી પહોંચ્યા કે જ્યાંથી ગુરુશિખરનાં અને તેના પર ઊભેલા અમારા સાથીઓનાં દર્શન બરાબર થઇ શકતાં હતાં.

અમારી પહેલી ટુકડી તો સમયસર ગુરુશિખરની ટોચ

પર પહોંચી ગઈ હતી અને સૂર્યોદયનાં મનોરમ દર્શન કરી આનંદવિભોર બની હતી. પણ તેણે ત્યાં અમને ન જોયા, એટલે વિચારમાં પડી ગઇ હતી અને કલાકો વીતવા છતાં અમે ત્યાં ન પહોંચ્યા એટલે ભારે વિમાસણમાં પડી હતી. એવામાં અમારાં દર્શન થયાં, એટલે તેમણે હર્ષની કીકિયારીઓ કરી અને ત્યાં રહેલા મંદિરના પૂજારીઓએ લાકડીઓ વડે સંકેત કરી અમને આગળનો માર્ગ બતાવ્યો. તે અનુસાર આગળ વધતાં અમે ગુરુશિખરની બાજુ પર આવી ગયા. ત્યાંથી થોડું ચાલતાં અમને મૂળ માર્ગ મળી ગયો અને તે અમને ગુરુશિખરની ટોચે લઇ આવ્યો. આ વખતે બપોરના ત્રણ વાગ્યા હતા.

પછી શું બન્યું હશે, તેની કલ્પના કરવી અઘરી નથી. લગભગ દશ કલાકનો એક સરખો રઝળપાટ, ભૂખ અને તરશનું તીવ્ર સંવેદન છતાં અમે સહીસલામત ગુરુશિખરની ટોચે પહોંચી શકયા, તેનો અમને આનંદ હતો અને તેનો પડઘો અમારા સાથીઓનાં હ્રદયમાં પડી રહ્યો હતો. મંદિરના પૂજારીઓએ સહૃદયતા દાખવી ખાનપાન વડે અમારો સત્કાર કર્યો અને સાંજના પાંચ વાગતાં અમે ત્યાંથી પ્રયાણ કરી સમયસર અચલગઢ આવી પહોંચ્યા.

તાત્પર્ય કે પરીક્ષાના અભાવે સદ્ગુરુના બદલે કુગુરુ મળી જાય તો આપણી વિડંબનાનો પાર રહે નહિ, તેથી ગુરુપદની યોગ્યતાનું ધોરણ જાણવાની જરૂર છે.

મંત્રવિશારદો કહે છે કે 'જે મહાનુભાવ મંત્ર-તંત્ર-વિશારદ હોય, ક્રિયામાર્ગમાં કુશલ હોય, અનુગ્રહ-નિગ્રહ કરવામાં સમર્થ હોય તથા સમીપે આવેલા શિષ્યનું કલ્યાણ કરવાની બુદ્ધિ ધરાવતા હોય, તે મંત્રદાતા ગુરુ થવાને યોગ્ય છે.' આનો અર્થ એમ પણ સમજવાનો કે જેનામાં મહાનુભાવની યોગ્યતા નથી, મંત્રતંત્રાદિનું ઊંડું જ્ઞાન નથી કે તેને લગતી ક્રિયાઓમાં કુશલતા નથી, તથા જે સમય આવ્યે અનુગ્રહ એટલે કૃપા કરી શકતા નથી કે નિગ્રહ એટલે દુષ્ટોનું દમન કરી શકતા નથી, તેમજ શિષ્યનું કલ્યાણ કરવાને બદલે તેના ગજવાનો ભાર હળવો કરી પોતાનો સ્વાર્થ સાધવાની વૃત્તિ ધરાવે છે, તે મંત્રદાતા ગુરુ થવાને યોગ્ય નથી.

અહીં પાઠકો તરફથી જરૂર પૂછાશે કે 'શું આજે આવા ગુરુ મળવાની શક્યતા છે ખરી?' તેનો ઉત્તર એ છે કે સદ્‌ગુરુઓને મેળવવાનું કામ પહેલાં પણ મુશ્કેલ હતું અને આજે પણ મુશ્કેલ છે. તેથી જ કહેવાયું છે કે-

**शैले शैले न माणिक्यं, मौक्तिकं न गजे गजे ।**
**साधवो न हि सर्वत्र, चन्दनं न वने वने ॥**

'દરેક પર્વતમાંથી માણેક મળી આવતાં નથી; દરેક હાથીના કુંભસ્થળમાં મોતી પાકતા નથી, અને દરેક વનમાં ચંદનનાં વૃક્ષો ઉગતાં નથી. તે જ રીતે સદ્‌ગુરુ થવા યોગ્ય સાધુ પુરુષો પણ સર્વત્ર મળી આવતા નથી. તાત્પર્ય કે તેઓ કદાચિત્ કોઈક સ્થળે જ મળી આવે છે.

આ વચનો સદ્‌ગુરુની દુર્લભતા દર્શાવે છે, પણ તેનો નિષેધ કરતા નથી. વધારે સ્પષ્ટ કહીએ તો તેમાં યોગ્ય ગુરુ મેળવવા માટે પૂરતો પ્રયત્ન કરવાની સૂચના રહેલી છે, એટલે આપણે તે માટે પ્રયત્નશીલ બનવાનું છે. અનુભવી પુરુષો કહે છે કે જો સદ્‌ગુરુ મેળવવાની ઈચ્છા દૃઢ હોય તો સદ્‌ગુરુ અવશ્ય મળી રહે છે. કબીરજીની સદ્‌ગુરુ મેળવવાની ઇચ્છા દૃઢ હતી, તો તેમને સદ્‌ગુરુ મળી ગયા કે નહિ?

અહીં કોઈ એમ કહેતું હોય કે 'કબીરજીની વાત છોડો. એ તો મહાન સંતપુરુષ હતા, એટલે એમની ઇચ્છા-ફળી, પણ અમે તો પામર પ્રાણીઓ છીએ, અમારું શું?' તાત્પર્ય કે અમે ગમે તેવી દૃઢ ઇચ્છા રાખીએ તો પણ સદ્‌ગુરુ સાંપડે એમ અમને દેખાતું નથી. તો અમે એટલી સ્પષ્ટતા કરવા ઈચ્છીએ છીએ કે કબીરજીનો જન્મ તો ઝુલૈયા જાતિના એક સામાન્ય સ્થિતિના મુસ્લિમ કુટુંબમાં થયો હતો, પણ તેમણે સદ્‌વિચારોનું સેવન કર્યું, પૂરતો પ્રયત્ન કરીને સદ્‌ગુરુ મેળવ્યા અને પ્રભુભક્તિ ચાલુ રાખી, તેથી તેઓ મહાન સંત બની શક્યા. તાત્પર્ય કે તેઓ પણ પહેલાં આપણા જેવા જ પામર પ્રાણી હતા, પણ દૃઢ સંકલ્પ અને પુરુષાર્થના બળે મહાન બન્યા, એટલે આપણે પામરતાની વાત છોડી દૃઢ સંકલ્પ કરીએ અને તે માટે જરૂરી પુરુષાર્થ કરવાની તૈયારી રાખીએ, તો આપણને પણ સદ્‌ગુરુ અવશ્ય મળવાના. જે કાર્ય આજથી ચારસો–પાંચસો

વર્ષ પહેલાં બની શક્યું, તે આજે પણ બની શકે છે અને જે કાર્ય આજે બની શકે છે, તે આજથી ચારસો–પાંચસો વર્ષ પછી પણ બનવાની પૂરી સંભાવના છે. કુદરતનો કાનુન એક વખત અમુક રીતે કામ કરે અને બીજી વખત બીજી રીતે કામ કરે એમ બનતું જ નથી, એ તો સદા એક જ પ્રકારે કામ કરે છે.

અહીં એવો પ્રશ્ન પૂછાવાની સંભાવના છે કે 'પૂરતો પ્રયત્ન કરવા છતાં સદ્ગુરુ ન મળે તો શું કરવું ?' તેનો ઉત્તર એ છે કે 'જો સર્વ પ્રકારની યોગ્યતાવાળા સદ્ગુરુ ન મળે તો પચાશ ટકા યોગ્યતાવાળા ગુરુથી કામ ચલાવવું અને તેમ પણ ન બને તો કોઈ ચારિત્રશાલી જ્ઞાની પુરુષની ગુરુ તરીકે ધારણા કરવી, પણ નગુરા તો ન જ રહેવું. મંત્રસંપ્રદાયની એવી મક્કમ માન્યતા છે કે નગુરાને કદી કોઇપણ પ્રકારની મંત્રસિદ્ધિ થતી નથી અને તેના ભવભ્રમણનો અંત આવતો નથી. તાત્પર્ય કે અર્હ મંત્રની ઉપાસના કરવા તૈયાર થયેલ સુજ્ઞજને સદ્ગુરુની ધારણા કરી લેવી જોઇએ અને તેમની પાસેથી મંત્રદાન મેળવવું જોઇએ.

શાસ્ત્રોમાં તો એમ પણ કહેવાયું છે કે જ્યાં સદ્ગુરુના યોગની કોઇ સંભાવના ન હોય, ત્યાં તેમની સ્થાપના કરીને કામ ચલાવવું, પણ નગુરા તો રહેવું જ નહિ. આ પ્રકારની સ્થાપના ભાવિક શિષ્ય માટે સાક્ષાત્ ગુરુનું કામ કરે છે. તે માટે એકલવ્યનું દૃષ્ટાંત જાણવા જેવું છે. એકલવ્ય ભીલ જાતિનો હતો કે જેની ગણના તે વખતે

નીચ જાતિમાં થતી હતી. તેને બાણુવિદ્યા શીખવાનું ખૂબ મન હતું અને તે માટે તે બાણુવિદ્યામાં અતિ કુશલ મનાતા એવા દ્રોણાચાર્ય પાસે ગયો હતો, પણ તે નીચ જાતિનો હોવાના કારણે દ્રોણાચાર્યે તેનો શિષ્ય તરીકે સ્વીકાર કર્યો ન હતો. હવે એકલવ્યને તો કોઈ પણ રીતે બાણુવિદ્યા શીખવી જ હતી, એટલે તેણે ગુરુસ્થાપનાના સિદ્ધાંતનો અમલ કર્યો. તાત્પર્ય કે તેણે દ્રોણાચાર્યની માટીની મૂર્તિ બનાવી તેની એક વૃક્ષ નીચે સ્થાપના કરી અને તેની ભક્તિ કરવાપૂર્વક પોતે બાણ ચલાવવા લાગ્યો. એમ કરતાં તેને બાણુવિદ્યાની સિદ્ધિ સાંપડી ગઈ.

હવે એકવાર દ્રોણાચાર્યને એકલવ્યનો ભેટો થયો અને તેની બાણુવિદ્યા જોવાનો પ્રસંગ મળ્યો. આથી તેઓ ખુશ થઈને પૂછવા લાગ્યા કે 'તને આવી સુંદર બાણુવિદ્યા કોણે શીખવી ?' દ્રોણાચાર્ય પાસે તો ઘણા મનુષ્યો શિષ્ય બનવા આવતા હતા અને જતા હતા, એટલે તેમને પૂર્વ ઘટનાનું સ્મરણ રહ્યું ન હતું. એકલવ્યે કહ્યું : 'આ વિદ્યા તો આપે જ મને શીખવી છે.' દ્રોણાચાર્યે કહ્યું : 'એ સંભવિત નથી. જેને મેં બાણુવિદ્યા શીખવી હોય, તેને હું થોડો જ ભૂલી જાઉં ?' ત્યારે એકલવ્યે પહેલેથી માંડીને બધી હકીકત કહી સંભળાવી અને દ્રોણાચાર્ય તેની આ પ્રકારની ગુરુભક્તિથી ખૂબ પ્રસન્ન થયા. પછી તેમણે એના મસ્તકે હાથ મૂકયો, એટલે કે તેનો શિષ્ય તરીકે સ્વીકાર કર્યો.

આ દૃષ્ટાંત આપવાદિક છે, છતાં ગુરુમહિમાનું ગરવું ગુંજન કરી જાય છે અને તે આપણે લક્ષ્યમાં રાખવાનું છે.

ગુરુસ્થાપના કરવા માટે આજે જુદી જુદી પદ્ધતિઓ અમલમાં છે. જૈન ધર્મની વાત કરીએ તો તેમાં દર્શન-જ્ઞાન-ચારિત્રનાં ઉપકરણો વડે ગુરુસ્થાપના કરવામાં આવે છે, જ્યારે અન્ય સંપ્રદાયો ગુરુમૂર્તિ કે કુંભની સ્થાપના વગેરેથી કામ ચલાવે છે.

સદ્‌ગુરુની પ્રાપ્તિ થયા પછી તેમનો યોગ્ય વિનય કરવો જોઈએ, તેમની સેવાભક્તિ કરવી જોઈએ અને તેમને પ્રભુ તુલ્ય માનીને ચાલવું જોઈએ, તો જ તેમની કૃપા મળે છે અને ઈષ્ટમંત્રની પ્રાપ્તિ થાય છે. સદ્‌ગુરુને પ્રભુ-તુલ્ય માનવાની વાત કદાચ કોઈને વધારે પડતી લાગતી હશે, પણ **'આગમસારતંત્ર'**માં સ્પષ્ટ કહ્યું છે કે—

**गुरुं न मर्त्यं बुद्धयेत, यदि बुद्धयेत तस्य तु ।**
**कदापि न भवेत् सिद्धिर्न मन्त्रैर्देवपूजनैः ॥**

'મંત્રસાધકે ગુરુને સામાન્ય મનુષ્ય માનવા નહિ, આમ છતાં જો ગુરુને સામાન્ય મનુષ્ય માનવામાં આવે તો ગમે તેટલો મંત્રજપ કે ગમે તેટલાં દેવપૂજન કરવા છતાં તેને કોઈ કાલે સિદ્ધિ થતી નથી.'

'गुरुर्ब्रह्मा गुरुर्विष्णुः' આદિ જે પદો આજે પ્રચારમાં છે, તે એમ સૂચવે છે કે ગુરુને પ્રભુતુલ્ય માનીને જ શિષ્યે ચાલવાનું છે અને તેમાં જ તેનું હિત છે. અહીં ગુરુને પ્રભુતુલ્ય માનવાનો અર્થ એ છે કે તેમના પ્રત્યે પરમપૂજ્ય ભાવ રાખવો જોઈએ અને તેમને આપણા મહા ઉપકારી

માનીને ચાલવું જોઇએ, પણ કેટલાકે આ વાતને આડાપાટે ચડાવી દીધી છે અને 'ગુરુ પહેલાં, પ્રભુ પછી' એવો સિદ્ધાંત સ્થાપી તે પ્રમાણે આચરણ કરવા માંડ્યું છે, જે ઇચ્છવા યોગ્ય નથી.

જૈન ધર્મના તમામ સંપ્રદાયો નમસ્કારમંત્રને માને છે, તેમાં પ્રથમ પ્રભુ એટલે દેવ અને પછી ગુરુ એ ક્રમ સ્થાપિત થયેલો છે. नमो अरिहंताणं અને नमो सिद्धाणं પદો બોલતાં અરિહંતોને તથા સિદ્ધોને નમસ્કાર થાય છે, જેઓ દેવકોટિમાં વિરાજે છે. ત્યાર પછી नमो आयरियाणं, नमो उवज्झायाणं અને नमो लोए सव्वसाहूणं પદો બોલતાં આચાર્ય, ઉપાધ્યાય તથા સાધુઓને નમસ્કાર થાય છે, જેઓ ગુરુકોટિનું સ્થાન ધરાવે છે.

જૈન ધર્મે આત્મશુદ્ધિના અનન્ય ઉપાયો તરીકે છ આવશ્યકની યોજના કરેલી છે, તેમાં પણ ચતુર્વિંશતિસ્તવ એટલે ચોવીશ તીર્થંકરોની સ્તવના પહેલી છે અને વંદન એટલે ગુરુવંદનની ક્રિયા પછી છે. તાત્પર્ય કે 'ગુરુ પહેલાં અને પ્રભુ કે દેવ પછી' એ સિદ્ધાંત જૈનધર્મની, સૈદ્ધાંતિક તથા પરંપરાગત માન્યતાથી વિરુદ્ધનો હોઇ સ્વીકારવા યોગ્ય નથી.

'પ્રત્યક્ષ સદ્‌ગુરુ સમ નહિ, પરોક્ષ જિન ઉપકાર.' એ વચનો અમારા લક્ષ્યમાં છે, પણ તે અપેક્ષાકૃત વચનો છે, સિદ્ધાંતરૂપ વચનો નથી. તેનો અર્થ એ છે કે પૂર્વે થઈ ગયેલા જિન ભગવંતોએ જે ઉપદેશ આપ્યો છે, તે પરં-

પરાએ આપણી પાસે પહોંચ્યો છે, જ્યારે સદ્દગુરુ તો આપણને સાક્ષાત્ ઉપદેશ આપે છે, એટલે તેમનો ઉપકાર આપણા પર મોટો છે.' પરંતુ તેનો અર્થ એ નથી કે સદ્દગુરુનું સ્થાન અરિહંત પરમાત્મા કરતાં ચડિયાતું છે. અરિહંત પરમાત્મા તો આપણા માનેલા ગુરુના પણ ગુરુ અને તેના પણ ગુરુ અને તેના પણ ગુરુ છે, એટલે કે પરમગુરુનું સ્થાન પામેલા છે. તેમણે સત્ય ધર્મનો જે ઉપદેશ આપ્યો, તે ઝીલીને જ સદ્દગુરુ આપણને ઉપદેશ આપે છે, એટલે તાત્ત્વિક દૃષ્ટિએ તો અરિહંત પરમાત્મા એ જ આપણા સાચા ગુરુ છે અને જેને આપણે સદ્દગુરુ માન્યા છે, એ એમના પ્રતિનિધિ છે. આ પરિસ્થિતિમાં કોનું સ્થાન પહેલું કે ચડિયાતું હોવું ઘટે, એ કોઈ પણ સુજ્ઞજન વિચારી શકે છે.

પ્રત્યક્ષ અને પરોક્ષની વાત પણ ભ્રામક છે; કારણ કે આજે જે પ્રત્યક્ષ છે, તે કાલે પરોક્ષ થવાના છે. તાત્પર્ય કે પરોક્ષ હોવાનાં કારણે જ જેમનું અવમૂલ્ય ન કરવામાં આવે છે, તેવું જ અવમૂલ્યન તેઓ પરોક્ષ થતાં તેમનું થવાનું છે.

ગુરુની કૃપાથી ઇષ્ટમંત્રની પ્રાપ્તિ થાય છે, એ બહુ મોટો લાભ છે. જે મંત્ર પોતાને હિતકારી નથી, તેને ગ્રહણ કરવાનો કે તેની ઉપાસના કરવાનો અર્થ શો છે ? અહીં એટલી સ્પષ્ટતા કરી દઈએ કે જે સિદ્ધમંત્રો છે, એ તો નિતાન્ત હિતકારી છે, પણ અન્ય મંત્રો અંગે આવી

પરિસ્થિતિ નથી. તેમાંના કેટલાક મંત્રો કોઈકને હિતકારી નીવડે છે, તો કોઈકને અહિતકારી પણ નીવડે છે, એટલે કયો મંત્ર કોને હિતકાર થશે અને કોને અહિતકર થશે ? એ પ્રશ્નનો નિર્ણય કરવાની જરૂર પડે છે. તે માટે સિદ્ધારિચક્ર, ઋણધનશોધનચક્ર, તારાચક્ર, રાશિચક્ર, અકડમચક્ર વગેરે સાધનો અસ્તિત્વમાં આવ્યાં છે, પણ તેનો વિશેષ પ્રચાર નથી અને તે ઉક્ત નિર્ણયની બાબતમાં એટલો અસરકારક પણ નથી. આ સાધનો મુખ્યત્વે જ્યોતિષ પર આધારિત છે કે જેના બધા ફલાદેશો સત્ય સાબીત થતા નથી, પરંતુ કાલ બળે તે મંત્રોપાસનાના ક્ષેત્રમાં દાખલ થયેલાં છે.

'તો પછી હિતકારી–અહિતકારી મંત્રનો નિર્ણય શી રીતે કરવો ?' એ પ્રશ્ન ઊભો રહે છે. તેનો ઉત્તર એ છે કે 'આપણા પરમ ઉપકારી એવા ગુરુદેવે જે મંત્ર આપ્યો હોય, તેને જ હિતકારી સમજવો; અથવા તો જે મંત્ર પ્રત્યે આપણા અંતરમાં અત્યંત સદ્‌ભાવ ઉત્પન્ન થતો હોય, તેને હિતકારી સમજવો.' તંત્રકારોએ પણ હિતકર–અહિતકરની બાબતમાં ઘણી ચર્ચા–વિચારણા કર્યા પછી છેવટે કહ્યું જ છે કે–

यत्र यस्य भवेद् भक्तिर्विशेषः स मनूत्तमः ।
वैरिकोष्ठमपि प्राप्तोऽभीष्टदस्तस्य जायते ॥

'જે મંત્રમાં જેની ભકિત–અંગરંગ ભકિત વિશેષ

હોય, તે મંત્ર તેને માટે ઉત્તમ છે; પછી સિદ્ધારિચક્રનું શોધન કરતાં તે ભલે અરિના કોઠાને પ્રાપ્ત થયેલો હોય.'

અહીં તો અર્હઁ મંત્ર એ આપણો ઇષ્ટમંત્ર છે. તે સદ્ગુરુ પાસેથી ગ્રહણ કરવાની વિધિ નીચે મુજબ સમજવી :

(૧) આ મંત્ર ગ્રહણ કરવા માટે શુભ દિવસ પસંદ કરવો.

(૨) મંત્રગ્રહણનો વિધિ પ્રશસ્ત સ્થાનમાં થાય, એવી વ્યવસ્થા રાખવી.

(૩) મંત્ર ગ્રહણ કરવાનાં સ્થાને નંદિની સ્થાપના કરવી અથવા તો અરિહંત ભગવંતની સુંદર છબી ઊંચા સિંહાસન પર પધરાવવી. ત્યાં ઘીનો દીપક કરી સુગંધ પ્રકટાવવી અને એ સ્થાનને આસોપાલવના તોરણ વગેરેથી શણગારવું.

(૪) મંત્રગ્રહણના દિવસે અરિહંત ભગવંતની સેવા–પૂજા કરી તથા માતા–પિતા, વડીલ વગેરેને પ્રણામ કરી યોગ્ય વેશભૂષાપૂર્વક મંત્રગ્રહણના સ્થાને અતિ ઉલ્લસિત હૃદયે જવું.

(૫) મંત્રગ્રહણસ્થાને પહોંચ્યા પછી જો ત્યાં નંદિની સ્થાપના કરેલી હોય તો ત્રણ વાર પ્રદક્ષિણા દેવા પૂર્વક ચૈત્ય-વંદન કરવું; અને છબી પધરાવેલી હોય તો માત્ર ચૈત્ય-

વંદન કરવું. તે પછી ત્યાં રહેલી મૂર્તિ કે છબી પર દૃષ્ટિ તથા મન સ્થાપીને અરિહંત પરમાત્માનો મહા ઉપકાર ચિંતવવો, કારણ કે આ મંત્રનું પ્રવર્તન તેમને આભારી છે.

(૬) ત્યાર બાદ ગુરુને પંચાંગ પ્રણિપાત કરી, બે હાથની અંજલિ બનાવી વિનયાવનત મસ્તકે નીચે પ્રમાણે વિનંતિ કરવી : 'હે ભગવન્ ! આપને હું ત્રિકરણશુદ્ધ પ્રણામ કરું છું અને આપની કૃપા ચાહું છું. આપ મને પરમતત્ત્વરૂપ, મહામહિમાશાલી તથા અચિંત્ય પ્રભાવથી યુક્ત એવા અર્હં મંત્રનું દાન કરો.'

(૭) ત્યાર પછી ગુરુની સમીપે જવું અને ગુરુ આપણા જમણા કાનમાં પરમપવિત્ર પંચાક્ષરોથી યુક્ત એવો અર્હં-મંત્ર ત્રણ વાર કહે, તે અનન્ય શ્રદ્ધાપૂર્વક ધારણ કરવો.

(૮) આ રીતે અર્હં મંત્ર ગ્રહણ કર્યા પછી સાધકે બે હાથ જોડીને ગુરુને વિનયપૂર્વક કહેવું કે 'હે ભગવન્ ! આપે મને ચિંતામણિરત્નથી પણ અધિક એવો અર્હં મંત્ર આપીને ઘણો ઉપકૃત કર્યો છે. આપનો આ ઉપકાર હું જીવનપર્યંત નહિ ભૂલું. મારો આજનો દિવસ સફલ થયો છે, મારું જીવન ધન્ય બન્યું છે. હવે આપ અનુજ્ઞા આપો, એટલે આવતી કાલથી અર્હં મંત્રની ઉપાસના શરુ કરું.'

(૯) ગુરુ તેની અનુજ્ઞા આપે ત્યારે સાધકે 'તહત્તિ'[૧] કહી મસ્તકે અંજલિ કરવી.

(૧૦) તે પછી લોગસ્સસૂત્રનો ત્રણ વાર પાઠ કરવો કે જે ચોવીશ જિન ભગવંતોની સ્તુતિ–સ્તવના–ભક્તિ નિમિત્તે યોજાયેલો છે.

(૧૧) ત્યાર પછી ગુરુ સર્વ મંગલનો પાઠ સંભળાવે, એટલે મંત્રગ્રહણનો વિધિ પૂરો થયો સમજવો.

(૧૨) તે પછી આ પ્રસંગ નિમિત્તે જે વસ્તુઓ એકત્ર કરી હોય, તેને યથાસ્થાને પહોંચાડી સાધકે પોતાના નિવાસસ્થાને જવું અને ત્યાં ધર્મધ્યાનાદિ શુભ પ્રવૃત્તિ કરવી.

---

૧. 'તહત્તિ' એ જૈન પારિભાષિક શબ્દ છે. તહત્તિ એટલે આપ કહેશો તેમ કરીશ.'

[ ૧૦ ]

## સ્થાન-સમયાદિ

'અર્હં મંત્રની ઉપાસના કયા સ્થાને અને કયા સમયે કરવી જોઇએ?' એ પ્રશ્ન પણ વિચારણીય છે. ભૂતકાલમાં આ પ્રશ્ન સંબંધી ઘણી ચર્ચા-વિચારણા થયેલી છે, પણ આજના સંયોગો જુદા છે, એટલે કે આજની પરિસ્થિતિ અને રહેણી-કરણીમાં ઘણું પરિવર્તન થયેલું છે, તેથી તે અંગે પુનઃ ચર્ચા-વિચારણા કરવાની જરૂર છે.

અહીં કોઈ એમ કહેતું હોય કે 'આપણે તો મંત્રની ઉપાસના સાથે કામ છે ને! તે ગમે ત્યાં બેસીને કરી લઇએ તો વાંધો શું?' પણ આ કથન પરિસ્થિતિ સમજ્યા વિનાનું છે. સ્થાનિક વાતાવરણનો પ્રભાવ આપણા મન પર-અંતર પર પડે છે અને તેની સારી-ખોટી અસર ઉપાસના પર પણ થાય છે, તેથી સ્થાન સંબંધી વિચારણા કરવી ઉપયુક્ત છે.

માતા-પિતાની અનન્ય સેવા કરવા માટે શ્રવણનું નામ પ્રસિદ્ધ છે. તેણે વૃદ્ધ માતા-પિતાની અડસઠ તીર્થની યાત્રા

કરવાની ભાવના પૂર્ણ કરવા માટે બે કાવડો બનાવી હતી અને તેને એક મજબૂત દંડાની બંને બાજુ લટકાવી હતી. તેમાંથી એક કાવડમાં તે માતાને બેસાડતો અને બીજી કાવડમાં પિતાને બેસાડતો. પછી એ કાવડ ખભે ઉચકીને તીર્થસ્થાને જતો અને એ રીતે વૃદ્ધ માતા–પિતાને તીર્થ-યાત્રા કરાવી પોતાની જાતને કૃતાર્થ માનતો. તેણે માતા–પિતાનો કોઈ બોલ કદી ઉથાપ્યો ન હતો અને તેમને માઠું લાગે એવું વર્તન કદાપિ કર્યું ન હતું.

પરંતુ પ્રવાસ દરમિયાન કુરુક્ષેત્રની ભૂમિ આવી કે જ્યાં પાંડવો અને કૌરવો વચ્ચે મહાભારત યુદ્ધ ખેલાયું હતું અને ત્યાર પછી બીજી પણ અનેક લડાઈઓ લડાઈ હતી. ત્યાં પગ મૂકતાં જ તેની ભાવનામાં પરિવર્તન થયું અને તે માતા-પિતાને કહેવા લાગ્યો : 'આ કાવડ અહીં ઉતારી નાખું છું. તે હવે મારાથી ઉચકાતી નથી.'

આ શબ્દો સાંભળતાં જ પિતા વિચારવા લાગ્યા કે મારો પુત્ર પૂરેપૂરો માતૃપિતૃ–ભક્ત છતાં શું કહી રહ્યો છે? તેમણે શ્રવણને પૂછ્યું : 'આ કઈ જગા છે?' શ્રવણે કહ્યું : 'કુરુક્ષેત્ર'. પિતા સમજી ગયા કે 'આ તો ભૂમિએ તેનો ભાગ ભજવ્યો છે.' એટલે તેમણે કહ્યું : 'બેટા ! તું અમને પાછો લઈ જા અને કુરુક્ષેત્રની બહાર મૂકી દે. પછી તારે જેમ કરવું હોય તેમ કરજે.' શ્રવણે એ સૂચનાનો સ્વીકાર કરીને કાવડ પાછી ફેરવી અને માતા–પિતાને કુરુક્ષેત્રની

બહાર લઈ આવ્યો. પછી પિતાએ કહ્યું : 'હવે અમે કાવડ-માંથી નીચે ઉતરી જઇએ છીએ.'

શ્રવણે કહ્યું ? 'પૂજ્ય પિતાજી ! પૂજ્ય માતાજી ! તમારે કાવડમાંથી નીચે ઉતરવાની જરૂર નથી. હવે જ્યાં જવું છે, ત્યાં તમને કાવડમાં બેસાડીને જ લઈશ, કુરુક્ષેત્રમાં હું જે કંઈ બોલી ગયો તેને મનમાં ન લાવશો.'

પછી પિતાએ સૂચવેલા બીજા રસ્તેથી તે આગળ વધ્યો અને માતા-પિતાને યથેષ્ટ સ્થાને પહોંચાડી તેમને ભાવપૂર્વક યાત્રા કરાવી.

તાત્પર્ય કે કુરુક્ષેત્રની ભૂમિ લડાઈ, કાપાકાપી, મારામારી, આક્રોશ વગેરેના વાતાવરણથી ભરેલી હતી, તેથી અનન્ય માતૃ-પિતૃ-ભક્ત એવા શ્રવણની બુદ્ધિમાં પણ ફેર પડી ગયો અને તેની માતૃ-પિતૃ-ભક્તિમાં લંછન લાગી ગયું.

ગુજરાતના અહમદશાહ બાદશાહને સાબરમતીના તીરે એક મોટું શહેર વસાવી તેને પોતાની રાજધાની બનાવવી હતી, એટલે તે ઘોડેસ્વાર થઇને પોતાના એક સરદારની સાથે સાબરમતી નદીના કિનારે આવેલા પ્રદેશમાં ભ્રમણ કરી રહ્યો હતો. એવામાં તેણે એક દૃશ્ય જોયું. એક સસલું કૂતરા પર આક્રમણ કરીને તેને ભગાડવાની કોશીશ કરી રહ્યું હતું. સસલું તો કૂતરાથી બિનારું પ્રાણી, તે કૂતરાને જોતાં પોતાની બોડમાં પેસી જાય કે કોઈ સલામત સ્થાન શોધે, તેના બદલે સસલું કૂતરા પર આક્રમણ કરે, એ તો ઘણી અજા-

યબ વાત કહેવાય. તે પરથી અહમદશાહે નિર્ણય કર્યો કે આ ભૂમિ ખરેખર બળવાન છે કે જે સસલામાં પણ શૂરવીરતા પેદા કરી શકે છે, માટે મારે અહીં જ નગર વસાવવું અને એ રીતે તેણે ત્યાં અહમદાબાદ શહેર વસાવ્યું કે જે અમદાવાદ તરીકે ગુજરાતની રાજધાનીનું મુખ્ય શહેર બનેલું છે અને દિવસે દિવસે વધારે આબાદ થતું જાય છે. તે અંગે એક ઉક્તિ પ્રસિદ્ધિમાં આવી છે કે 'જહાં કૂત્તા પર સસ્સા ધાયા, વહાં અહમદશાહ નગર બસાયા.'

તાત્પર્ય કે સ્થાનિક વાતાવરણનો સારો-ખોટો પ્રભાવ મનુષ્યના મન પર-અંતર પર જરૂર પડે છે.

હજી એક વ્યવહારુ દાખલો લઈ આ વસ્તુને વધારે સ્પષ્ટ કરીએ. તમે વિવિધ પ્રકારનાં પુષ્પોથી સુગંધિત એક ઉદ્યાનમાં બેઠા હો અને એક ગંદી ચાલમાં પાયખાનાની નજીક બેઠા હો તો તમારા મન પર જુદી જુદી અસરો થાય છે કે નહિ! જો તેનો ઉત્તર હકારમાં હોય તો આ વાત અહીં પૂરી થઈ. આપણે આગળ ચાલીએ.

મંત્રવિશારદોના અભિપ્રાયથી જ્યાં તીર્થંકર ભગવંતના ચ્યવન, જન્મ, દીક્ષા, કેવલજ્ઞાન અને નિર્વાણ એ પાંચ કલ્યાણકોમાંથી એક કે વધુ કલ્યાણકો થયેલાં હોય, અથવા જ્યાં તેમણે સાધનાકાલ દરમિયાન વધારે સ્થિરતા કરેલી હોય કે જ્યાં તેમના જીવનની કોઈ મોટી ઘટના બનેલી હોય, તે સ્થાન ખાસ પસંદ કરવા યોગ્ય છે, કારણ કે

ત્યાંના વાતાવરણ પર એ પરમ પુરુષોનો પ્રકૃષ્ટ પ્રભાવ પડેલો હોય છે અને તેમની સ્મૃતિ મંત્રોપાસના માટે, ખાસ કરીને અર્હં મંત્રની ઉપાસના માટે પ્રેરણાનો અવિરત સ્રોત બની રહે છે.

આજે તીર્થંકરોની કલ્યાણકભૂમિઓમાં મોટા ભાગે મંદિર તથા ધર્મશાળા બંધાયેલાં છે તથા ત્યાં પ્રાયઃ ભોજનશાળાની પણ વ્યવસ્થા છે, એટલે ત્યાં મંત્રોપાસના માટે ૪૫-૯૦ કે તેથી વધારે દિવસો સુધી રહેવું હોય તો રહી શકાય છે. સાથે પોતાના ખાસ માણસો કે ઉત્તર-સાધક હોય તો ભોજનાદિની સ્વતંત્ર વ્યવસ્થા પણ કરી શકાય છે.

અહીં પ્રસંગવશાત્ એ પણ જણાવી દઈએ કે જો મંત્રોપાસના માટે પોતાના ઘર સિવાય અન્ય કોઈ પણ સ્થળે જવાનું હોય તો પોતાની સાથે એક ઉત્તર-સાધક અવશ્ય રાખવો જોઈએ, જે આપણી બધી સગવડો સાચવી લે અને મંત્રોપાસના માટે જે જે વસ્તુઓ જરૂરી હોય તે સમયસર મેળવી લઈ યથાસમય હાજર કરે. વળી તે દીપ અને ધૂપ ઉપર પણ ધ્યાન રાખે, એટલે કે મંત્રોપાસના સમયે દીપ-કમાં ઘી પૂરવાની જરૂર હોય તો ઘી પૂરે અને અગરબત્તી પ્રકટાવવાની જરૂર હોય તો અગરબત્તી પ્રકટાવે. મંત્રોપાસક તો ઉપાસનામાં લીન હોઈ તેને આ વસ્તુનો ખ્યાલ ન રહે, એ સ્વાભાવિક છે.

ચોવીસ જિન ભગવંતોની કલ્યાણકભૂમિઓનો કોઠો

અમે '**નમસ્કારમંત્રસિદ્ધિ**' તથા '**લોગસ્સ મહાસૂત્ર**' ગ્રંથમાં આપેલો છે, તે જિજ્ઞાસુઓએ જોઈ લેવો.

જ્યાં કોઈ મંત્રસિદ્ધ, વિદ્યાસિદ્ધ કે યોગસિદ્ધ પુરુષે અમુક સમય સ્થિરતા કરીને સિદ્ધિ મેળવેલી હોય, તે સ્થાન પણ પસંદ કરવા યોગ્ય છે, કારણ કે ત્યાંનું વાતાવરણ પ્રેરણાત્મક હોય છે.

આજે ભારતના ઘણા ભાગોમાં જૈન તીર્થો આવેલાં છે કે જેમનો મહિમા ઘણો મોટો છે. વળી ત્યાં રહેવા-જમવાની સગવડ હોઇ ને કોઈ પણ અનુકૂલ તીર્થને પસંદ કરવા યોગ્ય છે. તે માટે અમારી દૃષ્ટિએ શ્રી સિદ્ધાચલ તીર્થ કે જેની તલેટીમાં પાલીતાણા શહેર વસેલું છે, તે વધારે અનુકૂલ છે. વળી તેની નજીક શેત્રુંજી નદીના ડેમ પર જે મંદિર અને ધર્મશાળા બંધાયેલાં છે, ત્યાં ઘણી જ શાંતિ હોવાથી તેને ખાસ પસંદગી આપવા યોગ્ય છે. અહીં પણ મંત્રોપાસકને બધી સગવડ મળી રહે એમ છે.

રાજગૃહી નગરીના પહાડો પર રહીને મંત્રોપાસના કરનાર એક ઉપાસક મહાત્માએ તેમના જે અનુભવો કહ્યા, તે ઘણા જ રોમાંચક હતા. તેમના જણાવ્યા મુજબ ત્યાં અમુક અમુક વખતે રાત્રિના સમયે દિવ્ય વિભૂતિઓનું મિલન થાય છે અને તેઓ જિનશાસનના અભ્યુદય અંગે વિવિધ પ્રકારની વિચારણાઓ કરતા હોય છે. તેમણે આ બાબતની વિશેષ સ્પષ્ટતા કરતાં જણાવ્યું કે અનેક પ્રકારના વિકટ પ્રસંગોમાં જિનશાસન જયવંતુ રહ્યું છે, તેમાં આવી દિવ્ય વિભૂતિ-

ઓની પ્રેરણા તથા સહાયે કામ કરેલું છે અને હવે પછી લાંબા સમય સુધી જિનશાસન જયવંતુ રહેવાનું છે, તે માટે આ દિવ્ય વિભૂતિઓ તૈયારી કરતી હોય છે.

કેટલાંક વર્ષો પહેલાં એક વિદેશી વિદ્વાન્ સંશોધકને હિમાલયની ગુફામાં રહેતા એક યોગીનો પરિચય થયો હતો. તેમની ઉંમર આમ તો બહુ દેખાતી ન હતી, પણ તે ત્રણસો વર્ષ ઉપરાંતની હતી. વિદેશી વિદ્વાને પૂછયું કે 'તમે અહીં રહીને શું કરો છો ?' યોગીએ કહ્યું : 'અહીં રહેવાનું મુખ્ય પ્રયોજન તો યોગસાધના છે, પણ તે સાથે વિશ્વનું હિતચિંતન કરીએ છીએ અને તેનાં આંદોલનો ફેલાવતા રહીએ છીએ.'

વિદેશી વિદ્વાને બીજો પ્રશ્ન પૂછયો : 'શું તેમાં સફળતા મળે છે ખરી ?' યોગીએ કહ્યું : 'જરૂર. અમારાં એ આંદોલનો અમુક યોગ્યતાવાળી વ્યક્તિઓ ઝીલતી હોય છે અને તે વિશ્વહિતની પ્રવૃત્તિઓ કરતી હોય છે.'

વિદેશી વિદ્વાને કહ્યું : 'જો એવી જ પરિસ્થિતિ હોય તો આજે વિશ્વમાં અનેક પ્રકારનાં યુદ્ધો ચાલી રહ્યાં છે, અનેક પ્રકારનાં ધમસાણો મચી રહ્યાં છે અને અનેક રીતે અનીતિનું આચરણ થઈ રહ્યું છે, તેનું કેમ ?' યોગીએ કહ્યું : 'માનવજાતિના સ્વભાવવશાત્ આ બધું બની રહ્યું છે, પણ અમારાં આંદોલનોથી સંત પુરુષોને બળ મળતું રહે છે, તેથી તેઓ વિશ્વહિતની પ્રવૃત્તિ સતત ચલાવ્યા

કરે છે અને તેથી અનેક પ્રકારનાં અનિષ્ટોનું નિયંત્રણ થાય છે. જો અમારાં આ પ્રકારનાં આંદોલનો થતાં ન હોય તો આ દુનિયામાં જીવવા જેવું જ ન રહે, એ તમે ખાતરીથી માનજો.'

તાત્પર્ય કે રાજગૃહીના પહાડ પર દિવ્ય વિભૂતિઓના મિલનની જે વાત છે, તે આ દૃષ્ટિએ અશક્ય કે અસંભવિત નથી.

સમેતશિખરના પહાડ પર રહીને મંત્રોપાસના કરનારને પણ અનેક પ્રકારના અનુભવો થયાના દાખલા અમારા જાણવામાં આવ્યા છે, એટલે તીર્થભૂમિમાં રહીને મંત્રોપાસના કરવાનું વધારે પસંદ કરવા જેવું છે.

મંત્રોપાસના માટે પર્વતનો શિખરપ્રદેશ, ઝાડી-ઝરણાંવાળો તળેટીનો ભાગ તથા વનપ્રદેશ પણ યોગ્ય સ્થાન મનાયેલ છે, પરંતુ ત્યાં રહેવાની ખાસ સગવડ કરવી જોઇએ અને તે ઘણું ખર્ચાળ છે, એટલે સામાન્ય માણસે તેની પસંદગી કરતાં પહેલાં પૂરતો વિચાર કરવો જોઇએ. જો આવાં સ્થળોએ કોઈ આશ્રમ કે પર્ણકુટિઓ હોય તો તેનો લાભ લઈ શકાય.

નદીનો કિનારો, પદ્મસરોવરની પાળ, પુષ્ટવાટિકા તથા સુંદર વૃક્ષઘટા પણ મંત્રોપાસના માટે યોગ્ય સ્થળ મનાયેલ છે. તેમાંથી જે સ્થળ અનુકૂલ પડે તેવું હોય તેનો ઉપયોગ કરવો. કેટલાક મંત્રો એવા છે કે જેની સાધના

અમુક વૃક્ષની છાયામાં કે અમુક વૃક્ષની સમીપે કરવાથી જ ફલદાયી થાય છે, ત્યાં તેવાં વૃક્ષો શોધી કાઢી તેનો આશ્રય લેવો જોઇએ. કેટલાક મંત્રો એવા પણ છે કે જેની સાધના અમુક પાંચ વૃક્ષોની વચ્ચે બેસીને કરવી જોઈએ. ત્યાં તેવાં વૃક્ષો ઉગાડીને ખાસ સ્થાન બનાવવું પડે છે અને પછી તેમાં મંત્રોપાસના માટેનું આસન જમાવવું પડે છે. શ્રીરામકૃષ્ણ પરમહંસ આદિ કેટલાક મહાત્માઓએ આ રીતે મંત્રોપાસના કરેલી છે.

જો જિનમંદિર વિશાલ હોય તો તેનો એક ભાગ મંત્રોપાસના માટે પસંદ કરી શકાય, પણ ત્યાં ઘોંઘાટ હોવો ન જોઇએ. ઘોંઘાટ હોય તો મંત્રજપ–ધ્યાન આદિ યથાર્થ-પણે થઈ શકે નહિ. પરંતુ આવું તો ગામથી દૂર કે એકાંત પ્રદેશમાં આવેલા જિનમંદિરમાં જ બની શકે, એટલે શહેરમાં આવેલાં જિનમંદિરો તે માટે યોગ્ય સ્થાન ગણાય નહિ. તેની સરખામણીમાં ઉપાશ્રય પસંદ કરવા યોગ્ય છે, કારણ કે ત્યાં પ્રમાણમાં શાંતિ હોય છે અને ધાર્મિક ક્રિયાઓ થતી હોય છે. વળી ત્યાં ગુરુની નિશ્રા મેળવવાનું પણ સરલ હોય છે, છતાં સંયોગો વિચારીને એ બાબતમાં નિર્ણય કરવો.

પોતાના નિવાસસ્થાનનો એક ભાગ જુદો કાઢી શકાય તેમ હોય તો તે જુદો કાઢી તેને સ્વચ્છ–સુંદર–પવિત્ર બનાવી ત્યાં પણ મંત્રોપાસના કરી શકાય. આજે તો ઘણાખરાને

આ વસ્તુ જ વધારે અનુકૂલ પડે એમ છે, તેથી તેનો પ્રચાર વિશેષ છે.

હવે વાત રહી સામાન્ય મનુષ્યોની કે જેઓ બે ઓરડીઓમાં કે માત્ર એક ઓરડીમાં જ રહીને પોતાનો જીવનનિર્વાહ ચલાવતા હોય છે. તેઓ તેના એક ભાગમાં આસન જમાવીને મંત્ર જપ કરી શકે ખરા, પણ તેને લગતાં બધાં વિધિ-વિધાનો ત્યાં રહીને થઈ શકે નહિ, એટલે તેમણે ઉપર જણાવેલાં સ્થાનો પૈકી કોઇ પણ એક અનુકૂલ સ્થાન પસંદ કરીને ત્યાં મંત્રોપાસના કરવી ઘટે. જો કે તેમ કરવામાં પણ તેમને કેટલીક મુશ્કેલીઓ નડવાની, પણ તે માટે બીજો કોઇ ઉપાય નથી.

મુખ્ય વાત એ છે કે મંત્રોપાસના માટે જે સ્થાન નક્કી કરવામાં આવે તે પવિત્ર એટલે શુદ્ધ હોવું જોઇએ, ઘોંઘાટરહિત એટલે શાંત હોવું જોઈએ અને પશુ-પક્ષી-જંતુ આદિના ઉપદ્રવથી રહિત હોવું જોઇએ. તો જ ત્યાં મંત્રોપાસના યથાર્થપણે થઇ શકે અને તેમાં સિદ્ધિ સાંપડી શકે.

જેમ સ્થાનિક વાતાવરણની અસર મનુષ્યના મન પર-અંતર પર પડે છે, તેમ સમયની અસર પણ મનુષ્યના મન-પર-અંતર પર પડે છે, તેથી સમયની વિચારણા પણ ઉપયુક્ત છે. જ્યાં વિશિષ્ટ સમય અંગે વિધાન થયેલું હોય, ત્યાં તેને અનુસરવાનું છે અને જ્યાં કોઈ વિશિષ્ટ વિધાન થયેલું ન હોય, ત્યાં સામાન્ય રીતે પ્રાતઃ કાલના સાડા ચાર વાગ્યાથી દિવસના દશ વાગ્યા સુધીનો સમય અને વધારે

જરૂર હોય તો અગિયાર વાગ્યા સુધીનો સમય પસંદ કરવા યોગ્ય છે. પછી વ્યવસાય, વ્યવહાર અંગે ધમાલ શરુ થાય છે અને ભોજનનો સમય નજીક આવે છે, તેથી જપાદિ ક્રિયા બરાબર થવા સંભવ નથી. જો ધંધામાંથી સંપૂર્ણ નિવૃત્તિ લીધેલી હોય, વ્યવહારનો ભાર માથેથી ઉતારેલો હોય અને તે દિવસે ઉપવાસ–આયંબિલાદિ કોઈ પ્રકારની તપશ્ચર્યા હોય તો ઉપરના સમયને અનુકૂલતા મુજબ કલાક–દોઢ કલાક વધારવામાં કશી હરકત નથી.

મંત્રોપાસના માટે બીજો સમય રાત્રિના નવથી બાર વાગ્યા સુધીનો પસંદ કરવા યોગ્ય છે. એ વખતે મનુષ્ય પોતાનાં દૈનિક કાર્યોમાંથી નિવૃત્ત થયેલો હોય છે અને વાતાવરણમાં પણ શાંતિ પ્રસરેલી હોય છે. જો મનુષ્ય દિવસનાં કામોથી ઘણો થાકેલો હોય કે તેને નિદ્રા આવતી હોય તો આ સમયે મંત્રોપાસના કરવી યોગ્ય નથી. તે જ રીતે મનુષ્યનું શરીર સ્ફુર્તિમાં હોય, મન સ્વસ્થ હોય અને વધારે મંત્રજપ કરવાનો ઉત્સાહ હોય તો એ સમયને રાત્રિના એક કે દોઢ સુધી પણ લંબાવી શકાય છે.

મંત્રોપાસના માટે ત્રીજો સમય બપોરના ૨–૩૦ થી ૫–૩૦ સુધીનો પસંદ કરવા યોગ્ય છે. અહીં એટલી સ્પષ્ટતા આવશ્યક છે કે જો પહેલો કે બીજો સમય અનુકૂલ ન હોય તો જ આ પસંદગી કરવા જેવી છે; અથવા તો પ્રતિદિન કરવા યોગ્ય જપની સંખ્યાને પહેલા બે સમયમાં પહોંચી વળાય એવું ન હોય તો આ સમયને પસંદ કરવો

યોગ્ય છે. દાખલા તરીકે એક મનુષ્યને સાત દિવસમાં હ્રીંકારમંત્રનો સવા લાખ જપ કરવાનો છે, તો તેણે રોજ ૧૮૦૦૦ જપ કરવા જોઈએ. ૧૮૦૦૦×૭=૧૨૬૦૦૦. હવે તે સવારે એક બેઠકે ૧૦૦૦૦ થી વધારે જપ કરી શકે એમ નથી, તો તેણે રાત્રિના સમયે એટલે કે નવથી બારમાં બાકીના ૮૦૦૦ જપ પૂરા કરવા જોઇએ. જો આ સમયે તે એટલા જપ કરી શકે એમ ન હોય તો તેણે તેના બે ભાગ પાડી નાખવા જોઇએ અને તેનો એક ભાગ બપોરના નિયત સમયે અને એક ભાગ રાત્રિના નિયત સમયે પૂરો કરવો જોઈએ. આ એક સામાન્ય સૂચન છે, એટલે કે તેમાં પરિસ્થિતિ અનુસાર કેટલોક ફેરફાર પણ કરી શકાય છે.

એકવાર એક યુવાન બંધુ અમારી પાસે આવ્યા અને તેમણે અમને પ્રશ્ન કર્યો : 'મારે મંત્રજપ કરવો છે, તો કયા સમયે કરું ?' અમે કહ્યું : 'તે માટે પ્રાતઃકાલના સાડા ચારથી છ સુધીનો સમય શ્રેષ્ઠ છે.' તેમણે કહ્યું : 'હું તો સૂરજવંશી છું, એટલે કે સૂર્યોદય થયા પછી ઉઠનારો છું.' અમે કહ્યું : 'તમે ભલે સૂરજવંશી રહ્યા, પણ મનથી નિર્ણય કરો કે મારે પ્રાતઃકાલના સાડા ચાર વાગે ઉઠવું છે, તો ઉઠી શકો.' તેમણે કહ્યું : 'મારે રોજના સમય કરતાં અરધો કલાક વહેલા ઉઠવાનું થાય છે, તો શરીર ભાંગવા માંડે છે અને બગાસાં આવવા માંડે છે.' અમે કહ્યું : 'એ આદતની વાત છે. દૃઢ સંકલ્પથી આદતને સુધારી શકાય છે.'

પેલા યુવાને પૂછ્યું : ' એ કેવી રીતે બની શકે ? ' અમે કહ્યું : ' તમે પ્રથમ એવો નિર્ણય કરો કે ' મારે મંત્રોપાસના અવશ્ય કરવી છે અને તે વહેલી સવારમાં જ કરવી છે.' પછી થોડા થોડા દિવસે અર્ધો કલાક વહેલા ઉઠતા જાઓ તો અમુક દિવસ પછી બરાબર સાડા ચાર વાગે ઉઠી શકશો. ' પેલા યુવાને કહ્યું : ' અર્ધો કલાક વહેલા કેમ ઉઠવું ? એ જ પ્રશ્ન છે. જો કે તે માટે એલાર્મ મૂકી શકાય ખરું, પણ મને એ પસંદ નથી.' અમે કહ્યું : ' તમારે ઘડિયાળનું એલાર્મ મૂકવાની જરૂર નથી. તે માટે એક અદ્ભુત પ્રકારનું એલાર્મ કુદરતે આપણા અંતરમાં જ ગોઠવેલું છે અને તે બરાબર કામ આપે છે.' પેલા યુવાને કહ્યું : ' આ વાત મારા માટે નવી છે, માટે બરાબર સમજાવો.'

એટલે અમે કહ્યું : ' તમે સૂતી વખતે પાંચ કે સાત વાર મનમાં એમ બોલો કે મારે અમુક વાગે ઉઠવાનું છે, તો તમે એટલા વાગે ઉઠી શકશો. તમારો કોઈ મિત્ર સવારની પાંચની ગાડીમાં આવવાનો હોય અને તમારે તેને તેડવા જવાનો હોય, તો રાત્રે તેની ફીકર કરતાં તમે સવારે પાંચ વાગે કે કદાચ તે કરતાં પણ થોડા વહેલા જરૂર ઉઠી જવાના. આપણા અંતરમાં બીજું એક સૂક્ષ્મ અંતર છે, તે આપણાં બધાં સૂચનો ( Suggetions ) ને સંઘરી રાખે છે અને તેનો અમલ કરે છે. અમે આ બાબતનો અનેક વાર અનુભવ કરેલો છે અને ધારેલા સમયે સૂઇ જવાના તથા ધારેલા સમયે ઉઠી જવાના કેટલાક પ્રયોગો પણ કરી બતા-

વેલા છે. એટલે તમે આ બાબતમાં પૂરેપૂરી શ્રદ્ધા રાખો અને આવતી કાલે સાતને બદલે સાડા છ વાગે ઉઠવા માટે આ રીતની અજમાયશ કરો. થોડા દિવસમાં તમે સાડા છ વાગે ઉઠતા થઇ જાઓ, એટલે છ વાગે ઉઠવાનો પ્રયત્ન કરો અને એ રીતે અનુક્રમે અર્ધો અર્ધો કલાક વહેલાં ઉઠતાં સાડા ચાર સુધી પહોંચી જાઓ. 'આહાર અને ઊંઘ વધાર્યા વધે અને ઘટાડ્યા ઘટે' એ કહેવત તો તમે સાંભળી છે ને ?'

પેલા યુવાને અમારી સલાહ માની અને તે ધીમે ધીમે કરતાં બરાબર સાડા ચાર વાગે ઉઠવાને શક્તિમાન થયો. આ વસ્તુ બધા સાધકમિત્રોએ-ઉપાસકમિત્રોએ યાદ રાખવાની છે.

અહીં પ્રસંગવશાત્ એ પણ જણાવી દઇએ કે જેને આધ્યાત્મિક પ્રગતિ કરવી છે, મંત્રોપાસના કરવી છે, તેણે વહેલાં ઉઠવાની ટેવ અવશ્ય પાડવી જોઇએ. તે સિવાય પ્રાતઃસ્મરણને લગતી ક્રિયાઓ યથાર્થપણે થઇ શકે નહિ. દરેક મંત્રોપાસકે પ્રાતઃકાલમાં વહેલા ઉઠીને અમુક ક્રિયા કરવાની હોય છે, જેનું વર્ણન આગળ આવશે.

[ ૧૧ ]

## ઉપાસનાના આધારસ્થંભો

ઉપાસનાનું મહત્ત્વ શું ? ઉપાસકની યોગ્યતા શી ? મંત્રદાતા ગુરુ કેવા હોવા જોઇએ ? તેમની પાસેથી જ મંત્ર ગ્રહણ કરવાનું કારણ શું ? તેમના પ્રત્યે આપણું કર્તવ્ય શું ? ઉપાસના ક્યાં કરવી જોઇએ ? અને ક્યારે કરવી જોઇએ ? વગેરે વસ્તુઓ આપણે જાણી લીધી. હવે ઉપાસનાના મુખ્ય આધારસ્થંભો કયા છે ? તે જાણી લઇએ, એટલે ઉપાસના સંબંધી આરંભેલી જ્ઞાનયાત્રા આગળ વધશે અને તે આપણને ઘણી ઉપયોગી થઇ પડશે.

જેના પર ઉપાસનાની સફલતાનો મુખ્ય આધાર છે, તેને આપણે ઉપાસનાના આધારસ્થંભો સમજવાના છે. અનુભવે આવા આધારસ્થંભો ત્રણ જણાયા છે અને તેનું જ અહીં વર્ણન-વિવેચન કરવાનું છે.

ઉપાસનાનો પ્રથમ આધારસ્થંભ શ્રદ્ધા છે. જો મંત્રો-પાસકના અંતરમાં મંત્ર પ્રત્યે, મંત્રદેવતા પ્રત્યે તથા મંત્રદાતા ગુરુ પ્રત્યે શ્રદ્ધા ન હોય, તો મંત્રોપાસનાનાં મંડાણ જ

થતાં નથી અને કદાચ થાય તો એ થોડા જ વખતમાં તૂટી પડે છે.

જેના અંતરમાં શ્રદ્ધા નથી, તેને શંકા–કુશંકાઓ થયા કરે છે, ફલવિષે સંદેહ ઉત્પન્ન થાય છે અને મનની હાલત ડગમગતી રહે છે; તેથી કોઈ વિપરીત સંયોગ ઊભો થયો કે કોઈ વિઘ્ન આવી પડ્યું તો એ ઉપાસના છૂટી જાય છે.

શ્રદ્ધાવાન ઉપાસક તો પોતાને જે મંત્ર પ્રાપ્ત થયો હોય, તેને શ્રેષ્ઠ માને છે અને મંત્રદેવતા કે મંત્રદાતા ગુરુની શક્તિ અંગે કોઇ શંકા–કુશંકા કરતો નથી, એટલે તેનું મન નિશ્ચલ રહે છે અને તેની ઉપાસના યોજના અનુસાર આગળ વધી કાલક્રમે પૂર્ણતાએ પહોંચે છે.

શાસ્ત્રકારો કહે છે કે શ્રદ્ધા તો વજ્રલેપ જેવી હોવી જોઈએ, એટલે કે તે ગમે તેવા વિકટ સંયોગોમાં પણ જરાય ચલાયમાન થવી ન જોઇએ. આવી અચલ શ્રદ્ધા જ ઉપાસનાના આધારસ્થંભનું કામ કરે છે, પરંતુ શ્રદ્ધાની વાત એવી છે કે તે માત્ર બુદ્ધિથી સમજાવી શકાય એવી નથી, તેમાં અનુભવ થવાની જરૂર રહે છે. તે માટે અમારા જીવનની જ એક ઘટના અહીં રજૂ કરીશું.

સને ૧૯૩૭-૩૮ની આ વાત છે કે જયારે અમે નાણાભીડમાં ફસાયેલા હતા, પણ આધ્યાત્મિક શક્તિમાં પૂરેપૂરા શ્રદ્ધાન્વિત હતા. વધારે સ્પષ્ટ કહીએ તો એ દિવસો અમે તેના આધારે જ વ્યતીત કરતા હતા. રોજ પૂજા કર્યા પછી અમને એવી અંતઃસ્ફુરણા થતી કે આજે અમારું કામ અમુક વ્યક્તિ દ્વારા થશે અને અમે તેને મળતા કે

કામ થઈ જતું. આવું બે-ત્રણ વાર બન્યું હોય તો સમજીએ કે આ બનવા કાલ વસ્તુ છે, એટલે બની છે, પણ આવો અનુભવ લાગલગાટ ૧૫૦ દિવસ સુધી થયો હતો, એટલે અમે તેને દૈવીકૃપા સમજતા હતા.

પરંતુ એક દિવસ આવી અંતઃસ્ફુરણા થઈ નહિ; એટલે અમારે કોઈને મળવાનું રહ્યું નહિ. અમે સવાર-ના સાડાદશના સુમારે પ્રીન્સેસ સ્ટ્રીટ પર આવેલી અમારી પેઢી પર આવ્યા. તરતજ મુનીમે પૂછ્યું કે 'આજે ઈમ્પીરિયલ બેન્કની ૩૨૦૦ રૂપિયાની હુંડી છે, તે માટે શી વ્યવસ્થા થઈ છે ?' અમે કહ્યું : 'હજી સુધી તો એવી વ્યવસ્થા થઇ નથી, પણ થઇ રહેશે ખરી.' તેમણે પૂછ્યું : 'તે માટે કોઈને મળવાના છો ખરા ?' અમે કહ્યું: 'એ કંઇ નક્કી નથી, પણ અમને શ્રદ્ધા છે કે આપણું કામ થશે ખરું.'

અમારો જવાબ તેમને વિચિત્ર લાગ્યો. આ જવાબ આજના કોઈ પણ બુદ્ધિમાન મનુષ્યને વિચિત્ર લાગે એવો જ હતો. તેઓ અમારી સામે જોઇ રહ્યા અને અમે ટેબલ પાસે પડેલી ખુરશી પર બેઠક લીધી. પછી તે વખતે અમારા તંત્રીપદે ચાલતા 'જૈન જ્યોતિ' સાપ્તાહિક માટે તંત્રી-લેખ લખવા બેઠા.

પરંતુ મુનીમથી રહેવાયું નહિ. તેમણે કહ્યું : 'કોઇકને મળો તો કામ થઇ જશે. તમારી લાગવગ તો ઘણીજ છે.'

અમે કહ્યું: 'મળવા જેવી ઘણી વ્યક્તિઓને મળી લીધું છે. આજે તો મળવા જેવી કોઈ વ્યક્તિ નજરે પડતી નથી.' 'તો આપણું શું થશે?' તેમણે કંઈક વ્યગ્રતાભરેલા અવાજે કહ્યું. અમે કહ્યું : 'બધાં સારાં વાનાં થશે. તે માટે ચિંતા કરવાની જરૂર નથી.' અને પાછો તંત્રીલેખ લખવામાં ગુંથાઈ ગયા.

દશ-પંદર મીનીટ બાદ મુનીમે કહ્યું : 'આમ બેસી રહેવાથી દહાડો નહિ વળે. થોડો પ્રયત્ન તમે કરો, થોડો પ્રયત્ન હું કરું. ત્રણ વાગતાં તો બેન્ક હુંડીઓનું કામકાજ બંધ કરશે અને આપણી હુંડી પાછી ફરતાં કેવી પરિસ્થિતિ ઊભી થશે, તેનો વિચાર કરો. બાર તો વાગવા આવ્યા છે.' અમે કહ્યું : 'અત્યારે પ્રયત્ન કરવાની જગા નથી, પણ અમને લાગે છે કે આપણું કામ થયા વિના નહિ રહે.' તેમણે પૂછયું : 'કેવી રીતે થઈ જશે?' અમે કહ્યું : 'એ તો અમે પણ જાણતા નથી.'

મુનીમને લાગ્યું કે અમે અંધશ્રદ્ધાના ચક્કરમાં ફસાઇ ગયા છીએ અને અમારી જાતે જ અમારો વિનાશ નોતરી રહ્યા છીએ. જો આજની હુંડી ભરપાઈ ન થતાં પાછી ફરશે તો બીજી હુંડીઓનાં નાણાં કાચી મુદતે ભરવાની માગણી થશે અને એવી માગણી થતાં જ પેઢી બંધ કરવાનો વખત આવશે. તેઓ અત્યંત લાગણીશીલ હતા અને અમારા માટે ભારે મમતા ધરાવતા હતા. થોડીવાર પછી તેમણે કહ્યું : 'ભરોસાની ભેંસ પાડો તો નહિ જણે ને!' તાત્પર્ય કે

તમે જે અંધશ્રદ્ધા કે અંધવિશ્વાસ રાખી રહ્યા છો, તેનું પરિણામ સારું નહિ જ આવે.

અમે કહ્યું : 'જેના પર અમે શ્રદ્ધા રાખી છે, તે અમને કદી દગો નહિ દે. જેણે અમને અનેક વાર મુશીબતોમાંથી પાર ઉતાર્યા છે, તે શું આ વખતે અમારું વહાણ ડૂબાડશે ? એમ કદી બને જ નહિ. તમે નિશ્ચિંત રહો અને મને મારું કામ કરવા દો."

આવા કટોકટીભર્યા પ્રસંગે જરા યે હાંફળા-ફાંફળા થયા વિના અમે એકાગ્રચિત્તે લેખ લખી રહ્યા હતા, એ વસ્તુ પણ તેમને આશ્ચર્ય ઉપજાવી રહી હતી. અમે લેખ પૂરો કર્યો અને કોફી-નાસ્તાને ન્યાય આપી કંઈક સ્વસ્થ થયા.

એ જ વખતે એક મિત્ર મળવા આવ્યા કે જેમનું એક અગત્યનું કામ અમે ભારે જહેમત ઉઠાવીને પાર પાડેલું હતું. તેમને લઈ અમે ઓરડામાં ગયા. ત્યાં પેલા મિત્રે થોડી પ્રાસંગિક વાત કર્યા પછી કહ્યું : 'કંઈ પણ કામ હોય તો જરૂર કહેશો.' અમે કહ્યું : 'કામ તો છે પણ...' પેલા મિત્રે કહ્યું : 'સંકોચ પામવાની જરૂર નથી. જે કામ હોય તે ખુશીથી કહો' અમે કહ્યું : 'આજે-અત્યારે રૂપિયા ૩૨૦૦ ની જરૂર છે.' તેમણે કહ્યું : 'આવી નાની વાત માટે આટલો સંકોચ રાખો છો ? ચાલો મારી સાથે. નજીકની બેંકના ખાનામાં મારા પૈસા પડેલા છે, તેથી તમારું કામ પતાવી દઉં.' તે વખતે અમે તેમને પંદર દિવસ ફેરનો રૂા. ૩૨૦૦ નો ચેક આપવા માંડયો, તે

એમણે લીધો નહિ. તે એમ કહીને કે કદાચ એ વખતે પણ મુશ્કેલી હોય, તો તમને અગવડ પડશે. તમે તમારી સગવડે જ મને આ નાણાં પરત કરજો.'

પછી ઓરડામાંથી બંને બહાર આવ્યા અને અમે મુનીમને કહ્યું: 'જરા બહાર જઈને આવું છું. તમે પેઢીનું ધ્યાન રાખજો.' અમે પેલા મિત્ર સાથે પેઢીનાં પગથિયાં ઉતર્યાં. મુનિમને લાગ્યું કે આ તો શેઠ વિદાય લઈ રહ્યા છે. હવે તે પાછા આવે-કરે નહિ. જે કંઈ રોઝડી થવી હશે, તે મારા માથેજ થશે. પરંતુ દોઢ કલાક પછી અમે પેઢી પર પાછા ફર્યા અને ભરપાઇ થયેલી હુંડીનું ખોખું તેમનાં હાથમાં મૂકી નામું લખવાની સૂચના આપી, ત્યારે તેમનું હૈયું હર્ષથી નાચી ઉઠયું. તેઓ કહેવા લાગ્યા કે 'શ્રદ્ધાનો આવો ચમત્કાર તો મારી જીંદગીમાં હું આ પહેલવહેલોજ જોઉં છું. તમારી શ્રદ્ધાને ખરેખર ધન્ય છે!' તાત્પર્ય કે એક વાર અનુભવ થયા પછી બુદ્ધિમાન મનુષ્યો પણ આવી બાબતોમાં માનતા થાય છે.

શાસ્ત્રકારોએ શ્રદ્ધાને એકડો કહ્યો છે અને બાકીની બધી ક્રિયાઓની સરખામણી શૂન્ય સાથે કરી છે, તેનો મર્મ પણ સમજી લેવા જેવો છે. જો આગળ એકડો હોય તો તેની પછી રહેલાં શૂન્યોની કિંમત છે, પણ જો આગળ એકડો ન હોય તો ગમે તેટલાં શૂન્યો લખીએ, તેની કંઇ કિંમત નથી. અમે નીચે એક પછી એક નવ શૂન્યો લખેલાં છે, તેનું મૂલ્ય શું?

૦૦૦,૦૦૦,૦૦૦.

હવે તેની આગળ એકડો લગાડીને જુઓ કે તેનું મૂલ્ય શું થાય છે ?

૧,૦૦૦,૦૦૦,૦૦૦

તમે તરત કહેવાના કે આ તો એક અબજની સંખ્યા થઇ ! કયાં શૂન્ય અને કયાં અબજ !! બંનેમાં આટલો મોટો તફાવત ૧ થી જ પડયો, તે પરથી એકનું મહત્ત્વ સમજી શકાશે. તાત્પર્ય કે અંતરમાં અનન્ય શ્રદ્ધા હોય તો જ બીજી ક્રિયાઓ સફલ થાય છે અને શ્રદ્ધા ન હોય તો એ ક્રિયાઓ માત્ર પરિશ્રમ આપનારી જ નીવડે છે.

જૈન મહર્ષિઓએ તો સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે શ્રદ્ધા વિના જ્ઞાન નહિ, જ્ઞાન વિના ચારિત્ર નહિ, ચારિત્ર વિના કર્મનો ક્ષય નહિ અને કર્મના ક્ષય વિના મુક્તિ નહિ. તાત્પર્ય કે ઉચ્ચ કોટિની આધ્યાત્મિક પ્રગતિ સાધવી હોય તો સહુ પ્રથમ શ્રદ્ધા જોઇએ.

કેટલાક ઉપાસકો મંત્રગ્રહણ ખૂબ ઉત્સાહથી કરે છે અને તેમના અંતરમાં શ્રદ્ધા પણ હોય છે, પરંતુ તેઓ ફલ અંગે વિચિકિત્સા કર્યા કરે છે અને તેમના ધારેલા સમયમાં ફલ ન દેખાય તો અશ્રદ્ધાલુ બને છે. પરિણામે તેમની ઉપાસના છૂટી જાય છે. કેટલાક ઉપાસકોની શ્રદ્ધા સંગ-દોષથી પણ તૂટે છે અને તેમનું ધર્યું સોનું ધૂળ થાય છે, તેથી જ શાસ્ત્રકારોએ કહ્યું છે કે મંત્રોપાસકે ફલ

સંબંધી વિચિકિત્સા કરવી નહિ, એટલે કે તે મળશે કે કેમ ? ક્યારે મળશે ? હજી સુધી તેનું કંઈ ફલ કેમ દેખાતું નથી ? વગેરે વિચારો કરવા નહિ. કોઈ પણ ક્રિયા યથાર્થપણે થાય તો તેનું ફલ મળ્યા વિના રહેતું નથી, એ વાતમાં વિશ્વાસ રાખવો. બીજ વાવવાથી અને તેને યોગ્ય ખાતર-પાણી આપવાથી યથાસમયે તેમાંથી અંકુર ફૂટે છે, તેમાંથી સ્કંધ બંધાય છે, તેમાંથી ડાળી-ડાંખરાનો વિસ્તાર થાય છે, તેને પત્ર અને પુષ્પો આવે છે અને તેમાંથી છેવટે ફલો પાકે છે. તે જ રીતે મંત્રોપાસનાનું સમજવાનું છે. જો તે શ્રદ્ધાપૂર્વક યથાર્થપણે થાય, તો કાલક્રમે તેમાં સિદ્ધિ અવશ્ય મળે છે.

તેમણે કુસંગને કાતિલ ઝેર જેવો કહ્યો છે, કે જે જોતજોતામાં મનુષ્યના શરીરમાં પ્રસરી જાય છે અને તેના પ્રાણનું હરણ કરે છે. અનેક શ્રદ્ધાળુ આત્માઓ આ કુસંગના દોષથી નીચા પડ્યા છે અને પોતાનું ઉપાસના રૂપી મહામૂલું ધન ગુમાવી બેઠા છે. 'સંગ તેવો રંગ' એ ઉક્તિ ઘણા અનુભવ પછી પ્રચારમાં આવેલી છે. તેનો અર્થ એ છે કે જો સત્સંગ કરીએ તો તેનું ફલ સારું મળે અને કુસંગ કરીએ એટલે કે કોઈ નાસ્તિકનો, કોઈ દુષ્ટનો, કોઇ ધૂર્તનો કે કોઈ અપલક્ષણી વ્યક્તિનો સંગ કરીએ-સોબત રાખીએ તો તેનું ફલ-પરિણામ ઘણું ખરાબ આવે. લીમડાના સંગથી આંબાની કેરીઓ કડવી ઝેર બની ગઇ, એ શું સૂચવે છે ?

તેથી મંત્રોપાસકે શક્ય હોય તો પોતાનો ઘણોખરો સમય સદ્ગુરુની નિશ્રામાં ગાળવો. તેમ શક્ય ન હોય તો જ્ઞાની–ચારિત્રવાન વ્યક્તિઓની સાથે ગાળવો. છેવટે પોતાના જેવા ઉપાસકોની સાથે ગાળવો, પણ જે તે વ્યક્તિની સાથે ગાળવો નહિ કે તેના વિશેષ સંપર્કમાં આવવું નહિ.

હવે શુદ્ધિ પર આવીએ. શુદ્ધિ એ ઉપાસનાનો બીજો આધારસ્થંભ છે, તેથી ઉપાસનાના ક્ષેત્રમાં તેનું પણ ઘણું મહત્ત્વ છે. શ્રદ્ધા હોય, પણ શુદ્ધિ ન હોય, તો એ ઉપાસના ફલવતી થતી નથી. આ શુદ્ધિના આઠ પ્રકારો મનાયેલા છે, તે આ પ્રમાણે : (૧) દેહશુદ્ધિ, (૨) મનઃશુદ્ધિ, (૩) સ્થાનશુદ્ધિ, (૫) દિશાશુદ્ધિ, (૫) મંત્રશુદ્ધિ, (૬) દ્રવ્ય–શુદ્ધિ, (૭) ઉપકરણશુદ્ધિ અને (૮) દેવશુદ્ધિ આ આઠેય પ્રકારનીશુદ્ધિનો અહીં ક્રમશઃ પરિચય આપીશું.

સ્નાન દ્વારા દેહને શુદ્ધ કરવો, તે **દેહશુદ્ધિ** કહેવાય છે. તે માટે જે જલનો ઉપયોગ કરવામાં આવે તે સ્વચ્છ હોવું જોઇએ. કૂવા–વાવડીના પાણીનો ઉપયોગ કરવાનો પ્રસંગ આવે ત્યાં તે અવશ્ય ગાળીને વાપરવું. બે બાલ્ટી પાણી શરીર પર ઢોળી નાંખ્યું, તેનો અર્થ સ્નાન નથી. શરીર પરનો મેલ ઉતારી દરેક અંગને સ્વચ્છ કરવાં એનું નામ સ્નાન છે. તે માટે પ્રથમ કાળી માટીનો, આંબલાના ચૂર્ણનો કે ઉવટ્ટણનો ઉપયોગ થતો. આજે આ વસ્તુઓનું

સ્થાન વિવિધ પ્રકારના સાબુઓએ લીધું છે, પરંતુ તેમાં પ્રાયઃ ચરબીનો ઉપયોગ થાય છે, તેથી મંત્રોપાસકે આંબલાના ચૂર્ણ કે ઉવટ્ટણનો ઉપયોગ કરવો જોઇએ અને તે શકય ન હોય તો ચરબી વિનાનો સાબુ મેળવી તેનો ઉપયોગ કરવો જોઈએ.

સ્નાન અંગે બીજી પણ ત્રણ સૂચનાઓ ધ્યાનમાં રાખવાની છે : (૧) તદ્દન નગ્ન બનીને સ્નાન કરવું નહિ. (૨) એ વખતે મુખ પૂર્વ કે ઉત્તર દિશામાં રહે એ રીતે બેસવું અને (૩) સ્નાનમંત્ર બોલતાં રહેવું.

સ્નાનથી શરીર અને મનની કેટલીક સ્વસ્થતા પ્રાપ્ત થાય છે, એ દૃષ્ટિએ પણ મંત્રોપાસકે સહુથી પ્રથમ સ્નાન કરી લેવું ઘટે છે.

મનને પાપી વિચારોમાંથી નિવૃત્ત કરવું, તે **મનઃશુદ્ધિ** કહેવાય છે. દેહશુદ્ધિ કરતાં આ કામ કઠિન છે, કારણ કે કુંજરના કાન કે ધજાની પૂંછડી જેવું ચપળ મન અનેક પ્રકારના વિચારો કર્યા કરે છે અને તેમાંના કેટલાક પાપી પણ હોય છે. કોઈની હિંસા કરવાનો, કોઇનું વૈર વાળવાનો કે કોઈને કોઇ પણ પ્રકારનું નુકશાન કરવાનો વિચાર પાપી ગણાય છે. જૂઠું બોલવાનો, કોઈને છેતરવાનો કે કોઈનો વિશ્વાસઘાત કરવાનો વિચાર પણ પાપી ગણાય છે. ચોરી

કરવાનો, લૂંટ કરવાનો, ધાડ પાડવાનો તથા કોઈની વસ્તુ વગર રજાએ ઉઠાવી લેવાનો વિચાર પણ પાપી ગણાય છે. વ્યભિચાર તથા ભોગવિલાસને લગતો વિચાર પણ પાપી જ ગણાય છે. ધન-સંપત્તિ યેનકેન પ્રકારેણ મેળવવાનો વિચાર પણ પાપી જ છે. આ જ રીતે જે વિચારો આત્માને દુષિત કરનારા હોય તથા મનની પવિત્રતાનો ભંગ કરનારા હોય, તે બધાને પાપી સમજી તેમાંથી નિવૃત્ત થવાનું છે.

મનને પવિત્ર વિચારોમાં જોડવાથી પાપી વિચારોમાંથી નિવૃત્ત થઈ શકાય છે, એટલે મંત્રોપાસકે પોતાના મનને પવિત્ર વિચારોમાં જોડાયેલું રાખવું. મનની શુદ્ધિ એકદમ થતી નથી, તે ક્રમે ક્રમે જ થાય છે, તેથી મંત્રોપાસકે સત્સંગ, સ્વાધ્યાય, સાત્ત્વિક ખાનપાન વગેરેનો આશ્રય લઈ એ બાબતનો સતત અભ્યાસ રાખવો.

જે સ્થાનમાં બેસીને મંત્રોપાસના કરવાની હોય, તેની સંપૂર્ણ શુદ્ધિ કરવી. તેને **સ્થાનશુદ્ધિ** કહેવાય છે. જો ભૂમિ પર આસન બિછાવીને મંત્રોપાસના કરવાની હોય તો પ્રથમ એ ભૂમિનું શોધન કરી લેવું જોઈએ, એટલે કે તેને હાથ-દોઢ હાથ સુધી ખોદી તેમાં હાડકાં, લોખંડના ખીલા કે કોલસા જેવી વસ્તુઓ હોય તો દૂર કરી નાખવી જોઈએ અને પછી તેના પર માટી નાખી એ સ્થાન પર લીંપણ-ગુંપણ કરી લેવું જોઈએ. વળી નજીકમાં કોઈ પ્રાણી કે જીવજંતુનાં કલેવર પડ્યાં હોય તો તેને પણ દૂર કરવાં જોઈએ.

જો ફરસબંધી પર આસન બિછાવીને મંત્રોપાસના કરવાની હોય તો પ્રથમ એને વાળી નાખવું જોઇએ અને પછી તેને પાણી તથા ગુલાબજળથી સ્વચ્છ કરી લેવું જોઇએ. જો ગુલાબજળની શકયતા ન હોય તો માત્ર પાણીથી સ્વચ્છ કરવું જોઇએ.

પછી ત્યાં દશાંગધૂપ પ્રકટાવી વાતાવરણને શુદ્ધ બનાવવું જોઈએ. દશાંગધૂપની અનુકૂલતા ન હોય ત્યાં સુગંધી અગરબત્તી પ્રકટાવવી જોઇએ.

સ્થાન જેટલું શુદ્ધ હશે, તેટલી મંત્રોપાસના વધારે સારી થશે. સ્થાનિક વાતાવરણનો પ્રભાવ આપણા મન-અંતર પર અને પરિણામે ઉપાસના પર પણ પડે છે, એ સંબંધી વિસ્તૃત વિવેચન પૂર્વે કરી ગયા છીએ.

મંત્રને અનુરૂપ દિશાની પસંદગી કરવી, એટલે કે તે સામે મુખ રાખીને બેસવું, એ **દિશાશુદ્ધિ** કહેવાય છે. જો સૌભાગ્ય-લક્ષ્મી-સંપત્તિની વૃદ્ધિ માટે મંત્રોપાસના કરવાની હોય તો મુખ પૂર્વદિશા ભણી હોવું જોઇએ અને રોગશમન, આપત્તિનિવારણ, વિદ્યાવૃદ્ધિ કે ચિત્તની શાંતિ માટે મંત્રોપાસના કરવાની હોય તો મુખ ઉત્તરદિશા ભણી રાખવું જોઇએ. સંમોહન, વશીકરણ, આકર્ષણ, વિષદ્વેષ, સ્તંભન, ઉચ્ચાટન તથા મારણકર્મ વગેરે અંગે જુદી જુદી દિશાઓનાં વિધાન થયેલાં છે, પણ તે અહીં પ્રસ્તુત નથી.

અમુક દિશામાં મુખ રાખીને બેસવાનું કારણ તે તે દિશામાંથી આવતાં વિશિષ્ટ પ્રકારનાં આંદોલનને અનુકૂલ બનાવવાનું છે. આ બાબત એકંદર ગૂઢ છે અને વિશેષ તો જ્ઞાની ગુરુ વડે સમજાય એવી છે, પણ અનુભવી પુરુષોએ એને માન્ય રાખી છે, એટલે આપણે પણ એને માન્ય રાખીને ચાલવવાનું છે.

મંત્રપદના દરેક અક્ષરને શુદ્ધ બોલવા, એ **મંત્રશુદ્ધિ** કહેવાય છે. જો મંત્રપદનો કોઈ વર્ણ ઓછો-વત્તો થઈ જાય કે તેના કાના, માત્રા, અનુસ્વાર આદિમાં પરિવર્તન થઇ જાય તો તે મંત્ર અશુદ્ધ ગણાય છે અને તે ઇષ્ટફલ આપી શકતો નથી. જ્યારે ચિત્ત વ્યગ્ર હોય, વ્યાકુલ હોય, કોઇપણ કારણે અસ્વસ્થ બનેલું હોય કે ઝડપથી બોલી જવાનો પ્રયત્ન થતો હોય, ત્યારે મંત્ર અશુદ્ધ બનવાનો ભય રહે છે, તેથી આ દોષો ટાળીને મંત્રજપાદિ ક્રિયાઓ કરવી જોઇએ.

અમુક મંત્ર પંચાક્ષરી છે, અમુક મંત્ર સપ્તાક્ષરી છે કે અમુક મંત્ર ષોડશાક્ષરી છે, વગેરે કહેવાનું મુખ્ય કારણ એ છે કે તેની અક્ષરસંખ્યા બરાબર જળવાઈ રહે અને તેના મૂલસ્વરૂપને હરકત આવે નહીં. અહીં પ્રાસંગિક એટલી સૂચના કરી દઈએ કે મંત્રના બીજાક્ષરો વગેરે બરાબર બોલાય તે માટે મંત્રોપાસના શરુ કરતાં પહેલાં ગુરુ પાસેથી તેને બોલતાં શીખી લેવો જોઇએ. એક વાર અમારે એક

મહિલાને મંત્ર આપવાનો પ્રસંગ આવ્યો, ત્યારે અમે તેની પાસે એ મંત્ર બોલાવ્યો, પણ તે હ્રીઁકાર તથા પદ્માવત્યૈ એ બે પદનો ઉચ્ચાર બરાબર કરી શકે જ નહિ, એટલે તેને બીજો મંત્ર આપવો પડયો.

તંત્રકારોના અભિપ્રાયથી મંત્રના વર્ણો કે અક્ષરો એ મંત્રદેવતાનો દેહ છે, તેથી તેમાં કોઈ પણ જાતનું પરિવર્તન થાય તો મંત્રદેવતાનો દેહ ખંડિત થાય છે કે વિકૃતિ પામે છે અને તેથી ઉપાસના યોગ્ય રહેતો નથી, તેથી મંત્રોપાસકે આ બાબતમાં સાવધ રહેવાનું છે.

મંત્રમાં એકને બદલે બીજો અક્ષર બોલાય તો કોઈ વાર ભળતું જ પરિણામ આવે છે, એ પણ પાઠકમિત્રોએ જાણી લેવું જોઈએ. એક વાર એક ઉપાસક ગંગાનદીના જલમાં ઊભો રહીને મંત્રજપ કરતો હતો. તેના જપ અમુક લાખ સુધી પહોંચી ગયા. હવે તે પૂર્ણ થવાની થોડી જ વાર હતી, પણ એવામાં તે ઉપયોગ ચૂકયો અને 'રક્ષ રક્ષ'ને બદલે 'ભક્ષ ભક્ષ' બોલવા લાગ્યો. એવામાં જ ભૈરવે પ્રસન્ન થઈને દેખાવ દીધો, પણ તેને 'ભક્ષ ભક્ષ' બોલતો સાંભળી તેને ભરખી લીધો.

ઉપયોગ ચૂકવાથી એકના બદલે બીજા અક્ષરો બોલાઈ જવાય છે, તેથી મંત્રોપાસના વખતે પૂરો ઉપયોગ રાખવાનો છે.

મંત્રોપાસના દરમિયાન જે જે દ્રવ્યોની જરૂર પડે,

તે બને તેટલાં શુદ્ધ મેળવવાં, એ **દ્રવ્યશુદ્ધિ** કહેવાય છે. મંત્રદેવતાનું પૂજન કે જે મંત્રોપાસકનું દૈનિક કર્તવ્ય હોય છે, તે ઓછામાં ઓછા પંચોપચારથી, સામાન્ય રીતે અષ્ટોપચારથી અને વિશેષ તો ચોસઠ પ્રકારના ઉપચારોથી પણ થાય છે. તે પૈકી અહીં અષ્ટોપચારની વિગત સમજી લઇએ. પંચોપચારનો સમાવેશ તેમાં જ થઇ જાય છે.

અષ્ટોપચારમાં પ્રથમ પંચામૃતની જરૂર પડે છે. તેમાં જે દૂધ, દહીં, ઘી, સાકર, મધ કે કેરીનો રસ અને જલ વાપરવું પડે તે શુદ્ધ હોવાં જોઇએ. ‘ આ તો **ચાલશે** ’ એમ કહીને તેમાં કોઈ પણ હલકી કે અશુદ્ધ વસ્તુનો ઉપયોગ કરવો નહિ. ગંધોપચારના અધિકારે સુગંધી ચૂર્ણ એટલે વાસક્ષેપ વાપરવો પડે, તે પણ શુદ્ધ એટલે ચંદનના ભૂકા આદિ સુગંધી પદાર્થોમાંથી બનેલો હોવો જોઇએ. વળી તેમાં કેસર, અષ્ટગંધ કે અત્તર વાપરવું પડે તો તેની શુદ્ધિ માટે પણ બરાબર લક્ષ્ય રાખવું ઘટે.

ત્રીજા ઉપચારમાં અક્ષત એટલે ચોખા વાપરવા પડે, તે વીણીને સાફ કરેલા તેમજ ઊંચી જાતના હોવા જોઇએ. ચોથા ઉપચારમાં વિવિધ જાતિનાં પુષ્પો વાપરવાં પડે, તે તાજાં તથા અખંડ જોઇએ. તે માટે પુષ્પો મેળવ્યા પછી તેને થાળીમાં રાખી તેની શુદ્ધિ કરી લેવી જોઇએ, એટલે કે તેમાં કોઇ પુષ્પ તૂટેલું કે વાસી જણાય, તો તેને કાઢી નાખવું જોઇએ. સામાન્ય રીતે આ પુષ્પો તે જ દિવસે

વહેલી સવારે ત્રણ વાગ્યા પછી ચૂંટેલા હોવા જોઇએ અને અપવાદે આગલી સાંજ સુધી ચૂંટેલાં ચાલી શકે. જ્યાં અમુક જાતનાં પુષ્પો અમુક ઠેકાણેથી જ મળી શકે તેમ હોય અને તે મેળવવાં આવશ્યક હોય ત્યાં વધારે સમયની જરૂર રહે છે, એટલે આ અપવાદનું સૂચન છે. રાજમાર્ગ તો ઉપર કહ્યું તેમ વહેલી સવારે ચૂંટેલાં પુષ્પો ઉપયોગમાં લેવાનો છે.

પાંચમા ઉપચારમાં ફળો વાપરવાં પડે, તે બધાં તાજાં અને શુદ્ધ હોવાં જોઈએ, એટલે કે તેમાં જરા પણ બગડેલ ન હોય તેની પૂરેપૂરી કાળજી રાખવી જોઇએ. જે ફલ ખંડિત થયેલું હોય, તે ઉપચારને યોગ્ય ગણાતું નથી.

છઠ્ઠા ઉપચારમાં નૈવેદ્ય જોઇએ, તે નાહીધોઇને અબોટ બનાવેલું હોવું જોઇએ અને તેની બધી સામગ્રી શુદ્ધ જોઇએ. સાતમા ઉપચારમાં ઘીનો દીપક જોઇએ. તે માટે ગાયનું શુદ્ધ ઘી મેળવવું જોઇએ અને તે એક પાત્રમાં જુદું જ રાખી મૂકવું જોઇએ. આઠમા ઉપચારમાં ધૂપ જોઇએ, તે માટે બનતાં સુધી દશાંગ ધૂપનો જ ઉપયોગ કરવો અને ઊંચા પ્રકારની સુગંધી અગરબત્તીઓ વાપરવી, પણ જે તે અગરબત્તીનો ઉપયોગ કરવો નહિ, કારણ કે તેમાં કોલસાની ભૂકી અને એવાં જ બીજાં હલકો દ્રવ્યો વાપરેલાં હોય છે. *

મંત્રોપાસનામાં જે ઉપકરણો વાપરવાં પડે, તે પ્રમાણોપેત અને શુદ્ધ વાપરવાં તેને **ઉપકરણ શુદ્ધિ** કહેવામાં

* આ ક્રમમાં કેટલોક સંપ્રદાયભેદ છે.

આવે છે. આવાં ઉપકરણોમાં મુખ્ય ગણના આસન અને માલાની થાય છે. મંત્રોપાસકે મંત્રોપાસના માટે જે સ્થાન પસંદ કર્યું હોય ત્યાં ભૂમિશુદ્ધિ કે સ્થાનશુદ્ધિ કર્યા પછી ત્યાં આસન બિછાવીને બેસવાનું છે. આસન બિછાવ્યા વિના માત્ર ભૂમિ કે માત્ર ફરસબંધી પર એમને એમ બેસી જવાનું નથી. આ રીતે બેસીને જપ કરતાં જપથી ઉત્પન્ન થયેલી શક્તિ નીચે ઉતરી જાય છે અને તેનો સંચય થવા પામતો નથી, એ આસન નહિ બિછાવવામાં મોટું નુકશાન છે, તેથી મંત્રોપાસના આસન પર બેસીને જ કરવાનો નિયમ અમલમાં આવેલો છે. વળી આસન બિછાવવાથી તેને બેસવાનો અવગ્રહ મર્યાદિત થાય છે અને તે શરીર અને મનને સ્થિર કરવામાં ઉપયોગી નીવડે છે. જૈન ધર્મમાં સામાયિક–પ્રતિક્રમણ આદિ ક્રિયાઓ આસન પર બેસીને કરવામાં આવે છે, તે આ દૃષ્ટિએ ઉપયોગી છે.

સૂતરાઉ આસન શક્તિનાં આંદોલનો ઝીલી શકતું નથી, એટલે કે તેમાંથી શક્તિ પસાર થઈ જાય છે, એટલે તેનો નિષેધ છે. આસન તો તેવી જ વસ્તુનું બનેલું હોવું જોઈએ કે જે સંવાહક હોય, એટલે કે શક્તિનાં આંદોલનોને ઝીલી શકે એવું હોય. તે માટે વ્યાઘ્રચર્મ, મૃગચર્મ અને ઊનનું આસન વપરાય છે, પણ તેમાંના પ્રથમ બે આસનો એટલે કે વ્યાઘ્રચર્મ અને મૃગચર્મ હિંસક હોઈ ઊનનું આસન જ પસંદ કરવા યોગ્ય છે. આવું આસન દોઢ હાથ પહોળું અને બે હાથ લાંબુ પ્રશસ્ત ગણાય.

મંત્રવિશારદોનું એમ માનવું છે કે આસનનો રંગ પસંદ કરવામાં પણ વિવેક રાખવો જોઈએ, એટલે કે શાંતિ-તુષ્ટિ-પુષ્ટિ અંગે મંત્રોપાસના ચાલતી હોય તો શ્વેત રંગને પસંદગી આપવી જોઈએ, સૌભાગ્યવૃદ્ધિ કે આકર્ષણ માટે મંત્રોપાસના ચાલતી હોય તો રક્ત એટલે લાલ રંગને પસંદગી આપવી જોઇએ, માત્ર લક્ષ્મીની વૃદ્ધિ-અભિવૃદ્ધિ નિમિત્તે મંત્રોપાસના ચાલતી હોય તો પીત એટલે પીળા રંગને પસંદગી આપવી જોઈએ અને જ્યાં માત્ર પાર્શ્વનાથનો મંત્રજપ કરવાનો પ્રસંગ હોય ત્યાં લીલા રંગને પસંદગી આપવી જોઈએ. કેટલાક ઘેરા કત્થાઈ, ઘેરા વાદળી કે શ્યામ રંગને પસંદ કરે છે, પણ એ રંગો મંત્રસિદ્ધિમાં બાધક બને છે, તેથી તે પસંદ કરવા યોગ્ય નથી.

માલા વિવિધ પ્રકારની બને છે, તેમાં ૨૭ મણકાની તથા ૧૦૮ મણકાની માલા વિશેષ પ્રચારમાં છે. જેને ૨૭ કે ૫૪ મંત્રની ગણના કરવી હોય, તેને ૨૭ મણકાવાળી માળા અનુકૂલ રહે છે અને ૧૦૮ કે તેથી વધારે સંખ્યાની મંત્રગણના કરવાની હોય તેને ૧૦૮ મણકાની માલા વધારે અનુકૂલ રહે છે. તેમાં પ્રયોજન અનુસાર માલાની પસંદગી કરી તેને વિધિસર અભિમંત્રિત કરી લેવી કે કરાવી લેવી એ માલાશુદ્ધિ ગણાય છે.

કઈ મંત્રોપાસના વખતે કેવી માલા વાપરવી, તે અંગે વિશિષ્ટ વિધાનો થયેલાં છે, તેના સાર રૂપે અહીં અમે

એટલું જણાવીએ છીએ કે શાંતિ–તુષ્ટિ–પુષ્ટિ માટે સ્ફટિક, મોતી, ચાંદી કે શ્વેત રેશમની માળા વાપરવી. શ્વેત સૂતરાઉ માળા અમારી દૃષ્ટિએ જોઇએ તેવી અસરકારક નથી. સૌભાગ્ય કે આકર્ષણ માટે પ્રવાલ, લાલચંદન એટલે રતાંજલિ, લાલ રેશમ તથા લાલ માણેકશાહી મણકાની માલા ઉપયોગી છે. લક્ષ્મીવૃદ્ધિ કે સંપત્તિની વૃદ્ધિ માટે કેરબાની, પીળા રેશમની કે શ્રીંબીજની માલા ઉપયોગી છે અને શ્રી પાર્શ્વનાથ ભગવાનના જપ માટે [1]મરગજની તથા લીલા રેશમની માલા ઉપયોગી છે.

માલાઓ બહુ લાંબી કે બહુ ટૂંકી નહિ, પણ છાતી સન્મુખ હાથ રાખીને ફેરવતાં પગથી થોડી ઊંચી રહે તેવી હોવી જોઇએ. જે પગને અડે કે તેથી નીચે જાય, તેવી માલાનો ઉપયોગ કરવો નહિ. ઉપરાંત માળા પોતાનાં વસ્ત્રોને અડવી ન જોઇએ.

માલાને થાળીમાં પધરાવી તેને ઇષ્ટદેવ સમક્ષ રાખી તેને ત્રણ નમસ્કાર તથા ત્રણ ઉવસગ્ગહરંની જમણા હાથ વડે ભાવના આપી ચોવીશ તીર્થંકરોનાં મંત્ર બોલતાં બોલતાં માલાના મણકાઓ પર ક્રમશઃ વાસક્ષેપ નાખવાથી એ માલા અભિમંત્રિત થઈ ગણાય છે અને તે ફેરવવા યોગ્ય મનાય છે.

જે દેવની મંત્રોપાસના કરવાની હોય, તેમની મૂર્તિની વિશિષ્ટ મંત્ર બોલવાપૂર્વક ખાસ પીઠ, સિંહાસન કે આસન

---

૧. આ નિયમ ન સમજવો. આ સામાન્ય કથન છે. કાર્યને અનુલક્ષીને જરૂર પડે બીજા રંગની માળાઓ પણ વાપરી શકાય છે.

પર સ્થાપના કરવી, તેમનું ત્રણ વાર જલથી પ્રોક્ષણ કરવું એટલે કે તેમને જલનાં છાંટણાં નાખવાં અને તેમની સમીપ દીપ-ધૂપ પ્રકટાવવા તે **દેવશુદ્ધિ** ગણાય છે.

આ રીતે આઠ પ્રકારની શુદ્ધિપૂર્વક જે મંત્રોપાસના થાય છે, તે શુદ્ધ ગણાય છે અને તે ઇષ્ટસિદ્ધિ આપવાને સમર્થ બને છે.

વિધિ એ ઉપાસનાનો ત્રીજો આધાર સ્થંભગણાયો છે, કારણ કે વિધિપૂર્વક કરેલું કાર્ય સફલ થાય છે અને અવિધિએ કરેલું કામ નષ્ટ પામે છે. અહીં વિધિ શબ્દથી ક્રિયાને લગતો ક્રમ સમજવાનો છે, એટલે કે જે ક્રિયા જે ક્રમે કરવી ઘટે, તે જ ક્રમે કરવી જોઈએ, પણ તેને આગળ-પાછળ કરવી ન જોઈએ. ક્રમનો ભંગ કરવાથી ક્રિયાનું જે પરિણામ આવવું જોઈએ, તે આવતું નથી, એટલે સમય અને શ્રમ નિરર્થક બને છે અને હતાશ થવાનો પ્રસંગ આવે છે. તે માટે દાખલા જોઈતા હોય તો દૂર જવું પડે એમ નથી. તમારા પોતાના રસોડાનું જ નિરીક્ષણ કરો. ચોક્કસ ક્રમને અનુસરવાથી દાળ બને છે, ચોક્કસ ક્રમને અનુસરવાથી શાક બને છે અને ચોક્કસ ક્રમને અનુસરવાથી જ રોટલી કે પૂરી તૈયાર થાય છે. એમાં જરાયે ઘાલમેલ થઈ કે તે વસ્તુ બગડી સમજો. રસોઇ માટે થતી ફરિયાદોમાં મુખ્યત્વે તો તેનો ઉલ્લંઘિત થયેલો ક્રમ કે પ્રમાણનું ઓછાવત્તાપણું જ જવાબદાર હોય

છે. આ જ રીતે વ્યવહાર અને વ્યાપાર, વિદ્યા તથા કલા, તેમજ અન્ય ક્ષેત્રોમાં જે ગુંચવાડા કે ગરબડો ઉભી થાય છે અને જેનું પરિણામ ખતરનાક આવે છે, તેના મૂલમાં પ્રાયઃ વિધિભંગ જ હોય છે. તાત્પર્ય કે વિધિ-વિધિનું અનુસરણ પણ મંત્રોપાસનાનો ખાસ આધારસ્થંભ હોઈ મંત્રોપાસકે તે માટે પૂરતી સાવધાની રાખવાની છે.

શ્રદ્ધા, શુદ્ધિ અને વિધિપૂર્વક થયેલી ઉપાસના જરૂર ફલવતી થાય છે.

[ ૧૨ ]

# પાંચ સિદ્ધાંતોનું પાલન

ઉપાસનાને સફલ કરવા માટે જેમ શ્રદ્ધા, શુદ્ધિ અને વિધિની જરૂર છે, તેમ પુરુષાર્થને લગતા પાંચ સિદ્ધાંતોના પાલનની પણ જરૂર છે. જો આ પાંચ સિદ્ધાંતોનું પાલન કરવામાં આવે નહિ તો ઉપાસના અશક્ય બને અને મનની મુરાદો મનમાં જ રહી જાય, તેથી પ્રસ્તુત પ્રકરણમાં તે અંગે કેટલુંક વિવેચન કરવા ધાર્યું છે. અહીં પુરુષાર્થને લગતા જે પાંચ સિદ્ધાંતોનું પ્રતિપાદન કરવાનું છે, તે કોઈ સામાન્ય વ્યક્તિએ નહિ, પણ ભારતવર્ષના મહાન જ્યોતિર્ધર અને જૈન ધર્મના છેલ્લા પ્રવર્તક ભગવાન શ્રી મહાવીરે જ પ્રરૂપેલા છે. તેમના સમકાલીન ગોશાલકે ભવિતવ્યતાવાદનો જોરદાર પ્રચાર કરતાં લોકોમાં એક પ્રકારની નિષ્કર્મણ્યતા ફેલાઈ રહી હતી, ત્યારે ભગવાન મહાવીરે આ પાંચ સિદ્ધાંતો આગળ કરી તેના દ્વારા ભવિતવ્યતાવાદનું ખંડન કર્યું હતું અને લોકોને પુનઃ પુરુષાર્થના પ્રશસ્ત પંથે ચડાવ્યા હતા.

અમે પોતે જ્યારે આ પાંચ સિદ્ધાંતો પહેલવહેલા જાણ્યા ત્યારે તેનાથી અત્યંત પ્રભાવિત થયા હતા અને તેનું અનુસરણ કરવા માટે પ્રયત્નશીલ બન્યા હતા. આ તો સર્વજ્ઞ ભગવંતના પ્રરૂપેલા સિદ્ધાંત, એટલે તેમાં શી ખામી હોય ! તાત્પર્ય કે તેના અનુસરણથી અમને તરત લાભ થવા માંડ્યો હતો અને કેટલાં યે કઠિન જણાતાં કાર્યો તેના આધારે જ સફલ થયાં હતાં. અમે આ પાંચ સિદ્ધાંતો માટે અત્યંત માન ધરાવીએ છીએ અને તે મંત્રોપાસકને જરૂર મદદગાર થશે, એ આશાએ તેની અહીં રજૂઆત કરીએ છીએ.

શાસ્ત્રીય પરિભાષામાં તેને (૧) ઉત્થાન, (૨) કર્મ, (૩) બલ, (૪) વીર્ય અને (૫) પરાક્રમનો સિદ્ધાંત કહેવામાં આવે છે. યોગ્ય વિવેચનથી તેનો ભાવાર્થ–પરમાર્થ બરાબર સમજાશે.

**ઉત્થાન** એટલે ઉઠવું, આળસ મરડીને ઊભા થવું, જડતા ખંખેરીને જાગ્રત થવું કે પ્રમાદનો પરિહાર કરીને કર્તવ્ય બજાવવા તત્પર થવું. સ્વામી શ્રીવિવેકાનંદે 'ઉઠો, જાગો અને કામે લાગો.' એવી ભરતીયજનોને જે હાકલ કરી હતી, તેમાં આ સિદ્ધાંતનો જ પડઘો પડેલો હતો.

જેના અંગમાં આળસ ભરી છે, જે એદી બનેલા છે કે જે છાતીપર પડેલું બોર બીજા પોતાના મુખમાં મૂકે એવું ઇચ્છનારા છે, તેઓ પરિશ્રમપૂર્ણ મંત્રોપાસના શી રીતે કરી શકવાના ?

એક મનુષ્ય બોરડીના ઝાડ નીચે સૂતો હતો, એવામાં બે

પાકાં બોર તેની છાતી પર પડયાં; પણ પોતે એદી હતો, એટલે વિચાર કરવા લાગ્યો કે 'અત્યારે હાથ નીચે મૂકીને નિરાંતે સૂતો છું, તો ક્યાં તેને ઊંચા કરું અને તેનાથી છાતી પર પડેલું બોર ઉચકીને મોંમાં મૂકું! આ કામ તો મારાથી નહિ જ બને.'

ભાઇ સાહેબ છાતીપર પડેલાં બે બોર સામે ટગર ટગર જોયા કરે છે, પણ હાથને હલાવતા નથી કે બેઠા થવાની તસ્દી લેતા નથી. એવામાં ત્યાંથી એક ઊંટવાળો પસાર થતો જોવામાં આવ્યો, એટલે આ ભાઈ સાહેબે હાક મારીને કહ્યું: 'અલ્યા ભાઈ! અહીં આવ. મારે તારું જરૂરી કામ છે.' પેલા ઊંટવાળાએ પૂછયું: 'અરે ભાઈ! તારે એવું તે શું કામ છે? મારે તારી પાસે આવવું હોય તો આ સાંઢિયાને અહીં ઝોકારવો પડે અને તેના પરથી નીચે ઉતરીને ત્યાં આવવું પડે. માટે જે કામ હોય તે જણાવી દે.'

ભાઇ સાહેબે કહ્યું: 'તો એમ કર, પણ મારી પાસે જલ્દી આવી જા. મારી છાતી પર બે પાકેલાં બોર પડેલાં છે, તે મારા મુખમાં મૂકવાનાં છે' ઊંટવાળાએ કહ્યું: 'આ કામ માટે તું મને ઊંટ ઉપરથી ઉતરીને તારી નજીક આવવાનું કહે છે? તો તું જ તારા હાથે એ બે બોરને મુખમાં મૂકી દે ને! હું તો આ ચાલ્યો.' અને તે ઊંટ-વાળો ત્યાંથી ચાલ્યો ગયો. આ વખતે ભાઇસાહેબ અબડયા: 'કેવો આળસુ છે! ઊંટ ઉપરથી ઉતરીને મારી

પાસે આવતાં શું થયું !' આ પ્રકારના મનુષ્યો જીવનમાં શું કરી શકે, તે વિચારી જુઓ.

અકબર બાદશાહના વખતમાં એદીઓની પરીક્ષા થઇ હતી. ત્રણ એદીઓને એક મકાનમાં સૂવાડયા હતા અને પછી તેને લાય લગાડવામાં આવી હતી. એદીઓને ખબર પડી કે આ ઘરને લાય લાગી છે, પણ તેઓ પોતાના સ્વભાવ પ્રમાણે વિચારવા લાગ્યા કે હજી તો લાય નીચલા મજલે છે અને આપણે તો ત્રીજા મજલે સૂતાં છીએ, માટે ઉતાવળ કરવાની શી જરૂર છે ! એમ કરતાં લાય બીજે મજલે આવી, ત્યારે બે એદી બોલ્યા : 'હવે આપણે અહીંથી ભાગવાની તૈયારી કરીએ, કારણ કે થોડા વખતમાં જ લાય આવી પહોંચશે.' એ સાંભળીને બાકીના એદીએ કહ્યું : ' અલ્યા ! તમે તો ભારે ઉતાવળિયા લાગો છો, લાય હજી તો બીજા માળે આવી છે ને તમે ભાગવાનો વિચાર કરો છો ! લાય જ્યારે ત્રીજે માળે આવશે, ત્યારે જોયું જશે.'

બીજા માળની લાયને ત્રીજા માળે પહોંચતાં શી વાર ! એ તો ભડભડાટ ત્યાં આવી પહોંચી. ત્યારે પોતાના ખાટલામાંથી ઊભા થઇને એ એદીઓએ ત્યાંથી ભાગવાનો પ્રયાસ કર્યો. તેનું પરિણામ શું આવે, એ આપણે કલ્પી શકીએ એમ છીએ.

એક અનુભવી પુરુષ કહે છે કે ' જો તમે મંત્રોપાસના રોજના નિયમિત સમયે જ કરતા રહો તો ૯૦ દિવસમાં તમને દિવ્ય શક્તિનો અનુભવ જરૂર થશે. પરંતુ પાંચ

એટલે પાંચ અને ૭ એટલે ૭, એ રીતની નિયમિતતા તમારે જાળવવી પડે. તેમાં બે–પાંચ મીનીટ આઘી–પાછી કરો તો ચાલે નહિ.' અહીં સુજ્ઞ મંત્રોપાસકને અમે એટલું જણાવવા ઇચ્છીએ છીએ કે તમે ધારો તો આ પ્રકારની નિયમિતતા જરૂર જાળવી શકો. પ્રથમ તો તમને એમ લાગશે કે આટલી બધી ચોકસાઇ શી રીતે જળવાય ! પણ એક વાર સંકલ્પબદ્ધ થઇને કામ કરવા લાગ્યા કે આ પ્રકારની ચોકસાઈ આવી જ જશે અને તે તમારા જીવનનો એક ભાગ બની જશે.

અમે પોતે અમદાવાદ–શેઠ ચીમનલાલ નગીનદાસ વિદ્યાલયના–ત્યાં કાયમ રહેનારા–શિક્ષક હતા, ત્યારે સવારના ૭ વાગ્યાની પ્રાર્થનામાં લાગલગાટ પાંચ વર્ષ સુધી નિયમાનુસાર હાજર રહ્યા હતા અને તેમાં એક પણ દિવસની ચૂક કરી ન હતી. એ નિયમિતતાનો ગુણ આજપર્યંત અમારા જીવનમાં જળવાઈ રહ્યો છે, એટલે કોઈ સભા–સંમેલનમાં કદી મોડા પડતા નથી કે કોઈને મળવાનો સમય મુકરર કર્યો હોય, ત્યારે તેમાં ચૂક કરતા નથી. અમે પોતે પણ મુલાકાતીઓને જે સમય આપીએ છીએ, તેની એટલી જ ચીવટ રાખીએ છીએ અને તે સમયે બરાબર મળીએ છીએ. કદાચ આપેલા સમયમાં ફેરફાર કરવાના સંયોગો ઊભા થાય, તો તેને શકય પ્રયત્ને અગાઉથી ખબર આપીએ છીએ, પણ એમાં જરાયે શિથિલતા દાખવતા નથી. ટૂંકમાં અમારી નિયમિતતામાં કંઈ ખામી ન આવવી જોઇએ, એ અમારો આગ્રહ છે અને તેણે અમને ઘણો ફાયદો કરેલો છે.

તાત્પર્ય કે મંત્રોપાસકે ઉત્થાનનો સિદ્ધાંત સ્વીકારી આળસને ખંખેરી નાખવાની છે અને જ્યારે જે કાર્ય કે જે ક્રિયા કરવાની જરૂર હોય, ત્યારે તે કાર્ય કે તે ક્રિયા કરવાની તત્પરતા રાખવાની છે.

બીજો સિદ્ધાંત કર્મને લગતો છે. જે ક્રિયા કરવા યોગ્ય છે, તેને અહીં 'કર્મ'ની સંજ્ઞા આપવામાં આવી છે. ભગવદ્ગીતામાં પણ કર્મ શબ્દ આવા જ અર્થમાં વપરાયેલો છે. આ સિદ્ધાંતનો મર્મ એ છે કે ઊઠીને ઊભા થયા પછી વિહિત કર્તવ્યનો સ્વીકાર કરવો જોઈએ અને તે માટે જે પ્રયાસ-પ્રયત્ન-ઉદ્યમ કે પુરુષાર્થ કરવાની જરૂર હોય તે કરવાનો આરંભ કરી દેવો જોઈએ. ઊઠીને ઊભા તો થઈએ, પણ વિહિત કર્તવ્યનો સ્વીકાર ન કરીએ કે તે માટે જરૂરી પુરુષાર્થ કરવા ડગ ન માંડીએ તો સફલતા શી રીતે મળવાની !

માતા-પિતાએ ધકેલવાથી કેટલાક વિદ્યાર્થીઓ શાલાએ જાય છે ખરા, પણ ત્યાં ગયા પછી વિદ્યાર્જનનો ઉદ્યમ કરતા નથી કે 'મારે સારી રીતે ભણવું જોઈએ' એ સિદ્ધાંતનો સ્વીકાર કરીને ચાલતા નથી, તો તેનું પરિણામ કેવું આવે છે ! વર્ગની છેલ્લી પાટલીઓ તેમના માટે અનામત રહે છે અને તેઓ એને બબ્બે કે ત્રણ ત્રણ વર્ષ સુધી છોડતા નથી.

ગૂજરાતના ગાંભૂ ગામમાં કોઈ પટેલના હાથે એક દરજીને માર પડયો. તે દરજીએ તે બાબત પોતાના નાતી-

લાઓને ફરિયાદ કરી, એટલે નાતીલાઓએ આ ગામના લોકોની સાન ઠેકાણે લાવવા માટે તેના પર ચઢાઈ કરવાનો નિર્ણય કર્યો. પછી એક રાત્રિના પાછલા પહોરે હાથમાં ગજ–કાતર લઈને પાંચસો દરજીની સેના નીકળી પડી અને તેમણે મધરાત પહેલા ગાંભૂની નજીક પડાવ કર્યો, એટલે કે પોતપોતાનાં પાથરણાં પાથરી હારબંધ સૂઇ ગયા.

હવે આ દરજીઓ માટે લડાઇનું કામ પહેલવહેલું હતું, તેથી તેમને અનેક જાતના વિચારો આવતા હતા અને તેથી ઊંઘવાનું કામ લગભગ અશક્ય બની ગયું હતું. પ્રાયઃ બધા જાગતા જ પડ્યા હતા. એવામાં પહેલા દરજીને વિચાર આવ્યો કે 'ગામલોક બળુંકું છે અને તે અમને જોતાં જ અમારા પર હલ્લો કરશે, એટલે હું સહુથી પહેલો ઘામાં આવીશ, માટે મને સહુથી છેલ્લે જઇને સૂવા દે.' અને તે ચૂપચાપ પોતાનું પાથરણું સંકેલીને છેલ્લો સૂઇ ગયો.

તેની પાસેનો બીજો દરજી જાગતો જ હતો. તેને પરિસ્થિતિ સમજતાં વાર લાગી નહિ, એટલે તેણે પણ પ્રથમ દરજીનો જ રાહ અપનાવ્યો. પછી ત્રીજાએ એમ કર્યું, ચોથાએ એમ કર્યું. બધા એક પછી એક છેલ્લે જઈને સૂવા લાગ્યા. એમ કરતાં વહાણું વાયું, ત્યાં તેઓ જે ગામથી રવાના થયા હતા, ત્યાં પાછા આવી પહોંચ્યા ને એકબીજાના મોઢા સામું જોઈ ચૂપચાપ વિખરાઇ ગયા.

તાત્પર્ય કે માત્ર ઉત્થાનથી કાર્યસિદ્ધિ થતી નથી.

તે માટે કર્મ કરવાની તત્પરતા પણ હોવી જોઇએ, કર્તવ્ય-પરાયણ બનવાની ભાવના કેળવવી જોઇએ.

મંત્રોપાસકે પોતાના કર્તવ્યનો નિરંતર વિચાર કરતાં રહેવાનું છે અને તે બજાવવાની તાલાવેલી રાખવાની છે. જો તે પોતાનું વિહિત કર્તવ્ય ચૂકયો તો તેની ઉપાસનામાં ભંગ પડવાનો અને તેનું પરિણામ અનિચ્છનીય આવવાનું. અહીં એટલી સ્પષ્ટતા કરી દઇએ કે કોઈક વાર પ્રમાદના ઉદયથી કે અન્ય કારણે વિહિત કર્તવ્ય ચૂકાયું હોય તો તેનું પ્રાયશ્ચિત્ત કરીને શુદ્ધ થઇ શકાય છે; પણ જો આવું વધારે વાર બન્યા કરે તો ઉપાસનાને આટોપ્યા સિવાય અન્ય કોઇ આરો રહેતો નથી.

ત્રીજો સિદ્ધાંત **બલ**ને લગતો છે. બલ એટલે કાયા, વાણી અને મનનું બલ. તે સ્વીકૃત કાર્યમાં પૂરેપૂરું રેડવું, એ આ સિદ્ધાંતનો મર્મ છે. ઊઠીને ઊભા થયા, કામે લાગ્યા, પણ હાથ-પગ જોઈએ તેવા હલાવીએ નહિ કે તે માટે બે શબ્દો કોઇને કહેવા જેવા હોય, તે કહીએ નહિ કે તેની પ્રગતિ માટે કશો વિચાર કરીએ નહિ અથવા તો બુદ્ધિ દોડાવીએ નહિ, તો એ કાર્યમાં બરકત આવે ક્યાંથી? કેટલાક માણસો શરીરરખા થઈ જાય છે, એટલે બને ત્યાં સુધી કોઇ મહેનતનું કામ કરવા તૈયાર થતા નથી અને કદી તૈયાર થાય તો પોતાના હાથપગ બરાબર હલાવતા નથી. 'થયું છે ને થાય છે.' એ તેમની કામ કરવાની આદત હોય છે, એટલે તેમના હાથે કોઇ કામ સુધરતું નથી.

હાથ-પગ હલાવતા રહીએ તો જ તે સારી સ્થિતિમાં રહે છે અને ધાર્યું કાર્ય કરી શકે છે. જો તેને હલાવવાનું બંધ કરી દઈએ એટલે કે તેનો ખૂબ ઓછો ઉપયોગ કરીએ તો એ નબળા પડે છે કે તેમાં કોઈ ને કોઈ જાતની ખામી આવે છે. આમ છતાં કેટલાક માણસો હાથ-પગ હલાવવાનું પસંદ કરતા નથી, એ કેટલું આશ્ચર્યજનક છે!

અમેરિકામાં મોટરોનું પ્રમાણ વધતાં લોકોનો જીવન-વ્યવહાર મુખ્યત્વે મોટરો દ્વારા જ થવા લાગ્યો, પણ એમ કરતાં ચાલવાનું બહુ ઓછું થઈ ગયું અને રોગોનું પ્રમાણ વધી ગયું, તેથી ત્યાં સમાજહિતૈષીઓને 'પગે ચાલો'ની ચળવળ શરુ કરવાનો વખત આવ્યો. તાત્પર્ય કે મનુષ્યના હાથ-પગ ચાલતા રહે, એ તંદુરસ્તીની દૃષ્ટિએ પણ ઘણું જરૂરનું છે.

સ્વીકૃત કાર્યમાં કાયબલ રેડવાનો અર્થ એ છે કે તે કાર્ય યોગ્ય ઝડપે કરવું અને જરૂર હોય તો થોડી ઝડપ વધારીને પણ તે પૂરું કરવું, અન્યથા એ કાર્ય સાંગોપાંગ પાર પડવાનો કે સફલ થવાનો સંભવ બહુ ઓછો રહે છે. તે અંગે અમને અમારા જીવનની એક ઘટના યાદ આવે છે.

સને ૧૯૩૨માં અમે એક સાથી સાથે બ્રહ્મદેશના પ્રવાસે ગયા. એ પ્રવાસ પૂરો કર્યા પછી શાનસ્ટેટ જોવાનું મન થયું, એટલે શાનસ્ટેટની રાજધાની લાશિયો પહોંચ્યા. અહીંથી ચીનની સરહદનો રોમાંચક પ્રવાસ ખેડવાની ઈચ્છા થઈ, એટલે ૧૯૨ માઈલ બસનો પ્રવાસ કરી સુનાન ચીનની

સરહદે આવેલા નામખમ નામના એક નાનકડા શહેરમાં પહોંચ્યા. આ આખો રસ્તો પહાડો અને જંગલોથી ભરેલો હતો અને સાઠા ત્રણ ફુટની ઊંચાઇવાળા કચીન લોકોની વસ્તીવાળો હતો. વચ્ચે બસ અટકી પડતાં રસ્તા પર આવેલા એક સ્ટોરમાં બે દિવસ રોકાવું પડયું હતું અને તેમાં કચીન લોકોને જોવાનો પ્રસંગ મળ્યો હતો.

નામખમથી ચીનની સરહદ પર ચાલતાં અમારે ૬૦ માઇલ દૂર આવેલા એક સ્થળે પહોંચવાનું હતું કે જે બ્રહ્મદેશની સરહદ પર આવેલું હતું, પરંતુ અહીં દશ હજારથી બાર હજાર ફુટની ઊંચાઈ હતી, જંગલો ગાઢ હતાં અને પ્રવાસ કરવા માટે પગદંડી જેવો એક જ રસ્તો હતો. વળી વેલા-વેલીઓ વગેરે વડે એ રસ્તો વારંવાર ઢંકાઈ જતો અને તેને હાથમાં રાખેલા હથિયાર વડે કાપીને જ આગળ જવું પડતું. વિશેષમાં ત્યાં જંતુઓ ઘણા હોવાથી માથે બુકાની ભીડવી પડતી, જેથી તે નાક કે મ્હોમાં પેસી જાય નહિ. આ સંયોગોમાં અહીં એકલા પ્રવાસ તો થઇ શકે એમ હતું જ નહિ. પરંતુ અહીં ભારતીય સૈનિકોની ચોકિયાત ટુકડીઓ દશ-દશ બાર-બાર માઇલના અંતરે ઝુંપડાઓમાં રહેતી હતી. તેમાંની એક ચોકિયાત ટુકડીનો અમને સથવારો મળી ગયો હતો, એટલે અમારો આ પ્રવાસ શકય બન્યો હતો.

અમારી પાસે ભાતું કંઇ હતું નહિ, પણ ૦ાા-૦ાાા કિલો જેટલો ગોળ હતો, તેનું પાણી પીઇ અમે રોજનો પંદરથી વીશ માઇલનો પગપાળા પ્રવાસ કરતા. એક વાર

આ ચોકિયાતોએ ઘઉંનો આટો વગેરે સામગ્રી આપી હતી, તેનાથી ભાખરીઓ બનાવીને આરોગી હતી. રાત્રે અમારે વાંસના બનાવેલા ઊંચા માચડા પર રહેવું પડતું હતું, એથી કોઇ જંગલી પશુઓનો શિકાર બની જઇએ નહિ. અમારો બધો સામાન જે વજનમાં છ થી સાત કીલો જેટલો હતો, તે અમે જ ઉચકેલો હતો.

આ રીતે ૫૦ માઈલ જેટલું અંતર કાપ્યું અને માત્ર ૧૦ માઇલનું અંતર બાકી રહ્યું; પણ અમારી ખરી કસોટી હવે જ થવાની હતી.

અહીંથી ચોકિયાતો જુદા પડયા, તેમને અમે સજલ નેત્રે ભાવભરી વિદાય આપી, કારણકે તેમણે છેલ્લા ચાર દિવસથી અમને સગાભાઇ કરતાં યે વધારે સાચવ્યા હતા.

અહીંથી લગભગ છ માઇલ જેટલો પહાડ ઉતરવાનો હતો, તે પછી એક નાનકડી નદી ઓળંગવાની હતી અને ત્યારબાદ સીધા રસ્તે ચાર માઈલ ચાલવાનું હતું. રસ્તો એકંદર ઠીક હતો, એટલે સાથે ભોમિયાની જરૂર ન હતી.

લગભગ ત્રણ વાગે પ્રયાણ આરંભ્યું કે આકાશમાં વાદળાં ઘેરાવા લાગ્યાં અને પવન જોરથી શરુ થયો. જો વરસાદ અહીં તૂટી પડે તો માર્ગ લપસણો બની જાય, તેમાં ખાડા–ખડિયા પણ પડી જાય તથા પહાડ ઉતરવો અશકય જ થઇ પડે અને એ રીતે પહાડ ઉતરી નિર્ધારિત મુકામે ન પહોંચી શકીએ તો અહીં અમારું શું થાય ?

એ વિચાર અમને થરથરાવી રહ્યો હતો. અહીં એટલી સ્પષ્ટતા કરી દઈએ કે પહાડનો આ આખો ઢોળાવ જંગલથી ભરેલો હતો અને અમારો માર્ગ તેમાંથી જ પસાર થતો હતો. વચ્ચે વચ્ચે કોઈક ચીના માલભરેલી કાવડ ખભે ઉચકી ત્યાંથી ઝડપભેર પસાર થઈ રહ્યા હતા. પરંતુ અમને ચીની ભાષાનો એકપણ શબ્દ આવડતો ન હતો, એટલે તેમને અમે કંઈ પણ પૂછી શકીએ એમ ન હતા. અને તેમની ઝડપ જોતાં તેઓ પ્રશ્નનો જવાબ આપવા થોભે, એ પણ શક્ય ન હતું.

સર્વ પરિસ્થિતિનો વિચાર કરતાં અમને એમ લાગ્યું કે અમારે આ પહાડ ખૂબજ ઝડપથી નીચે ઉતરી જવો, અને ગમે તેમ કરીને વરસાદ પડે તે પહેલાં તળેટીએ પહોંચી નદી ઓળંગી જવી. જો વરસાદ તૂટી પડે તો આ નદીમાં પાણી ઘણું આવી જાય અને તે ઓળંગવી પણ અશક્ય થઈ પડે.

અમે કાયબળ વાપરી ઝડપ વધારી. આ બાજુ પવને પણ પોતાનું જોર વધાર્યું, તેથી વૃક્ષની ડાળીઓ સામસામે અફળાવા લાગી અને તેમાંથી દવ પ્રકટ થયો. અમારી જીંદગીમાં આ દશ્ય પહેલવહેલું જોયું. તે વખતે પવનના સૂસવાટાનો અવાજ એટલો મોટો હતો કે જાણે કેટલાક રાક્ષસો ભેગા થઈને ગર્જના કરતા હોય. પરંતુ અમે એ કશાની દરકાર ન કરતાં લગભગ દોડવાની ગતિએ જ

નીચે ઉતરવા લાગ્યા અને એક કલાકમાં નીચે ઉતરી નદીના સામા કિનારે પહોંચી ગયા.

બરાબર એ જ વખતે વરસાદ તૂટી પડયો અને ચારે બાજુ જલબંબાકાર થઈ ગયું. પરંતુ અમને એ વાતનો આનંદ હતો કે અમે એની ઝપટમાં આવ્યા ન હતા અને હવે અવરજવરવાળા સીધા રસ્તે પહોંચ્યા હતા. ત્યાંથી અમે સવા–દોઢ કલાકમાં અમારા નિર્ધારિત સ્થાને પહોંચી ગયા. અહીં અમે એક ગુજરાતી બંધુના મહેમાન થયા. આઠ દિવસના આ પ્રવાસથી અમારી ચામડી કાળી પડી ગઈ હતી, અમારા વાળ તદ્દન લૂખા બની ઊંચા થઈ ગયા હતા અને વસ્ત્રોએ પોતાની તમામ રોનક ગુમાવી દીધી હતી. પેલા ગુજરાતી બંધુ પ્રથમ તો અમારી આ હાલત જોઈ ખૂબ ખેદ પામ્યા, પણ પછીથી તેમણે અમારી સાહસિકવૃત્તિને અભિનંદી અમારા સ્વાગતની સારી એવી તૈયારી કરી.

અહીં મૂળ વાત તો પ્રસંગ પડયે ઝડપ વધારીને કાર્ય પૂરું કરવાની હતી. તે અમે બરાબર કર્યું હતું અને તેથી અમારો જીવલેણ ખતરા સામે બચાવ થયો હતો. જો કે તેમ કરતાં પગે ભારે ગોટલા ચડી ગયા હતા અને તે ત્રણ દિવસના ગરમ પાણીના શેકથી સારા થયા હતા, પરંતુ આ તો શૂળીનું વિઘ્ન કાંટે સર્યું હતું, એટલે તેમાં અફ્સોસ કરવા જેવું કંઇ હતું નહિ.

સ્વીકૃત કાર્યમાં વચનબલ વાપરવાનો અર્થ એ છે કે તેની સફલતા માટે મંત્રોપાસકે જેને જે કંઇ કહેવા

જેવું હોય તે સમય પારખી મધુર ભાષામાં કહેવું, પણ તેમાં આળસ કે ઉપેક્ષા કરવી નહિ.

સ્વીકૃત કાર્યમાં મનનું બલ રેડવું, એટલે હાથ ધરેલું કાર્ય કેવી રીતે આગળ વધતું રહે અને તે સફલતાપૂર્વક પાર પડે, તે માટે બુદ્ધિનો ઉપયોગ કરતા રહેવું. એક કાર્ય દેખીતું કઠિન લાગતું હોય, પણ બુદ્ધિ લડાવીએ તો એ સરલ બની શકે છે અને તેને સફલતાથી પાર પાડી શકાય છે ?

એક કાગડો પોતાની તરસ છીપાવવા માટે અહીં તહીં ભમી રહ્યો હતો. એવામાં એક લાંબી ડોકનો કૂજો નજરે પડ્યો, તેમાં નજર કરી તો તળિયે થોડું પાણી રહેલું દેખાયું, પણ તે કેવી રીતે પીવું ? એ મુંઝવણ ઊભી થઈ. કાગડાની ચાંચ તો ટૂંકી રહી, એટલે ત્યાં પહોંચી શકે નહિ. હવે કાગડાને કોઈ પણ રીતે પાણી તો પીવું જ હતું, એટલે તેણે બુદ્ધિ લડાવી અને નજીકમાં રહેલા કાંકરા લાવીને કૂજામાં નાખવા માંડયા. આ રીતે તળિયે રહેલું પાણી ઉપર આવવા લાગ્યું. એમ કરતાં જ્યારે તે તદ્દન ઉપર આવી ગયું, ત્યારે કાગડાએ તેમાં પોતાની ચાંચ બોળીને ધરાઈને પી લીધું. તાત્પર્ય કે કામ ઘણું કઠિન હોય, પણ બુદ્ધિ લડાવવાથી સરલ બની શકે છે અને તેને સફલતાથી પાર પાડી શકાય છે.

કોઈ વાર અણધારી મુશીબતમાં ફસાઈ ગયા હોઈએ અને પોતાના જાન સામે ખતરો ઊભો થયો હોય, તો

એવા વખતે બુદ્ધિ લડાવવાથી એ ખતરાને ખત્મ કરી શકાય છે અને આપણો જાન બચાવી શકાય છે,

એક સિંહ પોતાના ખોરાક માટે જંગલના ઘણા પશુઓને મારી નાખતો હતો. તે પરથી પશુઓએ એકઠા થઈ રોજ એક પશુનો વારો બાંધી આપ્યો. એ પશુએ સામે ચાલીને સિંહ પાસે જવાનું, એટલે તેને શોધવા માટે સિંહને જ્યાં ત્યાં જવું પડે નહિ. આ નિયમનો કેટલાક દિવસ અમલ થયા પછી એક સસલાનો વારો આવ્યો. તેણે વિચાર કર્યો કે 'આ રીતે સિંહનો ભક્ષ્ય બની જીંદગી ખોઈ બેસવી એ તો ઠીક નહિ, માટે બુદ્ધિ લડાવી એવો કોઈ ઉપાય કરું કે જેથી એ સિંહ પોતે જ માર્યો જાય અને હું બચી જાઉં.'

પછી તે રોજના ઠરાવેલા સમય કરતાં જરા મોડો સિંહની પાસે પહોંચ્યો. સિંહે પૂછ્યું: 'તું મોડો કેમ આવ્યો?' સસલાએ કહ્યું: 'મહારાજ! હું તો આપની પાસે આવવા માટે મારા ઘરેથી સમયસર જ નીકળ્યો હતો, પણ રસ્તામાં એક બીજો સિંહ મળ્યો, તેણે મને રોકી લીધો, એટલે મોડું થયું.'

સસલાના આ શબ્દો સાંભળતાં જ સિંહનો પિત્તો ઉછળ્યો: 'અરે! આટલામાં મારા સિવાય બીજો કોઈ સિંહ છે જ નહિ. તું જરૂર જૂઠું બોલે છે.' સસલાએ કહ્યું: 'મહારાજ! આપને એ સિંહ જોવો હોય તો નજરે બતાવું.'

સિંહ તે માટે તૈયાર થયો, એટલે સસલાએ તેને એક કૂવા નજીક લઈ જઈને જણાવ્યું કે 'જુઓ મહારાજ ! એ સિંહ આ રહ્યો. સિંહે કૂવાની અંદર નજર કરી તો તેના જેવા જ મુખ અને કેશવાળીવાળો એક સિંહ નજરે પડ્યો. તેણે ગર્જના કરી તો અંદરથી પણ એવી જ ગર્જના સંભળાઈ, એટલે સિંહ તેને મહાત કરવા માટે કૂવામાં કૂદી પડ્યો. આ સિંહ તો એના પોતાના જ પ્રતિબિંબ રૂપ હતો, પણ તે સમજવા જેટલી અક્કલ જોઈએ ને ! આ રીતે સિંહ ત્યાં મરણ પામ્યો અને સસલાનો તથા તેના જેવાં બીજાં અનેક પ્રાણીઓનો જાન બચી ગયો.

જો બુદ્ધિનો ઉપયોગ કરવામાં ન આવે તો ઘણી વખત સરાડે ચડેલું કાર્ય પણ બગડી જાય છે અથવા ન ધારેલી આફતો પણ આવી પડે છે. તાત્પર્ય કે મંત્રોપાસકે ઉપાસના દરમિયાન કાયબલ, વચનબલ તથા મનોબલ એટલે બુદ્ધિબલનો પૂરતો ઉપયોગ કરતા રહેવાનું છે.

સ્વીકૃત કાર્યને પાર પાડવામાં આનંદ માનવો, ઉત્સાહ રાખવો કે ઉલ્લાસ ધરાવવો, તેને વીર્ય નામનો ચોથો સિદ્ધાંત કહેવામાં આવે છે.

ઊઠીને ઉભા થયા, કામે લાગ્યા અને હાથપગ હલાવવા લાગ્યા, પણ મનમાં કોઈ જાતનો ઉલ્લાસ કે આનંદ ન હોય, તો એ કામ વેઠ જેવું થઈ પડે છે અને તે લાંબો સમય ચાલતું નથી; એટલે કે કોઈ નિમિત્ત મળતાં આટોપાઈ જાય છે અને કપાલે અપયશની ટીલી ચોંટે છે. જે

કાર્ય સમજ્યા વિના શરુ કર્યું હોય, કોઈની દેખાદેખીથી શરુ કર્યું હોય કે કોઇના દબાણથી શરુ કર્યું, તેમાં પ્રાયઃ આવી સ્થિતિ થાય છે, એટલે મંત્રોપાસકે બધું બરાબર સમજીને ઉપાસના શરુ કરવાની છે. તેણે કોઇની દેખાદેખીથી કે કોઈના દબાણથી ઉપાસના શરુ કરવાની નથી.

કેટલીક વાર પ્રારંભનો ઉત્સાહ-ઉલ્લાસ સારો હોય છે, પણ પરિસ્થિતિ પ્રતિકૂલ જણાતાં એ ઉત્સાહ-ઉલ્લાસમાં ઓટ આવવાની શરુઆત થાય છે અને છેવટે તો માત્ર લોકલાજે ક્રિયાના નામે રગડપટ્ટી જ ચાલતી હોય છે. તેથી આવી કોઈ પરિસ્થિતિની શરૂઆત થતાં જ મંત્રોપાસકે ચેતી જવું જોઇએ અને મંત્રનો, મંત્રદેવતાનો તથા મંત્ર-દાતા ગુરુનો મહિમા વિચારીને તથા પોતાના કર્તવ્યનો ખ્યાલ કરીને તેણે પ્રતિકૂલ સ્થિતિમાં પણ આનંદ માનવો જોઈએ કે પ્રતિકૂલ સ્થિતિને અનુકૂલ સ્થિતિમાં પલટાવવાનો પ્રયત્ન કરવો જોઈએ.

અમે પ્રસ્તુત ગ્રંથના પ્રારંભિક ભાગમાં જ મંત્રનો મહિમા દર્શાવ્યો છે, તેનું એક કારણ એ પણ છે કે તેના પર જિજ્ઞાસુજનો વારંવાર ચિંતન-મનન કરી મંત્રને લગતી પોતાની આદરભાવના દૃઢ કરી શકે અને તેની ઉપાસનામાં આનંદ-ઉલ્લાસ માણી શકે.

અંતરનો ઉલ્લાસ એ જુદી જ વસ્તુ છે. તેમાં શ્રમનો શ્રમ જણાતો નથી કે સાધન-સંયોગોની કોઈ ફરિયાદ કર-

વાની હોતી નથી. સાધનો ગમે તેવાં ટાંચાં હોય કે સંયોગો ગમે તેટલા પ્રતિકૂલ હોય, પણ અંતરનો ઉત્સાહ-ઉલ્લાસ એ બધાને પહોંચી વળે છે.

મંત્રોપાસકને ઉપાસના દરમિયાન જુદી જુદી કેટલીક ક્રિયાઓ કરવાની હોય છે, તે બધી તેણે આનંદ-ઉલ્લાસ-પ્રસન્નતાપૂર્વક કરવી જોઈએ અને આ પ્રકારની ક્રિયાઓ કરવાની પોતાને તક મળી તે માટે પોતાના જીવનને ધન્ય માનવું જોઈએ.

પાંચમો સિદ્ધાંત **પરાક્રમ**નો છે. અહીં પરાક્રમ શબ્દથી અંતરાયો, મુશ્કેલીઓ, પરીષહો કે વિઘ્નો સામે ધૈર્યપૂવક ઊભા રહેવાની તથા તેમને ઓળંગી જવાની વીરતા સમજવી. શાસ્ત્રોમાં કેટલાંક સ્થાને આને 'વિઘ્નજય' નામનો ગુણ કહેવામાં આવ્યો છે, તો કેટલાક સ્થાને આનો ઉલ્લેખ 'ધીરતા-વીરતા' તરીકે પણ થયેલો છે.

આપણે કોઈ પણ પ્રવૃત્તિ શરુ કરીએ, તે નિર્વિઘ્ને પૂર્ણ થાય એવું તો ભાગ્યે જ બને છે. તેમાં કોઈને કોઈ વિઘ્ન, કોઇ ને કોઇ મુશ્કેલી, કોઇ ને કોઈ મુંઝવણ કે કોઈ ને કોઈ અંતરાય આવીને ઊભા જ રહે છે. જેણે આદરેલી પ્રવૃત્તિ કોઈ પણ વિઘ્ન, મુશ્કેલી, મુંઝવણ કે અંતરાય વિના આગળ વધે અને પૂર્ણ થાય, તેને આપણે મહા-ભાગ્યશાળી કે મહાપુણ્યવાન સમજવો, પણ આવા મનુષ્યો

તો આપણને લાખે બે–ચાર જ મળી શકે. બાકીના બધાને વિઘ્નાદિનો સામનો કરવો જ પડે છે. જો આ વખતે ધૈર્ય ચૂકયા, ઢીલા પડયા, તો બની–બનાઈ મિટ્ટીમાં મિલ ગઈ સમજવી. આવા પ્રસંગે તો છાતીને વજ્રની બનાવી, સામેથી આવી રહેલા ઘાને ઝીલી લેવાની તૈયારી રાખવી જોઇએ અને તે માટે જે કંઈ કષ્ટ કે દુઃખો ભોગવવાં પડે, તે શાંત ચિત્તે એટલે કે કોઇ પણ પ્રકારની હાયવોય કર્યા વિના ભોગવી લેવાં જોઈએ. તે અંગે શાસ્ત્રકારો અને ઇતિહાસકારોએ આપણી સામે અનેક દાખલાઓ રજૂ કરેલા છે, તેના પર આપણે પુનઃ પુનઃ મનન કરવું ઘટે. તેનાથી આપણને આશ્વાસન મળવાનું અને આપણું ધૈર્ય ટકી રહેવાનું.

અહીં અમે એટલું કહેવા ઇચ્છીએ છીએ કે આ બાબતમાં સહુથી પ્રથમ શ્રમણ ભગવાન મહાવીરને યાદ કરવા ઘટે છે. તેમણે સાડાબાર વર્ષ અને એક પક્ષના સાધનાકાલ દરમિયાન જે પરીષહો તથા ઉપસર્ગો સહન કર્યા, તેની સરખામણીમાં આપણી સામે ઉપસ્થિત થતાં વિઘ્નો–અંતરાયો કંઇ જ વિસાતમાં નથી. જ્યારે આપણા તારણહારે આ બધું સમભાવે સહન કર્યું, ત્યારે આપણે માટે અન્ય બીજો માર્ગ કયો હોઇ શકે ? તાત્પર્ય કે આવતાં–આવી રહેલાં વિઘ્નોનો જય કરવો અને ઉપાસનામાં પાર ઉતરવું, એ જ આપણો માર્ગ કે આપણું કર્તવ્ય હોઇ શકે.

ઉપાસનાકાલના શરૂઆતનાં ત્રણ વર્ષ વિઘ્નબહુલ

એટલે ઘણાં વિઘ્નોથી ભરેલાં હોય છે, એ વાત અમે પૂર્વે જણાવી ગયા છીએ અને અહીં પુનઃ જણાવીએ છીએ. જો તેમાં પાર ઉતર્યા તો પછી બહુ હરકત આવતી નથી અથવા તો જે હરકત આવે છે, તે સહેલાઈથી જિતી શકાય છે.

આટલા વિવેચન પરથી પ્રિય પાઠકો પુરુષાર્થને લગતા પાંચ સિદ્ધાંતોના પાલનનું યથાર્થ મહત્ત્વ સમજી શક્યા હશે અને તે માટે તત્પર થયા હશે, એમ અમે માની લઈએ, તો એ વધારે પડતું નથી ને ?

[ ૧૩ ]

# મહત્ત્વની સૂચનાઓ

અર્હં મંત્રની ઉપાસના કરનારમાં કેવા ગુણો હોવા જોઈએ, તે અમે '**ઉપાસના અને ઉપાસક**' નામના પ્રકરણમાં વિગતથી બતાવ્યું છે. વળી શ્રદ્ધા, શુદ્ધિ અને વિધિની બાબતમાં ઉપાસકે કેવી રીતે વર્તવું જોઈએ, તેનો સ્પષ્ટ ખ્યાલ અમે '**ઉપાસનાના આધારસ્થંભો**' નામક પ્રકરણમાં વિસ્તૃત વિવેચનપૂર્વક આપ્યો છે. વિશેષમાં ઉપાસના પુરુષાર્થ પર આધારિત હોઈ પુરુષાર્થને લગતા પાંચ સિદ્ધાંતોનું પાલન ઉપાસકે કેવી રીતે કરવું જોઈએ, તે ગત પ્રકરણમાં વિસ્તારથી જણાવ્યું છે. હવે અમે ઉપાસના દરમિયાન ઉપાસકે કેવી રીતે વર્તવું જોઈએ, તે અંગે કેટલીક મહત્ત્વની સૂચનાઓ કરવા ઇચ્છીએ છીએ. તે માટે આ ખાસ પ્રકરણનું આલેખન કરવામાં આવ્યું છે.

(૧) લોકમાન્યતા એ પ્રકારની છે કે 'લાગ્યું તો તીર નહિ તો થોથું.' 'અથવા ન્હાયા એટલું પુણ્ય.'

પરંતુ મંત્રોપાસનામાં આ પ્રકારના માનસિક વલણને સ્થાન નથી. અહીં તો 'आरब्धस्य अन्तगमनम्' એ નીતિને અનુસરવાની છે, એટલે કે જેનો આરંભ કર્યો તેના છેડે પહોંચવાનું છે. જેના મનમાં કાર્યને પૂર્ણ કરવાનો દૃઢ સંકલ્પ નથી, તે એ કાર્યને પૂર્ણ કરી શકતો નથી, એટલે મંત્રોપાસના દૃઢ સંકલ્પપૂર્વક શરુ કરવાની છે અને એ સંકલ્પ કોઈ પણ સંયોગોમાં શિથિલ ન થાય–ઢીલો ન પડે તે જોવાનું છે. 'આટલી લાંબી અને કઠિન ઉપાસના મારાથી શી રીતે પૂરી થશે?' એવો વિચાર કદી કરવો નહિ, કારણ કે તે સંકલ્પને શિથિલ કરનારો છે, ઢીલો પાડનારો છે. અહીં તો એક જ વિચાર કરવો કે 'હું અનંત શક્તિમાન્ એવો આત્મા છું ને તેથી ગમે તેવાં કઠિન કાર્યો પાર પાડવાને સમર્થ છું. **હું આ મંત્રોપાસના અવશ્ય પાર પાડી શકીશ એવો આત્મ વિશ્વાસ** (Self-confidence) **રાખવો.**

અહીં એમ પણ વિચારવું કે મારા પર દેવ અને ગુરુની પરમ કૃપા વરસી રહી છે અને તે મને આ મંત્રોપાસનામાં સહાય કરી રહી છે, એટલે તે અવશ્ય સફળતાપૂર્વક પૂર્ણ થશે જ.

અત્રે એક પાઠક પ્રશ્ન કરે છે કે 'આપણા પર અરિહંત દેવની કૃપા વરસે ખરી?' તેનો ઉત્તર અમે હકારમાં આપીએ છીએ. 'અરિહંતદેવની અનન્ય મને સ્તુતિ-સ્તવના –પ્રાર્થના કરતાં દૈવી તત્ત્વો સક્રિય બને છે અને તેથી

આપણા પર કૃપા વરસવા લાગે છે. આને આપણે અરિહંત દેવે જ વરસાવેલી સમજવાની છે, કારણ કે તે એમની અનન્ય મને કરાયેલી સ્તુતિ-સ્તવના-પ્રાર્થનાનું જ પ્રશસ્ત પરિણામ છે. જો આવું કંઈ બનતું ન હોય તો 'तित्थयरा मे पसीयंतु' એવી પ્રાર્થના કરવાનું પ્રયોજન શું? અમે **'લોગસ્સમહાસૂત્ર યાને જૈન ધર્મનો ભક્તિવાદ'** નામના અમારા ગ્રંથમાં આ પ્રશ્ન સંબંધી વિસ્તૃત વિચારણા કરેલી છે અને તેમાં અમારો જાતિ-અનુભવ પણ જણાવેલો છે, તે જિજ્ઞાસુઓએ જરૂર જોઈ લેવો.

'અરિહંતો પરમ વીતરાગ હોવાથી તેઓ કોઈ પર કૃપા કરતા નથી' આટલી વાત આપણે પકડી, 'પણ તેમના દ્વારા કૃપા જરૂર થાય છે.' એ વાત છોડી દીધી, તેનું પરિણામ કેટલું અનર્થકારી આવ્યું છે, તે નીચેના સંવાદ પરથી સમજી શકાશે.

બે મિત્રો ભેગા થયા અને વાતો કરવા લાગ્યા. એકે કહ્યું: 'જે દાવ નાખું છું, તે ઊંધા જ પડે છે. કોણ જાણે શું થવા બેઠું છે!' બીજાએ કહ્યું: 'દોસ્ત! મારી સ્થિતિ પણ એવી જ છે. છેલ્લા એક મહિનાથી ખીસ્સું ખાલી છે. હવે શું કરવું? તેનો ગંભીરતાથી વિચાર કરી રહ્યો છું.' પેલાએ કહ્યું: 'મને લાગે છે કે 'આપણે ભગવાન મહાવીરની આરાધના-ઉપાસના કરીએ' બીજાએ કહ્યું: 'એનાથી આપણો દહાડો નહિ વળે. આપણે તેમની ગમે તેટલી આરાધના-ઉપાસના કરીશું પણ તેઓ વીતરાગ હોવાથી

આપણા પર પ્રસન્ન થવાના નહિ કે આપણને કોઈ પ્રકારનું વરદાન આપવાના નહિ. તેના કરતાં ભોળિયો શંભુ સારો કે જે ઉપાસના કરનાર પર પ્રસન્ન થાય છે અને વરદાન પણ આપે છે. એટલે મેં તો હવે શંભુભોળાની આરાધના કરવાનો વિચાર કર્યો છે.'

પહેલાએ કહ્યું : 'આપણે જૈન છીએ, એટલે એની આરાધના ન થાય. એના કરતાં બીજો કોઈ ઉપાય શોધી કાઢ.' બીજાએ કહ્યું : 'તો શ્રી પદ્માવતી દેવીની આરાધના કરીએ. તેઓ બીજા દેવ-દેવી કરતાં વહેલાં પ્રસન્ન થાય છે અને આપણું દળદર ફેડે છે.' પહેલાએ કહ્યું : 'આજે તો ઘંટાકર્ણ મહાવીરનું કામ જોરમાં છે. તેમની થોડી માળાઓ ફેરવી કે તે જવાબ આપે છે. આપણે તેમની સવાપાંચ શેરની સુખડી માનો અને કાલથી કામ શરૂ કરો. જરૂર હશે તો આપણે મહૂડી પણ જઈ આવીશું. તે ક્યાં દૂર છે?'

પછી શું બન્યું, તે કહેવાની જરૂર નથી. 'અરિહંતો પરમ વીતરાગ હોવાથી તેઓ કોઈ પર કૃપા કરતા નથી' એ અધીર્ં વાતના પ્રચારે પરિસ્થિતિ કેટલી હદે વણસાડી છે, તે આ પરથી સમજી શકાશે. અહીં જો સાથે સાથે એમ કહેવાનું હોત કે 'પરંતુ તેમના દ્વારા કૃપા જરૂર પ્રાપ્ત થાય છે.' તો પરિસ્થિતિ આટલી હદે વણસત નહિ, એ નક્કી છે.

એક બાજુ અર્હદ્ભક્તિનો ઉપદેશ આપીએ અને બીજી બાજુ એમ કહીએ કે 'તેઓ કોઈ પર કૃપા કરતા

નથી.' એ વદતા વ્યાઘાત જેવી સ્થિતિ છે. આ પ્રકારનો ઉપદેશ સાંભળીને કોઈને પણ પ્રશ્ન થાય કે 'તો પછી તેમની ભક્તિ કરવી શા માટે?' અહીં એમ કહેવામાં આવે કે 'તેથી ચિત્તની શુદ્ધિ થાય છે અને પરિણામે આપણું કલ્યાણ થાય છે' તો લોકો એ શબ્દો સાંભળી રહે ખરા, પણ તેમના ગળે એ વાત ઉતરવાની નહિ કે તેથી અર્હદ્-ભક્તિનો ઉલ્લાસ જાગવાનો નહિ. લોકો તો ભગવાનની ભક્તિનું કોઈ નક્કર પરિણામ ઈચ્છતા હોય છે, તે તેમને બતાવવું જોઈએ. જેઓ આ વસ્તુ ખ્યાલમાં રાખીને ભક્તિનો ઉપદેશ કરે છે, તેમને સફલતા મળે છે, જ્યારે બીજાઓ નિષ્ફલતાને વરે છે.

તાત્પર્ય કે અરિહંતની અનન્ય મને ભક્તિ કરવાથી તેમની કૃપા આપણા પર જરૂર વરસે છે અને તેથી આપણે હાથ ધરેલાં દરેક કાર્યમાં સફલતા મળે છે. અર્હં મંત્રના ઉપાસકે તો નિત્ય-નિયમિત અર્હદ્ભક્તિ કરવાની છે, જેનું વિસ્તૃત વિવેચન આગળ આવશે.

(૨) મંત્રોપાસના દરમિયાન જે અનુભવો થાય, તે કોઈને પણ કહેવા નહિ કે કોઈની સાથે તેની ચર્ચા-વિચારણા કરવી નહિ. તે માત્ર મંત્રદાતા ગુરુને કહેવા અને તે અંગે જે ખુલાસા મેળવવા જેવા હોય, તે તેમની પાસેથી મેળવવા. અપવાદે આ વસ્તુ કોઈ જ્ઞાની પુરુષને કહેવી અને તેમની પાસેથી તે અંગે જાણવા જેવું જાણી લેવું, પણ જે તેને તો એ અનુભવો ન જ કહેવા. અનધિકારી વ્યક્તિઓ

સાથે આ પ્રકારની ચર્ચા–વિચારણા કરતાં જે અનુભવો થવા લાગ્યા હોય, તે બંધ થઈ જાય છે, એવો અનુભવ ઘણાને થયો છે, માટે જ આ સૂચના છે.

(૩) મંત્રજપ આદિ ક્રિયાઓ નિયત સમયે શુરૂ કરવી અને નિયત સમયે પૂરી કરવી. અસાધારણ સંયોગોમાં તેમાં ફેરફાર કરી શકાય છે, પરંતુ સામાન્ય રીતે નિયમિતતાને ચુસ્તપણે વળગી રહેવું. તેનાથી થતા લાભો વગેરે અંગે કેટલીક ચર્ચા પૂર્વે થઈ ગયેલી છે.

(૪) મંત્રોપાસના દરમિયાન શક્યતા મુજબ ઉપવાસ, આયંબિલ, એકાસણું, બેઆસણું આદિ તપશ્ચર્યા કરવી, કારણ કે મનને શાંત અને સ્થિર કરવામાં તે ઘણી ઉપયોગી છે. કદી તેમ ન બને તો છૂટા મ્હોંએ તો ખાવું જ નહિ. તાત્પર્ય કે ઓછામાં ઓછું બેઆસણું તો કરવું જ. તેમાં પણ ઊનોદરિકા કરવી, એટલે કે ભૂખ કરતાં થોડું ઓછું જમવું. પુરુષનો આહાર ૨૪ કોળિયા અને સ્ત્રીનો આહાર ૩૨ કોળિયા ગણાય છે. આ કોળિયા મધ્યમ કદના સમજવા. તેનો ચોથો ભાગ ઊણો રાખવામાં આવે તો સારું, નહિ તો લગભગ છઠ્ઠો ભાગ તો ઊણો રાખવો જ.

જૈન શાસ્ત્રોમાં ઊનોદરિકાને એક પ્રકારનું બાહ્ય તપ ગણવામાં આવ્યું છે, કારણ કે તે પણ શરીર–મનને સ્વસ્થ રાખવામાં ઉપયોગી છે.

કેટલાક કહે છે કે ‘ ભાણે બેઠા પછી અમારા માટે ભૂખ્યા રહેવાનું શક્ય નથી, ’ પણ એ તો મનની વાત છે.

મનથી નિર્ણય કરીએ કે આજ થોડું ઓછું જમવું છે, તો એ બની શકે છે. કદાચ પ્રારંભના બે-ચાર વાર એમ કરવાનું આકરું પણ લાગે, પરંતુ પછીથી તેમાં કોઈ મુશ્કેલી પડતી નથી.

આજના આહારશાસ્ત્રીઓએ કેટલાંક સંશોધનો પછી એ વાત જાહેર કરી છે કે જેઓ અકરાંતિયા થઈને જમે છે, તેમનું આયુષ્ય ઓછું થાય છે અને જેઓ પ્રમાણ કરતાં થોડું ઓછું જમે છે, તેમની તંદુરસ્તી બરાબર જળવાઈ રહે છે ને તેઓ દીર્ઘજીવી બને છે. તાત્પર્ય કે તંદુરસ્તીની દૃષ્ટિએ પણ ઊનોદરિકા ઇચ્છવા યોગ્ય છે.

બેઆસણામાં ઊનોદરિકા ઉપરાંત બને તેટલે રસત્યાગ કરવો જરૂરી છે. અહીં રસ શબ્દથી મનોવિકાર ઉત્પન્ન કરે એવાં દ્રવ્યો સમજવાં. તેને માટે જૈનશાસ્ત્રોમાં વિકૃતિ અર્થાત્ વિગઈ શબ્દ પ્રસિદ્ધ છે. આવી વિકૃતિઓ-વિગઈઓ દશ માનવામાં આવી છે. તેમાં પહેલી ચાર એટલે (૧) માંસ, (૨) મદિરા, (૩) માખણ અને (૪) મધ એ શ્રાવક-શ્રાવિકાઓ માટે સર્વથા વર્જ્ય છે અને બાકીની છ વિગઈઓ એટલે (૧) ઘી, (૨) તેલ, (૩) દૂધ, (૪) દહીં, (૫) ગોળ-સાકર અને (૬) તળેલી વસ્તુઓમાંથી શકય એટલાનો ત્યાગ કરવાનો છે. આયંબિલમાં આ છયે વિગઈઓનો ત્યાગ હોવાથી તે રસત્યાગની શ્રેષ્ઠ તપશ્ચર્યા ગણાય છે.

વિશેષ રસત્યાગ ન બને તો મીઠાઈ તો અવશ્ય છોડવી જોઈએ, કેમ કે તે ભારે વિગઈ છે અને વિશેષ મનોવિકારનું કારણ છે. કેટલાક મનુષ્યોને મીઠાઈ એટલી

દાઢે લાગી જાય છે કે તેનો સ્વાદ છૂટતો નથી. તેઓ કોઈ પણ મીઠાઈ જુએ કે તેમના મુખમાં પાણી છૂટવા લાગે છે, પણ સરવાળે તે શરીર અને મન બંનેને નુકશાન કરનારી વસ્તુ છે. મધુમેહ એટલે ડાયાબીટીસ જેવા જાલીમ દર્દો વધારે પડતી મીઠાઈ ખાવાથી જ લાગુ પડે છે.

જપ અને તપ એ બે જોડિયા વસ્તુઓ છે, એટલે જ્યાં જપ હોય, ત્યાં તપ હોવું જોઇએ અને જ્યાં તપ હોય, ત્યાં જપ હોવો જોઇએ. તેનું પરિણામ ઘણું સુંદર આવે છે.

(૫) આહાર જેટલો સાત્ત્વિક, તેટલી મનોવૃત્તિ વધારે સાત્ત્વિક. આ દૃષ્ટિએ બહુ ખાટા–ખારા તથા તીખા–તમતમતા પદાર્થો છોડવા યોગ્ય છે. વિશેષમાં ભક્ષ્યાભક્ષ્યનો વિવેક પણ રાખવા જેવો છે. જે મંત્રોપાસનામાં અમુક દ્રવ્યો વાપરવાનો નિષેધ થયેલો હોય, તે તો વપરાય જ નહિ, ઉપરાંત શાસ્ત્રીય ધોરણે થયેલા નિષેધો પણ લક્ષ્યમાં રાખીને વર્તવાનું હોય છે. શાસ્ત્રીય ધોરણે નીચેની ૨૨ વસ્તુઓ અભક્ષ્ય ગણાઇ છે :

| | | |
|---|---|---|
| (૧) વડનાં ફલ | (૮) મધ | (૧૫) બહુબીજ |
| (૨) પીંપળાનાં ફલ | (૯) માખણ | (૧૬) અનંતકાય |
| (૩) ઊંબરો | (૧૦) હિમ (બરફ) | (૧૭) બોળ અથાણાં |
| (૪) અંજીર | (૧૧) કરા | (૧૮) ઘોલવડાં |
| (૫) કાકોદુંબર | (૧૨) વિષ (ઝેર) | (૧૯) વેંતાક |
| (૬) દરેક જાતનો દારૂ | (૧૩) સર્વ પ્રકારની માટી | (૨૦) અજાણ્યાં ફલ–ફૂલ |
| (૭) દરેક જાતનું માંસ | (૧૪) રાત્રિભોજન | (૨૧) તુચ્છ ફલ |
| | | (૨૨) ચલિતરસ |

પ્રથમનાં પાંચ ઉદુંબર જાતિનાં ફ્લો છે કે જેમાં નાનાં નાનાં જંતુઓ ઘણાં હોય છે, તેથી તે ખાવા યોગ્ય નથી.

દારૂ માદક છે, બુદ્ધિને વિકૃત કરનાર છે તથા તમો-ગુણની વૃદ્ધિ કરનાર છે, તેથી અભક્ષ્ય છે.

માંસ પણ બુદ્ધિને મંદ કરનાર, તમોગુણની વૃદ્ધિ કરનાર તથા હિંસાનું પ્રધાન કારણ છે, તેથી અભક્ષ્ય છે.

મધ અને માખણમાં તે જ રંગના અસંખ્ય સૂક્ષ્મ જીવોની ઉત્પત્તિ થાય છે, તેથી અભક્ષ્ય છે.

વિષ પ્રાણનો નાશ કરનાર હોવાથી અભક્ષ્ય છે અને સર્વ પ્રકારની માટી સચિત્ત હોવાથી, તેમજ પ્રાણધારણ માટે અનાવશ્યક હોવાથી અભક્ષ્ય છે.

રાત્રિભોજનમાં જીવહિંસાદિ ઘણા દોષો રહેલા છે, તેથી તેનો નિષેધ છે.

બહુબીજ એટલે જેમાં ઘણાં બીજ હોય એવાં શાક વગેરે અને અનંતકાય એટલે કંદમૂળ આદિ સાધારણ વનસ્પતિ અનંત જીવોની હિંસાના કારણે અભક્ષ્ય છે.

લીંબુ, કેરી, કેરડાં, કરમદાં, ગુંદાં વગેરે અનેક વસ્તુ-ઓનાં બોળ અથાણાં ત્રણ દિવસ પછી અભક્ષ્ય છે.

ઘોલવડાં કઠોળ અને કાચા દહીંના સંયોગથી બને છે, માટે વિદલ હોઈ અભક્ષ્ય છે અને વેંતાક કામવૃત્તિ પોષક, બહુ નિદ્રા લાવનાર તથા બહુબીજ હોઈ અભક્ષ્ય છે.

અજાણ્યાં ફળ-ફૂલ ખાવામાં પ્રાણહાનિ તથા રોગોત્પત્તિનો સંભવ હોઈ અભક્ષ્ય છે અને તુચ્છ ફલોમાં ખાવાનું થોડું અને ફેંકી દેવાનું વિશેષ હોવાથી અભક્ષ્ય છે. મહૂડાં, જાંબુ, બીલાં, ચણીબોર, ઓળા તથા મગની શીંગો વગેરે તુચ્છ ફળ ગણાય છે.

ચલિતરસ વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ ફરી જવાના કારણે અભક્ષ્ય છે. વાસી, પઠતર કે બગડી ગયેલી વસ્તુઓનો સમાવેશ આ પ્રકારમાં થાય છે.

જેની જીભ પર કાબૂ નથી, તે બ્રહ્મચર્ય કે સંયમનું યથાર્થ પાલન કરી શકતો નથી. વધારે પડતો આહાર પણ સંયમપાલનમાં બાધક મનાયો છે, એ વાત ઉપાસક બંધુઓએ યાદ રાખવાની છે.

(૯) મંત્રોપાસનામાં શરીર અને મન બંને પાસેથી કામ લેવાનું છે, એટલે તે બંને સ્વસ્થ હોવાં જોઈએ. જો શરીર સ્વસ્થ ન હોય, તેમાં કંઈ પીડા થતી હોય કે ગરબડ ચાલુ હોય તો સ્મરણ, જપ, ધ્યાન, પૂજા વગેરે ક્રિયાઓ યથાર્થપણે શી રીતે થઈ શકે? 'शरीरमाद्यं खलु धर्मसाधनम्' એમ જે કહેવાયું છે, તેનો અર્થ એ છે કે જો શરીર સ્વસ્થ હોય તો જ ધર્મને લગતી વિવિધ ક્રિયાઓ થઈ શકે છે, અન્યથા નહિ.'

જો આરોગ્યના નિયમોનું ચીવટાઇથી પાલન કરવામાં આવે તો ખાસ હરકત આવતી નથી અને શરીર પાસેથી ધાર્યું કામ લઈ શકાય છે.

જો મન સ્વસ્થ ન હોય, એટલે કે તેમાં કોઈ પ્રકારના વિષાદ, ભય, ચિંતા કે વ્યથા વ્યાપેલા હોય તો ક્રિયામાં મન ચોટતું નથી અને તે યથાર્થપણે થઈ શકતી નથી.

કેટલાક એમ સમજે છે કે 'કાયા કુંભ જેવી છે, તેની માયા-મમતા શી?' અને તેઓ એના તરફ બેદરકાર રહેવા માંડે છે. તેમાંથી નાનાવિધ રોગોની ઉત્પત્તિ થાય છે, કોઈ મોટી બિમારી લાગુ પડી જાય છે અને તેઓ કાયમના માંદલા બની જાય છે. આવા મનુષ્યો કઇ સાધના કરી શકે? તાત્પર્ય કે તેમના સાધનાવિષયક સર્વ મનોરથો નિષ્ફલ નીવડે છે.

'કાયા કાચા કુંભ જેવી છે, તેની માયા-મમતા રાખવી નહિ.' એનો અર્થ એમ સમજવાનો છે કે તેનું વધારે પડતું લાલન-પાલન કરવું નહિ કે ઈન્દ્રિયોને ફીટાડવી નહિ. તેના બદલે તેના પ્રત્યે બેદરકારી દાખવવામાં આવે તો ઉપર જણાવ્યું તેવું અનિચ્છનીય પરિણામ આવે છે અને મહામોંઘું માનવજીવન હારી જવાય છે. અહીં અમને મહાપુરુષોએ કહેલાં નીચેનાં વચનો યાદ આવે છે:

कायो न केवलमयं परितापनीयो,
मिष्टै रसैर्बहुविधैर्न च लालनीयः ।

चित्तेन्द्रियाणि न चरन्ति यथोत्पथेन,
वश्यानि येन च तदाचरितं जिनानाम् ।

'આ શરીરને કેવલ પરિતાપ ઉપજાવવો નહિ કે તેનું વિવિધ પ્રકારના મધુર રસો વડે પાલન પણ કરવું નહિ. શ્રી જિનેશ્વર ભગવંતોએ એવું તપ આચરેલું છે કે જેનાથી ચિત્ત અને ઇન્દ્રિયો ઉન્માર્ગે ન જતાં વશમાં રહે.' તાત્પર્ય કે મંત્રોપાસકે જે તપ કરવાનું છે, તે શરીર અને મનની સ્વસ્થતા જળવાઈ રહે, એ રીતે કરવાનું છે. જેનાથી શરીરને અત્યંત કષ્ટ લાગે કે કોઈ ઈન્દ્રિયમાં ખોડ-ખાંપણ આવી જાય એવું તપ કરવાનું નથી. વળી જેનાથી મન આર્ત્ત-રૌદ્ર ધ્યાનના સપાટે ચડી જાય એવું તપ પણ કરવાનું નથી.

(૭) બ્રહ્મચર્યનું પાલન અને ભોંયસંથારો એટલે જમીન પર ચટાઈ કે શેતરંજી પાથરીને સૂઈ રહેવાની ક્રિયા મંત્રોપાસનાને સફલ બનાવવામાં ઘણી સહાય કરે છે, તેથી મંત્રોપાસકે તે બાબતમાં જાગૃતિ રાખવાની છે. ગૃહસ્થને તો સ્વદારાસંતોષ તથા પર્વતિથિના નિયમો બ્રહ્મચર્ય તુલ્ય છે, છતાં તેમાં શકય એટલું વધારે કરવાનું છે. કેટલાક પત્નીની ઉપેક્ષા કરીને બ્રહ્મચર્ય પાલવાનો પ્રયત્ન કરે છે, પણ તેમાંથી અનેક એવા પ્રશ્નો ઊભા થાય છે કે જે તેમના કૌટુંબિક જીવનને ખૂબ ડહોળી નાખે છે અને સરવાળે સત્યાનાશ તરફ લઇ જાય છે, તેથી આ બાબતમાં

સમજાવટથી કામ લેવાની જરૂર છે. બ્રહ્મચર્યવ્રત એક-બીજાની સમતિપૂર્વક ઉચ્ચરાવવાની જે શાસ્ત્રીય મર્યાદા છે, તે ઘણા ઊંડા વિચાર અને અનુભવ પછી નક્કી થયેલી છે.

અહીં એટલી સ્પષ્ટતા કરી દઈએ કે જેઓ અર્હં-મંત્રનું ૨૧ કે તેથી વધારે દિવસોનું ખાસ અનુષ્ઠાન કરવા ઈચ્છતા હોય, તેમને માટે બ્રહ્મચર્યનું પાલન ફરજિયાત છે અને જેઓ અર્હં મંત્રની નિત્યોપાસના કરવા ઈચ્છતા હોય તેમને માટે બ્રહ્મચર્યનું પાલન ઉપર જણાવ્યા પ્રમાણે મર્યાદિત છે.

(૮) ઉપાસના દરમિયાન ઉપાસકે કોઇપણ દુષ્ટ પ્રવૃત્તિ કરવી નહિ કે દુષ્ટ વ્યક્તિના પરિચયમાં આવવું નહિ. જેનાથી મન–વચન–કાયા દુષ્ટ બને એટલે કે અત્યંત અપવિત્ર બને તેને દુષ્ટ પ્રવૃત્તિ સમજવી. દુષ્ટ વ્યક્તિના પરિચયમાં આવતાં આપણી સાત્ત્વિકતા ઓછી થઈ જાય છે અને પરિચય વધારે વખત ચાલુ રહે તો સાત્ત્વિકતાનું સ્થાન દુષ્ટતા લેવા માંડે છે. કોઇ લોકકવિએ ઠીક જ કહ્યું છે કે–

**દુષ્ટ નજીક વસીએ નહિ, વસી ન દીજે માન;**
**કુદલી બોર પ્રસંગથી, કાંટે વિંધ્યાં પાન.**

‘ દુષ્ટની નજીક વસવું નહિ અને કદાચ વસવાનો પ્રસંગ આવે તોપણ એને માન દેવું નહિ. કેળ બોરડીના વૃક્ષ પાસે ઉગી અને તેની સાથે મિત્રાચારી રાખવા લાગી

તો તેનાં પાન બોરડીના કાંટા વડે વિંધાયાં.' તાત્પર્ય કે તેનું પરિણામ ઘણું ખરાબ આવ્યું.

(૯) ઉપાસના દરમિયાન ઉપાસકે ચારેય પ્રકારની વિકથાઓનો ત્યાગ કરવો. સ્ત્રીકથા, ભક્તકથા, દેશકથા અને રાજકથા, એ ચાર પ્રકારની કથાઓ જ્ઞાન–ધ્યાનને ચૂકાવનારી તથા વિકારને ઉત્પન્ન કરનારી હોવાથી વિકથાઓ ગણાઈ છે.

સ્ત્રીકથા એટલે સ્ત્રીના રૂપ, લાવણ્ય, શ્રૃંગાર આદિ સંબંધી વાર્તાલાપ. આ પ્રકારનો વાર્તાલાપ કરતાં ઉપાસકની સૂતેલી વાસના સળવળે છે અને તેનો ચારિત્રભંગ કે નિયમભંગ થવાનો વખત આવે છે. નટનટીઓની વાતો કરવી, તેમની ખાસિયતો અને ખામીઓ અંગે ચર્ચાઓ કરવી કે તેમની પ્રશંસા યા ઉપહાસ કરવો, એ બધા વિકથાના જ પ્રકારો છે.

મનુષ્યનું મન વિચિત્ર છે. તેને નાનું સરખું નિમિત્ત મળી જતાં તે પોતાની પુરાણી આદત પ્રમાણે વર્તવા લાગે છે અને એમ કરતાં તે સ્વીકૃત નિયમ પણ ભૂલી જાય છે, તેથી આ પ્રકારની વિકથાથી દૂર રહેવું એ જ શ્રેયસ્કર છે.

ભક્તકથા એટલે ભોજનની વાનીઓ, તેના સ્વાદ અને તેને બનાવવાની પદ્ધતિ આદિ અંગે વાર્તાલાપ. આ પ્રકારનો વાર્તાલાપ કરતાં આહારને લગતો સંયમ તૂટવાનો ભય રહે છે અને આહારને લગતો સંયમ તૂટ્યો કે બીજા સંયમોમાં પણ તિરાડ પડે છે, તેથી તે ત્યાજ્ય મનાયેલી છે.

દેશકથા એટલે લોકોમાં પ્રવર્તી રહેલા જુદા જુદા

પ્રકારના રીતરિવાજો વગેરે સંબંધી વાર્તાલાપ. એમાં સ્ત્રી કથા અને ભક્તકથાનું મિશ્રણ જરૂર હોય છે અને મનુષ્યના મનને બહેકાવે એવી બીજી પણ સામગ્રી હોય છે, તેથી સુજ્ઞ ઉપાસકે તેમાં પડવા જેવું નથી.

રાજકથા એટલે રાજાઓના વૈભવ તથા ભોગવિલાસ વગેરે અંગે વાર્તાલાપ. આજે રાજાઓ તો લગભગ અદૃશ્ય થઈ ગયા છે, પણ ઉચ્ચકોટિના અમલદારો તેમના જેવું જ જીવન જીવી રહ્યા છે, તેથી તેમને રાજાસ્થાને સમજવા. આ પ્રકારનો વાર્તાલાપ ભોગવિલાસ તરફ ખેંચી જનારો તથા અભિમાન અને અહંકારને જગાડનારો હોઈ કરવા યોગ્ય નથી.

અહીં કોઈ એમ કહેતું હોય કે 'દિલ બહેલાવવા માટે આવી થોડી વાતો જરૂરી છે' તો તે બિલકુલ માનવા યોગ્ય નથી. પ્રથમ તો આવી વાતોથી દિલ બહેલાવવાનો વિચાર રાખવો, એ જ ખોટું છે. જો ઉપાસકનો આંતરિક રસ આવી બાબતોમાં હોય તો આધ્યાત્મિક વિકાસ અશક્ય બનવાનો અને મંત્રોપાસના નિષ્ફલ જવાની. અંતરમાં એક વાત હોય અને પ્રયત્ન બીજી વાત માટે ચાલતો હોય, ત્યાં સિદ્ધિ કે સફલતા સાંપડવાનો સંભવ નથી. તાત્પર્ય કે ઉપાસકને આવી કોઈ બાબતમાં રસ ન પડે એવી સ્થિતિ નિર્માણ થવાની જરૂર છે.

બીજું, ઝેરનાં પારખાં કરવા જતાં મનુષ્ય ઝડપાઈ જાય છે, એટલે કે તેનાં સોયે વર્ષો પૂરાં થઈ જાય છે, તેમ વિકથાઓની થોડી લિજ્જત માણવા જતાં ઉપાસકની મનો-

વૃત્તિ પર વિકારનાં વાદળ ઘેરાવા લાગે છે અને તેનું પરિણામ ખતરનાક આવ્યા વિના રહેતું નથી; તેથી તેનો ત્યાગ કરવો, એ જ હિતાવહ છે.

(૧૦) ઉપાસના દરમિયાન ભાંડ-ભવૈયાના ખેલ, તમાશા, શૃંગારિક નાટકો કે ફીલ્મો વગેરે જોવાં નહિ. જેમ સરોવરના શાંત જલમાં પત્થર પડતાં તેમાં તરંગો ઉત્પન્ન થાય છે, તેમ આ પ્રકારનાં દશ્યો જોતાં ઉપાસકના શાંત મનમાં એક પ્રકારનો ક્ષોભ શરુ થાય છે અને સંભવતઃ તે અશુભ અધ્યવસાયોમાં પરિણમે છે, માટે તેનો નિષેધ છે.

(૧૧) ઉપાસના દરમિયાન મોક્ષમાર્ગનું પ્રતિપાદન કરનારાં તથા ધાર્મિક-આધ્યાત્મિક વિષયો સમજાવનારાં શાસ્ત્રો તથા ગ્રંથોનું વાંચન કરવું, પણ ઘાસલેટિયા સાહિત્યને સ્પર્શ કરવો નહિ. શૃંગારિક નવલકથાઓ, વાર્તાઓ, તથા એક યા બીજા પ્રકારે બિભત્સરસનું પ્રદર્શન કરનારું સાહિત્ય ઘાસલેટિયા સાહિત્ય સમજવું કે જે એક પ્રકારની બદબો ફેલાવે છે અને અનેકના વિકસતા વ્યક્તિત્વને ગુંગળાવી નાખે છે.

(૧૩) ઉપાસના દરમિયાન દેવ-ગુરુ-ધર્મનો કોઈ પ્રકારે અવિનય ન થઈ જાય, તેની ખાસ કાળજી રાખવી. અહીં દેવમાં મંત્રદેવતા તથા ગુરુમાં મંત્રદાતા ગુરુ પણ સમજી લેવા.

આ સૂચનાઓનો અમલ કરનાર ઉપાસનામાં ઝડપથી આગળ વધી શકશે અને તે સત્વર સાધ્યની સમીપે પહોંચી જશે, એમ કહીએ તો અનુચિત નથી.

[ ૧૪ ]

# પ્રાતઃકાલીન ક્રિયા

અર્હં મંત્ર અને તેની ઉપાસના સંબંધી જે જાણવા જેવું હતું, તે અમે બીજાથી તેરમા પ્રકરણ સુધીમાં વિગતવાર જણાવી ગયા છીએ અને એ રીતે જ્ઞાનનો અધિકાર પૂરો કર્યો છે. જેને અર્હં મંત્રની ઉપાસના કરવી છે, તેને માટે આટલું જ્ઞાન પૂરતું છે, એમ અમે માનીએ છીએ. હવે ક્રિયાનો અધિકાર શરુ થાય છે, તેમાં ઉપાસાનાને લગતી બધી ક્રિયાઓનું ક્રમશઃ વર્ણન–વિવેચન કરવામાં આવશે.

જાણેલું અમલમાં મૂકવું, એનું નામ ક્રિયા છે. જે જાણે છે ઘણું, પણ તેને અમલમાં મૂકતો નથી, તેની સ્થિતિ આંખે દેખતા પંગુ જેવી છે. પંગુ આંખથી બધું જોઇ શકે છે, પણ ચાલીને ક્યાંઇ જઇ શકતો નથી, એટલે તે ઇષ્ટ સ્થાને પહોંચી શકતો નથી. તે રીતે જે મનુષ્ય શાસ્ત્રો, સિદ્ધાંતો તથા બીજું પણ ઘણું જાણે છે, પણ તે અંગે

કરવા યોગ્ય આરાધના, ઉપાસના કે ક્રિયા કરતો નથી, તે સાધ્ય સમીપે પહોંચી શકતો નથી, પછી તેના જીવનની સાર્થકતા શી? જ્ઞાની ભગવંતોએ ફરી ફરીને કહ્યું છે કે જે મનુષ્યભવ પામીને યોગ્ય આરાધના-ઉપાસના દ્વારા મુક્તિ, મોક્ષ કે નિર્વાણની પ્રાપ્તિ કરે છે, તેનું જ જીવ્યું સાર્થક છે. બાકી પેટ ભરીને દિવસો પૂરા કરવા એમાં કંઈ મહત્ત્વ નથી. એવું તો કાગડા-કૂતરા પણ ક્યાં નથી કરતા?

અર્હં મંત્રની ઉપાસનાદ્વારા મુક્તિ, મોક્ષ કે નિર્વાણ-પ્રાપ્તિનું ધ્યેય પૂર્ણ કરી શકાય છે, એ વાત અમે પૂર્વે કહી ગયા છીએ અને અહીં પ્રસંગવશાત્ ફરી પણ કહીએ છીએ. અહીં કોઇ એમ કહેતું હોય કે 'મુક્તિ-મોક્ષ-નિર્વાણ પ્રાપ્ત કરવા યોગ્ય છે, પણ પ્રથમ અમને કેટલીક સાંસારિક ઉપાધિઓમાંથી મુક્ત થવા દો, પછી તે માટે પ્રયાસ-પ્રયત્ન-પુરુષાર્થ કરીશું.' તો એ બંધુને અમે જણાવવા ઇચ્છીએ છીએ કે સંસારનું સ્વરૂપ જ એવું છે કે એક ઉપાધિ જાય અને બીજી આવે. એ રીતે તેનું આગમન-નિર્ગમન થયા જ કરે. જો સંપૂર્ણ ઉપાધિરહિત અવસ્થા પ્રાપ્ત થયા પછી જ મુક્તિ-મોક્ષ-નિર્વાણ સંબંધી પ્રયાસ કરવાનું રાખીએ તો સંભવ છે કે એ પ્રયાસ કરવાનો વખત જ આવે નહિ. એ સ્થિતિ પ્રાપ્ત થાય ક્યારે અને આપણે પ્રયાસ કરીએ ક્યારે?

પાનાચંદ શેઠ ત્રાજવા, કાટલા તથા તપેલી લઇ રબારીવાડે ઘી લેવા ગયા. ત્યાં તપેલીનો ધડો કરવા માટે

ઈંટ-પત્થર જેવી વસ્તુ શોધવા લાગ્યા, પણ એવું કંઈ મળ્યું નહિ; એટલે નજીકમાં રહેલા ખાબોચિયા પાસે પહોંચ્યા અને તેમાંથી થોડા દેડકા પકડી પોતાની ફાંટમાં લઇ આવ્યા. પછી તેમણે તપેલીનો ઘડો કરવા સામેના ત્રાજવામાં ત્રણ દેડકા મૂકયા, પણ તપેલીવાળું પલ્લું નીચું નમ્યું, એટલે એક નવો દેડકો ફાંટમાંથી કાઢયો અને તેને સામેના ત્રાજવામાં મૂકયો, પણ ત્યાં તેમાંના બે દેડકા કૂદીને નાસી ગયા.

પાનાચંદ શેઠ એ બે દેડકાને પકડી લાવ્યા, પણ ત્યાં ત્રાજવામાં રહેલા બાકીના બે દેડકા નાસી છૂટયા. આથી તેમણે ફાંટમાંથી બે નવા દેડકા કાઢયા. ત્યાં પકડી લાવેલા બે દેડકા કૂદીને ભાગ્યા. આમ પાનાચંદ શેઠે ઘણી મથામણ કરી, પણ દેડકા વડે તપેલીનો ઘડો થયો નહિ. આખરે કોઈ રબારીએ ઈંટ-પત્થરના ટુકડા લાવી આપ્યા, ત્યારે તપેલીનો ઘડો થયો અને તેઓ ઘી જોખી શકયા.

સંસારની સ્થિતિ બરાબર આવી છે. લગ્ન કર્યું, ઘર માંડયું, પણ ધંધાનું ઠેકાણું નહિ. ઘણા પ્રયત્ને ધંધો ચાલવા લાગ્યો, ત્યાં પુત્રાદિ પરિવારની વૃદ્ધિ થઇ અને તે સાજા-માંદા રહેવા લાગ્યા, એટલે ખર્ચ વધી ગયો, તેથી ધંધો વધારવાની કે નવો શોધવાની જરૂર ઊભી થઇ. પ્રયાસ કરીને એ પણ મેળવ્યો, ત્યાં પુત્ર-પુત્રીઓને શિક્ષણ આપવાનો પ્રશ્ન આવ્યો. તેમાં ધારેલી શાળામાં સહેલાઇથી પ્રવેશ મળે નહિ, એટલે લાગવગ લગાવવી પડી અને તે માટે દોડાદોડી કરવી પડી. એ બધું કર્યું અને પુત્ર-પુત્રીઓનું

શિક્ષણ શરૂ થયું, તો બે બરાબર ભણે અને ત્રીજાને વિદ્યા ચડે જ નહિ. તે માટે વૈદ્ય–હકીમ, ડોક્ટરને પૂછયું, જોશીઓને પૂછયું અને ભૂવા–ભગતને સાધ્યા, પણ કંઈ દહાડો વળ્યો નહિ. એવામાં એક સંતતિનો વધારો થયો અને એકને માંદગી આવી. પત્ની પણ બિમાર પડી અને ધંધામાં મંદી આવી. સંસારનું ચક્ર આ રીતે ચાલ્યા જ કરવાનું, તેમાં ઉપાધિરહિત અવસ્થા આવે કયારે ? એવામાં કાલદેવની સ્વારી આવી પહોંચી અને મૃત્યુડંકો વાગવા માંડયો તો આરાધના–ઉપાસના એના ઠેકાણે રહેવાની અને ચોરાશીના ચક્કરમાં પીસાવાનો વખત આવવાનો !

તાત્પર્ય કે આવું કંઇ ન બને તે માટે અર્હં મંત્રનો મહિમા સાંભળી–વિચારીને તથા તેના પ્રભાવથી પરિચિત થઈને તેની ઉપાસના વહેલી તકે શરૂ કરી દેવી ઘટે. આ ઉપાસના વ્યવસ્થિતપણે આગળ વધતાં બધી ઉપાધિઓ–આપત્તિઓ–મુશ્કેલીઓ–મુંઝવણો અદૃશ્ય થવા લાગે છે અને જોતજોતામાં તે નામશેષ થઇ જાય છે. આ વસ્તુમાં પાઠકોએ પૂરો વિશ્વાસ રાખવો.

આ ઉપાસના અંગે સહુ પ્રથમ પ્રાતઃકાલીન ક્રિયા કરવાની છે. તેનો સવિસ્તર વિધિ અમે અહીં રજૂ કરીએ છીએ.

(૧) રાત્રિ ચાર ઘડી બાકી રહે, ત્યારે નિદ્રાનો ત્યાગ કરવો. એક ઘડીની ૨૪ મીનીટ અને ચાર ઘડીની ૯૬ મીનીટ. જો સૂર્યોદયનો સમય સરેરાશ સાડા છ ગણીએ તો આ સમય લગભગ પાંચ વાગ્યાનો આવે.

(૨) નિદ્રાનો ત્યાગ થતાં જ બેઠા થઈ જવું, એટલે કે પલાંઠી વાળીને પથારીમાં બેસવું. પછી બે હાથ ભેગા કરવા અને તેમાં ઉપરની રેખાવડે બીજના ચંદ્રમા જેવી જે આકૃતિ થાય છે, તેને સિદ્ધશિલા માની તેનાં દર્શન કરવા. તે વખતે 'ॐ नमः सिद्धेभ्यः' એવા શબ્દો મનમાં બોલવા અને ભેગા કરેલા હાથ કપાલે અડાવવા.

(૩) તે પછી તરત જ મનમાં નમસ્કારમંત્ર બોલીને પંચપરમેષ્ઠીને નમસ્કાર કરવા અને પલંગ કે શય્યાનો ત્યાગ કરી નીચે આસન પર બેસવું. (૪) એ વખતે પદ્માસન આ-વડતું હોય તો પદ્માસન, નહિ તો સુખાસન ગ્રહણ કરવું અને મેરુદંડ સીધો રાખવો. આ વખતે મુખ ઉત્તર દિશા તરફ રાખવું. દિવસના સમયે પૂર્વ અને ઉત્તર એ બંને દિશાઓ પ્રશસ્ત છે, જ્યારે રાત્રિના ભાગમાં માત્ર ઉત્તરદિશા પ્રશસ્ત છે. (૫) તે પછી નમસ્કારમંત્રનું સાત વાર કમલબંધ સ્મરણ કરવું.

આપણે નમસ્કારમંત્રનાં નવપદો એમને એમ સ્મરી જઈએ અને તેની કમલબંધ કલ્પના કરીને સ્મરીએ, એમાં ઘણો ફરક છે. વધારે સ્પષ્ટ કહીએ તો તેની કમલબંધ કલ્પના કરતાં તે એક પ્રકારનો યંત્ર બને છે, જે ચિત્ત-વૃત્તિઓને એકાગ્ર કરવામાં સહાયભૂત થાય છે. અર્હં મંત્રના ઉપાસક માટે આ વસ્તુ અતિ મહત્ત્વની છે, કારણ કે તેનો ઉપયોગ બીજી પણ ક્રિયાઓમાં કરવાનો છે, તેથી અહીં તેની વિસ્તૃત સમજ આપીશું.

શ્રી હેમચંદ્રાચાર્યે **યોગશાસ્ત્ર**'ના આઠમા પ્રકાશમાં કમલબંધની રીતિ આ પ્રમાણે જણાવેલી છે:

अष्टपत्रे सिताम्भोजे, कर्णिकायां कृतस्थितिम् ।
आद्यं सप्ताक्षरं मन्त्रं, पवित्रं चिन्तयेत्ततः ॥
सिद्धादिकचतुष्कं च, दिक्पत्रे यथाक्रमम् ।
चूलापादचतुष्कं च, विदिक्पत्रेषु चिन्तयेत् ॥

આનો અર્થ એ છે કે 'હૃદયમાં આઠ પાંખડીવાળા શ્વેત કમળની કલ્પના કરવી, પછી તેના મધ્યભાગમાં નમસ્કારનું સાત અક્ષરવાળું પ્રથમ પદ એટલે 'नमो अरिहंताणं' સ્થાપવું. તે પછી ચાર દિશાઓની ચાર પાંખડીઓમાં 'नमो सिद्धाणं' આદિ ચાર પદો સ્થાપવાં અને ચાર દિશાઓની પાંખડીઓમાં ચાર ચૂલાપદો એટલે 'एसो पंच-नमुक्कारो' આદિ ચાર પદો સ્થાપવાં. પછી તેનું અનુક્રમે ચિંતન કરવું.'

પ્રથમ તો એ જાણી લેવાની જરૂર છે કે આ એક પ્રકારની માનસિક ક્રિયા છે, એટલે કે તે માત્ર મનથી કરવાની છે. તેમાં કોઇ સ્થૂલ પદાર્થોનું આલંબન લેવાનું નથી જેનો માનસિક વિકાસ સારા પ્રમાણમાં કે ઠીક ઠીક થયેલો છે, તે આ માનસિક ક્રિયા બરાબર કરી શકે છે અને જેનો માનસિક વિકાસ સામાન્ય છે, તે આ ક્રિયા બરાબર કરી શકતા નથી. અમે મુંબઇમાં ધ્યાનના જે વર્ગો ચલાવ્યા હતા, તેમાં આ વસ્તુ સ્પષ્ટ થઇ હતી. પરંતુ સામાન્ય

મનોવિકાસવાળી વ્યક્તિઓ જો આ પ્રકારનું ચિત્ર વારંવાર જુએ તો આ પ્રકારનું માનસિક ચિત્ર કલ્પી શકે છે. આનો અર્થ એમ સમજવાનો કે તેમણે પ્રથમ આ વસ્તુનો થોડો અભ્યાસ કરી લેવો જોઇએ.

અહીં આઠ પાંખડીનો ખ્યાલ દિશાઓના આધારે અપાયો છે, એટલે પ્રથમ દિશાની વાત સમજી લઇએ. ૪ દિશા, ૪ વિદિશા, ૧ ઊર્ધ્વ અને ૧ અધોઃ આ રીતે દશ દિશાઓની ગણના થાય છે તેમાં ૪ દિશા અને ૪ વિદિશાઓનો પ્રસ્તાર થઇ શકે છે, એટલે કે તે સપાટી પર દર્શાવી શકાય છે. જ્યારે ઊર્ધ્વ અને અધો દિશાનો ખ્યાલ કોઇ ઘન આકૃતિ વડે જ આપી શકાય છે.

ચાર દિશાનો પ્રસ્તાર નીચેની આકૃતિ પ્રમાણે થાય છે.




આ પ્રસ્તાર અમે ભારતવર્ષના–ભારતના નકશાને સામે રાખીને કરેલો છે. તેમાં હિમાલયનો ભાગ ઉત્તરમાં આવે

છે, બંગાળનો ભાગ પૂર્વમાં આવે છે, મદ્રાસ–કોચીનનો ભાગ દક્ષિણમાં આવે છે અને ગુજરાત-સૌરાષ્ટ્રનો ભાગ પશ્ચિમમાં આવે છે. દિશા જાણવાની સામાન્ય રીતિ એ છે કે સૂર્યોદય થાય તે પૂર્વ દિશા, સૂર્ય અસ્ત પામે તે પશ્ચિમ દિશા, જેના તરફ ધ્રુવનો તારો હોય તે ઉત્તર દિશા અને તેની સામેની દિશા તે દક્ષિણ દિશા.

દિશાઓનો ઉપર્યુક્ત પ્રસ્તાર માન્ય રાખતાં વિદિશાઓનો પ્રસ્તાર નીચેની આકૃતિ પ્રમાણે થાય છે:




આ રીતે આસામનો ભાગ ઈશાન વિદિશા કે ઈશાન ખૂણામાં આવે છે, બંગાળના ઉપસાગરનો ભાગ અગ્નિ ખૂણામાં આવે છે, અરબ્બી સમુદ્રનો ભાગ નૈઋર્ત્ય ખૂણામાં આવે છે અને સરહદનો પ્રદેશ કે જે આજે પાકિસ્તાનમાં અંતર્ગત છે, તે વાયવ્ય દિશામાં આવે છે.

આ દિશા–વિદિશાનો પ્રસ્તાર સાથે કરતાં, તેની આકૃતિ નીચે મુજબ બને છે :




તેના પર જે આંક લખ્યા છે, તે નમસ્કારમંત્રપદનો ક્રમ સૂચવે છે.

આ રીતે કેન્દ્રમાં ' नमो अरिहंताणं ' પદ ચિંતવવાનું છે, તેના મથાળે ઉત્તર દિશાના સ્થાને ' नमो सिद्धाणं ' પદ ચિંતવવાનું છે, તે પછી જમણા હાથે પૂર્વ દિશાના સ્થાને ' नमो आयरियाणं ' પદ ચિંતવવાનું છે, તે પછી નીચે દક્ષિણના સ્થાને ' नमो उवज्झायाणं ' પદ ચિંતવવાનું છે અને તે પછી ડાબા હાથે પશ્ચિમ દિશાના સ્થાને ' नमो लोए सव्वसाहूणं ' પદ ચિંતવવાનું છે.

ત્યાર પછી ઈશાન દિશાના સ્થાને ' एसो पंच-नमुक्कारो ' પદ ચિંતવવાનું છે, અગ્નિદિશાના સ્થાને ' सव्व पावप्पणासणो ' પદ ચિંતવવાનું છે, નૈઋત્ય દિશાના સ્થાને ' मंगलाणं च सव्वेसिं ' પદ ચિંતવવાનું છે અને વાયવ્ય

દિશાના સ્થાને 'पढमं हवइ मंगलं' પદ ચિંતવવાનું છે. થોડા અભ્યાસે આ વસ્તુ સિદ્ધ થઈ શકે એવી છે.

શ્વેતરંગ શાંતિ–શુદ્ધિ માટે ઇષ્ટ હોઈ અહીં આઠ શ્વેત પાંખડીવાળા કમલની ભલામણ થયેલી છે.

આમાં રંગ અને આકૃતિનો ઉમેરો થતાં તે એક ઘણો મહત્ત્વપૂર્ણ ધ્યાનયંત્ર બને છે, જેનું વર્ણન આગળ પર આવશે.

(૬) આ રીતે નમસ્કારમંત્રનું સાત વાર કમલબંધ સ્મરણ કર્યા પછી ઉપાસકે પોતાના અંતરમાં શ્વેતવર્ણ-વિભૂષિત અરિહંત પરમાત્માને ચિંતવી તેમને 'ॐ ह्रीँ अर्हँ नमः' એ મંત્રપદો વડે ત્રણ વાર વંદના કરવી. આ મંત્રપદો પ્રકટપણે ન બોલતાં માત્ર મનથી જ બોલવાં.

(૭) તે પછી અંતરમાં મંત્રદાતા ગુરુનું ધ્યાન ધરીને તેમને નીચે પ્રમાણે ત્રણ વંદના કરવી :

**ॐ सद्‌गुरुभ्यो नमः ।**
**ॐ परमगुरुभ्यो नमः ।**
**ॐ परंपरगुरुभ्यो नमः ।**

આ બધી ક્રિયા સ્વસ્થ ચિત્તે કરવાની છે. તેમાં જરાયે ઉતાવળ ન થાય કે અસ્થિરતા ન આવે તે ઉપાસકે ખાસ જોવાનું છે.

(૮) તે પછી લોગસ્સસૂત્રનો પૂરો પાઠ ત્રણ વાર ભણવો, તે આ પ્રમાણે :

## લોગસ્સસૂત્ર

### મૂલપાઠ

लोगस्स उज्जोअगरे, धम्मतित्थयरे जिणे ।
अरिहंते कित्तइस्सं, चउवीसंपि केवली ॥ १ ॥
उसभमजिअं च वंदे, संभवमभिणंदणं च सुमइं च ।
पउमप्पहं सुपासं, जिणं च चंदप्पहं वंदे ॥ २ ॥
सुविहिं च पुप्फदंतं, सीअल सिज्जंस वासुपुज्जं च ।
विमलमणंतं च जिणं, धम्मं संतिं च वंदामि ॥ ३ ॥
कुंथुं अरं च मल्लिं, वंदे मुणिसुव्वयं नमिजिणं च ।
वंदामि रिट्ठनेमिं, पासं तह वद्धमाणं च ॥ ४ ॥
एवं मए अभिथुआ, विहुय-रय-मला पहीण-जरमरणा ।
चउवीसं पि जिणवरा, तित्थयरा मे पसीयंतु ॥ ५ ॥
कित्तिय-वंदिय-महिया, जे ए लोगस्स उत्तमा सिद्धा ।
आरुग्ग-बोहिलाभं, समाहिवरमुत्तमं दिंतु ॥ ६ ॥
चंदेसु निम्मलयरा, आइच्चेसु अहियं पयासयरा ।
सागरवरगंभीरा, सिद्धा सिद्धिं मम दिसंतु ॥ ७ ॥

ચોવીશ અરિહંત પરમાત્માની સ્તુતિ-સ્તવનારૂપ આ પાઠ ખૂબ શુદ્ધિ અને ભાવપૂર્વક ધીમે ધીમે મનમાં બોલવો.

આ સૂત્ર ઘણું અર્થગંભીર છે. તે અંગે અમે '**લોગસ્સમહાસૂત્ર યાને જૈન ધર્મનો ભક્તિવાદ**' નામનો

ખાસ ગ્રંથ રચેલો છે, તે આ મંત્રના ઉપાસકે અવશ્ય જોઈ જવો અને તે સાથે '**નમસ્કારમંત્રસિદ્ધિ**' ગ્રંથનું પણ અધ્યયન કરી લેવું, જેથી આ ગ્રંથને સમજવામાં ઘણી સરલતા પડશે.

(૯) આ બધી ક્રિયા કરતાં લગભગ અર્ધો કલાક થશે. તે પછી પોતાના નિત્યનિયમ અનુસાર 'રાઈયપડિક્કમણ' કે 'સામાયિક'ની ક્રિયા કરવી અથવા તો અર્હં મંત્રનો જપ કરવો. એક કલાકમાં તેની ૨૦ થી ૨૫ માલા સરલતાથી ગણી શકાશે, એટલે કે તેમાં ૨૦૦૦ થી ૨૫૦૦ જેટલા જપ થઈ શકશે.

તે પછી પોતાના નિત્યકર્મમાં પ્રવર્તવું.

## પ્રશ્નોત્તરી

પ્રશ્ન–સવારમાં ઉઠતાંની સાથે સિદ્ધશિલાનાં દર્શન કરવામાં શો હેતુ રહેલો છે?

ઉત્તર–એ રીતે સિદ્ધશિલાનાં દર્શન કરતી વખતે '**ॐ नमः सिद्धेभ्यः**' એવું પદ પણ બોલવાનું હોય છે. તેનો અર્થ એ છે કે 'હું સિદ્ધશિલા પર બિરાજી રહેલા અનંત સિદ્ધ ભગવંતોને વંદના કરું છું.' આ રીતે વંદના કરતાં આપણને મુક્તિ–મોક્ષ–નિર્વાણનું સ્મરણ થાય છે કે જે આપણી મંત્રોપાસનાનો મુખ્ય હેતુ છે. તાત્પર્ય કે આપણા ધ્યેયનું સતત સ્મરણ રહે અને અનંત સિદ્ધ ભગવંતોની વંદના વડે આપણા જીવનમાં પવિત્રતાનો પૂર્ણ સંચાર થાય, એ હેતુથી આ ક્રિયા કરવામાં આવે છે.

પ્રશ્ન–સૂવાના સ્થાનમાં પૂરતો પ્રકાશ ન હોય અને ઉઠતાંની સાથે સિદ્ધશિલાનાં સ્પષ્ટ દર્શન ન થઈ શકે તો શું કરવું ?

ઉત્તર–આ સ્થિતિમાં હાથ જોડીને સિદ્ધશિલાની ભાવના કરવી. '' ૐ નમઃ સિદ્ધેભ્યઃ ' પદ બોલવામાં તથા બંને હાથ કપાળે અડાડવામાં તો કંઈ મુશ્કેલી છે જ નહિ.

પ્રશ્ન–તે પછી તરત પંચપરમેષ્ઠીને નમસ્કાર કરવાનું પ્રયોજન શું ?

ઉત્તર–સવારમાં ઉઠીને તરત પંચપરમેષ્ઠીને નમસ્કાર કરવો, એ આપણો આચાર છે. વળી દરેક માંગલિક પ્રસંગના પ્રારંભે પંચપરમેષ્ઠીનું સ્મરણ કરવું, એવો શાસ્ત્રીય આદેશ છે અને અહીં મંત્રોપાસનાનો માંગલિક પ્રસંગ છે, તેથી સિદ્ધશિલાનાં દર્શન પછી તરત જ પંચપરમેષ્ઠીને નમસ્કાર કરવામાં આવે છે.

પ્રશ્ન–નમસ્કારનું કમલબંધ સ્મરણ કરતાં ન આવડે તો શું કરવું ?

ઉત્તર–નમસ્કારનું કમલબંધ સ્મરણ થોડા અભ્યાસથી જ કરતાં આવડે એવું છે, એટલે તે મંત્રોપાસના શરુ કરતાં પહેલાં શીખી લેવું. તે મંત્રદાતા ગુરુ, કોઈ પણ સાધુ મુનિરાજ, જ્ઞાની ગૃહસ્થ કે પાઠશાલાના શિક્ષક પાસેથી શીખી શકાય એમ છે.

પ્રશ્ન–નમસ્કારનું સાત વાર કમલબંધ સ્મરણ ન કરતાં ચાલુ ધોરણે સ્મરણ કરીએ તો વિધિભંગ થયો ગણાય ?

ઉત્તર–ઉપાસનામાં જે ક્રિયા જે પ્રકારે કરવાની કહી હોય, તે પ્રકારે જ કરવી જોઈએ; અન્યથા વિધિભંગનો દોષ જરૂર લાગે. જો ક્રિયા પરત્વે મનસ્વિતા દાખવીએ તો ધાર્યું પરિણામ ન આવે, એ પણ સમજી લેવાનું છે. એક મિષ્ટાન્ન ખાંડની ચાસણીથી બનતું હોય, તેને ગોળની ચાસણીથી બનાવવા જાઓ, તો એ મિષ્ટાનનું સ્વરૂપ બદલાઈ જાય છે અને તેના સ્વાદમાં પણ ઘણો ફરક પડી જાય છે. અથવા એક રસાયણ બનાવતી વખતે તેમાં જે વસ્તુઓ જેટલા પ્રમાણમાં નાખવાની હોય, તે તેટલા પ્રમાણમાં જ નાખવી જોઈએ. જો તે ઓછીવત્તી નાખીએ તો એ રસાયણ બની શકે જ નહિ.

પ્રશ્ન–નમસ્કારમંત્રનું સ્મરણ કરતાં અરિહંત પરમાત્માને વંદના થઈ જાય છે, છતાં તેમને ફરી વંદના કરવાનું કારણ શું ?

ઉત્તર–નમસ્કારમંત્રનું સ્મરણ કરતાં અરિહંત પરમાત્માને પરમેષ્ઠી તરીકે વંદના થાય છે, પરંતુ ત્યાર પછી મંત્રદેવતાને વંદના કરવાનો વિધિ છે. અહીં મંત્રદેવતા અરિહંત પરમાત્મા છે, તેથી તેમને મૂલમંત્ર વડે ત્રણ વાર વંદના કરવામાં આવે છે.

પ્રશ્ન–મંત્રદેવતા કોને કહેવાય ?

ઉત્તર–મંત્રની મૂલભૂત શક્તિને મંત્રદેવતા કહેવાય. દરેક મંત્રમાં એક વિશિષ્ટ શક્તિ હોય છે, તેને આપણે

મંત્રની મૂલભૂત શક્તિ સમજવી. મંત્રના અક્ષરો એ મંત્ર-દેવતાનો સ્થૂલ દેહ છે.

પ્રશ્ન—મંત્રની યથાર્થ ઉપાસના થતાં મંત્રદેવતા પ્રકટ થઈ દર્શન આપે છે, તેમ અર્હં મંત્રની યથાર્થ ઉપાસના થતાં અરિહંત પરમાત્મા પ્રકટ થઈ દર્શન આપે છે ખરા?

ઉત્તર—મંત્રની યથાર્થ ઉપાસના થતાં મંત્રચૈતન્ય જાગૃત થાય છે અને તેથી મંત્રદેવતાના પ્રત્યયો જુદી જુદી રીતે થવા લાગે છે. કોઈવાર તે સાક્ષાત્ દર્શન દે છે, તો કોઈ વાર સ્વપ્નમાં દર્શન દે છે. વળી કોઈ વાર તે પુષ્પ-સંચાર વડે પોતાની પ્રતીતિ કરાવે છે, તો કોઈ વાર કાર્ય-સિદ્ધિ દ્વારાજ પોતાની હસ્તીનું પ્રમાણ આપે છે. આ રીતે અર્હં મંત્રની યથાર્થ ઉપાસના થતાં અરિહંત પરમાત્માનાં જુદાં જુદાં સ્વરૂપે દર્શન થવા લાગે છે અને તેમાં સ્નાત્રા-ભિષેક સમયનાં દર્શન અવશ્ય થાય છે. ઈષ્ટ કાર્યસિદ્ધિ એ તેમનો સહુથી મોટો પ્રત્યય છે.

પ્રશ્ન—મંત્રદાતા ગુરુને ત્રણ વંદના કરવાની આવશ્ય-કતા શી?

ઉત્તર—મંત્રદાતા ગુરુ પ્રત્યે દિલમાં જાગેલી ભક્તિ યથાર્થપણે જળવાઈ રહે તે માટે તેમને પ્રાતઃકાલમાં જ ત્રણ વંદના કરવામાં આવે છે. આ વંદનાથી ગુરુકૃપા પણ પ્રાપ્ત થાય છે.

પ્રશ્ન—અહીં લોગસ્સસૂત્રનો પૂરો પાઠ ત્રણ વાર બોલવાનો હેતુ શો છે?

ઉત્તર—પ્રાતઃકાલમાં મંત્રદેવતાને વંદના કરવી જોઈએ, તેમ તેમની સ્તુતિ-સ્તવના પણ કરવી જોઈએ, તેથી લોગસ્સસૂત્રનો પૂરો પાઠ ત્રણ વાર બોલવામાં આવે છે. આ પાઠમાં અરિહંત પરમાત્માની સ્તુતિ-સ્તવના રહેલી છે. આ સ્તુતિ-સ્તવનાનો ભાવ હૃદયમાં સ્થિર કરવા માટે તેની ત્રણ આવૃત્તિ આવશ્યક છે.

પ્રશ્ન—આ પ્રાતઃકાલીન ક્રિયા કોઈ વાર ચૂકી જવાય તો?

ઉત્તર—આ પ્રાતઃકાલીન ક્રિયા નિત્ય-નિયમિત કરતાં તેનો એટલો મહાવરો પડી જાય છે કે તે કદી ચૂકાય જ નહિ. કોઈ અસાધારણ સંયોગો ઊભા થતાં તે છોડવી પડે, તો તે માટે મંત્રદેવતાની ક્ષમા માગવી અને મંત્રદાતા ગુરુ પાસેથી તેનું પ્રાયશ્ચિત્ત ગ્રહણ કરવું.

[ ૧૫ ]

# ભૂતશુદ્ધિ અને પ્રાણાયામ

નિત્યકર્મથી પરવાર્યા પછી ઉપાસક વિધિપૂર્વક સ્નાન કરે, યોગ્ય વેશભૂષા ધારણ કરે અને અરિહંત પરમાત્માની સેવાપૂજા કરવાનો નિત્યનિયમ હોય તો તે પ્રમાણે અરિહંત પરમાત્માની સેવાપૂજા કરે. તે પછી નજીકમાં મંત્રદાતા ગુરુ કે ગુરુ બિરાજતા હોય તો ત્યાં જઈ તેમને વિધિપૂર્વક વંદન કરે, તેમની સુખશાતા પૂછે અને ત્યાંથી ઉપાસના-સ્થાને આવી ઉપાસનામાં પ્રવૃત્ત થાય. આ સામાન્ય માર્ગદર્શક સૂચના છે, એટલે તેમાં અનુકૂલતા મુજબ કોઈ વસ્તુ આગળ-પાછળ કરવાની જરૂર પડે તો કરી શકાય છે.

અહીં એટલી સ્પષ્ટતા કરવી યોગ્ય ગણાશે કે દેવ, ગુરુ અને ધર્મ પ્રત્યેની અનન્ય શ્રદ્ધા એ ઉપાસકનું ખાસ લક્ષણ મનાયું છે, એટલે તેમાં કોઈ જાતની ખામી ન આવે, તે ઉપાસકે અવશ્ય જોવાનું છે.

આ મંત્રોપાસનાનાં મુખ્ય અંગો વંદન, પૂજન, સ્તોત્ર,

જપ અને ધ્યાન છે. તે ઉપાસકે શ્રદ્ધા, શુદ્ધિ અને વિધિનું ધોરણ સાચવીને પ્રતિદિન પ્રશસ્ત ભાવે કરવાનાં છે. મંત્રસિદ્ધિનો મુખ્ય આધાર આ પાંચ ક્રિયાઓ પર રહેલો છે, એમ કહીએ તો અનુચિત નથી. આ સિવાય બીજી પણ કેટલીક ક્રિયાઓ ઉપાસનામાં કરવી પડે છે, પણ તે ગૌણ કે સહાયક ક્રિયાઓ છે. આમ છતાં તેમનું મહત્ત્વ જરાયે ઓછું આંકવાનું નથી, કારણકે તેમની સહાય વિના મુખ્ય ક્રિયાઓ યથાર્થપણે થઈ શકતી નથી. ભૂતશુદ્ધિ અને પ્રાણાયામ એ આ પ્રકારની ક્રિયાઓ છે. તેમનો વિગતવાર પરિચય આ પ્રકરણમાં આપવામાં આવ્યો છે.

ઉપાસના સ્થાને આવીને ઉપાસકે પ્રથમ શું કરવું? તે અમે ઓગણીશમા પ્રકરણમાં વિગતથી દર્શાવ્યું છે. તે પછી ઉપાસકે આસનસ્થ થવાનું છે અને પ્રારંભમાં જ આ બે ક્રિયાઓ કરવાની છે.

આ ક્રિયાઓને પ્રારંભમાં કરવાનું કારણ એ છે કે તે શરીર અને મનને સ્વસ્થ બનાવવામાં સારી એવી સહાય કરે છે અને તેથી વંદન-પૂજન આદિ ક્રિયાઓ યથાર્થપણે થઈ શકે છે. મંત્ર-તંત્રાદિ શાસ્ત્રોમાં આ બંને ક્રિયાઓના ઉલ્લેખો થયેલા છે અને તેનો અનુભવ લેતાં ઘણી ફાયદાકારક જણાઈ છે.

'**ભૂતશુદ્ધિ**' એટલે ભૂતોને લગતી શુદ્ધિ. અહીં ભૂતોથી પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ અને આકાશ, એ પાંચ ભૂતો સમજવા. આપણું શરીર આ પંચભૂતોથી બનેલું છે,

તેથી જ તે પંચભૂતના પૂતળા તરીકે ઓળખાય છે. આ પંચભૂતને પંચતત્ત્વ પણ કહેવામાં આવે છે.

આયુર્વેદની દૃષ્ટિએ આપણું શરીર રસ, શોણિત (લોહી), મજ્જા, મેદ, માંસ, અસ્થિ (હાડકાં) અને શુક્ર (વીર્ય), એ સાત ધાતુનું બનેલું છે અને આધુનિક શરીરવિજ્ઞાનની દૃષ્ટિએ તે જુદા જુદા અનેક પદાર્થોથી બનેલું છે. દરેક શાસ્ત્રને પોતાની વિશિષ્ટ દૃષ્ટિ હોય છે અને તે અનુસાર તે વિવક્ષિત વસ્તુનું વર્ણન-વિવેચન કરે છે, એટલે અહીં તેની સરખામણીને અવકાશ નથી. આપણા યોગ-મંત્ર-તંત્રશાસ્ત્રોએ પંચભૂતની પરિભાષા નિર્માણ કરેલી છે અને અહીં આપણે તેને અનુસરીને જ ચાલવાનું છે.

(૧) આપણા શરીરમાં હાડકાં, માંસપિંડ વગેરે કઠિન પદાર્થો છે, તે પૃથ્વીભૂત કે પૃથ્વીતત્ત્વનું પરિણામ છે.

(૨) આપણા શરીરમાં લોહી, થુંક, પરસેવો, પેશાબ વગેરે પ્રવાહી પદાર્થો છે, તે જલભૂત કે જલતત્ત્વનું પરિણામ છે.

(૩) આપણા શરીરમાં ઉષ્ણતા એટલે ગરમી રહેલી છે, તે અગ્નિભૂત કે અગ્નિતત્ત્વનું પરિણામ છે. નાભિના મૂળમાં તેનું પ્રમાણ વિશેષ હોય છે તંદુરસ્ત મનુષ્યના શરીરમાં તેનું પ્રમાણ ૯૮-૯૮ ૧/૨ ડીગ્રી જેટલું હોય છે અને રોગાવસ્થામાં તેનું પ્રમાણ ઓછું-વતું થાય છે, જે થર્માંમિટર વડે માપી શકાય છે.

આપણા શરીરમાં અગ્નિભૂત કે અગ્નિતત્ત્વ હોવાને લીધેજ આપણને ભૂખ–તરશ લાગે છે, ગ્રહણ કરેલા આહારનું પાચન થાય છે અને તેમાંથી રસાદિ ધાતુઓ બને છે. જો આપણા શરીરમાં અગ્નિભૂત કે અગ્નિતત્ત્વ ન હોય તો આમાંની કોઈ ક્રિયા બની શકે નહિ.

(૪) આપણા શરીરમાં વાયુ પ્રસરેલો છે અને શ્વાસ-પ્રશ્વાસની ક્રિયા વડે તેનું નિરંતર આગમન–નિર્ગમન થયા કરે છે, તે વાયુભૂત કે વાયુતત્ત્વનું પરિણામ છે.

(૫) આપણું શરીર લોખંડ કે લાકડા જેવું નક્કર નથી. તેમાં અનેક જગાએ પોલાણ છે, અવકાશ છે, તે આકાશભૂત કે આકાશતત્ત્વનું પરિણામ છે.

આપણું શરીર–આપણો દેહ પંચભૂતથી ઉત્પન્ન થયો છે, એટલે તે ભૌતિક કહેવાય છે. પંચભૂત સ્વભાવે જડ હોવાથી આપણો દેહ પણ સ્વભાવે જડ છે, પરંતુ તે ચૈતન્ય રૂપી પુરુષના અવસ્થાનની ભૂમિ હોવાથી સચેતન બનેલો છે. અન્ય શબ્દોમાં કહીએ તો જ્યાં સુધી આપણા દેહમાં ચેતના–ચૈતન્ય–જીવ–આત્મા રહે છે, ત્યાં સુધી તે જીવંત કહેવાય છે અને જ્યારે તેમાંથી જીવ કે આત્મા ચાલ્યો જાય છે, ત્યારે તે મડદું બની જાય છે. એ વખતે આપણને ભૌતિક દેહના નિર્જીવ અને જડ સ્વભાવનો પૂરો ખ્યાલ આવે છે. જે દેહનું જીવતાં હજારો ઉપાયો વડે લાલન–પાલન થતું, તે જ દેહ જીવરહિત કે આત્મારહિત થયા પછી તેને અગ્નિ વડે ભસ્મીભૂત કરી નાખવામાં આવે છે કે

જમીનમાં દાટી દેવામાં આવે છે કે જલપ્રવાહમાં તણાવા દઈને કે બીજી રીતે તેનો નાશ કરવામાં આવે છે. આ રીતે જીવ અને જડ એટલે શરીરની જુદાઈ જાણવી, એ અધ્યાત્મજ્ઞાનનો પાયો ગણાય છે.

પંચભૂત શુદ્ધ હોય, ત્યારે આપણું શરીર સ્વસ્થ રહે છે અને તેમાં કંઈ અશુદ્ધિ કે બગાડ થાય, ત્યારે તેમાં રોગની ઉત્પત્તિ થાય છે; તેથી આપણા શરીરને સ્વસ્થ રાખવું હોય તો ભૂતશુદ્ધિની જરૂર પડે છે. તે માટે જે ખાસ ક્રિયા નિર્માણ થઈ છે, તેને આપણે ભૂતશુદ્ધિની ક્રિયા કે ભૂતશુદ્ધિ તરીકે ઓળખવાની છે.

આપણા ઋષિ–મુનિઓ વેધક વૈજ્ઞાનિક દૃષ્ટિ ધરાવતા હતા, એ વાત અમે પૂર્વે કહી ગયા છીએ. તેમણે આ પાંચભૂતોનાં મંત્રબીજો શોધી કાઢયાં છે, જેની બે પરંપરા આજે પ્રચલિત છે. તેમાંથી[૧] એક પરંપરાને લોકપરંપરા અને બીજી પરંપરાને જૈન પરંપરા સમજવાની છે.

| ભૂત કે તત્ત્વ | લોકપરંપરા | જૈનપરંપરા |
|---|---|---|
| ૧ પૃથ્વીભૂત કે પૃથ્વીતત્ત્વ | लं | क्षि |
| ૨ જલભૂત કે જલતત્ત્વ | वं | प |
| ૩ અગ્નિભૂત કે અગ્નિતત્ત્વ | रं | ॐ |
| ૪ વાયુભૂત કે વાયુતત્ત્વ | यं | स्वा |
| ૫ આકાશભૂત કે આકાશતત્ત્વ | हं | हा |

૧. લોકપરંપરા અને જૈન પરંપરા એવા ભેદ પાડવાની કોઈ જરૂર નથી. જૈન પરંપરામાં બંને જાતના બીજોને સ્થાન મળેલું છે. **ય. દે.**

લોકપરંપરા અનુસાર ભૂતશુદ્ધિની જે ક્રિયા થાય છે, તે પ્રમાણમાં લાંબી છે અને કંઈક અટપટી પણ છે, જ્યારે જૈનપરંપરા અનુસાર ભૂતશુદ્ધિની જે ક્રિયા થાય છે, તે ટૂંકી અને સરલ છે. તેમાંથી અહીં જૈનપરંપરા અનુસાર થતી ભૂતશુદ્ધિની ક્રિયાનું વર્ણન-વિવેચન પ્રસ્તુત છે.

જૈન પરંપરા અનુસાર ભૂતશુદ્ધિની ક્રિયાનું ખાસ રહસ્ય તેના મંત્રબીજોના વર્ણ અને ધારણાસ્થાનમાં રહેલું છે, તેથી પ્રથમ તેનાથી પરિચિત થઈએ.

| મંત્રબીજ | વર્ણ | સ્થાન |
|---|---|---|
| પૃથ્વીબીજ–क्षि | પીત | બંને જાનુ (સાથળ) |
| જલબીજ–प | શ્વેત | નાભિ |
| અગ્નિબીજ–ॐ | રક્ત | હૃદય |
| વાયુબીજ–स्वा | નીલ | મુખ ઉપર (હોઠ) |
| આકાશબીજ–हा | શ્યામ | મસ્તકનો ઉપરનો શિખાનો ભાગ |

આ ક્રિયા કરવાની રીત એવી છે કે પ્રથમ પલાંઠી-વાળીને બેસવું. એ વખતે મેરુદંડ સીધો રાખવો, મસ્તક ટટ્ટાર રાખવું અને આંખો અર્ધી મીંચેલી કે બંધ રાખવી. તે પછી બંને સાથળો પર પીત એટલે પીળા રંગનો क्षि ચિંતવવો. તે પછી નાભિ પર શ્વેત એટલે ધોળા રંગનો प ચિંતવવો. તે પછી હૃદયસ્થાને રક્ત એટલે રાતા રંગનો ॐ ચિંતવવો. તે પછી મુખ માટે હોઠ પર નીલ એટલે

આછા વાદળી રંગનો સ્વા ચિંતવવો અને તે પછી મસ્તકના ઉપરના ભાગમાં શ્યામ એટલે કાળા રંગનો હ્રા ચિંતવવો. આ રીતે સાથળથી શરૂ કરીને મસ્તકના ઉપરના ભાગમાં જવાની ક્રિયાને આરોહક્રિયા સમજવી. તે પછી અવરોહ–ક્રિયા શરૂ કરવી, એટલે કે મસ્તકના ઉપરના ભાગમાં કાળા રંગનો હ્રા ચિંતવવો, મુખ ઉપર[૧] હોઠ પર આછા વાદળી રંગનો સ્વા ચિંતવવો, હૃદયસ્થાને રાતા રંગનો ૐ ચિંતવવો, નાભિ પર ધોળા રંગનો પ ચિંતવવો અને બંને જાનુ (સાથળો) પર પીળા રંગનો ક્ષિ ચિંતવવો.

આ રીતે આરોહ અને અવરોહની ક્રિયાને એક આવર્ત સમજવો. અહીં આવા ત્રણ આવર્તો કરવા જરૂરી છે.

આમાં વિશેષ સમજવાનું એટલું છે કે જે અક્ષરનું ચિંતન કરીએ, તે અક્ષર બરાબર દેખાવો જોઈએ અને તેનો રંગ પણ બરાબર ઉઠવો જોઈએ. જો અક્ષરની આકૃતિપૂર્વક આવા ત્રણ આવર્તો બરાબર થાય નહિ કે રંગ બરાબર ઉઠે નહિ તો આ ક્રિયા બરાબર થઈ ગણાય નહિ. વળી જે અક્ષરનું ચિંતન ચાલતું હોય, તેનો ધ્વનિ કોઈ ન સાંભળે એ રીતે કંઠ અને હોઠની વચ્ચે ચાલવો જોઈએ. આ બધું અભ્યાસસાધ્ય છે, એટલે કે તે થોડા અભ્યાસે સિદ્ધ થઈ શકે એવું છે.

---

૧. વાસ્તવિક રીતે માત્ર હોઠ ઉપર જ નહિં પણ આજુ-બાજુના ભાગ પણ આવરી લઈને હસ્તાંગુલનોસ્પર્શ કરી શકાય તો વધુ યોગ્ય છે.

પૃથ્વીનો રંગ સામાન્ય રીતે પીળો મનાયો છે, એટલે ક્ષિ બીજને પીળા[1] રંગનું ચિંતવવાનું છે અને પૃથ્વીભૂતનું મુખ્ય સ્થાન બંને પગો છે, એટલે બંને જાનુ (સાથળો)માં તેની ધારણા કરવાની છે.

જલનો રંગ સામાન્ય રીતે ધોળો મનાયો છે, એટલે પ બીજને ધોળા રંગે ચિંતવવાનું છે અને જલભૂતનું મુખ્ય સ્થાન નાભિ અને તેની આસપાસનો પ્રદેશ હોઈ નાભિ પર તેની ધારણા કરવાની છે.

અગ્નિનો રંગ સામાન્ય રીતે લાલ મનાયો છે, એટલે ૐ બીજને લાલ રંગે ચિંતવવાનું છે અને અગ્નિભૂતનું મુખ્ય સ્થાન જઠરની નીચેનો ભાગ મનાયો છે, તેથી તેની હૃદયસ્થાને ધારણા કરવાની છે.

વાયુનો રંગ સામાન્ય રીતે આછો વાદળી મનાયો છે, એટલે સ્વા બીજને વાદળી રંગે ચિંતવવાનું છે અને વાયુ-ભૂતનું મુખ્ય સ્થાન નાસિકા તથા હોઠનો ભાગ મનાયો છે, એટલે બંને હોઠ પર તેની ધારણ કરવાની છે.

આકાશનો રંગ સામાન્ય રીતે શ્યામ એટલે કાળો મનાયો છે, એટલે હા બીજને કાળા રંગે ચિંતવવાનું છે અને આકાશભૂતનું મુખ્ય સ્થાન મસ્તક મનાયેલું છે, એટલે તેના ઉપરના ભાગમાં તેની ધારણા કરવાની છે.

---

૧. શરીરનાં પંચાગોમાં એક પ્રકાર એવો છે કે પંચપરમેષ્ઠીની તે તે રંગ મુજબ સ્થાપના કરવામાં આવે છે. આ બાબત વિશેષ ગુરુગમથી સમજવી.

મંત્રબીજોના રંગો ચમકદાર દેખાય, ત્યારે તે કાર્ય-સાધક બને છે, એટલે દરેક રંગ ચમકદાર ચિંતવવાનો છે. આજે રંગચિકિત્સાશાસ્ત્ર અસ્તિત્વમાં આવ્યું છે અને તે જુદા જુદા રંગોવાળા પાણી કે પ્રકાશનો ઉપયોગ કરીને મનુષ્યના રોગો મટાડે છે, એટલે રંગનો પ્રભાવ આપણા શરીર પર પડે છે, એ વાત નિશ્ચિત છે અને એ દૃષ્ટિએ આ ભૂતશુદ્ધિની ક્રિયાનું મહત્ત્વ ઘણું વધી જાય છે.

જો ભૂતશુદ્ધિની ક્રિયા રોજ નિયમાનુસાર કરવામાં આવે તો તેનાથી આરોગ્ય બરાબર જળવાઈ રહે છે અને તેથી ઉપાસના અસ્ખલિત ગતિએ કરી શકાય છે. અમે છેલ્લાં પંદર–વીશ વર્ષથી આ ક્રિયાનો અનુભવ લઈ રહ્યા છીએ અને પરિણામે આ નિર્ણય પર આવેલા છીએ.

ભૂતશુદ્ધિ પછીનું સ્થાન પ્રાણાયામને અપાયેલું છે, તે મનને શુદ્ધ અને સ્થિર કરવામાં સહાયભૂત થાય છે, એવો અભિપ્રાય યોગવિશારદો અને મંત્ર–તંત્ર–વિશારદોએ આપેલો છે અને ધર્મશાસ્ત્રોએ તેનો સ્વીકાર કરેલો છે. યોગનાં સુપ્રસિદ્ધ આઠ અંગોમાં ચોથું સ્થાન પ્રાણાયામને અપાયેલું છે, તે એની મહત્તા સૂચવે છે. પાઠકમિત્રોની જાણ માટે યોગનાં એ આઠ અંગોનાં નામ અહીં રજૂ કરીએ છીએ : (૧) યમ, (૨) નિયમ, (૩) આસન, (૪) **પ્રાણાયામ**, (૫) પ્રત્યાહાર, (૬) ધારણા, (૭) ધ્યાન અને (૮) સમાધિ.

**પ્રાણ** એટલે શ્વાસોચ્છ્વાસ, તેને લગતો જે આયામ–

પ્રયાસવિશેષ, તે પ્રાણાયામ. તાત્પર્ય કે શ્વાસ-પ્રશ્વાસની જે સ્વાભાવિક ગતિ છે, તેમાં પરિવર્તન કરીને પૂરક, કુંભક તથા રેચકની ક્રિયા કરવી, તેનું નામ પ્રાણાયામ છે.

બહારથી વાયુનું આકર્ષણ કરીને તેને શરીરની અંદર પૂરવો, તે 'પૂરક' નામની ક્રિયા છે; અંદર ખેંચાયેલા વાયુને જલથી ભરેલા કુંભ એટલે ઘડાની માફક ધારણ કરી રાખવો, તે 'કુંભક' નામની ક્રિયા છે; અને ધારણ કરેલા વાયુને ધીમે ધીમે બહાર કાઢવો, તે 'રેચક' નામની ક્રિયા છે.

આ પ્રાણાયામની ક્રિયાનો ઘણો વિકાસ થયેલો છે અને તેના અનેક પ્રકારો અસ્તિત્વમાં આવેલા છે, જેમકે-(૧) સ્વાભાવિક, (૨) અનુલોમ-વિલોમ, (૩) સૂર્યભેદન, (૪) ચંદ્રભેદન, (૫) ઉજ્જાયી, (૬) સીત્કારી, (૭) શીતલી, (૮) ભસ્મિકા, (૯) ભ્રામરી, (૧૦) મૂર્છા, (૧૧) પ્લાવિની વગેરે. તેમાં પહેલો અને બીજો પ્રકાર વધારે સરલ છે અને ઉપાસકે મુખ્યત્વે તેનો જ ઉપયોગ કરવાનો છે.

અહીં એટલી સ્પષ્ટતા કરી દઈએ કે પ્રાણાયામના અન્ય પ્રકારો સદ્‌ગુરુ કે કોઈ અનુભવી પુરુષ પાસેથી બરાબર શીખી લીધા પછી જ તેનો પ્રયોગ કરવા જેવો છે, નહિ તો વાયુની ગતિનો વ્યુત્ક્રમ થઈ જતાં હેડકી, શ્વાસ, ખાંસી, માથાનો દુઃખાવો, કાનનો દુઃખાવો, આંખનો દુખાવો વગેરે રોગો થવાનો સંભવ છે.

આપણે સામાન્ય રીતે જે પ્રમાણે શ્વાસ લઈએ છીએ, તે પ્રમાણે ઊંડો શ્વાસ લેવો, તેને ઉદરમાં થોડી વાર રોકી

રાખવો અને પછી ધીમે ધીમે છોડવો, તેને સ્વાભાવિક પ્રાણાયામ કહેવામાં આવે છે. આજકાલ જેને ઊંડોશ્વાસ ( Deep breathing ) કહેવામાં આવે છે, તે લગભગ આના જેવી જ ક્રિયા છે, પણ તેમાં તફાવત એટલો છે કે શ્વાસને ઉદરમાં રોકી રાખવામાં આવતો નથી. યોગ-શાસ્ત્રની પરિભાષામાં કહીએ તો તેમાં પૂરક અને રેચકની ક્રિયાઓ હોય છે, પણ કુંભકની ક્રિયા હોતી નથી કે જે શરીરને રોગરહિત બનાવવામાં તથા મનને સ્થિર બનાવવામાં અતિ અગત્યનો ભાગ ભજવે છે.

અનુલોમ-વિલોમ પ્રાણાયામનો વિધિ એવો છે કે—

(૧) પ્રસન્ન મન વડે, (૧) શુદ્ધ વાયુવાળા સ્થાનમાં, (૨) પવિત્ર ભૂમિ પર, (૩) પવિત્ર આસન પર, (૪) પદ્માસને (૫) પૂર્વાભિમુખ (૬) બેસવું.

(પરંતુ ઉપાસના ઉત્તરાભિમુખથી થતી હોય તો તે પ્રમાણે બેસવું અને પદ્માસન અનુકૂલ ન હોય તો સુખાસને બેસવું.)

(૨) પછી સદ્‌ગુરુને ત્રણ પ્રણામ કરવા.

(૩) પછી જમણા હાથના અંગૂઠા વડે જમણું નસકોરૂં અને ટચલી આંગળી વડે ડાબું નસકોરું બંધ કરવું.

(૪) પછી અંગૂઠો ઉઠાવી લઇને જમણા નસકોરા દ્વારા વાયુને થોડો બહાર કાઢવો અને તે પછી અંગૂઠાથી તે નસકોરું બંધ કરી ટચલી આંગળી ઉઠાવી લઈ ડાબા નસકોરા વડે શ્વાસ અંદર ખેંચવો.

(૫) તે પછી કુંભક કરવો.

(૬) પછી અંગૂઠો ઉઠાવી લઇને જમણા નસકોરાંથી શ્વાસ ધીમે ધીમે બહાર કાઢવો.

(૭) પછી ઉલટા ક્રમે આ ક્રિયા કરવી, એટલે અનુલોમ-વિલોમ નામનો પ્રાણાયામ થયો ગણાય.

(૮) આ પ્રાણામયામાં પૂરક વખતે ૧૬ ૐકાર, કુંભક વખતે ૬૪ ૐકાર અને રેચક વખતે ૩૨ ૐકાર મનમાં બોલવા.

(૯) જો આટલું શકય ન હોય તો તેનું પ્રમાણ અર્ધું કરવું, એટલે કે ૮ ૐકાર બોલીને પૂરક કરવો, ૩૨ ૐકાર બોલીને કુંભક કરવો અને ૧૬ ૐકાર બોલીને રેચક કરવો.

(૧૦) કોઈ ઉપાસક પ્રાથમિક અવસ્થામાં કદાચ આના પણ અર્ધા પ્રમાણથી ક્રિયા કરે તો હરકત નથી, પણ તેણે જેમ બને તેમ મૂલ નિયમમાં આવી જવાનો પ્રયત્ન કરવો.

(૧૧) જો પ્રારંભમાં ૐકાર ગણવાનું શકય ન લાગતું હોય તો તેના સ્થાને ૧, ૨, ૩ આ પ્રમાણે અંકો ગણવા અને તેનો અભ્યાસ થયા પછી ૐકાર ગણવા.

પ્રાણાયામથી વાયુનો નિગ્રહ થઇ શકે છે અને વાયુનો નિગ્રહ થતાં મન પર જલ્દી કાબૂ આવી શકે છે, તેથી પ્રાણાયામનો અભ્યાસ કરવાનો છે. પૂરક-કુંભક-રેચકની એક આવૃત્તિ, એ રીતે છ આવૃત્તિથી તેની શરૂઆત કરીને અનુક્રમે સોળ આવૃત્તિ સુધી પહોંચવાનું છે.

અહીં એટલી સૂચના આવશ્યક છે કે જ્યારે ૐકાર બોલીને પૂરક કરતા હોઈએ, ત્યારે એમ ચિંતવવું જોઇએ કે આ ૐકાર શબ્દથી પ્રકટ થતા પંચપરમેષ્ઠીના પવિત્ર ભાવો મારી અંદર દાખલ કરી રહ્યો છું, ૐકાર બોલીને કુંભક કરતી વખતે એમ ચિંતવવું કે હવે પંચપરમેષ્ઠિના ભાવો મારા અંતઃકરણમાં સ્થિર થઇ રહ્યા છે અને ૐકાર બોલીને રેચક કરતી વખતે એમ ચિંતવવું કે ૐકારરૂપ પંચપરમેષ્ઠીની સહાયથી મારા અંતઃકરણમાં ભરાઇ રહેલા અપવિત્ર–અશુદ્ધ ભાવોને હું બહાર કાઢી રહ્યો છું. આ ચિંતન સબલ બનતાં માનસિક શુદ્ધિ સારા પ્રમાણમાં થશે.

પ્રાણાયામની બાબતમાં અમારો અનુભવ એવો છે કે જેઓ નિત્ય–નિયમિત ષોડશ એટલે સોળ પ્રાણાયામ કરે છે, તેમનું આરોગ્ય બરાબર જળવાઇ રહે છે, તેમની સ્મરણશક્તિ સતેજ રહે છે અને તેમને ખાંસી, દમ, રક્તચાપ (બ્લડપ્રેશર), મધુમેહ ( ડાયાબીટીસ ) અને હૃદયરોગ ( હાર્ટડીઝીઝ) જેવા રોગો લાગુ પડતા નથી. વળી તેઓ કેન્સર જેવા જીવલેણ વ્યાધિથી પણ બચી શકે છે.

ટૂંકમાં ઉપાસકે ભૂતશુદ્ધિ અને પ્રાણાયામ વડે શરીર તથા મનને સ્વસ્થ બનાવી આગળ વધવાનું છે.

[ ૧૬ ]

## સકલીકરણ

ભૂતશુદ્ધિ અને પ્રાણાયામ જેટલી જ કે તેથી પણ વધારે મહત્ત્વની ક્રિયા સકલીકરણની છે, કારણ કે તે કર્યા પછી જ મંત્રદેવતાની પૂજાનો અધિકાર પ્રાપ્ત થાય છે. તે ક્રિયા પ્રાણાયામ પછી તરત જ કરવાની હોય છે, તેથી તેનું વર્ણન-વિવેચન અહીં પ્રસ્તુત છે.

સકલીકરણ શબ્દ કેટલાકને નવો લાગશે, પણ વાસ્તવમાં એ નવો નથી. એ શબ્દ આજથી સેંકડો વર્ષ પહેલાં આપણા બહુશ્રુત મંત્રવિશારદ મહર્ષિઓએ ઊંડા વિચાર પછી યોજેલો છે અને અર્થગૌરવથી યુક્ત છે, એટલે કે ઘણો ઊંડો અર્થ ધરાવે છે.

જે અસકલ એટલે અપૂર્ણ હોય, તેને સકલ એટલે પૂર્ણ બનાવનારી ક્રિયા તે સકલીકરણ. આ તેની ભાષાના ધોરણે વ્યાખ્યા થઈ, પરંતુ તેનું રહસ્ય તો મંત્રસંપ્રદાયને અનુસરવાથી જ મળી શકે એમ છે. મંત્રસંપ્રદાય એમ

માને છે કે મંત્રોપાસનામાં મંત્રદેવતાનું પૂજન એક અતિ મહત્ત્વની ક્રિયા છે, એટલે તે એવા શરીર વડે થવી જોઈએ કે જે સકલ હોય, પૂર્ણ હોય, દિવ્યતાને ધારણ કરનારું હોય; પરંતુ શરીરની આવી અવસ્થા માત્ર સ્નાન કે ભૂત-શુદ્ધિથી સંપન્ન થઈ શકતી નથી, અન્ય શબ્દોમાં કહીએ તો સ્નાનથી શરીરની બાહ્ય શુદ્ધિ થાય છે અને ભૂત-શુદ્ધિથી શરીરની અમુક પ્રમાણમાં અભ્યંતર શુદ્ધિ થાય છે, પણ તેમાં જે અસકલતા છે, અપૂર્ણતા છે, દિવ્યતાનો અભાવ છે, એ તો એવો ને એવો જ રહે છે, એટલે તેને સકલ, પૂર્ણ કે દિવ્યતાયુક્ત કરવા માટે એક ખાસ ક્રિયાની જરૂર રહે છે કે જેનો સંકેત સકલીકરણ તરીકે થયેલો છે. તાત્પર્ય કે સકલીકરણ એ દિવ્યતા સંપાદન કરવાની વિશિષ્ટ ક્રિયા છે.

'દિવ્યતા શી રીતે સંપાદન થાય?' એનો ઉત્તર એ છે કે દેવતા અને તેના મંત્રો–મંત્રબીજો દિવ્ય ભાવોથી યુક્ત હોવાને લીધે તેમની આપણા શરીરના વિવિધ ભાગો પર સ્થાપના કરવામાં આવે તો દિવ્યતા સંપાદન થઈ શકે છે.'

અહીં કોઈ એમ કહેતું હોય કે 'દેવતા તો દિવ્ય ભાવોથી યુક્ત હોય છે, પણ મંત્રો કે મંત્રબીજોને દિવ્ય ભાવોથી યુક્ત શી રીતે માનવા?' તો મંત્ર કે મંત્રબીજો એક પ્રકારની વિશિષ્ટ શક્તિથી યુક્ત હોય છે અને તે શક્તિ ભૌતિક નહિ, પણ દૈવી હોય છે, એટલે તેને દિવ્ય ભાવોથી યુક્ત સમજવા–માનવા ઘટે છે.

શ્રી ગોપાલસ્વામી કે જેઓ થોડાં વર્ષો પહેલાં જ સમાધિસ્થ થયા છે, તેમણે આજથી લગભગ વીશેક વર્ષો પહેલાં દિલ્લીના બીરલા હાઉસની અગાશીમાં લોકસભાના અનેક જાણીતા સભ્યો સમક્ષ મંત્રપ્રયોગવડે ઇંટ–માટીના ઢેખાળાનું સાકરના ટુકડાઓમાં પરિવર્તન કર્યું હતું, પાણીનું દૂધમાં પરિવર્તન કર્યું હતું અને એક ત્રાંબાની ચમચીનું સોનાની ચમચીમાં પરિવર્તન કર્યું હતું. તેઓ કંતાનની લંગોટીભેર રહેતા અને સમયનો મોટો ભાગ શ્રીગોપાલની ઉપાસનામાં જ વ્યતીત કરતા, એટલે ચાલાકીનો ત્યાં કોઈ પ્રશ્ન જ ન હતો. તેમણે આ પ્રયોગો કર્યા પછી ત્યાં હાજર રહેલા લોકસભાના સભ્યોને કહ્યું હતું કે 'તમે વિજ્ઞાનવાદી છો, તો વિજ્ઞાનની દૃષ્ટિએ ખુલાસો કરો કે આ બધું શી રીતે બની શકે?' ઉત્તરમાં લોકસભાના સભ્યોએ કહ્યું હતું કે વિજ્ઞાનની દૃષ્ટિએ તો આ બધું અસંભવિત છે, પણ અમે નજરોનજર જોયું છે, એટલે એમ માનવું જ રહ્યું કે આમાં કોઈ દૈવી શક્તિ કામ કરી રહી છે.'

અહીં શક્તિસિદ્ધાંત અંગે થોડું વિવેચન કરી લઈએ, કારણ કે મંત્રોપાસકોએ તે અવશ્ય જાણવા જેવું છે.

કેટલાક આ વિશ્વ, જગત્ કે દુનિયાને માત્ર ચૈતન્ય–શક્તિનો આવિષ્કાર માને છે, તો કેટલાક આ વિશ્વ, જગત્ કે દુનિયાને ભૌતિક શક્તિનું રૂપાંતર માને છે. જો ઊંડા ઉતરીને જોઇએ તો આ બંને માન્યતાઓ ભૂલભરેલી છે.

જો આ વિશ્વ માત્ર ચૈતન્યનો આવિષ્કાર હોય તો તેમાં ભૌતિક કે જડ વસ્તુઓ આવી કયાંથી? એ પ્રશ્ન છે. પત્થર, કાચ, લોઢું, લાકડું એ બધી જડ વસ્તુઓ છે. જો ચૈતન્યનું જડમાં રૂપાંતર થતું હોય તો એક કાળ એવો જરૂર આવે કે જ્યારે આખું વિશ્વ જડ બની જાય અને તેમાં ચૈતન્ય શોધ્યું પણ ન જડે. જો એમ કહેવામાં આવે કે ચૈતન્યનો અમુક ભાગ જડમાં રૂપાંતર પામે છે અને બાકીનો ભાગ તેવો ને તેવો જ રહે છે, તો ચૈતન્ય બે પ્રકારનું થયું: એક પોતાનું મૂલ સ્વરૂપ જાળવી રાખનારું અને બીજું જડમાં રૂપાંતર પામનારું. પણ એમ માનવા જતાં એક અને અદ્વિતીયનો સિદ્ધાંત ટડડભૂસ થાય એમ છે. તાત્પર્ય કે આ જગત્ માત્ર ચૈતન્યશક્તિના આવિષ્કાર રૂપ નથી.

જો આ વિશ્વ માત્ર ભૌતિક શક્તિનું રૂપાંતર હોય તો તેમાં ચૈતન્ય કયાંથી આવ્યું? એ પ્રશ્ન છે. જો અહીં એમ કહેવામાં આવે કે કેટલાક ભૌતિક પદાર્થોના વિશિષ્ટ સંયોજનથી ચૈતન્ય ઉત્પન્ન થાય છે, તો એ વસ્તુ હજી સુધી કોઈ પુરવાર કરી શકયું નથી. જે વસ્તુ હજી સુધી પુરવાર થઈ શકી ન હોય, તેના આધારે સિદ્ધાંત સ્થાપવો, એ રેતીના ઢગલા પર મહેલ બાંધવા જેવી અર્થહીન વસ્તુ છે.

આજે કેટલાક વૈજ્ઞાનિકો મનુષ્યના શરીરમાં બેસાડવા માટે આંખ, નાક, કાન, હાથ, પગ વગેરે બનાવે છે, પણ

તે જડ હોય છે. તેની જીવંત અંગ સાથે કોઇ પણ રીતે તુલના થઈ શકે એમ નથી. એ વસ્તુઓ ગમે તેટલી કુશળતાથી બનાવી હોય, તો પણ જોનારને તરત જ ખબર પડી જાય છે કે આ વસ્તુઓ બનાવટી છે, ખોટી છે.

આજના કેટલાક વૈજ્ઞાનિકોએ પોતાના દીર્ઘ ચિંતન, મનન અને અનુભવ પરથી એ વસ્તુ કબૂલ કરી છે કે આ વિશ્વ માત્ર ભૌતિક શક્તિનું રૂપાંતર નથી, પણ તેમાં ચૈતન્ય જેવી એક સ્વતંત્ર વસ્તુ પણ છે. તેને માન્યા વિના આ વિશ્વના અનેકવિધ રહસ્યોનો ખુલાસો થઈ શકે એમ નથી. અમે આવા કેટલાક અભિપ્રાયોની નોંધ અમારા '**જીવવિચારપ્રવેશિકા યાને જૈન ધર્મનું પ્રાણી-વિજ્ઞાન**' નામના ગ્રંથમાં કરેલી છે. તાત્પર્ય કે આ વિશ્વમાં ચૈતન્ય શક્તિ અને ભૌતિક શક્તિ એમ બે પ્રકારની શક્તિઓ કામ કરી રહેલી છે. આ વિશ્વને ચૈતન્ય અને જડના સંયોગરૂપ માન્યા વિના તેનો કોઈ બુદ્ધિગમ્ય ખુલાસો નથી.

ચૈતન્યશક્તિ આત્મ તત્ત્વમાંથી ઉત્પન્ન થયેલી છે, એટલે તે આધ્યાત્મિક ગણાય છે. તેનો પ્રભાવ અપરિમિત છે, અપાર છે. વધારે સ્પષ્ટ કહીએ તો એ વાણીથી વ્યક્ત થઇ શકે એવો નથી. જ્યારે ભૌતિક શક્તિ પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ અને આકાશ એ પાંચ ભૂતના સંયોજન-વિસર્જનમાંથી ઉત્પન્ન થાય છે, એટલે તે જડ મનાયેલી

છે. તેનો પ્રભાવ પરિમિત છે અને વાણીથી વર્ણવી શકાય એવો છે.

આ હકીકત આજથી હજારો વર્ષ પહેલાં આપણા ઋષિ-મુનિઓના ખ્યાલમાં આવી હતી, એટલે તેમણે ચૈતન્ય શક્તિના વિકાસ પર વિશેષ ધ્યાન આપ્યું હતું અને તે માટે કેટલાંક સાધનો નિર્માણ કરી તેના વડે અદ્ભુત-આશ્ચર્યકારી કાર્યો કરી બતાવ્યાં હતાં. આ સાધનો પૈકી એક સાધન મંત્રોપાસના છે કે જે દૈવી શક્તિ પ્રકટાવવા માટે સમર્થ મનાયેલું છે.

કેટલાક એમ માને છે કે મંત્રોપાસનામાં મુખ્યત્વે જપ કરવો પડે છે, તેથી શબ્દનું એક પ્રકારનું આંદોલન થાય છે અને તે શક્તિનું સ્વરૂપ ધારણ કરતાં ઇષ્ટ કાર્યની સિદ્ધિ થાય છે.* પરંતુ આ માન્યતા સુધારવા જેવી છે, કારણ કે શબ્દના આંદોલનથી ઉત્પન્ન થતી શકિત એક પ્રકારની ભૌતિક શક્તિ છે, એટલે તે ધાર્યું કાર્ય કરવા સમર્થ નથી. ભૌતિક શક્તિ તો અમુક પ્રકારે જ પોતાનું કાર્ય કરે છે, તેમાં વિકલ્પને સ્થાન હોતું નથી. દાખલા તરીકે એક યંત્ર હાથનાં મોજાં બનાવતું હોય તો હાથનાં મોજાં જ બનાવ્યાં કરે, તે વિકલ્પે પગનાં મોજાં, કાનટોપી, મફલર આદિ બનાવી શકે નહિ. બંદુકમાંથી છૂટેલી ગોળી અમુકને મારે અને અમુકને ન મારે, એવું

---

* પ્રથમ અમે પણ આમ જ માનતા હતા, પણ વિશેષ ચિંતન-મનન-અનુભવ પછી એ માન્યતામાં સુધારો થયો છે,

બને નહિ. એ તો જે કોઈ એનું નિશાન બને તેને મારી નાખે. એટલે ભૌતિક શક્તિથી અમુક પ્રકારનાં કાર્યો અમુક રીતે થાય છે, પણ ઈચ્છા મુજબનાં કાર્યો થઈ શકતાં નથી; જ્યારે મંત્રોપાસનાથી ઉત્પન્ન થતી શક્તિ વડે ઈચ્છા મુજબનાં કાર્યો થઈ શકે છે, એટલે તેને એક પ્રકારની આધ્યાત્મિક કે દૈવી શક્તિ જ માનવી જોઈએ.

મંત્રપાઠ બોલો કે ઈચ્છા મુજબ પુષ્પોમાં ગતિ આવે, તે અમુક રીતે ગોઠવાઈ જાય કે ચાલવા માંડે અથવા તો તરત જ કરમાઈ જાય, તેમાં ભૌતિક શક્તિની કલ્પના શી રીતે કરવી? આવું તો દૈવી શક્તિથી જ બની શકે. અમે આ બધા પ્રયોગો નજરે નિહાળેલા છે, તેથી મંત્ર કે મંત્રબીજોમાંથી ઉત્પન્ન થતી શક્તિને દૈવી માનેલી છે, દિવ્યતાયુક્ત માનેલી છે.

સકલીકરણની ક્રિયા મુખ્યત્વે ન્યાસથી સંપન્ન થાય છે. ન્યાસ એટલે મંત્રદેવતા, મંત્ર, મંત્રપદો કે મંત્રબીજોની શરીરના અંતર્બાહ્ય કોઈ પણ ભાગ પર સ્થાપના. તે અંગે એક મંત્રવિશારદ મહાનુભાવે જણાવ્યું છે કે 'આ સ્થૂલ શરીરમાં અપવિત્રતાનું સામ્રાજ્ય છે, તેથી તેને દેવપૂજા[1]નો અધિકાર ત્યાં સુધી મળતો નથી કે જ્યાં સુધી તે શુદ્ધ અને દિવ્ય બની ન જાય. જ્યાં સુધી તેની અપવિત્રતા ચાલુ રહે છે, ત્યાં સુધી તેના સ્પર્શ અને સ્મરણથી ચિત્તમાં ગ્લાનિનો ઉદય થાય છે. ગ્લાનિયુક્ત ચિત્ત

---

૧ देवो भूत्वा देवं यजेत् ।

પ્રસાદ અને ભાવોદ્રેકથી શૂન્ય હોય છે. વિક્ષેપ અને અવસાદથી આક્રાન્ત હોવાને લીધે તે વારંવાર પ્રમાદ અને તંદ્રાથી અભિભૂત થાય છે. એ જ કારણ છે કે તે ન તો એકધારું સ્મરણ કરી શકે છે કે ન તો વિધિવિધાનની સાથે કોઈ પણ કર્મનું સાંગોપાંગ અનુષ્ઠાન કરી શકે છે. આ દોષ મટાડવા માટે ન્યાસ સર્વશ્રેષ્ઠ ઉપાય છે. શરીરના પ્રત્યેક અવયવમાં જે ક્રિયાશક્તિ સુષુપ્ત હોય છે, હૃદયના અંતરાલમાં જે ભાવનાશક્તિ મૂર્ચ્છિત હોય છે, તેને જગાડવા માટે ન્યાસ એ રામબાણ ઔષધિ છે.'

આ પરથી સમજી શકાશે કે મંત્રોપાસનાના ક્ષેત્રમાં ન્યાસનું કેવું અને કેટલું મહત્ત્વ છે. જેમ પ્રાણાયામની ક્રિયા મહત્ત્વની હોવાથી તેના અનેક પ્રકારો અસ્તિત્વમાં આવ્યા છે, તેમ ન્યાસની ક્રિયા પણ મહત્ત્વની હોવાથી તેના અનેક પ્રકારો અસ્તિત્વમાં આવેલા છે. જેમકે—(૧) કરન્યાસ, (૨) અંગન્યાસ કે ષડંગન્યાસ, (૩) ઋષ્યાદિન્યાસ, (૪) માતૃકાન્યાસ, (૫) મંત્રન્યાસ, (૬) દેવતાન્યાસ, (૭) તત્ત્વન્યાસ, (૮) વ્યાપકન્યાસ વગેરે.

આ દરેક ન્યાસને પોતાનું મહત્ત્વ છે અને તેનો ઉપયોગ જુદી જુદી રીતે થાય છે. તેમાંથી કરન્યાસ, અંગન્યાસ, મંત્રન્યાસ અને દેવતાન્યાસ અહીં પ્રસ્તુત હોવાથી તેનો પરિચય કરાવીશું.

**કરન્યાસ**—કર એટલે હાથ; તેને લગતો ન્યાસ તે કરન્યાસ. વધારે સ્પષ્ટ કહીએ તો ડાબા અને જમણા હાથ

પૈકી જમણા હાથની આંગળીઓનાં ટેરવાં પર મંત્રબીજોની સ્થાપના કરવી તેને કરન્યાસ કહેવામાં આવે છે. તે માટે કેટલાક કરતલ એટલે હથેળી અને કરપૃષ્ઠ એટલે હથેળીના પાછળના ભાગને પણ મંત્રબીજોથી વાસિત કરે છે.

તેનો વિધિ એવો છે કે ડાબા હાથની તર્જની આંગળી વડે ત્રણ ત્રણ વાર સ્પર્શ કરીને નીચે પ્રમાણે મંત્ર બીજોની સ્થાપના કરવી.

| | |
|---|---|
| અંગૂઠાના ટેરવા પર | ह्राँ |
| તર્જનીના ટેરવા પર | ह्रीँ |
| મધ્યમાના ટેરવા પર | ह्रूँ |
| અનામિકાના ટેરવા પર | ह्रौँ |
| કનિષ્ઠિકાના ટેરવા પર | ह्रः |

આપણાં બધાં કાર્યો પ્રાય: જમણા હાથથી થાય છે, એટલે પ્રથમ જમણા હાથની આંગળીઓ પર આ રીતે મંત્રબીજોની સ્થાપના કરવામાં આવે છે. આ સ્થાપના માત્ર મંત્રબીજોનું જલ્દી જલ્દી ઉચ્ચારણ કરી જવાથી થતી નથી. તે માટે મનમાં પૂરેપૂરો ભાવ લાવવો જોઇએ અને તે ક્રિયા મધ્યમ ગતિએ એટલે બહુ ઝડપથી પણ નહિ અને બહુ ધીમેથી પણ નહિ એ રીતે કરવી જોઇએ.

---

**ह** ને પ્રાણ નહીં, પણ મહાપ્રાણ તરીકે ઓળખાવેલ છે. આનો અર્થ એ કે એમાંથી ઘણી મોટી શકિત પ્રગટ થાય છે. **ह** એ મંત્રશાસ્ત્રની **ह्रादि** પરંપરાને માન્ય વર્ણ છે. **य. दे.**

હ્ અક્ષરમાં મંત્રશક્તિ ઘણી મનાયેલી છે અને હ્રાઁ હ્રીઁ હ્રૂઁ હ્રૌઁ હ્રઃ આ પાંચ બીજો તેના જ પરિવારના હોઇ અહીં તેનો ઉપયોગ આ રીતે કરવામાં આવે છે. હવે પોતાની આંગળીઓમાં દિવ્યતા આવી છે, એમ માનીને ઉપાસકે ચાલવાનું છે.

**અંગન્યાસ**–અંગ એટલે શરીર, તેને લગતો ન્યાસ તે અંગન્યાસ. તે માટે જૈન પરંપરામાં મસ્તક, મુખ, કંઠ, હૃદય અને નાભિ એ પાંચ અંગો પર ન્યાસ કરવામાં આવે છે, તે આ પ્રમાણે :

(૧) ૐ **नमो अरिहंताणं मस्तके**–આ વખતે હાથની તર્જની, મધ્યમા અને અનામિકા આંગળી જે દિવ્યતા પામી ચૂકી છે, તેના વડે મસ્તકને ત્રણ વાર સ્પર્શ કરતાં આ મંત્ર બોલવો અને ત્યાં હવે શ્વેતવર્ણના અરિહંત ભગવંતની સ્થાપના થઇ છે, એમ સમજવું.

(૨) ૐ **नमो सिद्धाणं मुखे**–ઉપર જણાવેલી ત્રણ આંગળીઓ વડે ત્રણવાર મુખને સ્પર્શ કરતાં આ મંત્ર બોલવો અને ત્યાં હવે રક્તવર્ણના સિદ્ધ ભગવંતની સ્થાપના થઈ થઈ છે, એમ સમજવું.

(૩) ૐ **नमो आयरियाणं कण्ठे**–ઉપર જણાવેલી ત્રણ આંગળીઓ વડે ત્રણ વાર કંઠને સ્પર્શ કરતાં આ મંત્ર બોલવો અને ત્યાં હવે પીળા રંગના આચાર્ય ભગવંતની સ્થાપના થઈ છે, એમ સમજવું.

(૪) ॐ **नमो उवज्झायाणं हृदये**–ઉપર જણાવેલી ત્રણ આંગળીઓ વડે ત્રણ વાર હૃદયને સ્પર્શ કરતાં આ મંત્ર બોલવો અને ત્યાં હવે નીલવર્ણના ઉપાધ્યાય ભગવંતની સ્થાપના થઈ છે, એમ સમજવું.

(૫) ॐ **नमो लोए सव्वसाहूणं नाभौ** –ઉપર જણાવેલી ત્રણ આંગળીઓ વડે ત્રણ વાર નાભિને સ્પર્શ કરતાં આ મંત્ર બોલવો અને હવે ત્યાં શ્યામવર્ણના સાધુ ભગવંતની સ્થાપના થઇ છે, એમ સમજવું *

આ રીતે પોતાના શરીરનાં મુખ્ય પાંચ અંગો પર પંચ પરમેષ્ઠીની સ્થાપના થતાં પોતાનું સમસ્ત શરીર દિવ્ય બન્યું છે, એમ સમજવું.

અન્ય લોકો અહીં ષડંગન્યાસની ક્રિયા નીચે પ્રમાણે કરે છે:–

(१) **ॐ हृदयाय नमः ।**
(२) **ॐ शिरसे स्वाहा ।**
(३) **ॐ शिखायै वषट् ।**
(४) **ॐ कवचाय हुम् ।**
(५) **ॐ नेत्रत्रयाय वौषट् ।**
(६) **ॐ अस्त्राय फट् ।**

આમાં પ્રથમ મંત્રથી હૃદય પર ડાબા હાથથી નમઃ

* આ અંગન્યાસ જુદી રીતે પણ થાય છે, પરંતુ ઘણા વિચાર પછી અમે આ રીતને માન્યતા આપેલી છે.

બીજની સ્થાપના થાય છે, જે શાંતિકર્મનું પ્રતિનિધિત્વ કરનારું છે. બીજા મંત્રથી શિર પર સ્વાહા બીજની સ્થાપના કરવામાં આવે છે, જે વશીકરણનું પ્રતિનિધિત્વ કરનારું છે. ત્રીજા મંત્રથી શિખા પર વષટ્ બીજની સ્થાપના કરવામાં આવે છે, જે સ્તંભનકર્મનું પ્રતિનિધિત્વ કરનારું છે. ચોથા મંત્રથી કવચ એટલે હાથના મધ્ય ભાગ પર હું બીજની સ્થાપના કરવામાં આવે છે, જે ઉચ્ચાટન કર્મનું પ્રતિનિધિત્વ કરનારું છે. પાંચમા મંત્રથી નેત્રત્રય એટલે બે આંખો તથા કપાળના મધ્ય ભાગ પર વૌષટ્ બીજની સ્થાપના કરવામાં આવે છે, જે વિદ્વેષણકર્મનું પ્રતિનિધિત્વ કરનારું છે અને છઠ્ઠો મંત્ર બોલીને તાલી બજાવવામાં આવે છે, જે મારણકર્મનું પ્રતિનિધિત્વ કરે છે. તાત્પર્ય કે આ રીતે ષડંગન્યાસ કરવાથી કોઈ પણ તાંત્રિક પ્રયોગની ઉપાસકના શરીર પર અસર થતી નથી.

આ ન્યાસ ખરી રીતે અંગરક્ષાનો છે, તે જૈન પરંપરામાં જુદી રીતે થાય છે, જે આ જ પ્રકરણમાં આગળ જણાવેલો છે.

**મંત્રન્યાસ**–પૂરામંત્રનો, મંત્રનાં પદોનો કે મંત્રના દરેક અક્ષરનો શરીરનાં અંગો પર ન્યાસ કરવો, તે મંત્રન્યાસ કહેવાય છે. તે અહીં નીચે પ્રમાણે કરવો :

ॐ–આ મંત્ર બીજ મસ્તકના શિખાસ્થાને સ્થાપવું.

ह्रीँ–આ મંત્રબીજ કપાલના મધ્યભાગમાં સ્થાપવું.

अर्हँ–આ મંત્રબીજ હૃદયસ્થાને સ્થાપવું.

નમઃ—આ પદ નાભિ પર સ્થાપવું.

આ ન્યાસથી પોતાનું શરીર મંત્રમય બન્યું છે, એમ સમજવું.

**દેવતાન્યાસ**[1]–શરીરનાં બાહ્ય અભ્યંતર સર્વ અંગોમાં મંત્રદેવતાનો યથાસ્થાન ન્યાસ કરવો, તે દેવતાન્યાસ કહેવાય છે. તેની અનુભૂત રીત એવી છે કે **નવાંગી** પૂજાના સ્થાને **ॐ** अर्हं એ બે બીજોની સ્થાપના કરવી અને ત્યાં અરિહંત ભગવંતની અચિંત્ય શક્તિનો વાસ થઈ રહ્યો છે, એમ ચિંતવવું. કેટલાકને નવાંગી પૂજાનાં સ્થાનોની ખબર નહિ હોય, એટલે અહીં તેનો ક્રમ જણાવીએ છીએ. તે આગળ પણ ઉપયોગી થશે.

૧ જમણો અંગૂઠો તથા ડાબો અંગૂઠો.

૨ જમણો ઢીંચણ તથા ડાબો ઢીંચણ.

૩ હાથનું જમણું કાંડું તથા ડાબું કાંડું.

૪ હાથનો જમણો ખભો તથા ડાબો ખભો.

૫ મસ્તકનો સહુથી ઉપરનો ભાગ કે જે થોડો ઉપસેલો હોય છે.

૬ કપાલ.

૭ કંઠ.

---

૧. અજૈન મન્ત્રગ્રન્થોમાં ન્યાસોનું ખૂબ જ મહત્ત્વ બતાવ્યું છે. એથી એમના અનુષ્ઠાનોમાં દશ–પંદર જાતના ન્યાસોનો વિધિ કરવાની પ્રથા છે. **ચ. દે.**

૮ હૃદય.
૯ નાભિ

આ ન્યાસ પૂર્ણભાવે કરતાં આખું શરીર દિવ્ય બની ગયાનો અનુભવ થાય છે.

ન્યાસ પછી અંગરક્ષાની ક્રિયા નીચે પ્રમાણે કરવામાં આવે છે, તેને પણ સકલીકરણનો જ એક જ ભાગ સમજવો:

સહુથી પ્રથમ મસ્તક પર હાથ મૂકીને કહેવું કે—

**ॐ नमो अरिहंताणं ह्राँ शीर्षं रक्ष रक्ष स्वाहा ।**

પછી મુખ પર હાથ લાવીને કહેવું કે—

**ॐ नमो सिद्धाणं ह्रीँ वदनं रक्ष रक्ष स्वाहा ।**

પછી હૃદય પર હાથ મૂકીને કહેવું કે—

**ॐ नमो आयरियाणं ह्रूँ हृदय रक्ष रक्ष स्वाहा ।**

પછી નાભિ પર હાથ મૂકીને કહેવું કે—

**ॐ नमो उवज्झायाणं ह्रौँ नाभिं रक्ष रक्ष स्वाहा ।**

પછી બંને ઢીંચણ પર હાથ મૂકીને કહેવું કે—

**ॐ नमो लोए सव्वसाहूणं ह्रः पादौ रक्ष रक्ष स्वाहा ।**

અહીં કેટલાક 'આત્મરક્ષા-નમસ્કારસ્તોત્ર'નો પાઠ પણ બોલે છે, જે અમે '**નમસ્કારમંત્રસિદ્ધિ**' નામના અમારા ગ્રંથમાં ભાવાર્થ સાથે બાવીશમા પ્રકરણમાં આપેલો છે. જરૂરવાળાએ ત્યાંથી મેળવી લેવો.

ઉપાસકોએ ન્યાસનો સ્વતંત્ર અભ્યાસ કરવા જેવો છે. તેનાથી ઉપાસનામાં ઘણી સહાય મળવા સંભવ છે.

[ ૧૭ ]

## ષડ્‌નમસ્કાર

ભૂતશુદ્ધિ, પ્રાણાયામ અને સકલીકરણની ક્રિયા પછી ષડ્‌નમસ્કારની ક્રિયા કરવાની છે, એટલે તેનું સ્વરૂપ બરાબરાબર સમજી લેવું જોઈએ. શાસ્ત્રોમાં આ વિધાન સ્પષ્ટાક્ષરે થયેલું નથી, પણ તે શાસ્ત્ર અને અનુભવના આધારે સંકલિત કરવામાં આવ્યું છે અને અમે પોતે છેલ્લાં પંદર–વીશ વર્ષથી તેને નિયમિતપણે કરી રહ્યા છીએ.

ધ્યાનના વર્ગો દરમિયાન આ ક્રિયાનો પ્રભાવ માત્ર બે–ત્રણ દિવસોમાં જ જોવામાં આવ્યો હતો, એટલે એ વર્ગમાં ભાગ લેનારા ભાઈઓ અને બહેનો આશ્ચર્યચકિત થયા હતા અને હવે પછી નમસ્કારની ક્રિયા આ પ્રમાણે જ કરવી, એવા નિર્ણય પર આવ્યા હતા. એ જ્ઞાનાર્થીઓમાં એક વૈષ્ણવ ગ્રેજ્યુએટ પણ હતા. તેઓ આ ક્રિયાથી અતિ પ્રભાવિત થયા હતા અને ધ્યાનના વર્ગના અંતે મળેલી સભામાં તેમણે જણાવ્યું હતું કે ‘નમસ્કારમંત્ર એ જૈના

ધર્મનો પાયો છે, એ વાત તો હું જાણતો હતો, પણ તેની ક્રિયા આટલી રહસ્યમયી અને આટલી ઉપકારક છે, એ તો મેં આ ધ્યાનના વર્ગો દરમિયાન જ જાણ્યું. તે માટે જ્ઞાન–દાતાનો જેટલો ઉપકાર માનું તેટલો ઓછો છે.'

ધાર્મિક શિક્ષણશિબિરોમાં અમે પૂજ્ય આચાર્યો તથા મુનિવરોની નિશ્રામાં આ ષડ્નમસ્કાર અંગે પ્રયોગસહિત વ્યાખ્યાનો આપેલાં છે અને તે પ્રશંસા પામેલાં છે; એટલે આ ષડ્નમસ્કારની ક્રિયા એ શાસ્ત્રીય સુવિહિત ક્રિયા છે, એમ સમજીને ચાલવાનું છે.

શ્રીમાન્ હરિભદ્રસૂરિએ '**લલિતવિસ્તરાચૈત્ય-વંદનાવૃત્તિ**'માં કહ્યું છે કે 'धर्मं प्रति मूलभूता वन्दना' મનુષ્યને ધર્મ પ્રત્યે લઈ જનારી મૂલભૂત ક્રિયા વંદના છે.' તાત્પર્ય કે પ્રથમ નમસ્કારમંત્રનું આપણા જીવનમાં આરોપણ થાય તો તેમાંથી ધર્મરૂપી વૃક્ષ પાંગરે છે અને તેનાં મધુર ફલ તરીકે સર્વોન્નતિ કે અભ્યુદયની પ્રાપ્તિ થાય છે. આ વસ્તુ અમને ખૂબ મહત્ત્વની લાગી અને અમે નમસ્કારના સ્વરૂપ સંબંધી વધારે ચિંતન કરવા લાગ્યા. એમ કરતાં એ જ મહાપુરુષે કહેલા નીચેના શબ્દો અમારા સ્મૃતિપટ પર આવ્યા: 'प्रशस्तकायवाङ्गमनःप्रवृत्तिरिति वन्दनम् ।' આનો અર્થ અમે એ વખતે તો એમ જ સમજ્યા કે કાયા, વાણી અને મનની પવિત્ર ભાવે પ્રવૃત્તિ કરવી, એ સાચું વંદન છે.' અને અમારું કામ ચાલ્યું.

પરંતુ ત્યાર પછી થોડા જ વખતે વિશેષ ચિંતન

કરતાં ખ્યાલ આવ્યો કે આ મહાપુરુષ તો એમ કહે છે કે 'જ્યારે કાયા વડે પ્રશસ્ત પ્રવૃત્તિ થાય, એટલે કે નમવાની ક્રિયા થાય, વાણી વડે પ્રશસ્ત પ્રવૃત્તિ થાય, એટલે કે નમન યોગ્ય શબ્દનું ઉચિતપણે ઉચ્ચારણ થાય અને મન વડે પ્રશસ્ત પ્રવૃત્તિ થાય, એટલે કે તે વખતે મનમાં નમસ્કાર્ય પ્રત્યે પૂજ્યભાવ પ્રકટ થાય, ત્યારે વંદન એટલે નમસ્કારની ક્રિયા સંપન્ન થઈ ગણાય. અને અમારું મસ્તક સહસા તેમના પ્રત્યે ઢળી પડ્યું. અમને નમસ્કારનું સ્વરૂપ સમજવાની ચાવી આપવા બદલ અમે તેમને મનોમન હજારો ધન્યવાદ આપ્યા. પછી તો વાંચેલું-વિચારેલું અમારી મદદે આવ્યું અને અમે અનુક્રમે 'ષડ્નમસ્કાર' સુધી પહોંચ્યા. દરમિયાન અમે આ ક્રિયાને અમારી નિત્યોપાસનામાં સ્થાન આપતાં તેમાં નવો જ ચમકાર આવ્યો, એટલે તેની યથાર્થતા બાબતમાં કોઈ શંકા રહેવા પામી નહિ.

મોક્ષની પ્રાપ્તિ માટે જૈન ધર્મે જ્ઞાન અને ક્રિયા પર ખૂબ જ ભાર મૂકેલો છે, એ તો 'नाण–किरियाहि मोक्खो' 'सम्यग्ज्ञानक्रियाभ्यां मोक्षः' વગેરે સૂત્રો પરથી સ્પષ્ટ છે, પણ આજે જ્ઞાનમાર્ગ વિકલ બન્યો છે અને ક્રિયાની પણ લગભગ તેવી જ સ્થિતિ છે. તે માટે આપણે જેવા અને જેટલા પ્રયાસો કરવા જોઈએ, તે છેલ્લાં કેટલાંક વર્ષોથી કર્યા નથી અને આજે પણ કરતા નથી; વળી તે અંગે જેટલી ચીવટ કે કાળજી દર્શાવવી જોઈએ, તે આપણે દર્શાવી શક્યા નથી. પરિણામે નમસ્કારમંત્ર સહુને ઠીક

પડે તે રીતે બોલાવા લાગ્યો છે અને તે વખતે નમસ્કારની જે ક્રિયા કરવી જોઈએ, તેમાં કશો ઢંગ–ધડો રહ્યો નથી. આ વસ્તુ અમે ખૂબ જ દુભાતા હૃદયે કહી રહ્યા છીએ, પણ તે કહ્યા વિના છૂટકો નથી. જો પરિસ્થિતિ સુધારવી જ હોય, તો વર્તમાન દશાનું સાચું ચિત્ર સર્વ સમાજહિતૈષીઓ આગળ રજૂ કરવું જ રહ્યું.

ધાર્મિક ક્ષેત્રમાં નમસ્કાર જેમ પાયાની વસ્તુ છે, તેમ મંત્રોપાસનાના ક્ષેત્રમાં પણ નમસ્કાર એ પાયાની વસ્તુ છે, એટલે તે યથાર્થપણે થવો જોઈએ. તેમાં જરા પણ બેદરકારી કરીએ કે ઊણપ રાખીએ તો એ નમસ્કાર અધૂરો રહે, અપૂર્ણ રહે અને કાર્યસાધક બની શકે નહિ. અહીં એટલી વાત ખ્યાલમાં રાખવી ઘટે કે નમસ્કારની ક્રિયા જ્યારે કાયા, વાણી અને મન એ ત્રણ પ્રકારે સંયુક્તપણે થતી હોય, ત્યારે જ તે નમસ્કાર પૂર્ણ બને છે, અન્યથા તે અધૂરો કે અપૂર્ણ રહે છે. આનો અર્થ એમ સમજવાનો કે માત્ર કાયાથી થતો નમસ્કાર એ પૂર્ણ નમસ્કાર નથી, માત્ર વાણીથી બોલાતો નમસ્કાર એ પણ પૂર્ણ નમસ્કાર નથી અને માત્ર મનથી કરાતો નમસ્કાર એ પણ પૂર્ણ નમસ્કાર નથી. તાત્પર્ય કે આપણે પૂર્ણ નમસ્કાર કરવો હોય કે જે મંત્રોપાસના માટે અતિ આવશ્યક છે, તો કાયા, વાણી અને મન એ ત્રણેયની પ્રશસ્ત પ્રવૃત્તિ કરવાની તૈયારી રાખવી જોઇએ.

## નમસ્કાર અંગે કાયાની પ્રશસ્ત પ્રવૃત્તિ

(૧) આસન ગ્રહણ કરવું.

(૨) તેના પર પદ્માસને કે સુખાસને બેસવું.

(૩) એ વખતે મેરુદંડ સીધો રાખવો, મસ્તક ટટ્ટાર રાખવું અને ચક્ષુઓ અર્ધ નિમિલિત એટલે અર્ધાં ઉઘાડાં રાખવાં.

(૪) પછી બે હાથ જોડી કમલના ડોડાના આકારની અંજલિ રચવી.

(૫) તે પછી નમસ્કારનું પદ બોલાવા લાગે કે મસ્તકને ધીરે ધીરે નીચું નમાવતાં જવું અને મંત્રપદના છેલ્લા અનુસ્વારનું ગુંજન પૂરું થાય ત્યાં સુધી એ જ હાલતમાં રહેવું. તે પછી ધીરે ધીરે મસ્તક ઊંચું કરી મૂલ હાલતમાં આવી જવું. આ ક્રિયા ઘણી મહત્ત્વની હોઈ, તે બરાબર થાય તે જોવું.

(૬) આ રીતે પાંચ પરમેષ્ઠીને પાંચ નમસ્કાર કરવા.

(૭) તે પછી ચૂલિકાપદો બોલતી વખતે હાથ જોડી રાખવા, પણ મસ્તક નમાવવું નહિ. આ પદો ફલશ્રુતિનાં હોઈ તેના પ્રત્યે આદર દર્શાવવાનો છે, એટલે હાથ જોડી રાખવાના છે, પણ તેમાં નમસ્કારની ક્રિયા નથી, એટલે મસ્તક નમાવવાનું નથી.

## નમસ્કાર અંગે વાણીની પ્રશસ્ત પ્રવૃત્તિ

(૧) નમસ્કારનું દરેક પદ શુદ્ધિ પૂર્વક બોલવું, એટલે કે તેમાં કોઈ અક્ષર આઘો-પાછો કે ઓછો-વત્તો ન થઈ જાય તે જોવું, તેમજ તેમાં હ્રસ્વ-દીર્ઘનો ઉચ્ચાર તથા જોડાક્ષરનો ઉચ્ચાર બરાબર કરવો.

(૨) નમસ્કારનું દરેક પદ મંત્રરૂપ હોઇ તે ઘોષપૂર્વક બોલવું. જ્યારે શબ્દનો ઉચ્ચાર નાભિમાંથી થાય છે, ત્યારે તેમાં ઘોષ આવે છે. ઘોષ થતી વખતે મન તેમાં તલ્લીન બને છે, એટલે તે આડુંઅવળું જતું નથી. ઘોષપૂર્વક બોલાતા મંત્રની વાતાવરણ પર બહુ સારી અસર થાય છે.

(૩) નમસ્કારમંત્રની સંહિતા એટલે ઉચ્ચારણવિધિ નીચે પ્રમાણે સમજવી:

(अ) જેનો ઉચ્ચાર પ્લુત એટલે દીર્ઘથી પણ મોટો કરવાનો છે, તેના પર ३ આવું નિશાન મૂક્યું છે આ ३ એ ત્રણ માત્રાનું સૂચન કરે છે. હ્રસ્વની ૧ માત્રા ગણાય છે, દીર્ઘની ૨ માત્રા ગણાય છે અને પ્લુતની ૩ માત્રા ગણાય છે.

(आ) જેમાં સ્વર લંબાવવાનો છે, તેને આલાપ સમજવો. એ આલાપનું પ્રમાણ બતાવવા આડી લીંટી કરેલી છે.

(इ) મંત્રપદના છેડે લાગેલા અનુસ્વારનું ગુંજન કરવાનું છે, તેનો સમય ˘ આ પ્રકારની ચંદ્રલેખાથી દર્શાવવામાં આવ્યો છે.

(ई) સંયુક્તાક્ષર કે જોડાક્ષરનો ઉચ્ચાર થડકાર પૂર્વક બરાબર થવો જોઇએ, તે માટે તેની નીચે-લીંટી મૂકવામાં આવી છે.

(उ) હ્રસ્વ-દીર્ઘનો ઉચ્ચાર તેના ધોરણે જ કરવાનો છે, એટલે તે માટે કોઈ નિશાન મુકરર કરેલું નથી.

આ નિયમો ત્રણ–ચાર વાર વાંચી બરાબર સમજી લેવાની જરૂર છે, નહિ તો અપેક્ષિત ઉચ્ચારણ થઇ શકશે નહિ. જો આ સંહિતાનો વ્યાપક પ્રચાર થશે તો ગમે તેટલા મોટા સમૂહમાં પણ નમસ્કારમંત્ર એક સરખા સ્વરે ઘોષપૂર્વક બોલી શકાશે અને તેથી વાતાવરણ ભવ્ય બનશે.

## નમસ્કારની સંહિતા

न मो³ अ रि हं ता – णं ˘ ˘ ˘ ।

न मो³ सि द्धा – णं ˘ ˘ ˘ ।

न मो³ आ य रि या – णं ˘ ˘ ˘ ।

न मो³ उ व ज्झा या – णं ˘ ˘ ˘ ।

न मो³ लो ए – स व्व सा हू – णं ˘ ˘ ˘ ।

ए सो – पं च न मु क्का रो ,

स व्व पा व प्प णा स णो ।

म ग ला णं ˘ च स व्वे सिं ˘

प ढ मं ˘ ह व इ मं ˘ ग लं ˘ ˘ ˘ ॥

આનો અર્થ એ છે કે મો અક્ષર ત્રણ માત્રાથી બોલવાનો છે, છેડેની પહેલા અક્ષરના અંતે આવેલા આ સ્વરને જરા આલાપ આપવાનો છે અને અનુસ્વારનું ત્રણ માત્રા જેટલું ગુંજન કરવાનું છે.

આ રીતે બોલવાનો થોડો અભ્યાસ થઈ જાય, પછી તેમાં કંઈ મુશ્કેલી જણાશે નહિ.

## નમસ્કાર કરવા અંગે મનની પ્રશસ્ત પ્રવૃત્તિ

(૧) નમસ્કાર્યનું ચિત્ર સ્મૃતિપટ પર લાવવું. તે માટે આકૃતિ તથા રંગની જરૂર પડે છે, તે નીચે પ્રમાણે ચિંતવવા :

અરિહંત ભગવંતની આકૃતિ પદ્માસનસ્થ શ્વેતરંગની ચિંતવવી, કે જેવી જિનમંદિરોમાં હોય છે. આ આકૃતિ આવા રંગે વારંવાર જોયેલી હોઇ તે સહેલાઇથી સ્મૃતિ પટ પર લાવી શકાય છે. સિદ્ધ ભગવંતની આકૃતિ પદ્માસનસ્થ લાલ રંગની ચિંતવવી. આચાર્ય ભગવંતની આકૃતિ પદ્માસનસ્થ સુવર્ણ રંગની એટલે પીળા રંગની ચિંતવવી, પણ જમણા હાથની મુદ્રા આશીર્વાદ આપતી હોય તેવી ચિંતવવી. ડાબો હાથ ડાબા ઢીંચણ પર રહેલો ચિંતવવો. ઉપાધ્યાય ભગવંતની આકૃતિ સુખાસનસ્થ નીલ રંગની એટલે આછા વાદળી રંગની ચિંતવવી અને મુદ્રા શાસ્ત્રની વાચના આપતા હોય તેવી ચિંતવવી. સાધુ ભગવંતની આકૃતિ સુખાસનસ્થ શ્યામ રંગની ચિંતવવી અને મુદ્રા કાયોત્સર્ગની ચિંતવવી.

(૨) નમસ્કાર્ય પ્રત્યે પરમ પૂજ્યતાનો ભાવ લાવી તેમને અભિમુખ્યતાએ નમસ્કાર કરવો, એટલે કે તેઓ સામે સાક્ષાત્ રહેલા છે, એમ માનીને નમસ્કાર કરવો.

(૩) મનની વૃત્તિઓ એકાગ્ર રાખવી.

આ વસ્તુ સિદ્ધ કરવા માટે નમસ્કારનું મૂલ પદ બોલાયા પછી તરત જ તેનો અર્થ પણ ચિંતવવો કે જે હવે પછીના નમસ્કારના પ્રકારોમાં જણાવેલો છે.

કાયા, વાણી અને મનની પ્રશસ્ત પ્રવૃત્તિથી ખરેખર શું અભિપ્રેત છે, તે અમે અહીં સ્પષ્ટ કર્યું છે અને ઉપાસકોએ તેને બરાબર અવધારી લેવાની છે.

હવે અમે ષડ્નમસ્કારનો ક્રમ જણાવીશું અને તેમાં જે કંઈ સ્પષ્ટતા કરવા જેવી હશે, તે પણ કરીશું.

## ૧-મૂલપદ નમસ્કાર

આમાં નમસ્કારનાં મૂલપદો બોલીને જ ઉપર જણાવેલી વિધિએ નમસ્કાર કરવાનો હોય છે, તે આ પ્રમાણે:

૧ **नमो अरिहंताणं**—હું અરિહંત ભગવંતોને નમસ્કાર કરું છું.

૨ **नमो सिद्धाणं**—હું સિદ્ધ ભગવંતોને નમસ્કાર કરું છું.

૩ **नमो आयरियाणं**—હું આચાર્ય ભગવંતોને નમસ્કાર કરું છું.

૪ नमो उवज्झायाणं—હું ઉપાધ્યાય ભગવંતોને નમસ્કાર કરું છું.

૫ नमो लोए सव्वसाहूणं—હું લોકમાં રહેલા સર્વ સાધુ ભગવંતોને નમસ્કાર કરું છું.

૬ एसो पंच-नमुक्कारो—આ પાંચ નમસ્કાર.

૭ सव्वपावप्पणासणो—સર્વ પાપોનો અત્યંત નાશ કરનાર છે.

૮ मंगलाणं च सव्वेसिं—અને સર્વે મંગલોમાં.

૯ पढमं हवइ मंगलं—પ્રથમ કોટિનું મંગલ છે.

અહીં જે શબ્દો છાપ્યા છે, તે બધા જ કાયા અને વાણીની પ્રશસ્ત પ્રવૃત્તિપૂર્વક બોલવાના છે અને અનુસ્વારનું ગુંજન ચાલે ત્યાં સુધીમાં નમસ્કાર્યની વિશિષ્ટ આકૃતિ તેના રંગ સહિત મનમાં લાવીને તેમના પ્રત્યે પરમ પૂજ્ય ભાવ દર્શાવવાનો છે.

આ રીતે એક નમસ્કાર કરતાં જ શરીર અને મન પર તેનો સુંદર પ્રભાવ પડેલો જણાશે.

## ૨–એકબીજ નમસ્કાર

નમસ્કારનાં મૂલપદો આગળ એક બીજ ૐકાર લગાડીને બોલવાં, તે એકબીજ નમસ્કાર છે. તેમાં એક બીજના વધારા સિવાય બીજું બધું પૂર્વવત્ સમજવાનું છે.

## ૩-દ્વિબીજ નમસ્કાર

નમસ્કાર મંત્રનાં મૂલપદોને આગળ ૐ અને ह्रीँ એ બે મંત્રબીજો લગાડીને બોલવાં, તે દ્વિબીજ નમસ્કાર છે. તેમાં બે બીજના વધારા સિવાય બીજું બધું પ્રથમ નમસ્કાર મુજબ સમજવું.

## ૪-પરમેષ્ઠીગુણ નમસ્કાર

આ નમસ્કારના પાઠ અને અર્થો નીચે પ્રમાણે સમજવા :

૧ ॐ **नमो अरिहंताणं**—હું બાર ગુણે સહિત અરિહંત ભગવંતોને નમસ્કાર કરું છું.

૨ ॐ **नमो सिद्धाणं**—હું આઠ ગુણે સહિત સિદ્ધ ભગવંતોને નમસ્કાર કરું છું.

૩ ॐ **नमो आयरियाणं**—હું છત્રીશ ગુણે સહિત આચાર્ય ભગવંતોને નમસ્કાર કરું છું.

૪ ॐ **नमो उवज्झायाणं**—હું પચીસ ગુણે સહિત ઉપાધ્યાય ભગવંતોને નમસ્કાર કરું છું.

૫ ॐ **नमो लोए सव्वसाहूणं**—હું લોકમાં રહેલા સત્તાવીશ ગુણે સહિત સર્વ સાધુ ભગવંતોને નમસ્કાર કરું છું.

૬ થી ૯ ચૂલાનાં ચાર પદો પહેલા નમસ્કારની જેમ જ બોલવાં.

શાસ્ત્રોમાં કહ્યું છે કે—

**बारस गुण अरिहंता, सिद्धा अट्ठेव सूरि छत्तीसं ।**
**उवज्झाया पणवीस, साहू सगवीस अट्ठसयं ॥**

અરિહંતો ૧૨ ગુણવાળા, સિદ્ધો ૮ ગુણવાળા, આચાર્યો ૩૬ ગુણવાળા, ઉપાધ્યાયો ૨૫ ગુણવાળા તથા સાધુઓ ૨૭ ગુણવાળા, એમ પરમેષ્ઠિપંચક ૧૦૮ ગુણોવાળું હોય છે.'

આ નમસ્કારનો હેતુ પંચપરમેષ્ઠીના ૧૦૮ ગુણોને યાદ કરવાનો છે, તેથી તેનું નામ પરમેષ્ઠિગુણ નમસ્કાર રાખવામાં આવ્યું છે.

પંચપરમેષ્ઠીના ૧૦૮ ગુણોનું વર્ણન અમે **'નમસ્કાર મંત્રસિદ્ધિ'** માં કરેલું છે, તે ઉપાસકોએ જોઇ લેવું અને સમય મળતાં તેના પર ચિંતન કરવું. આ ગુણોનું ચિંતન કરવાથી પંચપરમેષ્ઠીનું સાચું સ્વરૂપ સમજાશે અને તેમના પ્રત્યેનો પૂજ્ય ભાવ વૃદ્ધિ પામશે, જે મંત્રોપાસનામાં ઘણો જરૂરનો છે.

## ૫-ગુણાધાન નમસ્કાર

જેના વડે પરમેષ્ઠીના વિશિષ્ટ ગુણોનું આધાન થાય એટલે કે પરમેષ્ઠીના વિશિષ્ટ ગુણોની ધારણા થાય, તે ગુણાધાન નમસ્કાર. તેનો સમસ્ત પાઠ નીચે પ્રમાણે બોલવો ઘટે છે :

(૧) ॐ **नमो अरिहंताणं**—હું અરિહંત ભગવંતોને નમસ્કાર કરું છું. તેમણે પ્રરૂપેલો ધર્મ સર્વશ્રેષ્ઠ છે. તેનું હું પરમ શ્રદ્ધાપૂર્વક જીવનપર્યંત પાલન કરું.

(૨) ॐ **नमो सिद्धाणं**—હું સિદ્ધ ભગવંતોને નમસ્કાર

કરું છું. સિદ્ધ થવું એ મારા જીવનનું અંતિમ ધ્યેય છે, તે માટે હું વિષય અને કષાયોને દૂર કરું.

(૩) ॐ **नमो आयरियाणं**—હું આચાર્ય ભગવંતોને નમસ્કાર કરું છું. મારા આચારની શુદ્ધિ માટે હું જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચારનું પાલન કરું.

(૪) ॐ **नमो उवज्झायाणं**—હું ઉપાધ્યાય ભગવંતોને નમસ્કાર કરું છું. ઉપાધ્યાય ભગવંત દ્વારા ઉપદેશાતું શ્રુત ભવસાગર તરવા માટે પુષ્ટ આલંબન છે. તેના આધારે રચાયેલા ધાર્મિક સાહિત્યનું હું વાંચન–મનન–પરિશીલન કરું.

(૫) ॐ **नमो लोए सव्वसाहूणं**—હું લોકમાં રહેલા સર્વ સાધુ ભગવંતોને નમસ્કાર કરું છું. સાધુ ભગવંતો જેમ અહિંસા, સત્ય, ક્ષમા, સરલતા અને નિર્લોભતા આદિ ગુણોથી વિભૂષિત થઈને ધર્મની નિત્ય–નિયમિત આરાધના કરે છે, તેમ હું પણ ધર્મની નિત્ય–નિયમિત આરાધના કરું.

( ૬ – ૯ ) ચાર ચૂલાપદો પ્રથમ નમસ્કારની જેમ જ બોલવાનાં છે.

નમસ્કાર એ માત્ર બોલી જવાની વસ્તુ નથી, પણ આપણા જીવનને ઉત્તરોત્તર ઉચ્ચ બનાવવાનો એક આદર્શ છે, તેની પ્રતીતિ આ નમસ્કારથી થશે.

અરિહંતોએ જે ધર્મ પ્રરૂપેલો છે, તેને આર્હત

ધર્મ કે જૈન ધર્મ કહેવામાં આવે છે. તે બધા ધર્મોમાં શ્રેષ્ઠ છે, એમ માનવાનું છે. અને તે જ કારણે તેનું પરમ શ્રદ્ધાપૂર્વક જીવનના અંત સુધી પાલન કરવાનું છે. જે આ પ્રમાણે પરમ શ્રદ્ધાપૂર્વક જૈન ધર્મનું જીવનના અંત સુધી પાલન કરે છે, તે ભવસાગર અવશ્ય તરી જાય છે.

માનવજીવનનું અંતિમ ધ્યેય મુક્તિ–મોક્ષ–નિર્વાણની પ્રાપ્તિ છે, એ વાત સદા યાદ રાખવાની છે. આ રીતે નિર્વાણની પ્રાપ્તિ થતાં સિદ્ધાવસ્થા પ્રાપ્ત થાય છે. સિદ્ધાવસ્થા એટલે સર્વકર્મરહિત અવસ્થા. તેને જ ટૂંકમાં સિદ્ધ થવું કહેવાય છે. તે માટે શાસ્ત્રોમાં અનેકવિધ ઉપાયો બતાવેલા છે, પણ તે બધાનો સાર એ છે કે પાંચ ઇન્દ્રિયોના વિષયોને જિતવા અને ચાર કષાયોને દૂર કરવા. જે આટલું કરી શકે છે, તે સંસારી મટીને સિદ્ધ અવશ્ય થઈ શકે છે.

મનુષ્યો બોલે છે ઘણું, પણ તેને આચારમાં ઉતારી શકતા નથી; એ જ તેમની મોટી નબળાઈ છે. આ નબળાઈ જિત્યા વિના તેઓ ધાર્મિક–આધ્યાત્મિક પ્રગતિ સાધી શકતા નથી, એટલે તેને જિતવાનો નિર્ણય કરવો ઘટે. તે માટે જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચારનું પાલન આવશ્યક છે. 'नाणम्मि अ दंसणम्मि अ' પદોથી શરૂ થતી આચારની આઠ ગાથાઓમાં તેનું વર્ણન કરવામાં આવ્યું છે, તે ઉપાસકોએ પુનઃ વાંચી-વિચારી જવું અને તેમાં દર્શાવેલા નિયમોનું અનુસરણ કરવા તત્પર રહેવું.

તેથી વ્યક્તિત્વનું વિશદ ઘડતર થશે અને ધર્મપરાયણ-અધ્યાત્મપ્રિય વ્યક્તિઓની હરોલમાં બિરાજી શકાશે.

શ્રુતજ્ઞાનથી તાત્ત્વિક ભૂમિકા તૈયાર થાય છે અને તે ચારિત્રમાર્ગમાં પ્રયાણ કરવાનું તથા આગળ વધવાનું અનેરું બલ પૂરું પાડે છે; તેથી છેવટે નિઃશ્રેયસ્‌ની પ્રાપ્તિ કરી શકાય છે, એટલે શ્રુતજ્ઞાનનું આલંબન લેવું યોગ્ય છે. આ શ્રુતજ્ઞાનના આધારે આપણે ત્યાં બીજાં અનેક શાસ્ત્રો તથા ગ્રંથો રચાયેલા છે, જે આપણા ધાર્મિક સાહિત્યની શોભા છે. તેનું વાંચન-મનન-પરિશીલન કરતા રહેવાથી જૈન ધર્મના મૂળભૂત સિદ્ધાંતો સમજાય છે અને તેથી મિથ્યા માન્યતાઓથી બચી શકાય છે. ધાર્મિક-આધ્યાત્મિક પ્રગતિ કરવા માટે આ વસ્તુ ખાસ જરૂરની છે.

ધર્મની નિત્ય-નિયમિત આરાધના કર્યા વિના આપણો આ સંસારમાંથી ઉદ્ધાર નથી. તે માટે આપણી સામે જીવતું જાગતું ઉદાહરણ સાધુ ભગવંતોનું છે. તેઓ અહિંસા, સત્ય, ક્ષમા, સરલતા, નિર્લોભતા આદિ અનેકવિધ ગુણો કેળવે છે અને એ રીતે મોક્ષ ભણી આગળ વધે છે. આપણે પણ એ જ રાહ અપનાવવો ઘટે છે.

જેમ જેમ ચિંતન કરીએ, તેમ તેમ આ મુદ્દાઓ પર વધારે પ્રકાશ પડે એમ છે અને તે આપણને માર્ગ-દર્શક બને એમ છે. આ દૃષ્ટિએ આ નમસ્કાર અતિ મહત્ત્વનો છે.

## ૬. સ્વરૂપચિંતન નમસ્કાર

જેમાં પંચપરમેષ્ઠીના સ્વરૂપનું ચિંતન મુખ્ય હોય, એવો નમસ્કાર, તે સ્વરૂપચિંતન નમસ્કાર. તેનો વિધિ આ પ્રમાણે સમજવો :

ॐ **नमो अरिहंताणं** પદ બોલીને તરત અરિહંતના સ્વરૂપનું ચિંતન કરવું, એટલે મનથી તેમનું જે સ્વરૂપ કલ્પ્યું હોય તેના પર ચિત્તવૃત્તિઓ એકાગ્ર કરવી. ઓછામાં ઓછી ૩૦ સેકન્ડ સુધી આ ક્રિયા કરવી. તે પછી **नमो सिद्धाणं** પદ બોલીને સિદ્ધના સ્વરૂપનું, **नमो आयरियाणं** પદ બોલીને આચાર્યના સ્વરૂપનું, **नमो उवज्झायाणं** પદ બોલીને ઉપાધ્યાયના સ્વરૂપનું અને **नमो लोए सव्वसाहूणं** પદ બોલીને સાધુના સ્વરૂપનું ચિંતત કરવું. અહીં જે બોલવાનું કહ્યું છે, તે મનથી બોલવાનું છે. આ રીતે પંચપરમેષ્ઠીના સ્વરૂપ પર ચિંતન કરતાં તેમની આપણા અંતરમાં પ્રતિષ્ઠા થાય છે અને તે દિન–પ્રતિદિન વધારે પ્રશસ્ત બનતી જાય છે. ચાર ચૂલાનાં પદો શ્વેત વર્ણે ચિંતવવાં. તે બરાબર મનમાં ઉઠવા જોઈએ. આ ષડ્-નમસ્કારની ક્રિયામાં લગભગ દશથી બાર મીનીટ જેટલો સમય જાય છે, પણ તે આખાયે ઉપાસનાવિધિને ઉજ્જવલ બનાવે છે અને સિદ્ધિને સમીપ લાવવામાં અગત્યનો ભાગ ભજવે છે.

[ ૧૮ ]

## અર્હદ્‌વંદના

ભૂતશુદ્ધિ, પ્રાણાયામ, સકલીકરણ અને ષડ્‌નમસ્કારની ક્રિયા સંપન્ન કર્યા પછી ઉપાસકે મંત્રદેવતાને વિમલભાવે વંદના કરવાની છે. અર્હં મંત્રના દેવતા અરિહંત એટલે અર્હત્‌ છે, એ વાત પૂર્વે સ્પષ્ટ કરવામાં આવી છે અને અહીં પ્રસંગવશાત્‌ ફરી પણ સ્પષ્ટ કરીએ છીએ. પરંતુ અન્ય દેવતાઓ અને આ દેવતામાં મોટો ફરક છે. અન્ય મંત્રદેવતાઓ વૈમાનિક, ભવનપતિ વાણવ્યંતર કે જ્યોતિષી એ ચાર પ્રકારમાંથી કોઈ પણ એક પ્રકારના હોય છે, એટલે કે તે દેવયોનિના હોય છે, જ્યારે આ મંત્રદેવતા તો એ દેવોના પણ દેવ એટલે દેવાધિદેવની કોટિના છે. તેઓ જ્યારે સદેહે વિચરતા હોય છે, ત્યારે જઘન્યથી એક ક્રોડ દેવતા તેમની સેવામાં રહે છે અને તેઓ નિર્વાણ પામી સિદ્ધશિલાના અગ્રભાગે સ્થિર થયા પછી લાખો સમકિતી દેવતા તેમની ભક્તિ ઉત્સવ-મહોત્સવપૂર્વક કરતા જ હોય છે. આ દેવો અર્હત્‌ની અનન્યભાવે ભક્તિ-વંદના કરનાર

મનુષ્યો પર પ્રસન્ન થાય છે અને તેમના જે કંઈ મનોરથ હોય, તેની પૂર્તિ કરે છે.

અરિહંત કે અર્હત્‌ને અરહા, જિન, જિનેશ, જિનેશ્વર, જિનચંદ્ર, તીર્થંકર કે સર્વજ્ઞ પરમાત્મા પણ કહેવામાં આવે છે. શાસ્ત્રોમાં તેમની ૧૦૦૮ નામથી પણ પ્રશસ્તિ થયેલી છે. જે અનંત ગુણના ભંડાર હોય, તેમની જેટલી પ્રશસ્તિ–પ્રશંસા કરવામાં આવે, તેટલી ઓછી જ છે.

પ્રથમ વંદના અને પછી પૂજન એ અર્હદ્‌ભક્તિનો સુવિહિત ક્રમ છે અને તેને જ આપણે અનુસરવાનો છે.

કેટલાક કહે છે કે અમને મૂર્તિપૂજામાં શ્રદ્ધા નથી, એટલે કે દેવ–દેવતાની મૂર્તિ કે પ્રતિમાનું સ્થાપન કરીને તેનું પૂજન–અર્ચન કરતાં કંઈ લાભ થાય છે, એવું અમે માનતા નથી. અમે તો સીધું સ્મરણ કરવામાં માનીએ છીએ, પરંતુ આ કથન વ્યાજબી નથી, વધારે સ્પષ્ટ કહીએ તો વ્યવહાર–વિરુદ્ધનું છે. જેમ માતા–પિતાનો ફોટો કે દેશનેતા વગેરે પ્રસિદ્ધ પુરુષોનાં બાવલાં તેમનું સ્મરણ કરાવે છે અને તેમના ગુણોની યાદ તાજી કરાવે છે, તેમ મંત્ર–દેવતાની મૂર્તિ કે પ્રતિમા તેમનું સ્મરણ કરાવે છે અને તેમના ગુણોની યાદ તાજી કરાવે છે. સામાન્ય રીતે સ્થૂલ એટલે દૃશ્યમાન વસ્તુનો બોધ ઝડપથી થાય છે અને સૂક્ષ્મ વસ્તુનો બોધ ધીમેથી થાય છે, એ દૃષ્ટિએ પણ મૂર્તિપૂજા મહત્ત્વની છે.

એક વિચારકે કહ્યું છે કે 'બાળકને જેમ તેના માતા–પિતા પ્રથમ માટી કે લાકડાના ગાય, હાથી, ઘોડા, મોર, ચકલી આદિ બનાવીને તે સંબંધી જ્ઞાન આપે છે અને મોટી વય થતાં તે બાળક તે પશુ–પક્ષીને જોતાં જ બરાબર ઓળખી કાઢે છે, તેમ મૂર્તિપૂજા દ્વારા થતી ઉપાસના સંસારી જીવો માટે પગથિયાં રૂપ છે. તેના વડે સાધકને ક્રમે ક્રમે ઉચ્ચ પ્રકારનું જ્ઞાન થાય છે અને છેવટે તે દેવ–દેવીનો સાક્ષાત્કાર કરાવે છે.'

આ સંબંધમાં બીજું ઘણું વક્તવ્ય છે, પણ તેને અહીં રજૂ કરવાની જરૂર નથી. અહીં તો તેના સાર રૂપે એટલું જ જણાવીશું કે ઘણા ઊંડા વિચાર અને અનુભવ પછી આપણા ધર્મધુરંધર મહાપુરુષો તથા મંત્ર–તંત્ર–વિશારદ મહાનુભાવોએ ઉપાસનાના એક મહત્ત્વપૂર્ણ સાધન તરીકે મૂર્તિપૂજાનો સ્વીકાર કરેલો છે.

મૂર્તિ કે પ્રતિમાની વિધિસર પ્રતિષ્ઠા થયા પછી તેમાં દેવત્વનો–દિવ્યતાનો વાસ થાય છે અને તેના લીધે ચમત્કારો સર્જાય છે, એવો અનુભવ આજ સુધીમાં સેંકડો–હજારો મનુષ્યોને થઈ ચૂક્યો છે. શ્રી જિનપ્રભસૂરિ સાથે મહમ્મદ તઘલખ શત્રુંજય તીર્થમાં આવ્યો અને તેના અધિરાજ શ્રી ઋષભદેવ ભગવાનની મૂર્તિમાં કંઈ દેવત્વ–દિવ્યતા છે કે કેમ? તે જાણવાની ઇચ્છા તેણે વ્યક્ત કરી. સમયજ્ઞ અને મંત્ર–તંત્ર–વિશારદ શ્રી જિનપ્રભસૂરિએ કહ્યું કે 'અમારા આ દેવમાં ઘણી તાકાત રહેલી છે. તમે એના

પર ઘણના ઘા કરાવશો તો પણ તેમને કંઈ અસર થશે નહિ' મહમ્મદ તઘલખ આ વસ્તુ માનવા તૈયાર ન હતો, એટલે તેણે બે અલમસ્ત મનુષ્યોના હાથમાં લોઢાના મોટા ઘણ આપી એ મૂર્તિપર બને તેટલા જોરથી પ્રહાર કરવા કહ્યું. પેલા અલમસ્ત મનુષ્યોએ ઘણવાળા હાથ ઊંચા કર્યા કે તે એમને એમ સ્થિર થઈ ગયા. તે નીચા વળી શકયા જ નહિ, પછી પ્રહાર કરે કયાંથી? મહમ્મદ તઘલખ આ જોઈ તાજ્જુબ થયો અને બોલી ઉઠયો કે 'ખરેખર! તમારા દેવ ઘણા તાકાતવાળા છે.' પછી તેણે સૂરિજીને વિનંતિ કરી કે આ માણસોના હાથ હવે નીચા આવે તેમ કરો, એટલે સૂરિજીએ શ્રી આદીશ્વર ભગવાનને પ્રાર્થના કરી અને તે માણસોના હાથ નીચે આવી ગયા, તેમજ તેમને બીજું કશું નુકશાન થયું નહિ.

શ્રી અંતરીક્ષજી, શ્રી શંખેશ્વરજી તથા બીજા અનેક તીર્થોમાં આવી કેટલીએ ચમત્કારિક ઘટનાઓ બનેલી છે અને અમુક અમુક મંદિરોમાં આજે પણ આવી ચમત્કારિક ઘટનાઓ બને છે, જેમાં મંદિર બંધ થયા પછી નગારાં વાગવાં, દેવી-દેવતાઓનું પધારવું, ત્યાં નાટારંભ થવો, ચડાવેલાં પુષ્પો ન કરમાવાં આદિ ઘટનાઓનો સમાવેશ થાય છે.

અન્ય દર્શનીઓ પરત્વે કહીએ તો નામદેવની અનન્ય ભક્તિથી વિઠોબાની મૂર્તિએ દૂધ પીધું, શ્રી રામકૃષ્ણપરમહંસની પરમ ભક્તિથી પ્રસન્ન થઈને કાલીમાતાની મૂર્તિએ

પોતાનો હાથ લાંબો કરીને પ્રસાદ આપ્યો વગેરે હકીકતો પ્રસિદ્ધ થઇ ચૂકી છે. તાજેતરમાં બંગાલના સુપ્રસિદ્ધ લેખક, કવિ અને તત્ત્વચિંતક શ્રી દિલીપકુમાર રોયે **“અઘટન આજો ઘટે”** નામનું બંગાલીમાં એક પુસ્તક લખ્યું છે અને જેનો અનુવાદ ગુજરાતી ભાષામાં **‘આજે પણ ચમત્કાર બને છે’** નામથી થયેલો છે, તેમાં છેલ્લાં પચાશ વર્ષમાં મૂર્તિપૂજા દ્વારા સર્જાયેલા અજબગજબના ચમત્કારોની કડીબદ્ધ હકીકતો આપવામાં આવી છે, તે આ વિષયમાં રસ લેનાર હરકોઈએ વાંચવા જેવી છે. અમે પોતે એ ગ્રંથના વાંચનથી અતિ પ્રભાવિત થયેલા છીએ.

તાત્પર્ય કે મૂર્તિ યા પ્રતિમા ઉપાસના કરવાનું એક સુવિહિત સુંદર સાધન છે, તેથી ઉપાસકે તેનો આશ્રય અવશ્ય લેવાનો છે.

અહીં એક પાઠક પ્રશ્ન કરે છે કે ‘અરિહંતો અનેક છે, તેમાંથી કયા અરિહંતને મંત્રદેવતા માનવા?’ તેનો ઉત્તર એ છે કે ‘અરિહંતો વ્યક્તિરૂપે અનેક હોવા છતાં ભાવથી તો એક જ છે અને તેમને જ આપણે મંત્રદેવતા માનવાના છે.’ અહીં એટલી સ્પષ્ટતા કરી દઈએ કે અર્હં મંત્રના જે પટો મળી આવે છે, તેમાં અરિહંત તરીકે શ્રી પાર્શ્વનાથ પ્રભુની સ્થાપના થયેલી હોય છે, એટલે શ્રી પાર્શ્વનાથ પ્રભુને મંત્રદેવતા માનવામાં આવે તો હરકત નથી.

આટલી પ્રાસંગિક વિચારણા કર્યા પછી હવે અર્હદ્વંદનાનો વિષય હાથ ધરીશું.

અહીં અર્હદ્વંદનાથી સમવસરણસ્થ અરિહંત ભગવંતને વંદના* કરવાની હોય છે. તેમાં પ્રથમ સમવસરણનું ચિંતન, પછી અષ્ટ મહાપ્રાતિહાર્યનું ચિંતન અને તે પછી સમવસરણમાં બિરાજી રહેલા અરિહંત ભગવંતને વંદના કરવાની હોય છે. સમવસરણ અને અષ્ટમહાપ્રાતિહાર્ય એ અરિહંત ભગવંતનું પરમ ઐશ્વર્ય ગણાય છે, એટલે તેના ચિંતનને અરિહંત ભગવંતના ઐશ્વર્યનું ચિંતન સમજવાનું છે.

**દેવરચિત સમવસરણ :** પ્રથમ એક યોજન લાંબી પહોળી—સમતલભૂમિની કલ્પના કરવી. આ ભૂમિને દેવોએ સંવર્તક વાયુ વડે સાફ કરેલી છે, એટલે તેમાં કોઈ કૂડો-કચરો રહેવા દીધો નથી. પછી તેના પર ગંધોદકની આછી વૃષ્ટિ કરી છે, એટલે તેમાં કોઈ પ્રકારની રજ ઉડતી નથી. આ સમચોરસ યોજન ભૂમિમાં રૌપ્ય, સુવર્ણ અને રત્ન એમ ત્રણ પ્રકારના મનોહર કિલ્લાની રચના થયેલી છે અને તેમાં યથાસ્થાને પ્રવેશદ્વાર તથા પગથિયાં વગેરે મૂકાઈ ગયેલ છે. ખરેખર! આ સમવસરણનું દૃશ્ય અદ્ભુત છે. અહીં ત્રિલોકના નાથ બિરાજવાના છે અને તેઓ પોતાની અમૃતવાણીથી સહુને

* આને 'વંદના' કહેવા કરતાં 'સમવસરણ ધ્યાન' શબ્દ વાપરવો વધુ ઉચિત છે. આવું ધ્યાન આજે ઘણા કરે છે, પણ દિગમ્બર સંપ્રદાયમાં આનો પ્રચાર વધુ છે.

ધર્મની દેશના દેવાના છે. આ અદ્‌ભુત સમવસરણનાં મને દર્શન થયાં ! હું કેવો પુણ્યશાલી !

અહીં કદાચ કોઈ એવો પ્રશ્ન કરશે કે 'સમવસરણનું તો ઠીક, પણ અષ્ટમહાપ્રાતિહાર્યનું ચિંતન કરવાની જરૂર શી ?' તેનો ઉત્તર એ છે કે 'અરિહંત ભગવંત અનંત ગુણના ભંડાર હોવા છતાં તેમની ઓળખાણ બાર ગુણો વડે થાય છે, તેમાં અષ્ટમહાપ્રાતિહાર્યની મુખ્યતા છે. આ અષ્ટમહાપ્રાતિહાર્ય વડે દૂર રહેલા લોકોને પણ અરિહંત ભગવંતના **સાન્નિધ્યનો** ખ્યાલ આવે છે અને તેઓ એમનાં દર્શન કરવા દોડી આવે છે. અપાયાપગમાતિશય, જ્ઞાનાતિશય, વચનાતિશય અને પૂજાતિશય× એ પણ તેમને ઓળખાવનારા ખાસ ગુણો છે, પણ તેની ગણના અષ્ટમહા-પ્રાતિહાર્ય પછી થાય છે.

અરિહંત ભગવંત વિશ્વની મહાન દિવ્ય વિભૂતિ છે, એટલે તેમને ઓળખાવનારા ગુણો પણ દિવ્ય જ હોય, એ સ્વાભાવિક છે. જો આ ગુણો દિવ્ય ન હોય તો અરિહંત ભગવંતની દિવ્યતાનો ખ્યાલ આવે શી રીતે ? અને દિવ્ય ગુણોનું ચિંતન કરતાં ઉપાસકમાં દિવ્યતા આવે છે, એ ધર્મશાસ્ત્ર, યોગશાસ્ત્ર અને મંત્ર-તંત્રશાસ્ત્રેઓ, માન્ય કરેલી હકીકત છે. એટલે અહીં અષ્ટમહાપ્રાતિહાર્યનું ચિંતન આવશ્યક બને છે.

---

+ આ ચાર અતિશયોનું સ્વરૂપ '**લોગસ્સમહાસૂત્ર**'થી જાણવું.

અષ્ટમહાપ્રાતિહાર્યમાં કંઈક ગંભીર રહસ્ય રહેલું છે, એવો ખ્યાલ તો અમને ઘણાં વર્ષો પહેલાં આવેલો અને તે અંગે કેટલાક વિદ્વાન્ આચાર્ય-મુનિવરો તથા પંડિતો સાથે ચર્ચા-વિચારણા પણ કરેલી, પરંતુ એ વખતે તેનો જોઈએ તેવો ઘટસ્ફોટ થયેલો નહિ. પરંતુ જ્યારે અમે તેને ચિંતનનો-ધ્યાનનો વિષય બનાવ્યો ત્યારે તેનું રહસ્ય ધીમે ધીમે અમારા ખ્યાલમાં આવ્યું, જે અમે તેના ચિંતન-પ્રસંગમાં જણાવેલું છે.

અષ્ટમહાપ્રાતિહાર્યનું ચિંતન-ધ્યાન કરવા માટે નીચેનો શ્લોક કંઠસ્થ કરી લેવો જોઈએ:

**अशोकवृक्षः सुरपुष्पवृष्टिं-र्दिव्यध्वनिश्चामरमासनं च ।**
**भामण्डलं दुन्दुभिरातपत्रं, सत्प्रातिहार्याणि जिनेश्वराणाम् ॥**

(૧) 'અશોકવૃક્ષ, (૨) સુરપુષ્પવૃષ્ટિ, (૩) દિવ્ય ધ્વનિ, (૪) ચામર, (૫) આસન, (૬) ભામંડલ, (૭) દુંદુભિનાદ અને (૮) છત્ર, એ આઠ શ્રી જિનેશ્વરદેવનાં સત્પ્રાતિહાર્યો એટલે કે મહાપ્રાતિહાર્યો છે.'

આ અષ્ટમહાપ્રાતિહાર્યનું ચિંતન-ધ્યાન નીચે પ્રમાણે ક્રમશઃ કરવાનું છે:

**(૧) અશોકવૃક્ષ**[૧]-સમવસરણની મધ્યમાં અશોકવૃક્ષ

---

૧. આજ સુધી જૈન સમાજમાં-ચતુર્વિધ સંઘમાં ( પ્રાયઃ ) કોઈને ચોક્કસ ખ્યાલ જ નથી કે અશોકવૃક્ષ પર બીજું ચૈત્ય-વૃક્ષ દેવો રચે છે. ચૈત્ય એટલે જ્ઞાન અને તેનું વૃક્ષ તે ચૈત્યવૃક્ષ. જે

લહેરી રહ્યું છે. તે ઘણું ઊંચું છે, ભવ્ય છે, દેખાવમાં અતિ રમણીય છે. તેના પર લીલાંછમ પાંદડાંનો ઘટાટોપ છે. આ પાંદડાંની ચમક નીલમ રત્ન કરતાં પણ અધિક છે. તેના પર દૃષ્ટિ સ્થિર થતાં જ મનમાં રહેલા શોકનો-વિષાદનો અપગમ થવા લાગે છે અને ચિત્ત પ્રસન્ન બનવા માંડે છે. તેનાં દર્શનથી મારું ચિત્ત પ્રસન્ન-અતિપ્રસન્ન બની રહ્યું છે! પછી તેના પર ચિત્તવૃત્તિઓ સ્થિર કરતાં અપૂર્વ શાંતિ-આનંદ-પ્રસન્નતાનો અનુભવ થવા લાગે છે

(૨) **સુરપુષ્પવૃષ્ટિ**-સુર એટલે દેવતાઓ અંતરિક્ષમાંથી સમવસરણ ભૂમિ પર પુષ્પવૃષ્ટિ કરી રહ્યા છે. આ પુષ્પો આમ તો અચિત્ત છે, પણ તે દિવ્ય સુગંધથી યુક્ત છે. અહાહા! તેની સુગંધ! તે નાકને તર કરી દે છે અને ચિત્તને પ્રસન્ન બનાવી દે છે! આ પુષ્પો વિવિધ વર્ણના છે અને તેમને જોતાં જ આંખો ઠરે છે! હવે તો સમવસરણ ભૂમિનું સમસ્ત વાતાવરણ સુગંધમય બની ગયું છે.

આ ધ્યાન કેટલાક દિવસ ચાલ્યા પછી આપણને સુગં-

---

તીર્થંકરને જે વૃક્ષ નીચે કેવલજ્ઞાન-ત્રિકાલજ્ઞાન પેદા થયું હોય, તે તેમનું ચૈત્યવૃક્ષ ગણાય અને તેને અશોકવૃક્ષની ઉપર દર્શાવાય. (મારા હસ્તકના મહાવીરના ચિત્રસંપટનું સમોવસરણનું ચિત્ર જોવું.) આથી એ વાત સ્પષ્ટ થાય છે કે તીર્થંકરોને કેવલજ્ઞાન કોઈને કોઈ વૃક્ષ નીચે જ થાય છે; એટલે તીર્થંકરો વૃક્ષની નીચે આવી જ જાય. અને બીજી વાત જૈન ધર્મમાં પણ વૃક્ષની કેવી આદર-માન-પ્રતિષ્ઠા છે, તે વાત નિશ્ચિત થાય છે. અહીં અશોક વૃક્ષ-ચૈત્યવૃક્ષ સાથે સમજવું. —**ય. દે.**

ધનો અનુભવ થવા લાગે છે અને તે આપણા ચિત્તને ખૂબ પ્રસન્ન બનાવી દે છે. એક સાધક બહેનને અમે આ પ્રયોગ બતાવ્યો હતો. તેઓ સવારમાં વહેલા ઉઠીને અન્ય ધર્મકરણી સાથે અષ્ટમહાપ્રાતિહાર્યનું ધ્યાન ધરતાં અને આ બીજા પ્રતિહાર્યના ધ્યાન વખતે એટલી સુગંધ પ્રકટતી કે તેમના ઓરડા પાસેથી પસાર થનારને પણ તેનો અનુભવ થતો! આ ધ્યાનમાં જેટલી વધારે એકાગ્રતા, તેટલું પરિણામ વધારે સારું.

(૩) **દિવ્ય ધ્વનિ**–કેટલાક એમ માને છે કે અહીં દિવ્ય ધ્વનિથી ૐકારનું સૂચન છે, પણ વાસ્તવમાં એમ નથી. અહીં ઉપાસકે પોતાની શ્રવણેંદ્રિયને સાવધ કરીને તથા મનોવૃત્તિને બરાબર એકાગ્ર કરીને એમ ચિંતવવાનું છે કે એક પ્રકારનો દિવ્યધ્વનિ વાતાવરણમાં પ્રસરી રહ્યો છે, તે સાંભળવાનો હું પ્રયત્ન કરું છું. તે મને સંભળાશે, જરૂર સંભળાશે અને તે મારા તન–મનને દિવ્યભાવોથી ભરી દેશે.

અરિહંત ભગવંતની વાણી સ્વાભાવિક રીતે જ મધુર હોય છે, છતાં આ દિવ્ય ધ્વનિ તેને વધારે મધુર બનાવશે, વળી તેમાં માલકોશ રાગની તરજો પૂરશે અને તે એક યોજન સુધી બરાબર સંભળાય તેવી શક્તિ તેમાં ભરી દેશે.

આ ધ્યાન આગળ વધતાં તેમાં એક પ્રકારનો ધ્વનિ સંભળાવા લાગે છે અને તે આપણા અંતરના તારોને ઝણ-ઝણાવે છે. અમારું એવું માનવું છે કે આ ધ્યાન આગળ વધતાં આ ધ્વનિના સહારે આપણે મહાપુરુષો દ્વારા

ફેલાવાતાં આંદોલનો ઝીલી શકીએ અને તેથી ભૂત-વર્તમાન-ભવિષ્યની કેટલીક ઘટનાઓથી પરિચિત થઈ શકીએ.

(૪) **ચામર**-અરિહંત ભગવંત સમવસરણમાં ચતુર્મુખ બિરાજે છે, એટલે કે તેમનું મુખ ચારે દિશાએ દેખાય એવી પરિસ્થિતિ નિર્માણ થાય છે. આ દરેક બાજુ ૧૬ સોળ ચામરો વીંઝાતા તેની કુલ સંખ્યા ૬૪ બને છે. અહીં ઉપાસકે એમ ચિંતવવાનું છે કે મારી સન્મુખ ૮ દેવો અને ૮ દેવીઓ રત્નજડિત હાથાવાળા શ્વેત સુંદર ચામરો લઈને ઊભા છે. તેમનાં અંતરમાં અરિહંત ભગવંત માટે અપાર ભક્તિ ભરી છે અને ભગવંત પધારે કે તરત એ ચામરો ઢાળવાની તેમની પૂરી તૈયારી છે. તેઓ ઉલ્લસિત અંતર, હર્ષિત હૈયે, ચામરો ઢાળશે અને કૃતાર્થતા અનુભવશે. આવો ઉલ્લાસ, આવો હર્ષ અર્હદ્ભક્તિ-નિમિત્તે મારા અંતરમાં ક્યારે જાગશે?

(૫) **આસન**- અશોકવૃક્ષની બરાબર નીચે સ્ફટિકનું એક સુંદર સિંહાસન સ્થાપિત થયેલું છે. તેની કલા-કારીગરી અદ્ભુત છે. તેને ફરી ફરીને જોવાનું મન થાય એવી છે. અહા! આ આસન કેવું ભવ્ય છે! કેવું સુંદર છે!! હમણાં અરિહંત ભગવંત તેના પર બિરાજશે અને તેની રોનક જ ફરી જશે. એ સ્ફટિક સિંહાસન પર અશોકવૃક્ષની લીલા રંગની છાયા પડી રહી છે, એટલે તે લીલા રંગનું દેખાય છે, પણ વાસ્તવમાં તે નિર્મલ છે, અતિ નિર્મલ છે!! મારું અંતર આવું નિર્મલ ક્યારે થશે?

(૬) **ભામંડલ**–અરિહંત ભગવંતના મસ્તકની બરાબર પાછળ આવે, એ રીતે સિંહાસન પર ભામંડલ ગોઠવાયેલું છે. તે અપૂર્વ તેજોરાશિથી યુક્ત છે ! અહો ! તેનું તેજ! તેનું ગોલાકાર બિંબ તો સૂર્યને પણ ઝાંખું પાડે તેવું છે. અહીં ઉપાસકે ગોળાકાર વર્તુલનું ધ્યાન ધરવાનું છે. આ તેજોવર્તુલમાં જેટલી ચમક દેખાશે, તેટલો ધ્યાનનો પ્રભાવ વધારે પડશે.

આ ધ્યાનથી આપણા શરીર અને મનની જડતા દૂર થતી હોય અને નવી ચેતનાનો સંસાર થતો હોય, એવો અનુભવ થાય છે.

(૭) **દુંદુભિ**[૧]–અહીં દુંદુભિનાદ સમજવાનો છે કે જે સામાન્ય રીતે રાજાઓ વિજયયાત્રા કરીને પોતાના નગરમાં પાછા ફરતી વખતે કરવામાં આવે છે. અહીં તો રાજાના પણ રાજા અને તેના પણ રાજા એવા ધર્મચક્રવર્તી અરિહંત ભગવંત સર્વત્ર જયજયકાર કરીને પધારી રહ્યા છે, એટલે દેવતાઓ દુંદુભિ વગાડીને જયનાદ કરે, એ સ્વાભાવિક છે.

અહીં ઉપાસકે આકાશમાં ઊંચે દેવદુંદુભિ વાગી રહી છે અને પોતે તેનો જયનાદ સાંભળી રહ્યો છે, એમ ચિંતવવાનું છે. વળી આ જયનાદ સાભળતાં પોતાને સર્વ

---

૧. દુંદુભિ થી શું લેવું ? આ એક મુંઝવણભરી બાબત છે, પણ મેં ઘણું વિચાર્યા બાદ નગારાં નક્કી કર્યાં છે. ભેરી, ભુંગલ, રણશિંગા ન સમજવા. —**ય. દે.**

વિઘ્નોનો જય કરવાની અદ્‌ભુત શક્તિ પ્રાપ્ત થઇ રહી છે, એમ પણ ચિંતવવાનું છે.

**આ ધ્યાન આગળ** વધતાં ખરેખર વિઘ્નોનો જય થવા લાગે છે અને ઉપાસના નિર્વિઘ્ને આગળ વધે છે.

(૮) **છત્ર**–સિંહાસનની ઉપર અરિહંત ભગવંતના મસ્તકની બરાબર ઉપર આવે એ રીતે અશોકવૃક્ષની નીચે ત્રણ સુંદર છત્રો લટકી રહ્યાં છે. તેમાં માથા ઉપર પ્રથમ સહુથી મોટું છત્ર છે, તેના પર તેનાથી નાનું છત્ર છે અને તેના પર તેનાથી પણ નાનું છત્ર છે. આ છત્રો દિવ્ય દ્યુતિને ધારણ કરનારાં છે અને તેમાં મહામૂલ્ય રત્નો જડાયેલાં છે. તેની કિનારે ઘુઘરીઓ લટકી રહી છે, જે વાયુના આંદોલનથી નૃત્યપૂર્વક ધીમો રણકાર કરી રહી છે. આ ત્રણ છત્રો અરિહંત ભગવંત ત્રણ લોકના નાથ છે, એવું સૂચન કરી રહેલાં છે અને હે લોકો! તમારે ખરેખર નાથ જોઇતો હોય, તોઅહીં આવો અને તેમનું શરણ સ્વીકારો, એવું મૂક ઉદ્‌બોધન કરી રહેલાં છે.

આ ત્રણ છત્રોનું ચિંતન–ધ્યાન આગળ વધતાં શારીરિક–માનસિક રોગોનું શમન થવા લાગે છે.

અષ્ટમહાપ્રતિહાર્યના ચિંતન–ધ્યાનમાં કેટલું રહસ્ય ભરેલું છે, તે આ પરથી સમજી શકાશે. ઉપાસકે આ ચિંતન–ધ્યાન યથાર્થપણે થાય, તે ખાસ જોવાનું છે

અષ્ટમહાપ્રતિહાર્યનું ધ્યાન પૂરું થતાં જ અરિહંત

ભગવંત આસન પર બિરાજી ગયા છે, એમ ચિંતવી પ્રથમ તેમને નીચેના શબ્દો વડે ભાવપૂર્ણ વંદના કરવી:

**'અષ્ટમહાપ્રાતિહાર્ય વડે નિરંતર પૂજાતા હે અરિહંત ભગવંત! આપને હું ત્રિકરણશુદ્ધ વંદના કરું છું'**

પછી તરત જ નમોત્થુણં સૂત્રનો પાઠ બે વાર બોલવો, પણ તે કડકડાટ બોલી ન જતાં ધીમે ધીમે સ્પષ્ટ–શુદ્ધાક્ષરે બોલવો.

આ સૂત્ર ગહન ભાવથી ભરેલું છે, એટલે તેના અર્થો બરાબર જાણી લેવા જોઈએ. તેના વિસ્તૃત અર્થ શ્રી પ્રતિક્રમણસૂત્ર–પ્રબોધટીકા ભાગ પહેલા વગેરેથી જાણી શકાશે.

અરિહંત ભગવંતને વિધિસર વંદન કર્યા પછી તે દિવસ માટે કોઈ પણ પાંચ વસ્તુનો ત્યાગ કરવો જોઈએ અને બ્રહ્મચર્યમાં સ્થિર રહેવાનો તથા આનંદ માનવાનો નિર્ણય કરવો જોઈએ. તેનાથી ઉપાસકની સંયમશક્તિ કેળવાય છે અને તે સ્વીકૃત ઉપાસનામાં ઘણી સહાયક થઈ પડે છે.

મંત્રોપાસનામાં મંત્રદેવતાને વંદના કરવાનો વિધિ કેટલો મહત્ત્વપૂર્ણ છે, તે ઉપર્યુક્ત વિવેચનથી સમજી શકાશે.

[ ૧૯ ]

## અર્હત્ પૂજન

અરિહંત ભગવંતની વંદન–પૂજનરૂપ ભક્તિથી ઉપાસનામાં અનેરું બળ આવે છે અને તે સકલ **મનોરથની સિદ્ધિ** કરનારી બને છે, તેથી વંદન પછી પૂજનની ક્રિયા અવશ્ય કરવી જોઇએ. પરંતુ પૂજનની ક્રિયા યથાર્થપણે ત્યારે જ થાય છે કે જ્યારે તે અંગે પૂર્વ તૈયારી બરાબર થયેલી હોય, એટલે પ્રથમ પૂર્વ તૈયારીનો ખ્યાલ આપીશું અને પછી તેના વિધિનું વર્ણન કરીશું.

જો ઉપાસના–સ્થાને **અરિહંત ભગવાનની પ્રતિમા** લાવવાની શક્યતા હોય તો અઢાર અભિષેકવાળી શ્વેત રંગની શ્રી પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા-જે સપ્તફણા સહિત અને ૧૦–૧૧ ઇંચથી મોટી ન હોય–એવી લાવવી જોઇએ અને તેને **સિંહાસન** પર સ્થાપવી જોઇએ. જો સિંહાસનની અનુકૂલતા ન હોય તો તેને **ઊંચા આસન** પર **ચાંદીની થાળીમાં** પધરાવવી જોઇએ.

તે સિવાય **અર્હં મંત્રના પટની તથા ચોવીશ તીર્થંકરોના પટની મઢાવેલી છબીઓ** અવશ્ય લાવવી જોઇએ, જે સવા–દોઢ ફૂટ લાંબી અને લગભગ એક ફૂટ જેટલી પહોળી હોવી જોઇએ. જો છબીઓ આટલા કદની હશે તો તેના પર પૂજનવિધિ બરાબર થઈ શકશે. આ બે છબીઓ પ્રતિમાજીથી થોડે નીચેના સ્થાનમાં બે બાજુ ગોઠવવી જોઇએ. તેમાં ડાબા હાથે અર્હં મંત્રની છબી મૂકવી જોઈએ અને જમણા હાથે ચોવીશ તીર્થંકરોની છબી મૂકવી જોઈએ. આટલા કદની આ છબીઓ તૈયાર મળવાની શકયતા ઘણી ઓછી છે, એટલે તે પ્રસ્તુત ગ્રંથમાં પ્રકટ થયેલી છબીઓના આધારે કોઈ સારા ચિત્રકાર પાસે બનાવરાવી લેવી જોઇએ અને પછી તેને કાચ–ફ્રેમથી મઢાવી લેવી જોઈએ.

આ છબીઓ પધરાવવા માટે તથા બીજી સામગ્રી રાખવા માટે તેમજ સન્મુખ ક્રિયા કરવા માટે **પાંચ લાલ પાટલા** રાખવા જોઈએ. તે સિવાય નીચેની સામગ્રી પણ હાજર રાખવી જોઇએ અને તેને યથાસ્થાને ગોઠવી દેવી જોઈએ.

(૧) મોરપીંછ–નિર્માલ્ય ઉતારવા માટે.

(૨) ચાંદીનું દીવેલિયું, ઘીનું વાસણ ઢાંકણા સહિત, નાની ચમચી, ૩, દીવાસળી. જે દીવો પ્રારંભથી આખર સુધી જાળવી રાખવાનો છે, તે આથી જુદો સમજવો.

(૩) દશાંગ ધૂપ, ધૂપદાન, સુગંધી અગરબત્તીનું પેકેટ, અગરબત્તી મૂકવાનું સ્ટેન્ડ અને તેની નીચે મૂકવાની નાની રકાબી.

(૪) બે ચાંદીના કલશ, એક દૂધના પ્રક્ષાલ માટે. બીજો જલના પ્રક્ષાલ માટે. પાણીની ડોલ, ગરણું. પ્રક્ષાલનું દૂધ રાખવા માટે તપેલી. ન્હવણ ઝીલવા માટે કુંડી.

(૫) ત્રણ અંગલૂંછણાં.

(૬) પ્રતિમાજીનું અર્ધું અંગ ઢાંકવા માટે શ્વેત કપડું જે આશરે દોઢ ફૂટ સમચોરસ જેટલું હોવું જોઇએ.

(૭) ઓરસિયો, ચંદન, બરાસ, કેસર, ચંદન ઉતારવાની નાની વાડકી, એ વાડકી મૂકવા માટે થાળી. આ થાળી એવડી હોવી જોઇએ કે જેમાં પૂજાનાં પુષ્પો પણ સાથે રહી શકે.

(૮) પૂજાનાં પુષ્પો લાવવાની નેતર કે વાંસની બાસ્કેટ અને પુષ્પો કાઢવા તથા ગણવા માટે બે થાળી. રોજ તાજાં પુષ્પો મળે એવી વ્યવસ્થા રાખવી જોઈએ.

(૯) અક્ષત, બદામ, રૂપાનાણું. બદામ એક ડબ્બો ભરીને રાખવી, જેથી તેમાંથી રોજ સાતનો ઉપયોગ થઈ શકે. આ જ રીતે સાકરના ગાંગડાભરેલો એક બીજો ડબ્બો રાખવો, જેમાંથી રોજ સાત ગાંગડાનો ઉપયોગ થઈ શકે.

(૧૦) સારો–ઊંચામાંનો વાસક્ષેપ.

(૧૧) ફૂલઝાડુ. ઉપાસનાસ્થાન સાફ કરવા માટે જુદું

જ ઝાડું રાખવું જોઇએ અને રોજ પાણીનું ભીનું પોતું ફેરવાય તેવી વ્યવસ્થા પણ રાખવી જોઇએ. આ કાર્ય સહુથી પહેલું કરી લેવું જોઇએ.

ઉપાસનાસ્થાન શુદ્ધ થયા પછી ઘીનો દીપક પ્રકટાવવો, અને તે આપણી ડાબી બાજુ આવે એ રીતે પાટલા પર મૂકવો. તે પછી અંગારાયુક્ત ધૂપદાનમાં દશાંગ ધૂપ ઉવેખવો અને તે ધૂપદાન ઉપાસનાસ્થાનમાં ફેરવી જમણી બાજુ પાટલા પર મૂકી દેવું. જો આ પ્રકારની સગવડ શક્ય ન હોય તો સુગંધી અગરબત્તી પ્રકટાવીને બધે ફેરવી આપણી જમણી બાજુ આવે એ રીતે પાટલા પર ગોઠવી દેવી. દીપ–ધૂપ પ્રકટાવવાની ક્રિયા વખતે મનમાં 'ॐ ह्रीँ अर्हँ नमः' એ મંત્ર બોલતા રહેવું.

તે પછી પ્રભુજીનાં નિર્માલ્ય ખૂબ જયણા-યતનાપૂર્વક ઉતારવાં. પુષ્પાદિના કારણે કેટલીક વખત સૂક્ષ્મ જંતુઓ ત્યાં ચડી આવે છે, તેથી યતનાની સૂચના છે. આ નિર્માલ્ય રોજના રોજ જલાશયમાં પધરાવી દેવાં. બે દિવસનાં નિર્માલ્ય ભેગાં કરવા નહિ. છબીઓ પરથી વાસક્ષેપ ઉતારી લેવો અને તેના પર જે પુષ્પો ચઢયાં હોય તેને નિર્માલ્ય સમજી તેનો ઉપર પ્રમાણે વિધિ કરવો.

તે પછી ચંદન ઘસીને વાડકીમાં ઉતારી લેવું. જો ચંદનમાં બરાસ તથા કેશર ઉમેરવાની ઇચ્છા હોય તો ચંદન ઘસતી વખતે ઉમેરી દેવું.

તે પછી પ્રતિમાજીને પંચામૃત અથવા દૂધનો પ્રક્ષાલ કરવો, બાદ દૂધનો પ્રક્ષલ કરવો. આ જલપૂજા હોઇ તે વખતે મનમાં 'ॐ ह्रँ अर्हँ नमः' એ મંત્ર બોલતા રહેવું. અહીં ભાવના ઉદ્રેક માટે નીચેની પંક્તિઓ બોલવી હોય તો મનમાં બોલી શકાય છે:

મેરુશિખર નવરાવે હો જિનજી ! મેરુશિખર નવરાવે.
જન્મ સમય જિનવરકો જાણી પંચ રૂપ કરી આવે–હો જિનજી.

ન્હવણનું જલ કુંડીમાં બરાબર ઝીલી લેવું અને તેને કોઈ જલાશયમાં કે બગીચામાં વૃક્ષના મૂળમાં પધરાવી દેવું.

તે પછી ત્રણ અંગલૂંછણાં વડે પ્રતિમાજીનાં બધાં અંગોને સ્વચ્છ કરવાં અને ત્યાર બાદ તેમનું નીચેનું અર્ધું અંગ ખાસ વસ્ત્રથી ઢાંકી દેવું. હજી ચંદનપૂજા કરવાને વાર છે, તેથી આ ક્રિયા કરવાની છે.

તે પછી આસન પર બેસીને ભૂતશુદ્ધિથી માંડીને મંત્ર-દેવતાને વંદના કરવા સુધીની બધી ક્રિયાઓ કરવી. ત્યાર બાદ પ્રતિમાજીના નીચેના અર્ધા અંગ પર ઢાંકેલું વસ્ત્ર લઈ લેવું અને પૂજનનો પ્રારંભ કરવો. અહીં ઉપાસકે એમ વિચારવાનું છે કે 'મંત્રદેવતા અરિહંત ભગવંત અહીં સાક્ષાત્ બિરાજી રહેલા છે અને તેમનું દરેક અંગ પવિત્ર હોઈ મારે તેનું પૂજન કરવાનું છે. આ પૂજન હું પૂરા ભક્તિભાવથી કરું. અહો ! એ કેવી દિવ્ય વિભૂતિ છે !

હે મંત્રદેવતા! આમ તો હું અપવિત્ર છું, અશુદ્ધ છું અને આપના પરમ પવિત્ર અંગોનો સ્પર્શ કરવાને લાયક નથી, પણ મેં સ્નાન, ભૂતશુદ્ધિ તથા ન્યાસ વડે મારા શરીરને શુદ્ધ કર્યું છે અને ષડ્ નમસ્કાર તથા વંદનવિધિ વડે મારા મનને પણ શુદ્ધ–પવિત્ર બનાવેલું છે, એટલે આપની અંગપૂજા કરું છું.

પછી જમણા હાથની [1]અનામિકા આંગળી વડે વાટકીમાંથી ચંદન લઈને 'ૐ ह्रीँ अर्हँ नमः' એ મંત્ર બોલવા પૂર્વક પ્રતિમાજીના જમણા અંગૂઠે તિલક કરવું અને આંગળી એ જ હાલતમાં પાંચ સેકન્ડ રાખી મૂકવી. **પ્રભુજીના દરેક અંગે તિલક કરતાં પહેલાં અર્હઁ મંત્ર બોલવાનો છે અને ત્યાં આંગળી પાંચ સેકન્ડ એ જ હાલતમાં રાખી ત્યાં જે ભાવના ભાવવાની હોય તે ભાવવાની છે.** એટલે હવે પછી આ બે વસ્તુનો પુનઃ પુનઃ નિર્દેશ કરીશું નહિ.

પછી ડાબા અંગૂઠે તિલક કરી નીચેનો દુહો મનમાં બોલવો અને તેનો ભાવ વિચારવો :

**જલભરી સંપુટ પત્રમાં, યુગલિક નર પૂજંત;**
**ઋષભચરણ અંગૂઠડો, દાયક ભવજલ અંત. ૧.**

૧. જેને કશું નામ મળ્યું નથી, તેથી તે અનામિકા કહેવાય છે. આ આંગળીમાંથી સહુથી વધુ તરંગો નીકળતા હોવાથી પૂજા આ આંગળીથી કરવાનું કહ્યું હશે, એમ લાગે છે. —ચ. દે.

'યુગલિકોએ પાંદડાંનો પડિયો બનાવી, તેમાં જલ ભરી, તેના વડે શ્રી ઋષભદેવ ભગવાનના જમણા અંગૂઠે અભિષેક કર્યો હતો અને એ રીતે તેમની પૂજા કરી હતી. આ રીતે અરિહંત ભગવંતનો અંગૂઠો ભવરૂપી સાગરનો અંત કરવામાં એક પ્રશસ્ત નિમિત્ત બને છે.' હું તેની પૂજા કરીને ધન્ય બની રહ્યો છું.

તે પછી જમણા અને ડાબા ઢીંચણ પર તિલક કરી નીચેનો દુહો મનમાં બોલવો અને તેનો ભાવ વિચારવો:

**જાનુ બલે કાઉસ્સગ્ગ રહ્યા, વિચર્યા દેશ-વિદેશ;**
**ખડાખડા કેવલ લહ્યું, પૂજો જાનુ નરેશ. ૨**

'અરિહંત ભગવંત જાનુના બલે ઊભા ઊભા કાયોત્સર્ગ કરી શક્યા હતા અને તેમણે કેવલજ્ઞાન પણ એ જ હાલતમાં પ્રાપ્ત કર્યું હતું. વળી તેઓ આ જાનુના બળે જ દેશ-વિદેશ પગપાળા વિચરી ધર્મનો પ્રચાર કરી શક્યા હતા, તેથી રાજા-પ્રજા સહુએ આ જાનુ-આ ઢીંચણ પૂજવા યોગ્ય છે.' હું આવા પવિત્ર ઢીંચણની પૂજા કરીને ધન્ય બની રહ્યો છું.

અહીં એટલી સ્પષ્ટતા આવશ્યક છે કે બધા અરિહંતોએ-તીર્થંકરોએ ઊભા ઊભા જ કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું નથી. તે માટે અન્ય અવસ્થાઓનો પણ આશ્રય લેવાયેલો છે. દાખલા તરીકે ભગવાન મહાવીરે કેવલજ્ઞાન પ્રાપ્ત કર્યું, ત્યારે તેઓ ગોદોહિકાસને હતા. એટલે આ વિધાન સામાન્ય સમજવું. જાનુનો સામાન્ય અર્થ જાંગ છે, પણ અહીં

ઢીંચણુને તેનો જ એક ભાગ સમજી તેના પર તિલક કરવાનું છે.

તે પછી જમણા અને ડાબા હાથના કાંડે તિલક કરી નીચેનો દુહો મનમાં બોલવો અને તેનો ભાવ વિચારવો :

**લોકાંતિક વચને કરી, વરસ્યાં વરસીદાન;**
**કરકાંડે પ્રભુ પૂજના, પૂજો ભવિ બહુમાન. ૩.**

'અરિહંત ભગવંતને, મહાભિનિષ્ક્રમણ એટલે સંસાર ત્યાગ કરવાના સમય પહેલાં બાર મહિને નવ લોકાંતિક દેવો આવીને વિનંતિ કરે છે કે 'भयवं तित्थं पवत्तेह–હે ભગવંત ! હવે તીર્થ પ્રવર્તાવો.' આ વચનો ઉપદેશ રૂપ નહિ, પણ વૈતાલિકરૂપ છે, એટલે કે તેમના કર્તવ્યની યાદ આપનારાં છે. અરિહંત ભગવંત એ વચનોનું નિમિત્ત પામીને વરસીદાન દેવાની શરૂઆત કરે છે. એ દાન તેમના હાથનાં કાંડા વડે જ દેવાય છે. તેથી ભવ્યજનોએ બહુમાનપૂર્વક એ કાંડાનું પૂજન કરવા જેવું છે.' હું આવા કાંઠાંનું પૂજન કરીને ધન્ય બની રહ્યો છું.

તે પછી જમણા અને ડાબા ખભે તિલક કરી નીચેનો દુહો મનમાં બોલવો અને તેનો ભાવ વિચારવો :

**માન ગયું દોય અંશથી, દેખી વીર્ય અનંત;**
**ભુજા બળે ભવજલ તર્યા, પૂજો ખંધ મહંત. ૪**

'અરિહંત ભગવંતનાં હાથનાં કાંઠા જેમ દાન દેવાથી પવિત્ર થયેલાં છે, તેમ તેમની ભુજાઓ અને સ્કંધો–ખભાઓ

ભવસાગર તરવામાં ઉપયોગી થવાથી પવિત્ર થયેલા છે. વળી તેઓ અનંત વીર્યના સ્વામી છે, એ જોઈને તેમના બંને ખભાઓએ પોતાની સ્થૂલ તાકાતનું અભિમાન છોડી દીધેલું છે અને એ રીતે નિરભિમાની બની પવિત્ર થયેલા છે, એટલે એ મહાન સ્કંધો પૂજવા યોગ્ય છે.' હું તેના પૂજનથી ધન્ય બની રહ્યો છું.

તે પછી મસ્તકના શિખાભાગે તિલક કરી નીચેનો દુહો મનમાં બોલવો અને તેનો ભાવ વિચારવો :

**સિદ્ધશિલા ગુણ ઉજળી, લોકાંતે ભગવંત;**
**વસિયા તિણે કારણ ભવિ, શિરશિખા પૂજંત. ૫**

'ચૌદ લોકરૂપી પુરુષના મસ્તકના ભાગે સિદ્ધશિલા આવેલી છે કે જેનો ગુણ એટલે રંગ ઉજ્જવલ એટલે શ્વેત છે. ભગવંત નિર્વાણ પામ્યા પછી તેના ઉપરના ભાગમાં જઈને વસેલા છે; એટલે ભવ્યજનોએ તેમની શિરશિખાનો ભાગ પૂજવા યોગ્ય છે.' હું એ શિરશિખાનું પૂજન કરીને ધન્ય બની રહ્યો છું.

તે પછી ભાલપ્રદેશના મધ્ય ભાગે તિલક કરી નીચેનો દુહો મનમાં બોલવો અને તેનો ભાવ વિચારવો :

**તીર્થંકર પદ પુન્યથી, ત્રિભુવન જન સેવંત;**
**ત્રિભુવન તિલક સમા પ્રભુ, ભાલ તિલક જયવંત. ૬**

'અરિહંત ભગવંતે વીશ સ્થાનકની આરાધના વડે તીર્થંકર નામકર્મ બાંધ્યું, તેનું પુણ્ય એટલું બધું જબરું

હતું કે સ્વર્ગ, મર્ત્ય અને પાતાલ એ ત્રણેય ભુવનના લોકો તેમની ભક્તિભાવે સેવા કરતા હતા. વળી અરિહંત પ્રભુ આ ત્રણેય ભુવનના તિલક સમા હતા, એટલે કે પરમ શોભા-રૂપ હતા. તેથી તેમના ભાલપ્રદેશે કરેલું તિલક જયવંતુ વર્તે છે.' આવું તિલક કરવાનો લ્હાવો મને મળ્યો, તેથી હું ધન્ય છું.

તે પછી કંઠે તિલક કરી નીચેનો દુહો મનમાં બોલવો : અને તેનો ભાવ વિચારવો :

**સોળ પ્રહર પ્રભુ દેશના, કંઠે વિવર વર્તુલ;**
**મધુર ધ્વનિ સુરનર સુણે, તિણે ગળે તિલક અમૂલ. ૭**

'અરિહંત પ્રભુ સમવસરણમાં બિરાજીને રોજ પ્રથમ પ્રહરે ધર્મની દેશના દે છે અને પ્રસંગ પડયે સોળ પ્રહર સુધી એટલે કે બે દિવસ અને બે રાત્રિ સુધી અખંડ ધર્મની દેશના દઈ શકે છે કે જે પ્રમાણે ભગવાન મહાવીરે કર્યું હતું. મધુર સ્વર વડે દેવાતી તેમની આ દેશના ત્યાં હાજર રહેલા દેવતાઓ અને મનુષ્યો પ્રસન્ન ચિત્તે સાંભળે છે. આ બધો પ્રતાપ તેમના ગોલાકાર વિવરમય કંઠનો છે. તેથી તેમના કંઠે અમૂલ્ય એવું તિલક કરવું યોગ્ય છે.' હું તેમના કંઠે આ પ્રકારનું તિલક કરીને અંગપૂજાનો લ્હાવો લઈ રહ્યો છું, એ મારું કેવું અહોભાગ્ય !

તે પછી હૃદયસ્થાને તિલક કરીને નીચેનો દુહો મનમાં બોલવો અને તેનો ભાવ વિચારવો :

**હૃદયકમલ ઉપશમ બલે, બાળ્યા રાગ ને રોષ;**
**હિમ દહે વનખંડને, હૃદય તિલક સંતોષ. ૮**

'અરિહંત ભગવંતે પોતાના હૃદયના ઉપશમબલથી રાગ અને રોષ એટલે દ્વેષ બંનેને પૂરેપૂરા બાળી નાખ્યા છે. અહીં કોઈ એમ કહેતું હોય કે ઉપશમ તો અતિ શીતલ ગુણવાળો છે, તે રાગ અને દ્વેષને શી રીતે બાળી શકે? તો અતિ શીતલ ગુણવાળું હિમ વનપ્રદેશ પર પડે છે, તો તેને બાળી મૂકે છે કે નહિ! અહીં પણ એમ જ સમજવું. આ રીતે હૃદય પણ ભગવાનની ભવ્ય સાધનામાં અતિ ઉપકારક થયેલ છે, તેથી સંતોષપૂર્વક તેને તિલક કરવું જોઈએ.' હું આવા હૃદયનું પૂજન કરીને કૃતાર્થ બની રહ્યો છું.

તે પછી નાભિસ્થાને તિલક કરીને નીચેનો દુહો મનમાં બોલવો અને તેનો ભાવ વિચારવો :

**રત્નત્રયી ગુણ ઉજળી, સકલ ગુણ વિશ્રામ;**
**નાભિકમલની પૂજના, કરતાં અવિચલ ધામ. ૯**

"અરિહંત ભગવંતનું નાભિસ્થાન સર્વે ગુણોના વિશ્રામ સ્થાન જેવું છે. વળી સમ્યગ્ દર્શન, સમ્યગ્ જ્ઞાન અને સમ્યક્ ચારિત્ર રૂપી રત્નત્રય કે જે આત્માના ઉજ્જ-વલ ગુણરૂપ છે, તે પણ તેમાંથી જ પ્રકટે છે. તેથી એ નાભિસ્થાન પૂજવા યોગ્ય છે. તેનું અનન્ય ભાવે પૂજન કરતાં અવિચલ ધામ એટલે મોક્ષની પ્રાપ્તિ થાય છે.

અહીં નીચેનો એક વિશેષ દુહો પણ મનમાં બોલવો અને તેનો ભાવ વિચારવો :

**ઉપદેશક નવ તત્ત્વના, તિણે નવ અંગ જિણંદ;**
**પૂજો ભવિ બહુ રાગસ્યું, કહે શુભવીર મુણીંદ. ૧૦**

'અરિહંત ભગવંત નવતત્ત્વના ઉપદેશક હતા, એટલે તેમનાં નવ અંગો પૂજવા યોગ્ય છે. ભવ્ય જનોએ આ નવ અંગની અતિ પ્રશસ્ત રાગ વડે પૂજા કરવી જોઈએ, એમ મુનિઓના ઇન્દ્ર અને સર્વ શુભ લક્ષણોપેત ભગવાન મહાવીર કહે છે. અહીં વિકલ્પે શ્રી શુભવિજયજી મહારાજના શિષ્ય મુનિશ્રી વીરવિજયજી કહે છે, એમ સમજવાનું છે.

તે પછી અર્હં મંત્રના પટનું વાસક્ષેપ વડે પૂજન કરવું. તેમાં પ્રથમ મધ્યમાં રહેલ શ્રી પાર્શ્વનાથ ભગવાનના નવે ય અંગે ૐ 'ह्रीँ अर्हँ नमः' મંત્ર બોલવાપૂર્વક વાસક્ષેપ ચડાવવો, પછી છબીની જમણી બાજુમાં રહેલ ૐ, મધ્યમાં ભગવંતના ચિત્રને વેષ્ટિત થઇને રહેલ ह्रीँ, મધ્યમાં ચિત્રરૂપે રહેલ अर्हँ અને છબીની ડાબી બાજુએ રહેલ नमः ને વાસક્ષેપ ચડાવવો. તે પછી મનમાં ૐ ह्रीँ नमः બોલી છબીના ચાર છેડે રહેલા ૐ ह्रीँ न मः એ ચાર અક્ષરનું વાસક્ષેપપૂજન કરવું. આ છબીનો મૂલ જયપુરી પટ જે વિવિધ રંગથી સુશોભિત છે, તેનું અમે છેલ્લાં વીશ વર્ષથી આ રીતે વાસક્ષેપપૂજન કરતા આવ્યા છીએ અને તેણે અમને તેનો પ્રભાવ બતાવેલો છે.

તે પછી ચોવીશ તીર્થંકરના પટનું વાસક્ષેપપૂજન કરવું. આનો પણ મૂલ જયપુરી પટ જે અરિહંત ભગવંતોનાં શરીરના મૂલ રંગ તથા લંછન સાથેનો છે અને સુવર્ણરેખાથી સુશોભિત છે, તેની પણ અમે આ અર્હં-પટ સાથે જ વાસક્ષેપપૂજા કરતા આવ્યા છીએ અને તેનો પ્રભાવ જોવા ભાગ્યશાળી બન્યા છીએ.

આ પટનું વાસક્ષેપપૂજન દરેક અરિહંત ભગવંતનો નીચેનો મંત્ર બોલીને કરવું. અહીં એટલી સ્પષ્ટતા કરી દઈએ કે આ ચોવીશેય મંત્રો પણ અર્હંમંત્રો જ છે, પણ તેમાં મંત્રેશ્વરોનું વિશેષનામ હોઈ નામમંત્ર ગણાયેલા છે.

## ચોવીશ જિનના પૂજનમંત્રો

१ ॐ ह्रीँ अर्हँ श्री ऋषभदेवाय नमः ।
२ ,, ,, ,, ,, अजितनाथाय नमः ।
३ ,, ,, ,, ,, सम्भवनाथाय नमः ।
४ ,, ,, ,, ,, अभिनन्दनस्वामिने नमः ।
५ ,, ,, ,, ,, सुमतिनाथाय नमः ।
६ ,, ,, ,, ,, पद्मप्रभस्वामिने नमः ।
७ ,, ,, ,, ,, सुपार्श्वनाथाय नमः ।
८ ,, ,, ,, ,, चन्द्रप्रभस्वामिने नमः ।
९ ,, ,, ,, ,, सुविधिनाथाय नमः ।
१० ,, ,, ,, ,, शीतलनाथाय नमः ।

११ ,, ,, ,, ,, श्रेयांसनाथाय नमः ।
१२ ,, ,, ,, ,, वासुपूज्यस्वामिने नमः ।
१३ ,, ,, ,, ,, विमलनाथाय नमः ।
१४ ,, ,, ,, ,, अनन्तनाथाय नमः ।
१५ ,, ,, ,, ,, धर्मनाथाय नमः ।
१६ ,, ,, ,, ,, शान्तिनाथाय नमः ।
१७ ,, ,, ,, ,, कुन्थुनाथाय नमः ।
१८ ,, ,, ,, ,, अरनाथाय नमः ।
१९ ,, ,, ,, ,, मल्लिनाथाय नमः ।
२० ,, ,, ,, ,, मुनिसुव्रतस्वामिने नमः ।
२१ ,, ,, ,, ,, नमिनाथाय नमः ।
२२ ,, ,, ,, ,, नेमिनाथाय नमः ।
२३ ,, ,, ,, ,, पार्श्वनाथाय नमः ।
२४ ,, ,, ,, ,, महावीराय नमः ।

તે પછી પ્રતિમાજીનું પુષ્પપૂજન કરવું. તેમાં એક એક અર્હં મંત્ર બોલતાં જવો અને અકેક પુષ્પ ચઢાવતાં જવું. આ રીતે પાંચ પ્રકારનાં પાંચ પુષ્પો ચઢાવવાં. આ પુષ્પો ઉત્તમ જાતિનાં હોવાં જોઈએ. તેની સ્થાન–સમય અનુસાર પસંદગી કરવી. સામાન્ય રીતે તેમાં મોગરો, જાઈ, જાસુદ, ગુલાબ, સેવંતી, ચંપો વગેરે પસંદ કરવા યોગ્ય છે. તે પછી અર્હં મંત્ર ત્રણ વાર બોલીને પ્રતિમાજીને પુષ્પહાર

ચડાવવો. તે પછી ઉપરની રીતે જ બે છબીઓનું પુષ્પ-પૂજન કરવું. જ્યાં પ્રતિમાજી ન હોય, ત્યાં પુષ્પહાર અર્હં પટને ચઢાવવો.

તે પછી પાટલા પર અક્ષત વડે સ્વસ્તિકની રચના કરવી, તેના પર ત્રણ ઢગલીઓ કરવી, તેના પર ચંદ્રકલા જેવી આકૃતિ કરવી અને તેના પર બિંદુ બનાવવું. આ રચના કરતી વખતે મનમાં અર્હં મંત્ર બોલ્યા કરવો. રચના પૂરી થયા પછી ઉપાસકે એમ ચિંતવવું કે આ સ્વસ્તિક વડે સંસારની દેવ, મનુષ્ય, તિર્યંચ અને નરક એ ચાર ગતિનું સૂચન થાય છે, જેનો મારે છેદ કરવાનો છે. તે માટે આ ત્રણ ઢગલીઓ મને સમ્યગ્ દર્શન, સમ્યગ્ જ્ઞાન અને સમ્યક્ ચારિત્રરૂપ રત્નત્રયીનો આશ્રય લેવાનું સૂચન કરે છે. જો હું આ રત્નત્રયીનો આશ્રય બરાબર લઈશ તો આ ચંદ્રકલા દ્વારા સૂચવાતી સિદ્ધશિલામાં અવશ્ય પહોંચીશ અને તેમાં બિંદુરૂપે બિરાજતા સિદ્ધ ભગવંતનું સ્થાન ગ્રહણ કરીશ.

આ રચનામાં જૈન દર્શન પ્રતિપાદિત સિદ્ધાંતોનો સુંદર સંકેત કરવામાં આવ્યો છે. જો આ વખતે રૂપાનાણું, સોનાનાણું કે રત્નાદિ કોઈ પણ વસ્તુનું સમર્પણ કરવું હોય તો તે અર્હં મંત્ર બોલવા પૂર્વક આ અક્ષતરચના પર મૂકી દેવું.

તે પછી તેની ઉપર કે આગળ અર્હં મંત્ર બોલવા પૂર્વક સાત, પાંચ કે ત્રણ તાજાં ફળો મૂકવાં અને તેવી

સગવડ ન હોય તો અર્હં મંત્ર બોલવાપૂર્વક સાત બદામો મૂકવી. બદામ એક જાતનું ફલ છે અને તે સહેલાઇથી પ્રાપ્ત થઇ શકે એમ છે, એટલે ફલના સ્થાને ચડાવી શકાય છે.

તે પછી તેની આગળ અર્હં મંત્ર બોલવા પૂર્વક સાત, પાંચ કે ત્રણ પ્રકારની મીઠાઇઓ મૂકવી અને તેવી સગવડ ન હોય તો અર્હં મંત્ર બોલવાપૂર્વક સાત સાકરના ગાંગડા મૂકવા. અહીં જે મીઠાઇઓ મૂકવાની છે, તે નૈવેદ્યના અધિકારે મૂકવાની છે. તે તાશક કે રકાબીમાં ગોઠવીને મૂકવી. સાકર એ મીઠાઈનો પ્રતિનિધિ છે.

તે પછી થાળીમાં દીપક મૂકી અર્હં મંત્ર બોલવા પૂર્વક સાત વાર સામે ધરવો અને છેવટે થાળીમાં અંગારા સહિતનું ધૂપદાન મૂકી અર્હં મંત્ર બોલવાપૂર્વક સાત વાર દશાંગ ધૂપને ઉવેખવો.

અહીં એટલી સ્પષ્ટતા આવશ્યક છે કે પ્રથમ પ્રભુજીને પંચામૃત કે દૂધ અને પાણીનો પ્રક્ષાલ કરતાં **જલપૂજા** થઇ ગણાય છે; પછી ચંદન વડે તિલક કરતાં **ચંદન પૂજા**–ગંધપૂજા થઇ ગણાય છે; પછી પુષ્પો ચડાવતાં **પુષ્પપૂજા** થઇ ગણાય છે; પછી અક્ષત વડે આકૃતિ રચતાં **અક્ષતપૂજા** થઈ ગણાય છે અને ત્યાર પછી ફલ, નૈવેદ્ય, દીપ અને ધૂપને લગતી ક્રિયા કરતાં અનુક્રમે **ફલપૂજા**, **નૈવેદ્યપૂજા**, **દીપપૂજા** અને **ધૂપપૂજા** થઇ ગણાય છે. આ રીતે જે અષ્ટપ્રકારી પૂજા થાય છે, તેને તાંત્રિક પરિભાષામાં અષ્ટોપચાર પૂજન કહેવામાં આવે છે અને તેનો

મહિમા ઘણો છે. જો સંયોગવશાત્ રોજ અષ્ટપ્રકારી પૂજા થઇ શકે તેમ ન હોય તો **પંચપ્રકારી પૂજા** તો અવશ્ય કરવી. તેમાં (૧) જલપૂજા, (૨) ચંદનપૂજા–ગંધપૂજા, (૩) અક્ષતપૂજા, (૪) દીપપૂજા અને (૫) ધૂપ-પૂજાનો સમાવેશ કરવો. જ્યાં માત્ર છબીઓ હોય ત્યાં જલ-પૂજા શક્ય નથી, એટલે તેના સ્થાને પુષ્પ–પૂજા કે ફલ-પૂજાનો સમાવેશ કરવો.

અહીં એટલી સ્પષ્ટતા કરી દઈએ કે જલપૂજા, ચંદનપૂજા કે ગંધપૂજા અને પુષ્પપૂજા એ અંગપૂજા ગણાય છે અને અક્ષતપૂજા, ફલપૂજા, નૈવેદ્યપૂજા, તથા દીપપૂજા અગ્ર-પૂજા ગણાય છે. જેનો સીધો સંબંધ પ્રભુજીનાં અંગો સાથે છે, તે અંગપૂજા અને જે ભક્તિનિમિત્તે અગ્ર ભાગે એટલે કે આગળ મૂકાય છે, તે અગ્રપૂજા. તાત્પર્ય કે અહીં બતાવેલા અર્હત્પૂજનમાં અંગપૂજા અને અગ્રપૂજા બંનેનો સમાવેશ થઇ જાય છે અને તે અર્હદ્-ભક્તિમાં ભવ્ય ભરતી લાવવાનું નિમિત્ત બને છે.

[ ૨૦ ]

# માનસપૂજા, સ્વરૂપચિંતન તથા સ્તવન–સ્તોત્રાદિ

મંત્ર–તંત્ર–વિશારદોનો એવો અભિપ્રાય છે કે મંત્ર–દેવતાનું વિવિધ ઉપચારો વડે પૂજન કર્યા પછી તેમની માનસપૂજા કરવી જોઇએ, તે પછી તેમના સ્વરૂપનું ચિંતન કરવું જોઇએ અને તે પછી સારભૂત સુંદર શબ્દોયુક્ત સ્તવન–સ્તોત્રાદિ વડે તેમનો ગુણાનુવાદ કરવો જોઇએ. આ ત્રિવિધ ક્રિયાથી મંત્રદેવતા જલ્દી પ્રસન્ન થાય છે અને ઉપાસકના મનના મનોરથ ફલે છે. જૈન દૃષ્ટિએ આ ત્રણેય ક્રિયાઓ ભાવપૂજાને લગતી છે. એટલે ઉપાસકે તેને અંતરથી વધાવી લેવાની છે અને તે બરાબર થાય, તે માટે પૂરતી સાવધાની રાખવાની છે.

## માનસપૂજા

જે પૂજન–પૂજા મનની વૃત્તિઓ વડે થાય તે માનસ-પૂજન કે માનસપૂજા કહેવાય છે. અહીં એક પાઠકમિત્ર પ્રશ્ન કરે છે કે ‘વિવિધ ઉપચારો વડે મંત્રદેવતાનું પૂજન

કર્યા પછી મનોવૃત્તિ વડે પૂજન કરવાની આવશ્યકતા શી ?' તેનો ઉત્તર એ છે કે 'વિવિધ ઉપચારો વડે મંત્રદેવતાનું પૂજન કરવાનો મૂલ આશય તો એ છે કે તેમના પ્રત્યે આપણો સદ્‌ભાવ વધે, તેમનો આપણા અંતરમાં પ્રવેશ થાય, તેમનું આપણને સતત સ્મરણ રહ્યા કરે અને તેમના સ્વરૂપની સાથે આપણે તદ્દાકાર બની શકીએ. આ પરિણામ માનસપૂજા વડે બહુ ઝડપથી લાવી શકાય છે, તેથી માનસ-પૂજાની ખાસ આવશ્યકતા છે.'

અમારા આ ઉત્તરના અનુસંધાનમાં એ જ પાઠક મિત્ર બીજો પ્રશ્ન કરે છે કે, 'જો માનસપૂજા આટલી શ્રેષ્ઠ છે, તો માત્ર માનસપૂજા જ કરવી જોઈએ, પછી વિવિધ ઉપચારો વડે થતી બાહ્યપૂજા કરવાનું પ્રયોજન શું ?' તેનો ઉત્તર એ છે કે, 'બાહ્યપૂજા કરતાં માનસપૂજા અનેકગણી શ્રેષ્ઠ હોવા છતાં બાહ્યપૂજાનું મહત્ત્વ જરા યે ઓછું નથી. અન્ય શબ્દોમાં કહીએ તો ઉપાસનામાં આગળ વધવા માટે એ એક પ્રકારની ઉત્તમ સીડી છે. માળ પર પહોંચ્યા પછી સીડીની જરૂર રહેતી નથી, પણ માળ પર ચડવા માટે તો સીડીની જરૂર પડે જ છે. આ જ રીતે ઉપાસનામાં આગળ વધવું હોય તો પ્રાથમિક ભૂમિકા તરીકે બાહ્યપૂજા કરવી જોઈએ અને ઉચ્ચ ભૂમિકાએ ન પહોંચાય ત્યાં સુધી તેને ચાલુ રાખવી જોઈએ.'

એક મંત્ર-તંત્ર-વિશારદે કહ્યું છે કે 'દૂધ સ્વભાવથી મધુર છે, પરંતુ તેમાં સાકર, બદામ, એલચી વગેરે

નાખવામાં આવે તો એ વધુ મધુર બને છે અને વિશેષ ગુણકારી થાય છે, તેમ વિવિધ ઉપચારો વડે થતી પૂજા લાભદાયી છે, પણ તેમાં માનસપૂજા ભળે તો તે અનેકગણી લાભદાયી થાય છે, તેથી બાહ્યપૂજાની સાથે માનસપૂજા કરવાની પણ જરૂર છે.'

'માનસપૂજા કેમ કરવી ?' તે અંગે અનેક પ્રકારનાં વિધાનો થયેલાં છે, પણ તે બધાનો સાર એ છે કે આપણા હૃદયને-અંતરને આસન કલ્પી તેના પર મંત્રદેવતાની મંગલમય મૂર્તિને સ્થાપન કરવી અને બાહ્યપૂજામાં જે જે ઉપચારો કરીએ છીએ, તે બધા જ મનની વૃત્તિથી કરવા તથા હર્ષનો રોમાંચ અનુભવવો.

તાત્પર્ય કે આપણે પ્રથમ આપણા અંતરના સિંહાસન પર અરિહંત ભગવંતને સ્થાપવા, પછી તેમનો પરમ પ્રસન્નચિત્તે ક્ષીરાભિષેક અને જલાભિષેક કરી રહ્યો છું એવી ભાવના ભાવવી. પછી અર્હં મંત્ર બોલવાપૂર્વક તેમનાં નવે ય અંગોની ક્રમશઃ ચંદન-કેસર પૂજા કરી રહ્યો છું એમ ચિંતવવું અને તે પછી તેમને અર્હં મંત્ર બોલવાપૂર્વક દિવ્ય પુષ્પો તથા હાર ચડાવી રહ્યો છું, એવી કલ્પનામાં મગ્ન થવું. તે પછી ભાવના ઉલ્લાસપૂર્વક અક્ષતપૂજા, ફલપૂજા, નૈવેદ્યપૂજા, દીપપૂજા અને ધૂપપૂજા પણ કરવી.

અહીં કોઈ એમ કહેતું હોય કે 'આ તો બહુ

સારું, સોઘું ભાડું અને સિદ્ધપુરની યાત્રા!' એટલે કે આ પૂજામાં પૈસાનો પણ ખર્ચ નથી, એટલે તે ગમે તેટલો વખત કરી શકીએ. પણ આમ કહેવું યોગ્ય નથી. પ્રથમ તો માનસપૂજામાં કંઇ ખર્ચ નથી, માટે તે સારી, એમ માનવું બરાબર નથી. માનસપૂજામાં મનનું-અંતરનું પરિવર્તન કરવાની ચમત્કારિક શક્તિ રહેલી છે અને મહાપુરુષોએ તેની ભલામણ કરેલી છે, માટે તે સારી છે, અવયશ કરવા યોગ્ય છે, એમ માનવું જોઇએ. વળી આ પૂજા અભ્યાસ વિના લાંબો સમય કરી શકાતી નથી. મનની સ્થિતિ તો તમે જાણો છો કે તે કુંજરના કાન જેવું કે ધ્વજાની પૂંછડી જેવું ચંચલ છે અને પોતાના વિષયો બદલ્યા જ કરે છે, એટલે મનોવૃત્તિનો પ્રવાહ લાંબો સમય એક સરખો રહી શકતો નથી. જ્યારે દૃઢ અભ્યાસ થાય છે, ત્યારે જ મનોવૃત્તિની ધારા કોઈ પણ જાતના વિક્ષેપ વિના એકસરખી ચાલે છે અને તેનો પ્રભાવ આપણા શરીર-મન-આત્મા પર ઘણો ઊંડો પડે છે.'

માનસપૂજાનો અનુભવ અમે ઘણાં વર્ષોથી લઈ રહ્યા છીએ અને તેના કેટલાક ચમત્કારો પણ જોયા છે, પરંતુ અહીં તેની રજૂઆત કરવાને બદલે દેવીભક્ત દારોગાની સત્ય ઘટના રજૂ કરીશું.

ગુલાબસિંહ નામનો એક દારોગો દેવીનો ભક્ત હતો અને તે રાત્રે દરબારગઢની ચોકી કરતી વખતે એક સ્થાને બેસીને દેવીની માનસપૂજા કર્યા કરતો. આ પરથી અન્ય લોકો

તો એમ જ સમજ્યા કે આ દારોગો બેસી રહે છે અને રાજાનો પગાર હરામનો ખાય છે. તેમણે આ વાત રાજાને પહોંચાડી.

રાજા ઠરેલ હતો અને એ દારોગા માટે ઘણું માન ધરાવતો હતો, એટલે તેણે આ બાબતમાં જાતતપાસ કરવાનું નક્કી કર્યું. થોડા દિવસ પછી મધ્યરાત્રિના સમયે રાજા પોતાના શયનાગારમાંથી બહાર નીકળ્યો અને ચૂપચૂપ દરબારગઢના દરવાજા નજીક આવીને ઊભો રહ્યો. હવે આ વખતે પેલો દારોગો પોતાના નિયત સ્થાને બેસીને સુવર્ણનો એક સુંદર કલશ કલ્પીને તેની જલધારા વડે મહાદેવીને મનથી અભિષેક કરી રહ્યો હતો. તેમાં તે એટલો તલ્લીન હતો કે રાજા તેની પાસે આવીને ઊભો છે, એ વાતનો તેને ખ્યાલ આવ્યો નહિ.

રાજાએ જોયું કે આ દારોગો ઊંઘતો ન હતો કે આળસુની જેમ બેસી રહ્યો ન હતો, પણ કોઈક પ્રકારની ચેષ્ટા કરી રહ્યો હતો. 'આટલી મોડી રાતે આમ કરવાનું પ્રયોજન શું ?' ઘણો વિચાર કરવા છતાં તેને આ વાતની કંઈ સમજ પડી નહિ, એટલે તેણે કહ્યું : 'ગુલાબસિંહ!' અને ગુલાબસિંહ સાવધ થઈ ગયો તથા 'ખમ્મા બાપુને' કહી તેમની અદબ જાળવીને ઊભો રહ્યો. પણ એ જ વખતે રાજાએ તેના હાથમાંથી સોનાનો કલશ પડતો જોયો અને તેનો ખણણણ એવો અવાજ સાંભળ્યો.

રાજાએ કહ્યું : 'ગુલાબસિંહ ! તું જરાયે ગભરાઈશ નહિ. તું શું કરતો હતો, તે મને સાચેસાચું કહી દે.' એટલે ગુલાબસિંહે કહ્યું : 'મહારાજ ! હમણાં હું મહાદેવીની માનસપૂજા કરતો હતો તેઓ આસન પર બિરાજ્યા હતા અને હું સુવર્ણનો કલશ કલ્પીને તેમાંથી વહેતી જલધારા વડે તેમને અભિષેક કરી રહ્યો હતો.'

રાજાએ કહ્યું : 'એ વાત માનવા હું તૈયાર છું, પણ કલ્પિત સુવર્ણકલશ દેખાય ખરો કે તેનો અવાજ સંભળાય ખરો ?'

ગુલાબસિંહ સમજી ગયો કે આ તો માતાજી વારે ધાયા છે ને હું જૂઠો ન પડું તે માટે તેમણે કલ્પેલી વસ્તુને સત્ય કરી બતાવી છે. તેણે નમ્રતાપૂર્વક કહ્યું : 'મહારાજ ! મારે અસત્ય બોલવાનું કંઈ પ્રયોજન નથી. હું ખરેખર કલ્પિત સુવર્ણકલશ વડે જ માતાજીને અભિષેક કરી રહ્યો હતો; બાકી આપે જે કંઇ જોયું અને સાંભળ્યું, તે એમનો જ પ્રભાવ છે.'

રાજાએ તેની આ માનસપૂજાની ખૂબ પ્રશંસા કરી અને બીજા દિવસથી તેનો પગાર દોઢો કરી આપ્યો.

તાત્પર્ય કે ઉપાસકોએ માનસપૂજા નિત્ય-નિયમિત કરવા જેવી છે.

## સ્વરૂપચિંતન

માનસપૂજાનો વિધિ પૂરો થયા પછી ઉપાસકે નીચેનો શ્લોક બે હાથ જોડીને ભાવપૂર્વક બોલવો :

प्रशमरसनिमग्नं दृष्टियुग्मं प्रसन्न-
वदनकमलमङ्कः कामिनीसंगशून्यः ।
करयुगमपि यत्ते शस्त्रसम्बन्धवन्ध्यं,
तदसि जगति देवो वीतरागस्त्वमेव ॥

અને તેના આધારે મંત્રદેવતાનું સ્વરૂપ આ પ્રમાણે ચિંતવવું : 'આપનાં બે ચક્ષુઓ પ્રશમરસમાં નિમગ્ન છે; આપનું વદનકમલ અત્યંત પ્રસન્ન છે; આપનો ખોળો કામિનીરહિત છે, એટલે કે નિઃસંગ છે. વળી આપના બે હાથમાં કોઈ પણ જાતનાં શસ્ત્રો નથી, પરંતુ તે ધ્યાન-મુદ્રામાં જોડાયેલા છે. તેથી હે ભગવંત ! આ જગતમાં વીતરાગ તો તમે જ છો.'

આ રીતે મંત્રદેવતાના સ્વરૂપનું પ્રતિદિન ચિંતન કરવાથી તેમનું સ્વરૂપ આપણા અંતરપટ પર અંકિત થાય છે અને છેવટે તે જીવંત બને છે, એટલે કે મંત્રદેવતા જાણે સાક્ષાત્ આપણી સામે રહેલા હોય, એમ લાગે છે. પછી મંત્રદેવતા જ્યારે સાક્ષાત્ દર્શન દે છે, ત્યારે એ સ્વરૂપે જ દે છે.

મંત્રદેવતાના સ્વરૂપચિંતનને તંત્રકારોએ એક પ્રકારનું સ્થૂલ ધ્યાન માન્યું છે, કારણ કે તેમાં મંત્ર દેવતાના વર્ણ, ભૂષણ, આયુધ, વાહન વગેરેનું ચિંતન હોય છે, જે તેમના ચિન્મય ધ્યાનની અપેક્ષાએ સ્થૂલ છે.

અહીં કોઈ એમ કહેતું હોય કે 'તમે મંત્રદેવતાના

સ્વરૂપનું જે ચિંતન કરો છો, તેમાં વર્ણ, ભૂષણ, આયુધ કે વાહન જેવી તો કોઈ વસ્તુ જ નથી, તેનું કેમ ?' તો તેનો ઉત્તર એ છે કે 'દરેક મંત્રદેવતાને પોતાની વિશેષતા હોય છે. એ રીતે અરિહંત ભગવંતને તેમની આગવી વિશેષતા છે. અહીં તેમનો વર્ણ ચિંતવવો હોય તો શ્વેત ચિંતવી શકાય છે, પરંતુ તેઓ વીતરાગ હોવાથી તેમને કોઈ ભૂષણ નથી, કોઈ આયુધ નથી કે કોઈ વાહન નથી. તેઓ પ્રશમ રસમાં નિમગ્ન છે અને પરમ પ્રસન્નતાથી યુક્ત છે, એ જ એમનું સાચું સ્વરૂપ છે અને ઉપાસકોએ તેનું જ ચિંતન કરવાનું છે. ઇલિકા-ભ્રમરી ન્યાયે આ ચિંતન ઉપાસકના અંતરમાં રહેલા સઘળા વિષાદને દૂર કરી પ્રસન્નતા પ્રકટાવે છે અને તેને ધીમે ધીમે પ્રશમરસમાં નિમગ્ન બનાવી દે છે. તાત્પર્ય કે પ્રસ્તુત મંત્રદેવતાનું આ સ્વરૂપે થતું ચિંતન સર્વથા યોગ્ય છે.

## સ્તવન-સ્તોત્રાદિ

સ્તવન-સ્તોત્રાદિ એ ભક્તિનું ભવ્ય અંગ છે. તેના વિના કોઈ પણ દેવી-દેવતાની ભક્તિ-ઉપાસના પૂર્ણતાને પામતી નથી અને યથાર્થ ફલદાયક થતી નથી; તેથી દેવી-દેવતાની ઉપાસનામાં સ્તવન-સ્તોત્રને ખાસ સ્થાન આપવામાં આવ્યું છે. વળી 'पूजाकोटिसमं स्तोत्रम्' એ શબ્દો એમ સૂચવે છે કે વિવિધ પ્રકારનાં પૂજનો કરતાં ભાવપૂર્વક બોલાતાં સ્તવન-સ્તોત્રોનું મહત્ત્વ વધારે છે, કારણ કે તે આપણને ઇષ્ટદેવની વધારે નજીક લઈ જાય છે અને તેમની

સાથે આંતરિક સંબંધ બાંધવામાં તથા વિકસાવવામાં ઘણો અગત્યનો ભાગ ભજવે છે.

આપણે અરિહંત ભગવંતને વિશિષ્ટ વંદના કરીએ, તેમનું વિવિધ ઉપચારો વડે પૂજન કરીએ, તેમની પ્રશસ્ત-ભાવે માનસપૂજા કરીએ કે તેમનું અતિ આદરપૂર્વક સ્વ-રૂપ-ચિંતન કરીએ, એ બધાનો હેતુ તો તેમની સાથે આંતરિક સંબંધ બાંધવાનો અને તેને દિનપ્રતિદિન વિકસા-વવાનો જ છે. સારગર્ભિત સુંદર શબ્દોવાળા સ્તવન-સ્તોત્ર તેમાં ઘણી સહાય કરે છે અને વિશેષમાં આપણા અંતરને ભાવોલ્લાસથી ભરી દે છે કે જે સિદ્ધિસંપાદન માટે અતિ જરૂરી છે.

મંત્રવિશારદ મહાપુરુષોએ કહ્યું છે કે ' न भावेन विना देव-यन्त्र-मन्त्राः फलप्रदाः-ભાવ વિના દેવ, યંત્ર કે મંત્ર ફલદાયી થતા નથી.' વળી તેમણે એ પણ કહ્યું છે કે- ' भावेन लभते सर्वं, भावेन देवदर्शनम्-ભાવથી સર્વ કંઇ મળે છે અને ભાવ વડે જ દેવનાં દર્શન થાય છે.' આ સંયોગોમાં ઉપાસકને સ્તવન-સ્તોત્રનો આશ્રય લીધા વિના ચાલે જ કેમ ?

જૈન ધર્મે અરિહંત ભગવંતની અનન્યભાવે ભક્તિ કરવાનો ઉપદેશ આપેલો છે અને તેના દ્રવ્યપૂજા તથા ભાવપૂજા એવા બે પ્રકારો દર્શાવેલા છે. તેમાં ભાવપૂજાના અધિકારે તેણે સ્તુતિ, સ્તવન અને સ્તોત્રોને ખાસ સ્થાન આપેલું છે, તેથી જ આજે જૈન સાહિત્યમાં સ્તુતિ, સ્તવનો

અને સ્તોત્રો વિપુલ સંખ્યામાં નજરે પડે છે. જો આ બધાનો વ્યવસ્થિત સંગ્રહ થાય તો તેના દશથી બાર દળદાર ગ્રંથો બની શકે, એમ અમારું માનવું છે.

અહીં એટલી સ્પષ્ટતા કરી દઈએ કે અરિહંત ભગવંતના ગુણાનુવાદ નિમિત્તે જે પદ્યકૃતિઓ એક કે બે ગાથાઓની બનેલી હોય, તેને સ્તુતિ કહેવામાં આવે છે, જે પદ્યકૃતિઓ પાંચથી સાત ગાથાઓની બનેલી હોય, તેને સ્તવન કહેવામાં આવે છે અને જે પદ્યકૃતિઓ તેથી વધારે પ્રમાણવાળી હોય તેને સ્તોત્ર કહેવામાં આવે છે. જો કે સ્તોત્રમાં શબ્દચમત્કૃતિ; અર્થગાંભીર્ય આદિ બીજી પણ કેટલીક વસ્તુઓની અપેક્ષા રહે છે, પરંતુ આને એક સામાન્ય ધોરણ સમજવાનું છે; કારણ કે તેમાં અનેક અપવાદો થયેલા છે. દાખલા તરીકે ઉવસગ્ગહરં પદથી શરુ થતી પદ્યકૃતિ માત્ર પાંચ ગાથાની હોવા છતાં સ્તોત્ર તરીકે ઓળખાય છે અને સંતિકરં, લઘુશાન્તિ તથા અજિતશાન્તિ આદિ પદ્યકૃતિઓ ઘણી ગાથાઓવાળી હોવા છતાં સ્તવનસંજ્ઞાથી વ્યવહૃત છે.

સ્તુતિનો ઉપયોગ સામાન્ય રીતે દર્શનવિધિ તથા પ્રતિક્રમણાદિ ક્રિયામાં વિશેષ થાય છે અને સ્તવનનો ઉપયોગ સામાન્ય રીતે ચૈત્યવંદન તથા ભાવનાદિ પ્રસંગે થાય છે; જ્યારે સ્તોત્રનો ઉપયોગ ખાસ પાઠ તરીકે વિશેષ થાય છે.

અહીં સ્તોત્રાદિ શબ્દનો પ્રયોગ થયેલો છે, એટલે સ્તોત્ર ઉપરાંત બીજી વસ્તુઓ પણ મંત્રદેવતાની

સ્તુતિ નિમિત્તે ઉપયોગમાં લેવાય છે, એમ સમજવાનું છે. તેમાં હૃદય, કવચ, અષ્ટોત્તરશતનામ તથા સહસ્રનામની મુખ્યતા છે. સ્તોત્રમાં સામાન્ય રીતે દેવનો મહિમા હોય છે, જ્યારે હૃદયમાં મંત્રદેવતાનું કેટલુંક રહસ્ય હોય છે, કવચમાં અંગરક્ષા આદિને લગતા મંત્રો હોય છે, અષ્ટોત્તરશત નામમાં દેવતામાં ૧૦૮ નામો હોય છે અને સહસ્રનામમાં તેમનાં [1]૧૦૦૦ નામોનો વિસ્તાર હોય છે.

પરંતુ આ પ્રકારના બધા સાહિત્યમાં સ્તોત્રોને વધારે પ્રતિષ્ઠા મળેલી છે, કારણકે તેના દ્વારા અનેકવિધ ચમત્કારો સર્જાયેલા છે. બાણકવિએ અદ્‌ભુત સ્તોત્રરચનાવડે પોતાના શરીરે થયેલા કોઢને મટાડયો હતો, મયૂરકવિએ અદ્‌ભુત સ્તોત્રરચનાવડે પોતાના કપાયેલા હાથ-પગ પાછા મેળવ્યા હતા, શ્રી માનતુંગસૂરિએ અદ્‌ભુત સ્તોત્રરચના વડે ૪૪ સાંકળનાં બંધનોમાંથી મુક્તિ મેળવી હતી. તેમણે આ રીતે જે સ્તોત્રરચના કરી, તે ભક્તામર શબ્દથી શરુ થતી હતી, એટલે '**ભક્તામરસ્તોત્ર**' તરીકે પ્રસિદ્ધિ પામેલી છે અને આજપર્યંત પોતાનો પ્રભાવ દર્શાવતી રહી છે. તેની વિશેષ માહિતી અમોએ રચેલા '**ભક્તામર-રહસ્ય**' નામના દળદાર ગ્રંથમાંથી મળી રહેશે.*

---

૧. કેટલાક સહસ્રનામ સ્તોત્રોમાં ૧૦૦૮ નામ હોય છે.

* આ ગ્રંથ બે આવૃત્તિ પામ્યા પછી આજે અપ્રાપ્ય બનેલો છે.

ઉવસગ્ગહરં સ્તોત્ર, સંતિકર સ્તવન, તથા લઘુશાન્તિ સ્તવ એ દરેકને પણ આ પ્રકારનો પોતાનો ઇતિહાસ છે.

પ્રસ્તુત ઉપાસનામાં સ્વરૂપચિંતનનો વિધિ પૂરો થયા પછી સ્તવન-સ્તોત્રાધિકારે ચતુર્વિંશતિસ્તવ ત્રણ વાર બોલવાનું છે કે જે સામાન્ય રીતે લોગસ્સસૂત્ર તરીકે ઓળખાય છે. અહીં કદાચ પ્રશ્ન થશે કે 'આપણે ત્યાં અનેક સ્તવન-સ્તોત્રો હોવા છતાં ચતુર્વિંશતિસ્તવની પસંદગી શા માટે ?' તેનો ઉત્તર એ છે કે 'આપણે ત્યાં અરિહંત ભગવંતના ગુણાનુવાદ નિમિત્તે જે સ્તવન-સ્તોત્રો રચાયેલાં છે, તેમાં સહુથી પ્રાચીન ચતુર્વિંશતિસ્તવ છે અને તે ગણધર ભગવંતની અર્થગૌરવયુક્ત પ્રાસાદિક કૃતિ હોઈ તેને પસંદ કરવામાં આવેલી છે.

અહીં એ પણ જાણી લેવાની જરૂર છે કે આ સ્તવમાં બધા અરિહંત ભગવંતોની સામાન્ય સ્તુતિ-સ્તવના છે, નામપૂર્વક સ્તુતિ-સ્તવના પણ છે અને છેવટે તેમણે જે સિદ્ધસ્વરૂપ ધારણ કર્યું, તેની પણ સ્તુતિ-સ્તવના છે, તે પણ તેની પસંદગીનું એક કારણ છે.

આ સ્તવ ત્રણ વાર બોલતાં આપણા અંતરમાં ભાવોલ્લાસ જાગે છે અને તે આપણા અંતરને અરિહંત ભગવંતના સ્વરૂપમાં તલ્લીન બનાવી દે છે, તેથી તે ત્રણ વાર બોલવાનું વિધાન થયેલું છે.

ઉપાસકે આ સ્તવ-સ્તવન અભિમુખભાવે બોલવું,

એટલે કે અરિહંત ભગવંત આપણી સામે સાક્ષાત્ બેઠા હોય, એવી કલ્પના કરીને તેને ધીમે ધીમે ગાવું. આ સ્તવની પ્રથમ ગાથા શ્લોકછંદમાં છે અને બાકીની છ ગાથાઓ કે ગાથા આર્યાછંદમાં છે, એટલે તે ભાવપૂર્વક ગાઈ શકાય એવું છે.

તે પછી નીચેનો મંત્ર બે વાર બોલવો કે જે 'પુણ્યાહં મંત્ર'ની પ્રસિદ્ધિ પામેલો છે:

ॐ पुण्याहं पुण्याहं प्रीयन्तां प्रीयन्तां भगवन्तोऽर्हन्तः सर्वज्ञाः सर्वदर्शिनस्त्रिलोकनाथास्त्रिलोकमहितास्त्रिलोक-पूज्यास्त्रिलोकेश्वरास्त्रिलोकोद्योतकराः ।

ॐ ऋषभ-अजित-सम्भव-अभिनन्दन-सुमति-पद्मप्रभ-सुपार्श्व-चन्द्रप्रभ-सुविधि-शीतल--श्रेयांस-वासुपूज्य-विमल-अनन्त-धर्म-शान्ति-कुन्थु-अर-मल्लि-मुनिसुव्रत-नमि-नेमि-पार्श्व-वर्द्धमानान्ता जिनाः शान्ताः शान्तिकरा भवन्तु स्वहा। ॥

અહીં સ્તવન-સ્તોત્રવિધિ પૂરો થયેલો જાણવો.

[ ૨૧ ]

## જપવિધિ

મંત્રોપાસના અંગે ઉપાસકે કઈ કઈ ક્રિયાઓ કેવી રીતે કરવી જોઈએ, તેનું વર્ણન-વિવેચન ચાલી રહ્યું છે. તેમાં પ્રથમ પ્રાતઃકાલીન ક્રિયા બતાવી, તે પછી ભૂતિશુદ્ધિ, પ્રાણાયામ અને સકલીકરણની ક્રિયાઓ બતાવી, તે પછી ષડ્નમસ્કારની ક્રિયાનું વિસ્તૃત-વિશદ વર્ણન કર્યું, તે પછી અર્હદ્વંદનાની રહસ્યમય ક્રિયા રજૂ કરી, તે પછી અષ્ટપ્રકારી અર્હત્ પૂજનની ક્રિયાનો પ્રકાશ કર્યો અને તે પછી માનસ-પૂજા, સ્વરૂપચિંતન તથા સ્તવન-સ્તોત્રાદિ ક્રિયાઓનું સ્વરૂપ પ્રકટ કર્યું. હવે—

અહીં એક પાઠક મિત્ર વચ્ચે જ બોલી ઉઠે છે કે 'અમે તો એમ સમજતા હતા કે અરિહંત ભગવંતની સેવા-પૂજા કરીએ અને અર્હં મંત્રની રોજ થોડી માળાઓ ગણીએ, એટલે તે મંત્ર સિદ્ધ થઈ જાય, પણ તમે તો એક પછી એક ક્રિયાનું વિધાન કર્યે જ જાઓ છો અને હજી બીજી કેટલી ક્રિયાઓ દર્શાવશો, તેની કંઈ સમજ પડતી નથી.

શું મંત્રસિદ્ધિનો માર્ગ આટલો બધો લાંબો છે? તેનો કોઈ ટૂંકો માર્ગ જ નથી?'

અમે આ મિત્રને જણાવવા ઇચ્છીએ કે રસોઈ કરવા તાંબાની તોલડી ચૂલે ચઢાવી હોય તો તેમાં એક પછી એક ઘણી વસ્તુની જરૂર પડે છે અને તે એમાં પ્રમાણસર નાખીએ તો જ રસોઈ બરાબર થાય છે. જો તેમાંની કેટલીક વસ્તુઓ ટાળીને કામ ટૂકું કરવા જઈએ તો રસોઈ બગડે છે અને પસ્તાવાનો વખત આવે છે.

બાળકને વિદ્યાભ્યાસ કરાવવો હોય તો પાટી, પેનથી માંડીને અનેક પ્રકારનાં પુસ્તકો અને અનેક પ્રકારની નોટબુકો, તેમજ દફતર આદિની જરૂર પડે છે અને જો તે વસ્તુઓ તેને આપવામાં આવે તો જ વિદ્યાભ્યાસ બરાબર થઈ શકે છે. જો તેમાંનાં કેટલાંક પુસ્તકો અને કેટલીક નોટબુકો ન આપીને ટૂંકો રસ્તો કાઢવા જઈએ તો સંભવ છે કે તેનો વિદ્યાભ્યાસ જ રખડી પડે.

કોઈ રાસાયણિક ઔષધ બનાવવું હોય તો તેમાં અનેક પ્રકારની ક્રિયાઓ કરવી જ પડે છે. જો તેમાં કસર કરવામાં આવે કે કરવા જેવી એક–બે ક્રિયાઓ છોડી દેવામાં આવે તો એ રાસાયણિક ઔષધ બની શકતું નથી અને તે માટે કરાયેલી બધી મહેનત માથે પડે છે. તાત્પર્ય કે જ્યાં જેટલી ક્રિયાઓ કરવાની જરૂર હોય, ત્યાં તેટલી ક્રિયા કે ક્રિયાઓ કરવી જ જોઈએ. તેમાં કોઈ મનસ્વી ફેરફાર કરી શકાય નહિ. તે માટે '**ભગવદ્‌ગીતા**'ના નિમ્ન શબ્દો યાદ રાખવા જેવા છે :

यः शास्त्रविधिमुत्सृज्य, वर्तते कामकारतः ।
न स सिद्धिमवाप्नोति, न सुखं न परां गतिम् ॥

'જે શાસ્ત્રવિધિનો ત્યાગ કરીને પોતાની ઇચ્છા પ્રમાણે વર્તન કરે છે, તે સિદ્ધિ મેળવી શકતો નથી; તેમ જ સુખ કે પરમ ગતિને પણ પ્રાપ્ત થઈ શકતો નથી.'

અહીં એ સ્પષ્ટતા પણ કરી દઈએ કે મંત્ર–તંત્ર–ગ્રંથો ઘણા છે અને તેમાં સંપ્રદાયભેદે જુદી જુદી અનેક રીતો, પદ્ધતિઓ કે ક્રિયાઓ બતાવવામાં આવી છે, પણ અમે તેનો ઊંડો અભ્યાસ કર્યા પછી તેમાંની જે ક્રિયાઓ સારભૂત લાગી અને અનુભવે યથાર્થ જણાઈ, તેની જ અહીં રજૂઆત કરી રહ્યા છીએ. આ ક્રિયાઓ આટલી સરલતાથી તમને પ્રાપ્ત થઈ રહી છે, તે માટે તમને આનંદ થવો જોઇએ અને હજી આ સંબંધી કંઈ વિશેષ જાણવા જેવું હોય, તે જાણી લેવાનો ઉત્સાહ હોવો જોઇએ. તેના બદલે તમે વિશેષ ક્રિયાના વર્ણનથી અકળામણ અનુભવો છો અને ટૂંકા રસ્તાની વાત કરો છો, તે ખરેખર ખેદજનક છે.

અહીં તમને એ પણ જણાવવા ઇચ્છીએ છીએ કે હવે ઘણો પંથ કપાઈ ગયો છે અને થોડો પંથ બાકી રહ્યો છે, પણ તે અતિ મહત્ત્વનો છે. જો તમે આ પંથ ઉલ્લસિત અંતરે–હોંશભેર હૈયે કાપશો તો સિદ્ધિ સમીપે જઈ પહોંચશો અને અત્યાર સુધીમાં કરેલા પરિશ્રમનું પરિણામ પામી શકશો.

અરિહંત ભગવંતના ગુણાનુવાદ નિમિત્તે સ્તવન-સ્તોત્રાદિ બોલ્યા પછી ઉપાસકે જપક્રિયામાં પ્રવૃત્ત થવાનું છે કે જે મંત્રસિદ્ધિ માટે અતિ આવશ્યક છે. મંત્ર-તંત્ર-વિશારદોએ જાહેર કર્યું છે કે 'नाजप्तः सिद्धयति मन्त्रः-જપ કર્યા વિના કોઈ મંત્ર સિદ્ધ થતો નથી.' વળી તેમણે ભારપૂર્વક એમ પણ જણાવ્યું છે કે 'जपात् सिद्धिर्जपात् सिद्धिर्जपात् सिद्धिर्न संशयः' અમે વારંવાર કહીએ છીએ કે જપથી સિદ્ધિ થાય છે, એમાં કંઈ સંશય રાખવો નહિ. અને આ પણ તેમના જ શબ્દો છે કે-'जपेन देवता नित्यं, स्तूयमाना प्रसीदति-જપવડે નિત્ય સ્તુતિ કરાયેલા દેવતા પ્રસન્ન થાય છે.'

આધુનિક યુગના એક જપપ્રચારક વિદ્વાને કહ્યું છે કે-'સર્વથી સહેલું અને સર્વમાન્ય સાધન કે જે પાંચ વર્ષના બાલકથી તે સો વર્ષના વૃદ્ધ પર્યંતના મનુષ્યો કોઈ પણ પ્રકારની કઠિનતા વગર કરી શકે છે, એનું નામ 'મંત્રજપ' છે. તે જ એક એવું સાધન છે કે જેમાં કોઈ પ્રકારની યોગ્યતાની વિશેષ આવશ્યકતા નથી, એક પાઈનો ખર્ચ થતો નથી અને મનુષ્યજન્મનો સર્વોપરી લાભ એનાથી સહેલાઈથી પ્રાપ્ત થાય છે.'

જૈન મહર્ષિઓએ જપને ખૂબ મહત્ત્વ આપ્યું છે અને તેને ધાર્મિક ક્રિયાનો એક અગત્યનો ભાગ માનેલો છે. શ્રીમાન્ હરિભદ્રસૂરિએ 'યોગબિન્દુ'માં જપને અધ્યાત્મ તરીકે ઓળખાવ્યો છે અને તેને ધાર્મિક પુરુષોનું એક

પ્રધાન લક્ષણ કહ્યું છે. નમસ્કારમંત્રના જપ અંગે જે વિધાનો થયેલાં છે, તે પાઠકો જાણતા જ હશે. તેનો એક લાખ જપ અમુક વિધિએ કરતાં તીર્થંકરનામકર્મ બંધાય, નવ લાખ જપ અમુક વિધિએ કરતાં નરકનું નિવારણ થાય વગેરે. તાત્પર્ય કે જપ શબ્દ માત્ર બે લઘુ અક્ષરોનો બનેલો હોવા છતાં તેમાં અદ્ભુત–અચિંત્ય શક્તિ ભરેલી છે. કોઈકે તો તેનો અર્થ એમ પણ ઘટાવ્યો છે કે–

जकारो जन्मविच्छेदः, पकारो पापनाशकः ।
तस्माज्जप इति प्रोक्तो, जन्मपापविनाशकः ॥

'જકાર જન્મનો વિચ્છેદ કરનાર છે અને **પ**કાર પાપનો નાશક છે; તેથી જ તેને જન્મ અને પાપનો વિનાશક એવો જપ કહેલો છે.'

મંત્રાક્ષરની વારંવાર આવૃત્તિ કરવી એટલે કે રટણ કરવું, તેને જપ કહેવામાં આવે છે. પત્થર પર દોરડું વારંવાર ઘસાય તો તેમાં ઊંડો ખાડો પડે છે અને લોખંડના તવાપર ટાંકણાનો ઘા વારંવાર પડે તો તેમાં છિદ્ર પડે છે. તે જ રીતે મંત્રના શબ્દોનું વારંવાર ઉચ્ચારણ કરીએ તો અમુક પ્રકારનું કંપન થાય છે અને તેની અસર આપણા પ્રાણ, મન, બુદ્ધિ વગેરે પર બહુ ઊંડી પડે છે, તેમજ વાતાવરણમાં પણ તેનો પ્રભાવ વિસ્તરે છે.

'મનુષ્ય જેવો વિચાર કરે છે, તેવો તે થાય છે' એ ઉક્તિના આધારે પણ એમ કહી શકાય કે દિવ્ય-

શક્તિથી વિભૂષિત મંત્રદેવતાનો વારંવાર જપ કરતાં મનુષ્ય દિવ્ય શક્તિથી વિભૂષિત થાય છે અને તે આ જગતમાં અનેક પ્રકારનાં અસાધારણ કાર્યો કરી શકે છે.

જપ મુખ્યત્વે ત્રણ પ્રકારનો છે : (૧) ભાષ્ય અથવા વાચિક, (૨) ઉપાંશુ અને (૩) માનસ. તેમાં બીજા સાંભળી શકે એ પ્રમાણે મંત્રનો ઉચ્ચાર કરવો, એ ભાષ્ય કે વાચિક જપ કહેવાય છે; બીજા સાંભળી ન શકે, એ રીતે મંત્રનો ઉચ્ચાર કરવો, એ ઉપાંશુ જપ કહેવાય છે; અને જે મંત્ર માત્ર મનની વૃત્તિઓથી સ્વસંવેદનરૂપે જપાય, તે માનસ જપ કહેવાય છે.

આ ત્રણ પ્રકારના જપોમાં ભાષ્ય જપ સામાન્ય મનાયો છે, ઉપાંશુ જપ તેના કરતાં વધારે સારો મનાયો છે અને માનસ જપ શ્રેષ્ઠ મનાયો છે. તેમાંથી ઉપાસકે ઉપાંશુ જપનો આશ્રય લેવાનો છે, કારણ કે બધી રીતે એ વધારે અનુકૂલ છે.

'મંત્રજપ કેવી રીતે કરવો જોઇએ?' તે અંગે '**ભૂતશુદ્ધિતંત્ર**' માં કહેવાયું છે કે-

मनः संहृत्य विषयान्मन्त्रार्थगतमानसः ।
न द्रुतं विलम्बं च, जपेन्मौक्तिकहारवत् ॥

'મનને વિષયોમાંથી ખેંચી લઈને મંત્રાર્થમાં જોડવાપૂર્વક અતિ ઉતાવળે પણ નહિ અને અતિ ધીમે પણ નહિ એવી રીતે મોતીની માળા માફક એટલે સમ અંતરે મંત્રજપ કરવો.'

અહીં થોડા શબ્દોમાં ઘણું કહેવાયું છે અને તે આપણે બરાબર સમજી લેવાનું છે. જપમાં મુખ્યત્વે મન સાથે જ કામ પાડવાનું છે, એટલે તેનો સ્વભાવ સમજી લેવાની જરૂર છે. મન એક વિષયમાંથી બીજા વિષયમાં અને બીજા વિષયમાંથી ત્રીજા વિષયમા એમ જુદા જુદા વિષયોમાં ભટકતું જ રહે છે. જો તેનું આ ભ્રમણ અટકે નહિ તો વંદન, પૂજન, જપ કે ધ્યાન કોઈ ક્રિયા યથાર્થપણે થઈ શકે નહિ, તેથી તેને અન્યાન્ય વિષયોમાંથી ખેંચી લેવાની વાત છે. આ રીતે ખેંચી લીધેલા મનને કોઈ એક વિષય પર જોડીએ અને ત્યાં સ્થિર રાખીએ ત્યારે એકાગ્રતા થઇ ગણાય છે. તેથી તેને મંત્રાર્થમાં-મંત્રના મૂલભુત વિષયમાં જોડવાની વાત છે. આ રીતે એકાગ્રતા પામેલું મન જપ કરવાને યોગ્ય છે. તાત્પર્ય કે જ્યાં સુધી આપણું મન ભ્રમરની માફક જ્યાં ત્યાં ભમતું હોય, ત્યાં સુધી તે જપ કરવાને યોગ્ય નથી. સંત કબીરે ઠીક જ કહ્યું છે કે-

> माला तो करमें फिरै, जीभ फिरै मुख मांही ।
> मनड़ं तो चहुदिशि फिरै, वा तो सुमिरन नांही ॥

'હાથમાં માળાના મણકા ફરતા હોય, મુખમાં જીભ ફરતી હોય અને પોતાનું મન ચારે દિશામાં ફરતું હોય, એ કંઇ સ્મરણ એટલે જપ કહેવાય નહિ.' તાત્પર્ય કે જપ કરવામાં મનની સ્થિરતા અવશ્ય જોઇએ.

મંત્રને જપના વિષયમાં સ્થિર કર્યા પછી બહુ ઉતાવળે

પણ નહિ અને બહુ ધીમે પણ નહિ, એટલે સમગતિએ મંત્રજપ કરવો યોગ્ય છે. તે માટે અહીં મોતીની માળાનું ઉદાહરણ આપ્યું છે. મોતીની માળામાં જેમ એક પછી એક મોતી પરોવાયેલા હોય છે, તેમ જપમાં એક પછી એક મંત્રપદ વ્યવસ્થિત રીતે બોલાવા જોઈએ, એટલે કે તેમાં ઓછું-વત્તું અંતર ન પાડતાં સમ અંતર રાખવું જોઇએ.

મનમાં ચંચલતા દોષ રહેલો હોઇને તે ઘડીકમાં ઝડપથી ચાલે છે, તો ઘડીકમાં ધીમું ચાલે છે, એટલે કે તેની ગતિ વિષમ હોય છે. તેને પ્રયત્ન કરીને સમગતિમાં લાવવાનું છે. આ પ્રયત્ન આપણી તે પ્રકારની ઇચ્છા દ્વારા થઈ શકે છે.

કેટલાક એમ માને છે કે 'મન તો કોઈ રીતે વશ આવે એવું નથી. એનાથી તો મોટા મોટા ઋષિ–મુનિઓ અને પંડિતો પણ હારી ગયા.' પરંતુ આ વસ્તુ અપેક્ષાકૃત છે, એટલે કે અમુક દૃષ્ટિએ સાચી છે પણ સર્વાંશે સાચી નથી. જો આ મન વશમાં આવે એવું જ ન હોય, તો મહાપુરુષો એ મનને શી રીતે વશમાં લાવ્યા અને આત્મ-દર્શનપૂર્વક મોક્ષને પામ્યા, એ વિચારણીય બને છે વળી યોગનો મુખ્ય વિષય જ મનને વશમાં લાવવાનો છે અને મંત્રશાસ્ત્રનું આખરી ધ્યેય પણ તેને વશમાં લાવી મહા-બોધસમાધિ પ્રાપ્ત કરવાનું છે, એટલે મનને વશમાં લાવી શકાય છે, એ વાત નિશ્ચિત છે. અલબત્ત, તે માટે પ્રયાસો ઘણા ભારે કરવા પડે છે.

આ પ્રયાસોમાં સત્સંગ, શાસ્ત્રસ્વાધ્યાય, સાત્ત્વિક આહાર અને પ્રશસ્ત પ્રવૃત્તિની મુખ્યતા છે અને ઉપાસકે તે અવશ્ય કરવાના છે.

મંત્રજપ અંગે મંત્રવિશારદો તરફથી બીજાં પણ કેટલાંક મહત્ત્વનાં સૂચનો થયેલાં છે, જેમકે—

नोच्चैर्जपं च संकुर्याद् रहः कुर्यादतन्द्रितः ।
समाहितमनास्तूष्णीं मनसा वापि चिन्तयेत् ॥

(૧) જપ મોટેથી બોલીને કરવો નહિ.

(૨) જપ એકાંતમાં કરવો, જેથી મનને જલ્દી એકાગ્ર કરી શકાય.

(૩) જપ અનિદ્રિત થઇને કરવો, એટલે કે જપ કરતાં ઝોકાં ન આવી જાય, તેની કાળજી રાખવી.

(૪) જપ સ્વસ્થ મનવાળા થઇને કરવો. અસ્વસ્થ મને જપ કરતાં દ્રુત, વિલમ્બિત વગેરે દોષો આવે છે અને એકાગ્રતા સાધી શકાતી નથી.

(૫) જપ મૌનપૂર્વક કરવો, એટલે કે તે વખતે કંઈ પણ બોલવું નહિ. જ્યાં બોલવાનો નિષેધ હોય, ત્યાં કોઇ સાથે વાતો તો થાય જ કેમ ?

(૬) જપ મનથી કરવો, એટલે ઉપાંશુ કે માનસ જપનો આશ્રય લેવો. ઉપાંશુ જપનો સારો એવો અભ્યાસ થયા પછી માનસ જપ બરાબર થઈ શકે છે, એટલી વાત લક્ષ્યમાં રાખવી.

મંત્રજપ કરતી વખતે કઇ કઈ બાબતો વર્જવી જોઈએ, તેનાં સૂચનો પણ મંત્ર-તંત્ર-વિશારદો તરફથી અપાયેલાં છે. જેમકે—

**आलस्यं जृम्भणं निद्रां, क्षुतं निष्ठीवनं भयम् ।**
**नीचांगस्पर्शनं कोपं, जपकाले विवर्जयेत् ॥**

(૧) જપ કરતી વખતે આળસ મરડવી નહિ.

(૨) જપ કરતી વખતે બગાસું ખાવું નહિ.

(૩) જપ કરતી વખતે ઊંઘવું નહિ.

(૪) જપ કરતી વખતે છીંક ખાવી નહિ.

(૫) જપ કરતી વખતે ખોંખારો ખાવો નહિ કે થૂંકવું નહિ.

(૬) જપ કરતી વખતે ભયભીત થવું નહિ.

(૭) જપ કરતી વખતે નીચાંગ એટલે કમરની નીચેના કોઈપણ ભાગને સ્પર્શ કરવો નહિ.

(૮) જપ કરતી વખતે કોઇ પર ક્રોધ કરવો નહિ.

જો આમાંના કોઈ પણ નિષેધનું સેવન થઈ જાય તો પ્રાયશ્ચિત્ત ગ્રહણ કરી શુદ્ધ બન્યા પછી બાકીના જપ પૂરા કરવાના રહે છે.

આ સિવાય પણ બીજા કેટલાક નિષેધો શાસ્ત્રોમાં જોવામાં આવ્યા છે. જેમ કે—

(૧) શીવેલાં વસ્ત્રો પહેરીને મંત્રજપ કરવો નહિ.

( તે જ કારણે ઉપાસકો એક ધોતી પહેરીને તથા બીજી ધોતી કે શાલ ઓઢીને જપ કરે છે. )

(૨) નગ્ન થઇને મંત્રજપ કરવો નહિ.

(૩) વાળ ખુલ્લા રાખીને મંત્રજપ કરવો નહિ, અર્થાત્ જપ કરતાં પહેલાં તેને બાંધી લેવા જોઈએ.

(૪) શરીર કે હાથ અપવિત્ર હોય, ત્યારે મંત્રજપ કરવો નહિ.

(૫) આસન બિછાવ્યા વિના મંત્રજપ કરવો નહિ.

(૬) ગમનસમયે મંત્રજપ કરવો નહિ, કારણ કે એ વખતે જવાની ઉતાવળ હોય, એટલે મંત્રજપ બરાબર થઈ શકે નહિ.

(૭) શયનસમયે મંત્રજપ કરવો નહિ, કારણ કે એ વખતે ઊંઘ આવવાનો સંભવ છે.

(૮) ભોજનસમયે મંત્રજપ કરવો નહિ, કારણ કે એ વખતે મન બરાબર એકાગ્ર થઈ શકતું નથી.

(૯) ભ્રમિતચિત્તે મંત્રજપ કરવો નહિ

(૧૦) ચામડાના જોડા પહેરીને મંત્રજપ કરવો નહિ.

(૧૧) પગ લાંબા પસારીને મંત્રજપ કરવો નહિ.

(૧૨) પાષાણ કે મૃત્તિકા પર બેસીને મંત્રજપ કરવો નહિ.

મંત્ર જપ કરતી વખતે પદ્માસન, સુખાસન કે જે આસન વિહિત હોય તે ગ્રહણ કરવું જોઈએ, એટલે કે આસન બદ્ધ થઈને જ મંત્રજપ કરવાનો છે. એ વખતે

મેરુદંડ સીધો રાખવો જોઇએ, મસ્તક ટટ્ટાર રાખવું જોઇએ અને ચક્ષુઓ અર્ધનિમિલિત એટલે અર્ધા ઊઘાડાં રાખવા જોઈએ. વળી તે વખતે જપ સિવાય શરીરનું અન્ય હલન-ચલન બંધ કરી દેવું જોઈએ. જો શરીર વડે હલન-ચલન થતું હોય તો મન પણ ચલાયમાન થાય છે, એટલે કે તે સ્થિર થઇ શકતું નથી.

જપ યથાર્થ-શુદ્ધ ત્યારે જ થયો ગણાય કે જ્યારે તે અક્ષરશુદ્ધિ, ઉચ્ચારશુદ્ધિ, ક્રિયાશુદ્ધિ અને ભાવશુદ્ધિપૂર્વક થયેલો હોય. જેમ અશુદ્ધ ઔષધનું સેવન કરવાથી રોગ મટતો નથી, તેમ અશુદ્ધ જપ કરવાથી કંઇ ફલ મળતું નથી. કેટલાક કહે છે કે અમે અમુક લાખ જપ કર્યા, છતાં કંઈ ફલ દેખાતું નથી, પણ તેમાં જપ પૂરો કરવા તરફ જ લક્ષ્ય અપાયેલું હોય છે અને શુદ્ધિ તરફ દુર્લક્ષ્ય થયેલું હોય છે. આવું કઈ ન બને તે માટે ઉપાસકે પૂરતી કાળજી રાખવાની છે.

રેલ્વેના પાટા પર ગાડીનાં બે પૈડાં સરખી ગતિએ ચાલે છે, તેમ મંત્ર અને માળાના મણકા સરખી ગતિએ ચાલવા જોઇએ. વધારે સ્પષ્ટ કહીએ તો એક મંત્ર બોલાય અને એક મણકો ફરે તેમ થવું જોઈ એ. જો મંત્ર ઝડપથી બોલાય અને મણકા પાછળ રહી જાય કે મણકા ઝડપથી ફેરવાય અને પાછળ રહી જાય તો અવ્યવસ્થા ઊભી થાય છે અને જપની ગણના ગરબડમાં પડી જાય છે, જે બિલકુલ ઇચ્છવા યોગ્ય નથી.

જપ બને ત્યાં સુધી મંત્રદેવતાની મૂર્તિ કે છબી સામે બેસીને કરવો, જેથી સન્મુખતાનો ભાવ આવે અને કરાતો જપ વધારે અસરકારક બને.

અભિમંત્રિત કરાયેલી વિહિત માલા જમણા હાથે ફેરવવી અને ડાબા હાથે તેની ગણના કરવી, એ સામાન્ય વિધિ છે. પ્રસ્તુત ગ્રંથના અગિયારમા પ્રકરણમાં અમે કયા પ્રયોજનમાં કઈ માલા વિહિત ગણાય, તે જણાવેલું છે અને માલા અભિમંત્રિત કરવાનો વિધિ પણ આપેલો છે.

આ રીતે જપ કરતી વખતે હાથ હૃદય સન્મુખ રાખવો જોઈએ, માલા અંગૂઠા પર રાખવી જોઈએ અને તેને નખ કે વસ્ત્રનો સ્પર્શ ન થાય, એ રીતે તર્જની આંગળીથી ફેરવવી જોઈએ. જો ઉપાસક માલાને તર્જની આંગળીના વચલા વેઢા પર રાખીને અંગૂઠા વડે ફેરવવાને ટેવાયેલો હોય તો તેમ કરી શકે છે. અમારી દૃષ્ટિએ તેમાં કંઈ હરકત નથી.

મંત્રદેવતા અરિહંત ભગવંતનો સ્તવન–સ્તોત્રાદિરૂપ ગુણાનુવાદ પૂરો થયા પછી તરત જ ઉપાસકે નમસ્કારમંત્રનો ત્રણ વાર પાઠ કરીને મંત્રજપનો આરંભ કરવો. ત્રણ વાર નમસ્કારમંત્રનો પાઠ કરવાનું કારણ જપસિદ્ધિ માટે યોગ્ય મંગલાચરણ કરવાનું છે.

અહીં ‘ ॐ ह्रीँ अर्हँ नमः ’ એ જાપ્યમંત્ર છે અને તેની ૨૦ માલા ફેરવવાની છે. આ માલા ૧૦૮ મણકાની હોવાથી એક માળા ગણતાં ૧૦૮ જપ થાય છે, પરંતુ

મંત્રસંપ્રદાય એવો છે કે તેના ૧૦૦ જપ જ ગણવા. અહીં ૮ જપ ઓછા ગણવાનું કારણ અમારી દૃષ્ટિએ ભૂલેચૂકે થયેલી સ્ખલનાઓને આવરી લેવાનું છે. આ રીતે ૨૦ માળા ગણતાં કુલ ૨૦૦૦ જપ થાય છે અને તે ઉપાસકની મોંઘેરી મૂડી બને છે. આ ૨૦ માલા ગણતાં ૩૫ થી ૪૦ મીનીટ જેટલો સમય જાય છે, જે સમગ્ર ઉપાસનાની દૃષ્ટિએ વધુ નથી.

આ ક્રમને નિયમિત અનુસરવામાં આવે તો ૬૩ દિવસમાં ૧,૨૬,૦૦૦ જપ પૂરા થાય છે અને તે કાર્યસાધક બને છે, એટલે કે ત્યારથી એ મંત્રનો પ્રભાવ એક યા બીજી રીતે પ્રત્યક્ષ થવા લાગે છે. જો આટલા જપ ૨૧ દિવસમાં પૂરા કરવા હોય કે જે અનુષ્ઠાનરૂપ છે, તો રોજની ૬૦ માળા ગણવી જોઈએ અને એટલી માળા એક આસને ગણવાની શક્યતા ન હોય તો ૩૦ માળા એ વખતે ગણી બાકીની ૩૦ માળા રાત્રિના બીજા પ્રહરે ગણવી જોઈએ. ખાસ અનુષ્ઠાનમાં તો આટલો જપ માત્ર સાત દિવસમાં જ પૂરો કરવાનો હોય છે, એટલે રોજના ૧૮૦૦૦ જપ કરવા પડે છે અને તે બે કે ત્રણ ટૂકડે પૂરા કરી શકાય છે.

મંત્રજપ જેમ જેમ આગળ વધતો જાય છે, તેમ તેમ ઉપાસકને શાંતિ–આનંદ–પ્રસન્નતાનો અનુભવ થતો જાય છે અને જયારે જપસંખ્યા લગભગ એક લાખ થવા આવે, ત્યારે પ્રાયઃ અરિહંતદેવને દેવો દ્વારા થઇ રહેલ જન્મા-

ભિષેકનું સ્વપ્ન આવે છે, જે જોતાં જ ઉપાસકનું અંતર એક પ્રકારના દિવ્ય આનંદથી ઉભરાઈ જાય છે અને તે મંત્રસિદ્ધિ માટે ખૂબ જ આશાવાદી બને છે.

મંત્રજપ યથાવિધિ અને યથાસંખ્ય થાય તો સિદ્ધિ માટે સંશય રાખવાનું કોઇ કારણ નથી, એટલે ઉપાસકે મંત્રજપ વિધિ પ્રમાણે નિયત સંખ્યામાં નિયમિત કરવાની કાળજી રાખવી જોઇએ અને તેમાં એક પણ દિવસ ન પડે, તે ખાસ જોવું જોઇએ.

[ ૨૨ ]

## અર્થભાવના કે ધ્યાન

મંત્ર-તંત્ર-ગ્રંથોમાં જપ પછી કરવા યોગ્ય ક્રિયાઓમાં ધ્યાનનો ઉલ્લેખ થયેલો છે, જેમકે-

**पूजाकोटिसमं स्तोत्रं, स्तोत्रकोटिसमो जपः ।**
**जपकोटिसमं ध्यानं, ध्यानकोटिसमो लयः ॥**

(મંત્રોપાસનાનો પ્રારંભ) પૂજા (થી થાય છે, તેના) કરતાં સ્તોત્રનું ફલ અનેકગણું વધારે છે. સ્તોત્ર કરતાં જપનું ફલ અનેકગણું વધારે છે; જપ કરતાં ધ્યાનનું ફલ અનેક ગણું વધારે છે અને ધ્યાન કરતાં લયનું ફલ અનેકગણું વધારે છે.' તાત્પર્ય કે મંત્રોપાસનાનાં મુખ્ય અંગો પૂજા, સ્તોત્ર, જપ, ધ્યાન અને લય છે અને તે ઉત્તરોત્તર ચઢિયાતાં છે. અહીં જપ પછી તરત ધ્યાનનો નિર્દેશ કરાયેલો છે.

મંત્રોપાસનાનાં પાંચ અંગો અન્ય રીતે પણ મનાયેલાં છે: (૧) અભિગમન, (૨) ઉપાદાન, (૩) ઇજ્યા, (૪) સ્વાધ્યાય અને (૫) યોગ. તેમાં **અભિગમનથી** મંત્રો-

પાસના માટે નક્કી થયેલા સ્થાન પ્રત્યેનું ગમન અને તેની શુદ્ધિ સૂચવાયેલ છે; **ઉપાદાન**થી મંત્રોપાસના માટે જરૂરી ઉપકરણોની પ્રાપ્તિ અને વ્યવસ્થા સૂચવાયેલ છે; **ઇજ્યા**થી ભૂતશુદ્ધિ, પ્રાણાયામ અને ન્યાસપૂર્વક વિવિધ ઉપચારો વડે થતી મંત્રદેવતાની પૂજા સૂચવાયેલ છે; **સ્વાધ્યાય**થી મંત્રજપ સૂચવાયેલ છે અને **યોગ**થી ધ્યાન સૂચવાયેલ છે. તાત્પર્ય કે આમાં પણ જપ પછીનું સ્થાન ધ્યાનને અપાયેલું છે.

મંત્રયોગ કે જે પ્રાચીનકાલમાં વિશેષ પ્રચલિત હતો, તેમાં પણ જપ પછી ધ્યાનનો નિર્દેશ થયેલો છે, જેમકે—

भवन्ति मन्त्रयोगस्य षोडशाङ्गानि निश्चितम् ।
यथा सुधान्शोर्जायन्ते कलाः षोडश शोभनाः ॥

भक्तिः शुद्धिश्चासनं च पञ्चाङ्गस्यापि सेवनम् ।
आचारधारणे दिव्य-देशान्सेवनमित्यपि ॥

प्राणक्रिया तथा मुद्रा तर्पणं हवनं बलिः ।
यागो जपस्तथा ध्यानं समाधिश्चेति षोडश ॥

'જેમ ચંદ્રમાને સુંદર સોળ કળાઓ છે, તેમ મંત્રયોગને સોળ સુંદર કલાઓ છે, તે આ પ્રમાણે: (૧) ભક્તિ, (૨) શુદ્ધિ, (૩) આસન, (૪) પંચાંગસેવન, (૫) આચાર, (૬) ધારણા, (૭) દિવ્યદેશનું સેવન, (૮) પ્રાણક્રિયા, (૯) મુદ્રા, (૧૦) તર્પણ, (૧૧) હવન, (૧૨) બલિ, (૧૩) યાગ, (૧૪) **જપ**, (૧૫) **ધ્યાન** અને (૧૬) સમાધિ.

આ બધા ઉલ્લેખોમાં ધ્યાનશબ્દથી ચિંતન સૂચવાયેલ છે. 'ध्यायते चिन्त्यते वस्त्वनेनेति ध्यानम्–જેના વડે વસ્તુનું ચિંતન કરાય, તે ધ્યાન.' તાત્પર્ય કે જપ પછી મંત્રદેવતા સંબંધી ચિંતન કરવું જોઈએ, એવો મંત્ર–તંત્ર–વિશારદોનો અભિપ્રાય છે.

પૂર્વે માનસપૂજા પછી સ્વરૂપચિંતનનો વિધિ દર્શાવેલો છે, તેમાં મંત્રદેવતાના વર્ણ, ભૂષણ આદિ સંબંધી ચિંતન કરવાનું છે, તેના કરતાં આ ચિંતન જુદા પ્રકારનું છે, એટલે તેને '**અર્થભાવના**'નો સંકેત અપાયેલો છે. **પાતંજલયોગશાસ્ત્ર**માં 'तज्जपस्तदर्थभावनम्' એ સૂત્રમાં આ સંકેતનાં સ્પષ્ટ દર્શન થાય છે. ત્યાં પ્રથમ એમ કહેવાયું છે કે 'तस्य वाचकः प्रणवः–તે પરમેશ્વરનો વાચક પ્રણવ એટલે ૐકાર મંત્ર છે' તેનો જપ કરવો જોઈએ અને તેની અર્થભાવના પણ કરવી જોઈએ. યોગશાસ્ત્રમાં ધ્યાનની પરિભાષા જુદી નક્કી થયેલી છે, એટલે તેમણે અર્થભાવના શબ્દને પસંદગી આપી છે અને તેમાં મંત્ર–તંત્રકારોના આશયનો પડઘો બરાબર પડેલો છે.

અહીં **અર્થ** શબ્દથી મંત્રવડે વાચ્યઃ એવું મંત્રદેવતાનું શરીર સૂચવાયેલું છે અને ભાવના શબ્દથી તે અંગે કરવા યોગ્ય ચિંતન સૂચવાયેલું છે. તાત્પર્ય કે મંત્રદેવતાના અક્ષર–મય સ્વરૂપ સંબંધી ચિંતન કરવું, એ અર્થભાવના નામની ક્રિયા છે અને તે જપ પછી તરત જ કરવી જોઈએ.

અહીં પ્રસંગવશાત્ એટલું જણાવી દઈએ કે જૈન-

ધર્મમાં મનની ત્રણ અવસ્થાઓ મનાયેલી છે: (૧) ચિત્ત, (૨) ભાવના અને (૩) ધ્યાન. જ્યારે મન જુદા જુદા વિષયોમાં ભટકતું હોય, ત્યારે તે ચિત્તરૂપ છે; તે જ્યારે કોઈ એક વિષયનું ધારાબદ્ધ ચિંતન કરે ત્યારે તે ભાવનારૂપ છે અને જ્યારે તે કોઈ એક વિષય પર એકાગ્ર બની જાય ત્યારે ધ્યાનરૂપ છે. આ દૃષ્ટિએ અહીં ચિંતનના અર્થમાં ભાવના-શબ્દનો પ્રયોગ ઉચિત છે.

પરંતુ આ બધી તાત્ત્વિક-ઝીણી વાતો છે. વ્યવહારમાં તો અર્થભાવનાને પણ એક પ્રકારનું ધ્યાન જ માનવામાં આવે છે, એટલે હવે પછી તેની વિચારણા એ રીતે કરીએ તો કંઈ હરકત નથી. અમને લાગે છે કે આ રીતે તેની વિચારણા કરવાથી પાઠકોને આ વિષય ગ્રહણ કરવામાં વધારે સરલતા રહેશે.

પ્રિય પાઠકો! અર્હં મંત્રને આપણા શરીર-મન-આત્મામાં ઉતારવાનો છે અને જીવનવ્યાપી બનાવવાનો છે. તે તેનું ધ્યાન ધર્યા સિવાય શી રીતે બની શકે! મહાપુરુષોના અભિપ્રાયથી તો ધ્યાન જ એક એવો કીમિયો છે કે જે મનુષ્યની આંતરિક સૃષ્ટિમાં અવનવો ફેરફાર કરી શકે છે અને તેને પોતાના જેવો જ બનાવી દે છે, તેથી જેણે અર્હં-અરિહંત સદૃશ બનવું હોય, તેણે અર્હં મંત્રનું ધ્યાન અવશ્ય ધરવું જોઇએ.

ધ્યાન અંગે થતી ક્રિયામાં ધ્યાતા, ધ્યેય અને ધ્યાન એ ત્રણ વસ્તુની ત્રિપુટી હોય છે, તે વાત આપણે બરાબર

સમજી રાખવાની છે. ધ્યાતા એટલે ધ્યાન ધરનારી વ્યક્તિ, ધ્યેય એટલે ધ્યાનનું આલંબન અથવા જેનું ધ્યાન ધરવાનું છે તે વસ્તુ અને ધ્યાન એટલે ધ્યેયની સિદ્ધિ અર્થે ધ્યાતા દ્વારા કરવામાં આવતી પ્રવૃત્તિવિશેષ. જો ધ્યાતા ન હોય તો ધ્યાન કોણ ધરે ? જો ધ્યેય ન હોય તો ધ્યાન શેનું ધરાય ? જો ધ્યાતા વિદ્યમાન હોય તથા ધ્યેય નિશ્ચિત હોય, પણ ધ્યાનની ક્રિયા યથાર્થપણે ન થાય તો ધ્યાન શી રીતે સંભવે ?' તાત્પર્ય કે આ ત્રણે ય વસ્તુનો બરાબર મેળ મળે ત્યારે જ ધ્યાનને લગતી ક્રિયા-પ્રક્રિયા સંભવે છે, તેથી તેને ધ્યાનની ત્રિપુટી માનવામાં આવી છે.

જપથી કંઈક સ્થિરતા પામેલું મન ધ્યાનને યોગ્ય બને છે, તેથી પ્રથમ જપ અને પછી ધ્યાન, એ ક્રમ સુવિહિત છે. આમ છતાં ધ્યાનને સિદ્ધ કરવા માટે કેટલોક અભ્યાસ તો કરવો જ પડે છે, જે ઉપાસકે અવશ્ય કરવો જોઈએ. કેટલાક કહે છે કે અમારું મન એકાગ્ર થઈ શકતું જ નથી, પરંતુ અભ્યાસથી સર્વ કંઈ બની શકે છે. આપણે નિશાળે બેઠા, ત્યારે એકડો કેવો ઘૂંટાતો હતો ? પણ તેનો અભ્યાસ ચાલુ રાખ્યો તો તેમાં મરોડ આવ્યો અને છેવટે તે સારી રીતે લખવા શક્તિમાન થયા. તાર પર ચાલવાનું આપણને લગભગ અશક્ય લાગે છે, પણ તમે સરકસમાં કેટલીક છોકરીઓને તાર પર સડસડાટ ચાલી જતી જોઈ શકશો, કારણ કે તેમણે એ બાબતનો અભ્યાસ કરેલો છે.

કોઈ પણ વસ્તુનો અભ્યાસ કરવો હોય તો તે ક્રમે ક્રમે થાય છે, એટલે કે તેનો ક્રમ નિયત કરવો પડે છે અને તે અનુસાર આગળ વધવું પડે છે. દાખલા તરીકે શાળાઓમાં વિદ્યાર્થીઓને વિદ્યાભ્યાસ કરવાનો હોય છે, તો ત્યાં અમુક ધોરણો નક્કી કરવામાં આવે છે અને તે પસાર કરતાં કરતાં અનુક્રમે આગળ વધવું પડે છે. વળી વિદ્યાર્થીનો અભ્યાસ કાચો ન રહી જાય તે માટે ત્યાં દરેક ધોરણની પરીક્ષા લેવામાં આવે છે અને તેમાં ઉત્તીર્ણ થનારને જ આગળના ધોરણમાં ચડાવવામાં આવે છે. ધ્યાનની બાબતમાં પણ આમ જ સમજવાનું છે, એટલે કે તેનાં પગથિયાં ક્રમશઃ ચડવાં પડે છે અને તો જ તેમાં સફલતા મળે છે.

અહીં અમે ઉપાસનાનો જે ક્રમ દર્શાવી રહ્યા છીએ, તે ધ્યાન માટેની યોગ્ય ભૂમિકા તૈયાર કરનારો છે, તેથી તેને બરાબર અનુસરવાનો છે. જે ઉપાસકે આ ઉપાસના-ક્રમનું બરાબર અનુસરણ કર્યું હશે, તેને ધ્યાનની ક્રિયા સરલ થઈ પડશે અને એ રીતે તે ધ્યાનના અભ્યાસમાં થોડા વખતમાં જ સારી પ્રગતિ કરી શકશે.

ધ્યાનના અભ્યાસીએ સહુ પ્રથમ આસનસિદ્ધિ કરવાની જરૂર છે, એટલે કે એક આસને લાંબા વખત સુધી સ્થિર બેસવાની ટેવ પાડવી આવશ્યક છે. જો શરીર સ્થિર નહિ હોય તો મન સ્થિર રહેશે નહિ, કારણ કે તે બંને ભાંડો-દકની માફક જોડાયેલાં છે. ભાંડ એટલે વાસણમાં પાણી ભર્યું હોય અને તેને ટક્કર લાગે તો પાણીમાં ક્ષોભ થાય કે

નહિ ? હાથ–પગ હલાવ્યા કરવા, આંગળીઓ વડે ચેન–ચાળા કરવા, આમ તેમ જોયા કરવું, ઘડીકમાં થૂંકવા જવું, ઘડીકમાં પેશાબ કરવા ઉઠવું વગેરે બાબતો શરીર સ્થિર થવા દેતી નથી, એટલે તેના પર પૂરો કાબૂ મેળવવાની જરૂર છે-

દિવસમાં અમુક વખત મૌન ધારણ કરવાથી ધ્યાનાભ્યાસમાં સહાય મળે છે, તેથી દરરોજ અમુક વખત મૌન પાળવું જોઈએ.

આહાર–વિહારની બાબતમાં તો અમે પૂર્વે વિવેચન કરી ગયા છીએ, એટલે તે અંગે અહીં ખાસ નિર્દેશ કરતા નથી.

પ્રસ્તુત ધ્યાન પર્યંકાસને થાય, તે ઇચ્છવા યોગ્ય છે. તેમ ન બને તો સુખાસને કરવું. એ વખતે મેરુદંડ સીધો રાખવો, મસ્તક ટટાર રાખવું, આંખો અર્ધનિમિલિત રાખવી અને દાંત ભીડાયેલા ન રાખતાં સહેજ ખુલ્લા રાખવા.

ઘણા અનુભવ પછી અમે એ નિર્ણય પર આવ્યા છીએ કે ધ્યાનનો પ્રારંભ મંત્રન્યાસના આધારે કરવો, એટલે કે મંત્રન્યાસમાં મંત્રાક્ષરોની જ્યાં જ્યાં સ્થાપના કરેલી છે, ત્યાં ત્યાં મનોવૃત્તિઓને એકાગ્ર કરવી. એ રીતે પ્રથમ ૐકારનું શિરશિખાના ભાગે શ્વેત વર્ણે ધ્યાન ધરવું, આ વખતે ૐ મંત્રાક્ષરની આકૃતિ આપણા મનમાં સ્પષ્ટ ઉઠવી જોઈએ અને તેના પર મનોવૃત્તિઓને એકાગ્ર કરવી જોઈએ. સમસ્ત ધ્યાનાક્રિયામાં આ પ્રમાણે સમજી લેવું. તે પછી

ભાલપ્રદેશમાં હ્રીંકારનું શ્વેતવર્ણે ધ્યાન ધરવું. તે પછી હૃદયકમલમાં અર્હં બીજનું શ્વેતવર્ણે ધ્યાન ધરવું અને છેવટે નાભિકમલમાં નમઃ એ બે અક્ષરોનું શ્વેત વર્ણે ધ્યાન ધરવું.

આ ધ્યાનનો કેટલોક અભ્યાસ થયા પછી બધા મંત્રાક્ષરોને સન્મુખ કલ્પી તેમનું શ્વેત વર્ણ ધ્યાન ધરવું. મંત્રના અક્ષરો એ મંત્રદેવતાનો સ્થૂલ દેહ છે, એટલે આને મંત્રદેવતાનું જ ધ્યાન સમજવું. આ ધ્યાન બરાબર જામતાં મંત્રનો પ્રત્યેક અક્ષર પ્રકાશમય દેખાતા લાગશે અને તે ઉપાસકના અંતરને શાંતિ–આનંદ–પ્રસન્નતાથી ભરી દેશે.

ધ્યાનના આ બે પ્રકારો સિદ્ધ થયા પછી સંભેદ–પ્રણિધાન પર આવવું. તેમાં પોતાના આત્માને અર્હં બીજથી ચારે બાજુ વીંટળાયેલો જોવો. તેનો વિધિ એવો છે કે પ્રથમ અર્હં બીજના અ ની જગાએ ऽ આ પ્રકારનો અવગ્રહ મૂકવો અને હંની નીચે એક રેફ મૂકી દેવો, એટલે ऽर्हं આવી આકૃતિ તૈયાર થશે. આ આકૃતિ ઓછામાં ઓછી ઓરડાની દિવાલ જેટલી મોટી કલ્પવી. પછી તેના મધ્ય ભાગમાં પોતાના આત્માનો ન્યાસ કરવો, એટલે કે પોતાના આત્માની સ્થાપના કરવી. પછી એમ ચિંતવવું કે મારી ઉપર–નીચે, આગળ–પાછળ સર્વત્ર અર્હં મંત્ર વ્યાપી ગયેલો છે અને તેની અદ્‌ભુત–અચિંત્ય શક્તિ મારા આત્મામાં પ્રવેશ કરી રહી છે.

આ ધ્યાનનું પરિણામ ઘણું સુંદર આવશે, એટલે કે

તેનાથી નવચેતનાનો અનુભવ થશે અને શરીર તથા મનમાં અજબ સ્ફુર્તિનો સંચાર થશે.

તે પછી અભેદ–પ્રણિધાન પર આવવું, એટલે કે મારો આત્મા એ જ अर्हं છે, અરિહંત છે એમ ચિંતવવું અને તેમાં તલ્લીન થઈ જવું. આ અભેદ પ્રણિધાનની સિદ્ધિ થાય, તેને જ મંત્રાર્થની પ્રાપ્તિ સમજવાની છે.

પ્રારંભમાં દરેક ઉપાસક મંત્ર અને મંત્રદેવતાને જુદી વસ્તુઓ માનતો હોય છે, એટલે કે તેમાં ભેદબુદ્ધિ પ્રવર્તતી હોય છે, પરંતુ તે મંત્રના પ્રત્યેક અક્ષરનું ધ્યાન ધરવા લાગે છે અને એ ધ્યાન ધીમે ધીમે આગળ વધે છે કે દરેક અક્ષરમાં મંત્રદેવતાનો ભાસ થાય છે અને એ રીતે મંત્રાક્ષર તથા મંત્રદેવતા વચ્ચે જે ભેદબુદ્ધિ હતી, તે નાશ પામે છે. છેવટે તો એવી સ્થિતિ આવે છે કે પોતે ધ્યાતા છે કે મંત્ર એ ધ્યેય છે, એ વાત પણ ભૂલાઈ જાય છે અને માત્ર ધ્યાનની જ સ્થિતિ પ્રવર્તે છે. તે પછી મંત્રચૈતન્ય પ્રકટે છે, એટલે કે મંત્રમાં તેની વિશિષ્ટ શક્તિ જાગૃત થાય છે અને તે જ મંત્રની સિદ્ધિ છે.

શાસ્ત્રોમાં અર્હં મંત્રની કેટલીક ધ્યાનપ્રક્રિયાઓ બતાવવામાં આવી છે, તેનાથી પણ પાઠકોને પરિચિત કરીશું. '**તત્ત્વાર્થસારદીપક**'માં અર્હં મંત્રનો પ્રભાવ વર્ણવતાં એમ કહ્યું છે કે—

**नासाग्रे निश्चलं वा भ्रूलतान्तरे महोज्ज्वलम् ।**
**तालुरन्ध्रेण वाऽयान्तं, विशन्तं वा मुखाम्बुजे ॥**

(૧) આ મંત્રરાજ નાસિકાના અગ્રભાગ પર સ્થિર છે, એવું ધ્યાન ધરવું.

(૨) અથવા તે બે ભ્રૂલતાઓની વચ્ચે પ્રકાશમાન છે, એવું ધ્યાન ધરવું.

(૩) અથવા તે તાલુરંધ્રમાંથી આવી રહેલ છે અને મુખમાં પ્રવેશ કરી રહ્યો છે, એવું ધ્યાન ધરવું.

'**મંત્રરાજરહસ્ય**'માં નીચેના શ્લોકનું અવતરણ અપાયેલું છે :

**कनककमलगर्भे कर्णिकायां निषण्णं,**
**विगततमसमर्हं सान्द्रचन्द्रांशुगौरम् ।**
**गगनमनुसरन्तं सञ्चरन्तं हरित्सु,**
**स्मर जिनपतिकल्पं मन्त्रराजं यतीन्द्र ॥**

'હે મુનિવર! તું અજ્ઞાનરૂપ અંધકારથી રહિત, ઘન એવા ચંદ્રકિરણોના જેવી ગૌરકાંતિવાળો અને સાક્ષાત્ જિન-પતિ સમાન એવો મંત્રરાજ અર્હં નાભિગત સુવર્ણકમલની મધ્યમાં વિરાજમાન છે, એમ પ્રથમ ચિંતવ. તે પછી તે આકાશમાં જાય છે અને સર્વ દિશાઓમાં સંચરે છે, એમ ચિંતવ.'

તાત્પર્ય કે પ્રથમ નાભિકમલમાં એક સુવર્ણકમલ ચિંતવવું અને તેના મધ્ય ભાગમાં અર્હં બીજની શ્વેત વર્ણે સ્થાપના કરવી. પછી તે સાક્ષાત્ અરિહંત ભગવંત છે, એમ માનીને તેનું ચિંતન કરવું. કેટલીક વખત આવું

ચિંતન કર્યા પછી એ અર્હૂઁ બીજ ધીમે ધીમે આકાશ તરફ જઈ રહ્યું છે અને ત્યાંથી તે જુદી જુદી દિશામાં સંચરી રહ્યું છે, એવી ભાવના કરવી.'

આ પ્રકારના ધ્યાનનું શું પરિણામ આવે? તે મંત્ર-રાજ-રહસ્યકારે નિમ્ન શબ્દોમાં દર્શાવ્યું છે :

इति सर्वत्रगं ध्यायन्नर्हमित्येकमानसः ।
स्वप्नेऽपि तन्मयो योगी किञ्चिदन्यन्न पश्यति ॥

'આ રીતે સર્વત્ર જતા એવા અર્હૂઁનું એકચિત્તથી ધ્યાન ધરતો અને તેમાં લીન થતો યોગી સ્વપ્નમાં પણ એ સિવાય બીજું કશું જોતો નથી.' તાત્પર્ય કે તે યોગી અર્હૂઁમંત્રમાં તદાકાર થઈ જાય છે અને એક ઉત્તમ કોટિનો સિદ્ધ બને છે.

ધ્યાનનો વિષય સૂક્ષ્મ છે અને તે ઘણા અભ્યાસે સિદ્ધ થાય એવો છે, એટલે ઉપાસકની ખરી કસોટી અહીં જ થાય છે. તેમાં તેણે પાર ઉતરવું જ જોઈએ

[ ૨૩ ]

## શેષ વક્તવ્ય

અર્હં મંત્રની ઉપાસનાનું વર્ણન પૂરું થયું. હવે તે અંગે જે શેષ વક્તવ્ય છે, તે અહીં રજૂ કરવામાં આવે છે.

ધ્યાન પછી લયનો નિર્દેશ થયેલો છે, પણ લય એ ધ્યાનનું જ ઉત્કૃષ્ટ સ્વરૂપ છે અને તે સંભેદ–અભેદ પ્રણિધાનથી પ્રાપ્ત થાય છે, એટલે તેનું સ્વતંત્ર વર્ણન કર્યું નથી. અહીં એ પણ જણાવી દઈએ કે ધ્યાન અંગે જે મુખ્ય વસ્તુઓ રજૂ કરવાની હતી, તે અહીં રજૂ કરી દીધી છે. ધ્યાનની આટલી ભૂમિકાએ પહોંચનારને બીજું જે કંઈ કરવા યોગ્ય છે, તે પોતાની આંતરિક પ્રેરણાથી સમજાઇ જાય છે અને તે કરી લે છે, એટલે તે અંગે વિશેષ વિવેચન કરવું જરૂરી નથી.

સિદ્ધિ સમીપે આવે છે, ત્યારે ચિત્ત વધારે પ્રસન્ન થાય છે, આનંદનાં અશ્રુ આવે છે, જ્યોતિર્દર્શન થવા લાગે છે અને પોતાનો દેહ પણ જ્યોતિર્મય ભાસે છે. ભોજનની અલ્પતા, નિદ્રાની અલ્પતા અને સ્વપ્નરહિત નિદ્રા, એ પણ

તેનાં લક્ષણો છે. કદાચ સ્વપ્ન આવે તો વાહનપ્રાપ્તિનું અને તેના પર સવાર થયાનું આવે છે.

અર્હં મંત્રની ઉપાસના મુખ્યત્વે તો સંસારસાગર તરવા માટે જ કરવાની છે, એટલે તેના પરિણામે ચિત્ત-શુદ્ધિ–ભાવશુદ્ધિ સાંપડે અને કર્મની મહાન નિર્જરા થાય, એ ખાસ જોવાનું છે. બીજી સિદ્ધિઓ તો અહીં વણમાગી આવી જ જાય છે.

સિદ્ધિ થયા પછી સાધના કરવાની હોતી નથી, એટલે આ દિવસો એ સાધનાના છેલ્લા દિવસો છે, એમ માની દરેક ક્રિયા ખૂબ શુદ્ધિપૂર્વક કરવાની કાળજી રાખવી ઘટે છે. કેટલીક વાર એમ પણ બને છે કે સિદ્ધિ સમીપ આવી હોય, પણ ઉપાસકની નાની સરખી ભૂલોથી તે દૂર હડ-સેલાઈ જાય છે, માટે જ આ સૂચના છે.

કેટલાક એમ માને છે કે મંત્રસિદ્ધિ એ બીજું કંઈ નહિ, પણ પોતાની આંતરિક શક્તિનો વિકાસ છે, એટલે કે તેમાં દૈવી તત્ત્વ જેવું કંઈ નથી. ઘડીભર માની લઈએ કે હકીકત આ પ્રકારની છે, તો પણ તે મંત્રનો મહિમા ગાનારી છે, કારણ કે આંતરિક શક્તિનો આવો અદ્ભુત વિકાસ અન્ય કોઈ સાધનથી શકય નથી. મનુષ્યનો જે આંત-રિક વિકાસ વિશ્વની ગૂઢતમ શક્તિઓ સાથે અનુસંધાન કરે અને અચિંત્ય કાર્યો કરવાને સમર્થ થાય, તેથી વધારે સુંદર બીજું શું હોઈ શકે ?

પરંતુ હકીકતે તો દૈવી તત્ત્વ તેમાં ભાગ ભજવે જ છે. એક ત્યાગી સાધકે અમુક લાખ જપ કર્યા પછી શ્રી

ચક્રેશ્વરી દેવી પ્રસન્ન થયાં, તેમણે સાક્ષાત્ દર્શન આપ્યાં અને ઉપાસકને કહ્યું કે 'હું તારા કોઠે રહેવા તૈયાર છું.' આનો અર્થ એ કે હું તારા અંતરમાં જ વસીશ અને જ્યારે તું મારા નામની માલા ફેરવીશ, ત્યારે શરીરકંપન વડે પ્રકટ થઇ તારા પૂછેલા પ્રશ્નનો ઉત્તર આપીશ કે તેં ચીંધેલું કામ કરીશ.' ત્યાગી સાધકને લાગ્યું કે આથી દેખાવ ઠીક નહિ થાય, એટલે તેણે કહ્યું : 'હું વિચારીને જવાબ આપીશ.' અને દેવી અંતર્ધ્યાન થયા. તે પછી કેટલાક વખતે સાધકને લાગ્યું કે 'માતાજી મારા કોઠે રહે એમાં કંઇ હરકત નથી, એ તો ઇચ્છવા યોગ્ય છે.' એટલે બીજો અમુક લાખ મંત્રજપ કર્યો અને માતાજીનું આહ્વાન કર્યું, પણ માતાજીએ સાક્ષાત્ દર્શન દીધાં નહિ. તેમણે અંતરીક્ષમાંથી જ જવાબ આપ્યો કે 'તેં મારી ઇચ્છાનો અનાદર કર્યો છે, એટલે બીજી વાર હું દર્શન નહિ દઉં, પણ તારા જપથી હું પ્રસન્ન છું, એટલે તારું ઇચ્છેલું કાર્ય કરી આપીશ.'

દેવી–દેવતાઓને પ્રત્યક્ષ કરવા માટે કેટલાંક માંત્રિક વિધિ–વિધાનો છે, પણ તે પોતાનો અધિકાર જોઇને કરવા જેવાં છે. એક મંત્રસાધકે ગુરુ પાસેથી મંત્રવિદ્યાનાં કેટલાંક પુસ્તકો ચોરી લીધાં અને ગચ્છંતી કરી. પછી તેણે અમુક સ્થાને સ્થિર થઇ ને એ ગ્રંથોમાંથી શ્રી પદ્માવતીદેવીને પ્રત્યક્ષ કરવાનો વિધિ મેળવ્યો. તેને મન એમ હતું કે શ્રી પદ્માવતીદેવી પ્રત્યક્ષ થશે, એટલે તેમની પાસેથી હું અમુક વસ્તુ માગી લઇશ, તેથી મારું ધાર્યું કામ થવા લાગશે અને મારા નામનો ડંકો વાગશે. પછી એક મધ્યરાત્રિએ તેણે એ વિધિ–વિધાન કરતાં શ્રી પદ્માવતીદેવી પ્રત્યક્ષ

થયાં, પણ સાધકને ગુરુદ્રોહી જાણી તરત જ પોતાનું મુખ ફેરવી લીધું અને જતી વખતે પોતાની સાડીનો છેડો તેની છાતીમાં મારતા ગયા કે સાધક ચીસ પાડીને ભોંયભેગો થયો અને લોહી વમવા લાગ્યો.

સવારે સગાંવહાલાંએ તેની આ હાલત જાણી ઉપચાર કરવા માંડ્યા, પણ તેમાં સફળતા મળી નહિ. સાતમા દિવસે તેણે દેહ છોડ્યો. તાત્પર્ય કે અમુક વિધિ–વિધાનોથી દેવી–દેવતા આજે પણ પ્રત્યક્ષ થાય છે, પરંતુ તે વિશિષ્ટ અધિકારની અપેક્ષા રાખે છે.

નમોત્થુણં સૂત્રમાં ગંભીર રહસ્ય ભરેલું છે અને તેને લગતી એક આરસની કમલમય અદ્ભુત કૃતિ અસ્તિત્વમાં હતી, એ જાણ્યા પછી તે અંગે વિશેષ માહિતી મેળવવા અમે એક મંત્રવાદી મિત્રને મળ્યા કે જે દેવનું આહ્વાન કરીને તેને બોલાવી શકતા હતા. અમે તેને એ દેવ પાસેથી કેટલીક હકીકતો મેળવવાનું જણાવ્યું. પેલા મંત્રવાદી મિત્ર કે જેઓ બ્રાહ્મણ હતા, તેમણે એક રાત્રિએ દેવનું આહ્વાન કર્યું, એટલે તે હાજર થયો. તેને પૂછવામાં આવ્યું કે જૈન ધર્મના નમોત્થુણં સૂત્રનો કોઈ ખાસ કલ્પ છે કે કેમ? આ દેવ વ્યંતર જાતિનો હતો કે જે જૈન શાસ્ત્રોના જણાવવા મુજબ વિભંગજ્ઞાની હોય છે. તેણે એનો હા કે ના માં ઉત્તર આપવાને બદલે એ કલ્પનાં કેટલાંક વિધાનો લખાવવા માંડ્યાં અને મંત્રવાદીએ એ કાગળ પર લખી લીધાં. આ રીતે લગભગ દોઢ ફુલ્સકેપ જેટલું લખાણ કરાવી તે અદૃશ્ય થયો. સવારે અમે પેલા મંત્રવાદી મિત્રને મળ્યા, એટલે તેણે કાગળ રજૂ કર્યો. અમે તેને ઉત્સુકતાથી વાંચ્યો

તો જણાયું કે એમાં નમોત્થુંણુને લગતાં કેટલાંક વિધાનો હતાં, પણ તે સાથે બીજાં પણ કેટલાંક શાસ્ત્રીય વિધાનો હતાં અને તે એવી રીતે સેળભેળ થઈ ગયેલાં હતાં કે તેમાંથી જરૂરી તારવણી થઈ શકે એમ ન હતું; એટલે તે કાગળ અમને ઉપયોગી થયો નહિ. પરંતુ એટલી વાત નક્કી કે આજે પણ અમુક વિધિ-વિધાનથી દેવી-દેવતાઓને પ્રત્યક્ષ કરી શકાય છે અને એ દેવી-દેવતા ઉચ્ચ કોટિના હોય તો તેમના અનુગ્રહ દ્વારા ધાર્યાં કાર્યો થઈ શકે છે.

અર્હં મંત્રની સિદ્ધિ વખતે એક જ્યોતિપુંજ જરૂર પ્રકટ થાય છે કે જે એક પ્રકારનો સમકિતી દેવ હોય છે. તે હાથ ઊંચો કરી ઉપાસકને આશીર્વાદ આપે છે અને કહેવા જેવાં બે વચનો પણ કહે છે. ઉપાસકે તેને વિધિસર વંદન કર્યા પછી તે વિદાય થાય છે. ત્યાર પછી ઉપાસક અર્હં મંત્રના સ્મરણ-ચિંતન વડે ઇષ્ટ-કાર્યની સિદ્ધિ કરવા સમર્થ થાય છે, એટલે તેને કોઈ વસ્તુની ખોટ રહેતી નથી. અન્ય શબ્દોમાં કહીએ તો તેના સકલ મનોરથની સિદ્ધિ થાય છે અને તે પોતાનું જીવન સાર્થક કરી શકે છે.

અહીં એટલી સ્પષ્ટતા કરી દઈએ કે અર્હં મંત્રની વિધિસર ઉપાસના કરનારને સાંસારિક વસ્તુઓનો મોહ રહેતો નથી, એટલે તે ગમે તેવો મનોરથ કરતો નથી. મોટા ભાગે તો તે શાસન-સંઘનાં કાર્યો કરવાનો કે માનવ-હિતનાં કાર્યો કરવાનો મનોરથ કરે છે અને તે ગમે તેવો કઠિન હોય તો પણ યશસ્વી રીતે પૂર્ણ થાય છે.

સહુ કોઈ અર્હં મંત્રની ઉપાસના દ્વારા પોતાનું અભીષ્ટ સાધે, એ જ આંતરિક અભ્યર્થના.

卐 વંદના સત્તાવનમી 卐

પુરુષાર્થના પરમ યોગે

નરમાંથી નારાયણ

બનનારા

તથા

વામનમાંથી વિરાટ થનારા

વિષ્ણુસ્વરૂપ

શ્રી અરિહંતદેવોને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐

અર્હં મંત્રનો
અનન્ય ઉપાસક
મુંબઇ–૪૦૦૦૦૩

# 卐 વંદના અઠ્ઠાવનમી 卐

અધ્યાત્મમાર્ગના

અનન્ય સ્રષ્ટા,

મોક્ષમાર્ગનું યથાર્થ

વિધાન કરનારા

તથા

સમવસરણમાં ચતુર્મુખ

બિરાજનારા

બ્રહ્માસ્વરૂપ

શ્રી અરિહંતદેવોને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐

નરેન્દ્રકુમાર ધીરજલાલ શાહ

તથા

રંજનબેન નરેન્દ્રકુમાર શાહ

લધાભાઈ ગણુપત બીલ્ડીંગ,

બીજે માળે, ચીંચબંદર,

મુંબઈ-૪૦૦૦૦૯

## 卐 વંદના ઓગણસાઠમી 卐

જેઓ

સમત્વરૂપી મહાયોગના

પરમ સાધક હતા

તથા

વિશ્વમૈત્રીના

અનન્ય ઉપદેષ્ટા હતા,

તે

શ્રી અરિહંતદેવોને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐

**ભારતી વસ્તુપાલ વોરા**

**તથા**

**વસ્તુપાલ અ. વોરા**

મહાવીરનગર, યુ-૧૩૯,

શંકરલેન, કાંદીવલી (વેસ્ટ),

મુંબઇ-૪૦૦૦૬૭

卐 વંદના સાઠમી 卐

જેમણે

'જીવો અને જીવવા દો'ની

ઉત્કટ ઘોષણા વડે

અહિંસાધર્મની

પરમ પ્રતિષ્ઠા કરી,

તે

શ્રી અરિહંતદેવોને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐

શ્રીમતી ચંપાબેન ધીરજલાલ શાહ
તથા કુટુંબીજનો.
લધાભાઈ ગણપત બીલ્ડીંગ,
બીજે માળે, ચીંચબંદર,
મુંબઈ-૪૦૦૦૦૯

## 卐 વંદના એકસઠમી 卐

જેમના
નામનો જપ કરતાં
ભયંકર ભોરીંગોના
વિષનું
વારણ થાય છે
અને
અમૃતની અદ્ભુત
વૃષ્ટિ થાય છે,
તે
શ્રી અરિહંતદેવોને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

ચંદુલાલ એમ. શાહ
મીનરવા એન્જીનીયરીંગ
ટુલ્સ કું.
૧૨૬-૨૮, નાગદેવી સ્ટ્રીટ,
મુંબઈ-૪૦૦૦૦૩
ટે. નં. ૩૨૮૦૨૩

卐 વંદના બાસઠમી 卐

જેમનું

નામસ્મરણ

શાંત-તુષ્ટિ-પુષ્ટિને

કરનારું છે

તથા

સર્વ આપત્તિઓને

હરનારું છે,

તે

શ્રી અરિહંતદેવોને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐

**શાન્તાબેન વાડીલાલ દોશી**

**તથા**

**વાડીલાલ શિવલાલ દોશી**

અનંત બીલ્ડીંગ,

૨૧૭-પ્રિન્સેસ સ્ટ્રીટ,

મુંબઈ-૪૦૦૦૦૨

## 卐 વંદના ત્રેસઠમી 卐

જેમની
મન-વચન-કાયાથી
ભક્તિ કરતાં
સર્વ
દુઃખો અને દર્દોનો
નાશ થાય છે,
તથા
બોધિની પ્રાપ્ત થાય છે,
તે
શ્રી અરિહંતદેવોને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

**રશ્મિકાન્ત હિંમતલાલ મોદી**
**દેવેન હિંમતલાલ મોદી**
**જસ્મીના હિંમતલાલ મોદી**
સર્વોન્નતિ સોસાયટી,
બ્લોક, એ-૩૫,
કામાગલી, ઘાટકોપર,
મુંબઈ-૪૦૦૦૮૬

## 卐 વંદના ચોસઠમી 卐

જેમની

નિત્ય-નિયમિત

ઉપાસના કરતાં

જન્મ-જરા-મૃત્યુનો

ભય ટળે છે

અને

અક્ષય સુખની પ્રાપ્તિ

થાય છે,

તે

શ્રી અરિહંતદેવોને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐

રમણલાલ નગીનદાસ પરીખ

જયંત મહાલ, ચોથા માળે,

ચર્ચગેટ 'ડી' રોડ,

મુંબઈ-૪૦૦૦૨૦

# 卐 વંદના પાંસઠમી 卐

જેમનું

પૂજન-આરાધન

અપમૃત્યુનો ભય ટાળે છે

અને

સમાધિમરણની

અવશ્ય પ્રાપ્તિ કરાવે છે,

તે

શ્રીઅરિહંતદેવોને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐

પ. પૂ. વ્યા. સા. ન્યાયતીર્થ

મુનિપ્રવર શ્રી સૂર્યોદય-

વિજયજી મ. ના સદુપદેશથી

**શ્રી વિજય દેવસૂર જૈન સંઘ**

**ડભોઈ**

( ગુજરાત )

卐 વંદના છાસઠમી 卐

જેમનું
અભિમુખભાવે
સ્મરણ-વંદન-સ્તવન
કરતાં
પવિત્ર ભાવોનો પ્રવાહ
વહે છે
તથા
અપૂર્વ આનંદ અને
પ્રસન્નતાની પ્રાપ્તિ
થાય છે,
તે
શ્રીઅરિહંતદેવોને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐


ધરણીધર ખીમચંદ શાહ
મનીષ એક્સપોર્ટસ (પ્રા.) લી.
માંગરોળ મેન્શન, ૧ લે માળે,
ગનબાવ સ્ટ્રીટ, ફોર્ટ
પો. બો. નં. ૧૭૩૭
મુંબઈ-૪૦૦૦૦૧

卐 વંદના સડસઠમી 卐

ધર્મની
અપૂર્વ અનુપમ
દેશના વડે
લાખો-ક્રોડો નરનારીને
મુક્તિનો મહાપથ
દર્શાવનારા
શ્રીઅરિહંતદેવોને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐


સ્વ. શેઠ શ્રી કેશવલાલ મનસુખલાલ શાહ
મેસર્સ ભારત કોલટાર સપ્લાઈંગ કું.
યુનીયન બેંક બીલ્ડીંગ, ચોથે માળે,
દલાલ સ્ટ્રીટ,
મુંબઈ-૪૦૦૦૨૩
ટે. નં. ૨૭૧૪૭૬-૨૭૪૯૮૫

卐 વંદના અડસઠમી 卐

જેમની

અતિશય સુમધુર

વાણીએ

ધર્મનો મર્મ પ્રકટાવ્યો

અને

ક્રોડો માનવીનું

કલ્યાણ કર્યું.

તે

શ્રીઅરિહંતદેવોને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐

અમરચંદ રતનચંદ ઝવેરી

કૃષ્ણ બીલ્ડીંગ,

૭૭-એ, વાલકેશ્વર રોડ,

મુંબઈ-૪૦૦૦૦૬

卐 વંદના ઓગણસીત્તેરમી 卐

જેમની

પાંત્રીસ-ગુણયુક્ત

વિશદ વાણી સાંભળતાં

લાખો-ક્રોડો નર-નારીઓનાં

સંશય-છેદાયાં

અને

સમ્યકત્વની પ્રાપ્તિ થઈ,

તે

શ્રીઅરિહંતદેવોને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐

ડો. સી. વી. જૈન (શિવગંજવાળા)

પારસનગર

જોગેશ્વરી પૂર્વ,

મુંબઈ-૪૦૦૦૬૦

ટે. નં. ૫૭૨૬૬૨

卐 વંદના સીત્તોરમી 卐

જેમનાં
ઉપદેશનું પાન
કરતાં
દાનનો મહિમા સમજાયે
અને
અભયદાન, સુપાત્રદાન
તથા
અનુકંપા દાનની
પ્રવૃત્તિઓ પ્રકૃષ્ઠ ભાવે
પાંગરવા લાગી,
તે
શ્રીઅરિહંતદેવોને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

દલીચંદ પરસોતમ શાહ
યુનાઈટેડ ઓવરસીસ
ટ્રેડીંગ કોરપોરેશન,
૩૨-ગુલાલવાડી,
મુંબઈ-૪૦૦૦૦૪

## 卐 વંદના એકોતેરમી 卐

જેમની

દિવ્ય દેશનાએ

શીલધર્મનું સત્ત્વ પ્રકાશ્યું

અને

માનવજીવનમાં

યમ-નિયમનું આરોપણ કર્યું,

તે

શ્રીઅરિહંતદેવોને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐

લલિતકુમાર રતનચંદ કોઠારી
શાંતિનગર, બી-વીંગ,
૯૮, નેપીયન્સી રોડ,
મુંબઈ-૪૦૦૦૦૩

## વંદના બોંતેરમી

જેમણે

મન-વચન-કાયાની

પરમ શુદ્ધિ માટે

૬ પ્રકારના બાહ્ય તપની

તથા

૬ પ્રકારના અભ્યંતર તપની

પ્રશસ્ત પ્રરૂપણા કરી.

તે

શ્રીઅરિહંતદેવોને

અમારી

કોટિ કોટિ વંદના હો.

છબીલદાસ હીરાલાલ શાહ
ચંદનમાળા, બી-વીંગ-૪૦૬
રીજરોડ, વાલકેશ્વર,
મુંબઈ-૪૦૦૦૦૬

## 卐 વંદના તોંતેરમી 卐

જેમનો

ઉપદેશ

આંતરિક વિશદ ભાવોનો

ઉલ્લાસ કરવા

માટે

અજોડ નીવડ્યો,

તે

શ્રીઅરિહંતદેવોને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐


વસનજી વેરશી

જવાહર મેડીકલ એન્ડ

જનરલ સ્ટોર્સ

મુંબઈ-૪૦૦૦૦૯

ટે. નં. ૮૬૬૦૨૩-૮૬૪૬૭૪

卐 વંદના સુમ્મોતેરમી 卐

જેમની

વિશદ વાણીમાં

'ઉપન્નેઈ વા, વિગમેઈ વા

ધુવેઈ વા'

એ ત્રિપદીને

પવિત્ર પ્રકાશ થયો,

તે

શ્રીઅરિહંતદેવોને

અમારી

કોટિ કોટિ વંદના છે.

卐

પ. પૂ. ઉપા. શ્રી કનકવિજયજી

મહારાજના સદુપદેશથી

હંસાબેન જે. દોશી

મુંબઈ

## 卐 વંદના પંચોતેરમી 卐

જેમનાં

પવિત્ર વચનો

નિશ્ચય તથા વ્યવહારનાં

સપ્રમાણ

સુંદર

દર્શન કરાવનારાં છે,

તે

શ્રીઅરિહંતદેવોને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐

પ. પૂ. ઉપા. શ્રી કનકવિજયજી
મહારાજના સદુપદેશથી
ગં. સ્વ. કુસુમબેન એસ. શેઠ
મુંબઈ

# 卐 વંદના છોતેરમી 卐

જેમણે

સાપેક્ષતાનો સિદ્ધાંત

પ્રરૂપી

વસ્તુસ્વરૂપને સમજવાની

અજોડ પદ્ધતિ

નિર્માણ કરી,

તે

શ્રીઅરિહંતદેવોને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐

પ. પૂ. ઉપા. શ્રી કનકવિજયજી

મહારાજના સદુપદેશથી

ધીરજલાલ કાંતિલાલ દોશી

મુંબઈ

# ઠાકરશી કે. સોની


**નિવાસ :**

વડાલા સહકાર નિવાસ
મકાન નં. ૨૮
કમરા નં. ૬
મુંબઇ–૪૦૦૦૩૧

**ઓફિસ :**

જ્યોતિષ વૈજ્ઞાનિક
ગણુપતી મંદિર
દુકાન નં. ૪
શીયરી ક્રોસ રોડ વડાલા
મુંબઇ–૪૦૦૦૩૧

સમય : સાંજે ૪ થી ૯
મંગળવારે બંધ
ટે. નં. ૪૪૭૦૮૩

અધ્યાત્મવિશારદ વિદ્યાભૂષણ મંત્રમનીષી શતાવધાની પંડિત

# શ્રી ધીરજલાલ ટોકરશી શાહે રચેલું

## પ્રાણવાન પ્રતિષ્ઠિત સાહિત્ય

### જૈન

(૧) **નમસ્કારમંત્રસિદ્ધિ**—ચોથી આવૃત્તિ. તાજેતરમાં જ પ્રગટ થઈ છે. નમસ્કારમંત્ર અંગે જાણવા જેવી અનેક હકીકતોથી ભરપૂર છે. તેમાં નમસ્કારમંત્રમાંથી ઉદ્ભવેલ વિદ્યાઓ અને મંત્રોનો સંગ્રહ પણ અપાયેલ છે. નમસ્કારમંત્ર સંબંધી પ્રગટ થયેલાં બધાં પુસ્તકોમાં શ્રેષ્ઠ છે. **રૂા. ૧૨–૫૦**

(૨) **શ્રી ઋષિમંડલ આરાધના**—બીજી આવૃત્તિ. શ્રી ઋષિમંડલસ્તોત્રના બંને પ્રકારના પાઠો, તેના અર્થો અને વિવેચન સહિત અપાયેલા છે. જરૂરી ચિત્રો પણ અપાયાં છે. સાથે શ્રી ભદ્રગુપ્તાચાર્યકૃત 'અનુભવસિદ્ધ–મન્ત્ર–દ્વાત્રિંશિકા' મૂલપાઠ, અર્થ અને વિવેચનસહિત ૭ યંત્રો સાથે અપાયેલ છે. **રૂા. ૧૨–૫૦**

(૩) **સામાયિક વિજ્ઞાન**—જૈન ધર્મમાં સામાયિકનું સ્થાન શું છે? તેની સાથે સંકળાયેલ અધ્યાત્મ, ભાવના તથા ધ્યાનનું સ્વરૂપ કેવા પ્રકારનું છે? વગેરે બાબતો પર વિસ્તૃત વિવેચન કરાયેલ છે. વર્તમાન કાલે પ્રચલિત સામાયિક પર પણ સુંદર પ્રકાશ પાડવામાં આવ્યો છે. ૫૦૦ ઉપરાંત પૃષ્ઠો છે. **રૂા. ૧૨–૫૦**

(૪) **સિદ્ધિદાયક સિદ્ધચક્ર**—મહામહિમાશાલી સિદ્ધચક્ર યંત્રરાજના દરેક અંગનો વિશદ પરિચય આપતો આ ગ્રંથ ખાસ વાંચવા જેવો છે. તેના પૂજનનો પૂરો વિધિ પણ અપાયો છે. ૫૦૦ ઉપરાંત પૃષ્ઠો છે. **રૂા. ૧૨–૫૦**

(૫) **શ્રી પાર્શ્વ-પદ્માવતી આરાધના**—ત્રીજી આવૃત્તિ હમણાં જ પ્રગટ થઈ છે. આરાધનાવિષયક અતિ અગત્યની સામગ્રીથી ભરપૂર છે. પૂજનનો પૂરો વિધિ અપાયો છે. **રૂા. ૧૨–૫૦**

(૬) **લોગસ્સ મહાસૂત્ર યાને જૈન ધર્મનો ભક્તિવાદ**—લોગસ્સ સૂત્રના અર્થ–ભાવ–રહસ્ય પર વેધક પ્રકાશ પાડવામાં આવ્યો છે. તેમજ તેને લગતા મંત્ર–યંત્ર પણ વિધિપૂર્વક આપવામાં આવ્યા છે. થોડી જ નકલો બાકી છે. **રૂા. ૧૫–૦૦**

# સર્વોપયોગી

(૭) **મંત્રવિજ્ઞાન**—ત્રીજી આવૃત્તિ. મંત્રશાસ્ત્રને લગતું આ પાયાનું પુસ્તક છે. તેમાં મંત્રને લગતા તમામ અંગોની પ્રમાણભૂત માહિતી આપવામાં આવી છે. **રૂ. ૧૨–૫૦**

(૮) **મંત્રચિંતામણિ**—બીજી આવૃત્તિ. ૐકાર, હ્રીંકાર તથા અનેકવિધ મંત્રપ્રયોગો અંગે વિશદ વિવેચન કરાયેલું છે.

**રૂ. ૧૨–૫૦**

(૯) **જપ-ધ્યાન-રહસ્ય**—બીજી આવૃત્તિ. જપ અને ધ્યાનનું સ્વરૂપ સમજવા માટે આ એક ઉત્તમ કોટિનો ગ્રંથ છે. તેમાં મંત્ર-સંગ્રહ પણ અપાયેલો છે. **રૂ. ૧૨–૫૦**

(૧૦) **આત્મદર્શનની અમોઘ વિદ્યા**—આ ગ્રંથમાં અષ્ટાંગ-યોગ પર સરલ ભાષામાં અનુભવપૂર્ણ પ્રાસાદિક વિવેચન કરાયેલું છે.

**રૂ. ૧૦–૦૦**

(૧૧) **ગણિત-ચમત્કાર**—ત્રીજી આવૃત્તિ. રૂ. ૫–૦૦

(૧૨) **ગણિત-રહસ્ય**—ત્રીજી આવૃત્તિ. રૂ. ૫–૦૦

(૧૩) **ગણિત-સિદ્ધિ**—બીજી આવૃત્તિ. રૂ. ૫–૦૦

ગણિતની રમૂજ માણવા માટે તથા તેનું રહસ્ય જાણવા માટે આ પુસ્તકો અતિ ઉપયોગી છે. વિદ્યાર્થીઓને ભેટ આપવા લાયક છે, તેમાં ૧૬૦ જેટલા કોયડાઓ પણ છે. ૧૧–૧૨–૧૩ પુસ્તકો સાથે લેનારને માટે **રૂ. ૧૩–૫૦**

* પુસ્તકો વી. પી. થી મોકલાય છે. રૂ. ૬૦ ઉપરનો ઓર્ડર હોય તો ૧/૪ કિંમત પ્રથમ મ. ઓ. થી મોકલવી જરૂરી છે. સરનામું ખૂબ જ સ્પષ્ટ અક્ષરે લખવું.

* પંડિતશ્રીએ પ્રતિષ્ઠિત કરેલા પ્રભાવક યંત્રોની સૂચિ મંગાવો. આજે તેની સર્વત્ર પ્રશંસા થઈ રહી છે.

**—: પ્રાપ્તિસ્થાન :—**

**નરેન્દ્રકુમાર ડી. શાહ**

લધાભાઈ ગણપત બીલ્ડીંગ, બીજે માળે, ૧૧૩–૧૫ કેશવજી-નાયક રોડ, (ચીંચ બંદર) **મુંબઈ–૪૦૦૦૦૯**



स्पेरा
गृहिणी की पहली पसंद
SPERA
PRESSURE COOKER
SPERA
FREE Extra Fuse Plug. & Gasket.
SHAH CHAMPAKLAL BHOGILAL
BOMBAY 400 003

## કોની સામે મંડાયા છે આ પ્રશ્નાર્થ?

**વિમાની સફર સામેનો છે આ પ્રશ્નાર્થ,**
**આપની આ સફર દેશની હોય કે વિદેશની**
**તે સામેનો છે આ પ્રશ્નાર્થ ... ...**

પાસપોર્ટ કઢાવવો? વીસા મેળવવા?
ટીકીટનું બુકીંગ કરાવવું? હોટલમાં રૂમ કરાવવી?
યાત્રા પ્રવાસ, કે ટુર ગોઠવવી હોય

### તો શું કરશો?

મકળાઈ જશો? પ્રવાસ પડતો મૂકશો?
ના, તમારે હવે એવું કંઇ કરવાનું નથી.
બસ આટલું જ કરો?

**અમારે ત્યાં પધારો.**

### એટલાન્ટીક પેસીફીક ટ્રાવેલ સર્વિસ પ્રા. લિ.

**મેનેજીંગ ડીરેકટર : શ્રી ચંદ્રસેન જીવણભાઈ ઝવેરી**

અલંકાર, ૨૨૯, ડો એનીબેસાંટ રોડ, વરલી
મુંબઈ-૪૦૦૦૨૫.

ફોન : ૪૬૬૯૨૨૨, ૪૫૫૫૫૫૧, ૩૨૭૩૩૦, ૩૨૬૪૧૪, ૩૪૮૨૯૪

લંકાર, ૨૨૯, ડો એનીબેસાંટ રોડ,
મુંબઈ-૪૦૦૦૨૫.

આપની વિમ ટલાન્ટીક પેસીફીક ટ્રા સફર, આપને
સ્પેશ્યલ નેજીંગ ડીરેકટર : શ્રી ચંદ્રસે ૩૨ટુ ડબ્બાનું

અલંકાર, ૨૨૯, ડો એનાબેસાંટ

**અમારા સેવા મુંબઈ-૪૦૦૦૨૫. લો**
**અને આપની સફર સફળ બનાવો.**


દીપક પ્રિન્ટરી · અમદાવાદ-૩૮૦૦૦૧